સાપ્તાહિક
# મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. 1689/57 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 11 ■ વિક્રમ સંવત ૨૦૮૨
ફાલ્ગુન વદ-૧૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/121/2024-26
રવિવાર, ૧૫ માર્ચ ૨૦૨૬, (૨૦ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
ઉત્સવ પૂર્તિ ૧૧ થી ૧૭
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# હાશ!: ૯૨,૭૦૦ ટન એલપીજી આવી રહ્યો છે

પરદેશ પાર્સલ સેવા
Special Festival Rates
CHIPS LOGISTICS PVT. LTD
INTERNATIONAL COURIER & CARGO
M.98989 05632
M.76000 65632
Free Pickup & Free Packing | Andheri (E), Mumbai

ANTARA GOLD & DIAMONDS
DADAR | BORIVALI
TODAY'S GOLD RATE
₹ 14,508/-
PER 1 GRAM OF 22KT BIS HALLMARKED JEWELLERY
જુના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
DIAMOND JEWELLERY VVS-VS F-G QUALITY CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS

▸ આટલો ગૅસ લઈ આવતા બે ભારતીય જહાજે હોર્મુઝની ખાડી પાર કરી ▸ 'શિવાલિક' અને 'નંદાદેવી' કચ્છનાં બંદરોએ સોમ-મંગળવારે લાંગરશે ▸ કમર્શિયલ એલપીજીનું વેચાણ શરૂ ▸ દેશમાં પૂરતું પેટ્રોલ અને ડીઝલ હોવાનો દાવો ▸ બાવીસ જહાજ 'સ્ટૅન્ડબાય' ▸ યુદ્ધની અસર ઘટાડવા સરકાર કાર્યરતઃ પીએમ

નવી દિલ્હીઃ રાંધણગૅસ લઇને કચ્છના બે બંદર - મુંદરા અને કંડલા ખાતે આવી રહેલા બે ભારતીય જહાજ - 'શિવાલિક' અને 'નંદાદેવી'એ શનિવારે સવારે હોર્મુઝ સામુદ્રધુની સુરક્ષિત રીતે પાર કરી હતી. દરમિયાન, દેશના ૨૯ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશ ખાતે કમર્શિયલ રાંધણગૅસ (એલપીજી)નું વેચાણ શનિવારે ફરી શરૂ કરાયું હતું. દેશમાં પૂરતું પેટ્રોલ અને ડીઝલ હોવાનો સરકારે દાવો કર્યો હતો. બાવીસ ભારતીય જહાજ 'સ્ટૅન્ડબાય' રખાયા છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર યુદ્ધની માઠી અસરને બને એટલી ઓછી કરવા માટે સતત કામ કરી રહી છે. કૉંગ્રેસ અફવા ફેલાવીને લોકોમાં ખોટો ભય ફેલાવી રહી છે.

જહાજ મંત્રાલયના ખાસ સચિવ રાજેશકુમાર સિંહાએ જણાવ્યું હતું કે ૯૨,૭૦૦ ટન રાંધણગૅસ લઇને આ જહાજો કચ્છના બે બંદર ખાતે આવશે. શિવાલિક નામનું જહાજ ૧૬ માર્ચે મુંદરા અને તેના પછીના દિવસે નંદાદેવી નામનું જહાજ કંડલા બંદરે પહોંચશે.

ભારત સરકાર યુદ્ધગ્રસ્ત અખાતના દેશોના દરિયાઇ વિસ્તારમાંથી ભારતીય જહાજોને સલામત રીતે લઇ જવા આ દેશોની સાથે સતત સંપર્કમાં છે અને હોર્મુઝ સામુદ્રધુનીના પશ્ચિમ વિસ્તારમાં બાવીસ જહાજ 'સ્ટૅન્ડબાય' રખાયા છે.

રાજેશકુમાર સિંહાએ જણાવ્યું હતું કે ભારતના જે બાવીસ જહાજ યુદ્ધગ્રસ્ત વિસ્તારમાંથી પસાર થવાની રાહ જોઇ રહ્યા છે, તેમાંના છમાં રાંધણગૅસ, એકમાં લિક્વિફાઇડ નેચરલ ગૅસ (એલએનજી), ચારમાં ખનિજ તેલના ટૅન્કર, એકમાં રસાયણો છે, જ્યારે ત્રણ કન્ટેનર લઇ જતાં જહાજ અને બે બલ્ક કૅરિયર છે. આ ઉપરાંત, એક ડ્રેજર છે, જ્યારે અન્ય એક જહાજ ખાલી છે એટલે કે તેમાં કોઇ માલસામાન નથી ભરાયો. ત્રણ જહાજ ડ્રાઇ ડૉક પર છે એટલે કે રૂટિન મેન્ટેનન્સ પર છે.

પેટ્રોલિયમ અને કુદરતી ગૅસનાં સંયુક્ત સચિવ સુજાતા શર્માએ જણાવ્યું હતું કે સરકારે ૨૯ રાજ્ય અને (જુઓ પાનું ૨) ▸▸

## ઈરાનના ઑઈલ નૅટવર્ક પર અમેરિકા ત્રાટક્યું

### ખર્ગ ટાપુ પરનાં ઈરાની લશ્કરી મથકોનો નાશઃ બગદાદમાં અમેરિકી એલચી કચેરી પર હુમલા

દુબઈઃ અમેરિકાએ ઇરાનના ઑઇલ નૅટવર્કને ખોરવવા માટે ખર્ગ ટાપુ પરના લશ્કરી મથકો પર હુમલા કર્યા હતા, જ્યારે ઇરાકના બગદાદમાં આવેલી અમેરિકાની એલચી કચેરી (એમ્બસી)ના કમ્પાઉન્ડમાંના હૅલિપૅડ પર મિસાઇલ હુમલો કરાયો હતો. સંયુક્ત આરબ અમીરાતના ફુજૈરાહ બંદર અને તેલના મથક પર ઇરાને હુમલો કરતા ત્યાં આગ લાગી હતી.

અમેરિકાએ અખાતના યુદ્ધમાં મદદ કરવા માટે પોતાના ૩૧મા મરીન એક્સપેડિશનરી યુનિટ અને એમ્ફિબિયસ અસૉલ્ટ શિપ યુએસએસ ટ્રિપોલીને બોલાવી છે. અગાઉ, અમેરિકાના નૌકાદળના વિમાનવાહક જહાજ યુએસએસ અબ્રાહમ લિંકન અને આઠ વિનાશિકા સહિત ૧૨ જહાજ અરબી સમુદ્રમાંથી હુમલા કરી (જુઓ પાનું ૨) ▸▸

## ટીએમસી-રાજની ઊંધી ગણતરી શરૂઃ મોદી

### બંગાળમાં ૧૮,૬૮૦ કરોડ રૂપિયાના પ્રકલ્પોનું ઉદ્‌ઘાટન



કોલકાતાઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે આક્ષેપ કર્યો હતો કે પશ્ચિમ બંગાળનો શાસક પક્ષ તૃણમૂલ કૉંગ્રેસ (ટીએમસી) ઇરાદાપૂર્વક હિંદુઓને અનેક વિસ્તારમાં લઘુમતીમાં લાવી રહ્યો છે. તે પોતાની 'ઘૂસણખોરોની વૉટ-બૅન્ક'ના રક્ષણ માટે મતદારયાદી સુધારણાની પ્રક્રિયાનો વિરોધ કરે છે. પશ્ચિમ બંગાળમાં ગેરકાયદે ઘૂસણખોરોને લીધે ઘણાં વિસ્તારમાં જનસંખ્યામાં ફેરફાર થયો છે. હવે ટીએમસી-રાજની ઊંધી ગણતરી શરૂ થઇ ગઇ છે. મોદીએ પશ્ચિમ બંગાળમાં કુલ રૂપિયા ૧૮,૬૮૦ કરોડના મૂલ્યના વિવિધ પ્રકલ્પનું ઉદ્‌ઘાટન કર્યું હતું.

વડા પ્રધાને જણાવ્યું હતું કે પશ્ચિમ બંગાળમાં મમતા બેનરજીની સરકારના પતનની ઊંધી ગણતરી ચાલુ થઇ ગઇ છે. આ રાજ્ય સરકાર પોતાના રાજકીય હેતુસર હિંદુ નિરાશ્રિતોને ભારતનું નાગરિકત્વ આપવાનો વિરોધ કરે છે. તૃણમૂલ કૉંગ્રેસ ચૂંટણી પંચ જેવી બંધારણીય સંસ્થાની અવગણના કરે છે અથવા તેના (જુઓ પાનું ૨) ▸▸

## વાંગચુકનો છ મહિને જેલમાંથી છુટકારો



નવી દિલ્હીઃ કેન્દ્રે પર્યાવરણવાદી સોનમ વાંગચુકની રાષ્ટ્રીય સુરક્ષા ધારા હેઠળ કરાયેલી અટકાયત શનિવારે તાત્કાલિક અસરથી રદ કરતા તેમનો અંદાજે છ મહિના પછી જેલમાંથી છુટકારો થયો હતો.

સોનમ વાંગચુક જોધપુરની મધ્યવર્તી જેલમાંથી શનિવારે બપોરે અંદાજે ૧.૩૦ વાગ્યે બહાર નીકળ્યા હતા. અગાઉ, લેહના જિલ્લા મેજિસ્ટ્રેટે આપેલા આદેશને પગલે ગયા વર્ષની ૨૬ સપ્ટેમ્બરે તેમની રાષ્ટ્રીય સુરક્ષા ધારા હેઠળ ધરપકડ કરાઇ હતી. લેહમાં ગયા વર્ષે હિંસક તોફાનમાં ચાર જણ માર્યા ગયા હતા અને અનેક જણ ઘાયલ થયા હતા. આ તોફાનને પગલે વાંગચુકની અટક (જુઓ પાનું ૨) ▸▸

## અમેરિકામાં વિઝા માટે 'લૂંટનું કાવતરું': ૧૧ પટેલ પકડાયા

ન્યૂ યોર્કઃ અમેરિકામાં ગેરકાયદે રહેતા ૧૧ ભારતીય નાગરિકો પર વિઝામાં છેતરપિંડી કરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. એવી માહિતી અમેરિકાના કેન્દ્રીય સરકારી ફરિયાદી પક્ષે આપી છે. આ નાગરિકોએ સુગમ દુકાનોમાં બનાવટી લૂંટનું કાવતરું કર્યું હતું.

સત્તાવાળાઓએ કહ્યું હતું કે શકમંદો પર બનાવટી લૂંટનું આયોજન કરવાનો આરોપ છે જેથી સ્ટોર ક્લાર્ક એવો ખોટો દાવો કરી શકે કે તેઓ ગુનાના ભોગ બનેલા છે અને આ શકમંદો પછી ગ્રીન કાર્ડ મેળવવાની વસાહતની અરજીમાં આનો ફાયદો ઉઠાવી શકે.

જિતેન્દ્રકુમાર પટેલ (૩૯), મહેશકુમાર પટેલ (૩૬), સંજયકુમાર પટેલ (૪૫), અમીતાબહેન પટેલ (જુઓ પાનું ૨) ▸▸

ધમાકા ઓફર એરફેર + હોટલ + ફરવાનું + જમવાના સાથે
50,000 PP
D:6 ધરમશાળા ડેલહાઉજી-અમૃતસર
જીભી કસોલ ચંડીગઢ D:6
D:6 કાશ્મીર
D:7 શીમલા મનાલી
લખનૌ D:5 અયોધ્યા વારાણસી
ઋષિકેશ મસુરી D:6
HAZEL Treks N Tours
PANKAJ CHHEDA 9869559938
Since:2003 hazeltreksntours www.hazeltnt.in







## સાપ્તાહિક ભવિષ્ય - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

### તા. ૧૫-૩-૨૦૨૬ થી તા. ૨૧-૩-૨૦૨૬

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ તા. ૧૫મીએ મીન રાશિમાં પ્રવેશે છે. માર્ગીમંગળ કુંભ રાશિમાં સમગતિએ ભ્રમણ કરે છે. વક્રી બુધ કુંભ રાશિમાં મિશ્ર ગતિએ ભ્રમણ કરે છે. ગુરુ મિથુન રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. શુક્ર મીન રાશિમાં મધ્યમ ગતિએ માર્ગીભ્રમણ કરે છે. શનિ મીન રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. રાહુ કુંભ રાશિમાં ભ્રમણ કરે છે. ચંદ્ર પ્રારંભે મકર રાશિમાં રહે છે. તા. ૧૬મીએ કુંભ રાશિમાં, તા. ૧૮મીએ મીન રાશિમાં, તા. ૨૧મીએ મેષ રાશિમાં પ્રવેશે છે.

મેષ (અ, લ, ઈ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં વાયદાના વેપારમાં સફળતા રહેશે. નોકરીમાં વિશિષ્ટ ફેરફારો દર્શાવતું આ સપ્તાહનું ગોચર ફળ જણાય છે. કામકાજ અર્થે સંપર્કમાં આવનાર વ્યક્તિઓ સાથે વિવાદ ટાળવો જરૂરી છે. નાણાવ્યવહારમાં સતર્કતા રાખવી જરૂરી છે. વેપારમાં પ્રગતિ જણાય. મહિલાઓને કાર્યક્ષેત્રે યશપ્રાપ્તિનો અનુભવ થાય. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસની તક પ્રાપ્ત થતી જણાશે.

વૃષભ (બ, વ, ઉ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવીન કાર્યપદ્ધતિ અપનાવશો. આ સપ્તાહમાં નોકરી અર્થે પ્રવાસ સફળ બની રહેશે. નોકરીમાં ધાર્યા મુજબનાં પરિણામો પણ મેળવશો. મિલકત ખરીદીનો નિર્ણય સફળ બની રહેશે. વેપારમાં જરૂરી નાણાંનાં આયોજનો પણ જાળવી શકશો. પ્રવાસ લાભદાયી જણાય છે. મહિલાઓને આ સપ્તાહમાં કાર્યક્ષેત્રે પતિનો સહયોગ પ્રાપ્ત થતો જણાશે. વિદ્યાર્થીઓના આ સપ્તાહના શૈક્ષણિક કામકાજ પ્રગતિસૂચક જણાય છે.

મિથુન (ક, છ, ઘ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં લે-વેંચનો વેપાર અને નવું નાણારોકાણ શક્ય છે. નોકરી માટે તા. ૧૮, ૧૯, ૨૦ શુભ જણાય છે. નોકરીમાં જશ મેળવશો તથા અધિકારી દ્વારા જટિલ સમસ્યાનો ઉકેલ પણ આવી શકે તેમ છે. વેપારની નાણાઆવકની વૃદ્ધિ થશે. વેપાર એકંદરે પ્રગતિસૂચક છે. મહિલાઓને આ સપ્તાહમાં પરિવારના પ્રસંગોમાં અનુકૂળતા જણાશે. વિદ્યાર્થીઓના નિત્ય અભ્યાસ એકાગ્રતાપૂર્વક નિયમિત જળવાઈ રહેશે.

કર્ક (ડ, હ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં વાયદાના વેપારમાં સાવધાની દાખવવી જરૂરી છે. રોકડાનો વેપાર એકંદરે સફળ જણાશે. નોકરી માટે તા. ૧૬, ૧૭ શુભ જણાય છે. નોકરીના જૂનાં મતભેદોનો ઉકેલ આવશે. નોકરી અર્થે પ્રવાસ શક્ય છે. કારોબારમાં મોટું નવું નાણારોકાણ સલાહભર્યું નથી. અર્થવ્યવસ્થા જાળવવા માટે સતર્ક રહેવું જરૂરી છે. મહિલાઓને કારોબારમાં પ્રગતિ જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં શાળા-કોલેજના અભ્યાસમાં નિયમિતતા દાખવવા માટે સતર્ક રહેવું જરૂરી જણાય.

સિંહ (મ, ટ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા રોકાણ માટેના સફળ નિર્ણયો લઈ શકશો. નોકરીમાં સહકાર્યકરો, મિત્રો ઉપયોગી થશે. નોકરીની પ્રવૃત્તિઓમાં નિયમિતતા દાખવી શકશો. સ્વતંત્ર કારોબારમાં મિત્રો ઉપયોગી થશે. નાણાઆવક જળવાશે. પરંતુ અણધાર્યા નાણાખર્ચ પરત્વે સાવધાની દાખવવી જરૂરી છે. મહિલાઓના આ સપ્તાહના નોકરીના કામકાજ નિયમિત જળવાઈ રહેશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવીન અભ્યાસની તક પ્રાપ્ત થતી જણાશે.

કન્યા (પ, ઠ, ણ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપાર લાભદાયી પુરવાર થશે. નોકરીમાં છુપા હરીફોની ઓળખ થાય. મિત્રો સાથે પણ ખટપટ થાય તેમ છે. સ્વાસ્થ્ય જાળવણી માટે સતર્ક રહેવું જરૂરી છે. નાણાઉપાર્જન માટે સતત પ્રયત્નશીલ રહેવું પડે તેમ છે. મહિલાઓને સંતાનના જવાબદારીના કામકાજમાં સફળતા જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસનાં સાધનો પ્રાપ્ત થતા જણાશે.

તુલા (ર, ત)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં વાયદાના વેપારમાં સફળતા જણાશે. નોકરીમાં સહકાર્યકરો ઉપયોગી થશે. નોકરીની પ્રવૃત્તિઓમાં ઉત્સાહ જણાશે. વેપારમાં આવકનો વધારો થાય. મિત્રોમાં યશ મેળવશો. મહિલાઓને કુટુંબીજનોમાં સંપ અને યશપ્રાપ્તિનો અનુભવ થશે. વિદ્યાર્થીઓના આ સપ્તાહના અભ્યાસના નિર્ણયોમાં પરિવર્તનો આવે તેમ છે, પરંતુ અભ્યાસ વિશેની મૂંઝવણો દૂર થયેલી જણાશે.

વૃશ્ચિક (ન, ય)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવીન નાણારોકાણ શક્ય જણાય છે. નોકરી માટે તા. ૧૫, ૧૬ શુભ જણાય છે. નોકરીના અધિકારી દ્વારા જૂનાં અધૂરા જવાબદારીના કામકાજ પૂર્ણ કરવામાં મદદ મળશે. મિલકત વાહનની ખરીદી માટે સપ્તાહનો સમય અનુકૂળ જણાય છે. વેપાર વાણિજ્ય, નાણાવ્યવહાર ક્ષેત્રે સફળતા જણાશે. ગૃહિણીઓ કિંમતી ચીજોની ખરીદી કરી શકશે. વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસમાં સફળતાનો અનુભવ થશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં સાહસિકપણે સ્વતંત્ર નિર્ણય લઈ શકશો. નોકરી માટે તા. ૧૭, ૧૮, ૨૧ શુભ જણાય છે. નોકરીમાં સાહસ, કાર્યક્ષમતાના ગુણોનો પૂર્ણ ઉપયોગ કરવા માટે ગોચરગ્રહફળ શુભ છે. ભાઈ-બહેનો સાથેના નાણાવ્યવહાર સફળતાથી પૂર્ણ કરી શકશો. મહિલાઓને પરિવારજનો સાથેના વૈચારિક મતભેદમાં રાહતની લાગણી જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં સહઅધ્યાયી મિત્રો અધ્યયનની મૂંઝવણમાં માર્ગદર્શક બની રહેશે.

મકર (ખ.જ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં ધાર્યા મુજબના લે-વેંચના વેપાર અનુકૂળ પુરવાર થશે. નોકરીમાં સ્થાન પરિવર્તન શક્ય છે. નોકરીના સહકાર્યકરો સાથે મતભેદ શક્ય હોય સાવધાની દાખવવી જરૂરી છે. અકારણ નાણાખર્ચ આ સપ્તાહમાં જણાય છે. સાહસ સતર્કતાનો સ્વભાવ ઉપયોગી થાય. કાર્યક્ષેત્રે કાર્યદક્ષતા પણ ઉપયોગી બની રહેશે. મદદનીશ મેળવશો. મહિલાઓને નબળા આરોગ્યમાં રાહત જણાશે. વિદ્યાર્થીઓને સહઅધ્યાયીઓ ઉપયોગી થશે.

કુંભ (ગ, શ, સ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા નાણારોકાણ માટે તક મેળવશો. નોકરી માટે તા. ૧૭, ૨૦, ૨૧ શુભ જણાય છે. નોકરીમાં યશ મેળવશો. પ્રવાસમાં ઓળખાણો ઉપયોગી પુરવાર થશે. જૂની ઉઘરાણીનાં નાણાંની વસૂલી આ સપ્તાહમાં સફળ બની રહેશે. વેપાર વધશે. મહિલાઓના કામકાજ પણ સફળ બની રહેશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં શૈક્ષણિક નવી પ્રવૃત્તિઓમાં સફળતાની પ્રાપ્તિ અને યશસ્વીપણા અનુભવ થશે.

મીન (દ, ચ, ઝ, થ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપાર સફળ જણાય છે. નોકરી માટે તા. ૧૫, ૧૬, ૨૦ શુભ જણાય છે. નોકરીમાં પરિવર્તનો પણ રાહુ-બુધ-મંગળનું ભ્રમણ દર્શાવે છે. ભાગીદાર સાથેના સંબંધમાં સાવચેતી દાખવવી જરૂરી છે. નિત્ય થતાં વેપારના કામકાજ સફળ બની રહેશે. મિલકત વાહનનો નિર્ણય લઈ શકશો. મહિલાઓ કિંમતી ચીજોની ખરીદી માટે અનુકૂળતા અનુભવશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસ માટેની તક પ્રાપ્ત થતી જણાશે.

## આજનું પંચાંગ

### ઉત્તરાયણ - સૌર વસંતઋતુ, રવિવાર, તા. ૧૫-૩-૨૦૨૬, પાપમોચિની એકાદશી (ચારોલી)

ભારતીય દિનાંક ૨૪, માહે ફાલ્ગુન, શકે ૧૯૪૭

વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, ફાલ્ગુન વદ-૧૧

જૈન વીર સંવત ૨૫૫૨, માહે ફાલ્ગુન, તિથિ વદ -૧૧

પારસી શહેનશાહી રોજ ૩જો અર્દીબહેશ્ત, માહે ૮મો આવાં, સને ૧૩૯૫

પારસી કદમી રોજ ૩જો અર્દીબહેશ્ત, માહે ૯મો આદર, સને ૧૩૯૫

પારસી ફસલી રોજ ૩૦મો અનેરાન, માહે ૧૨મો સ્પેનદાર્મદ, સને ૧૩૯૪

મુસ્લિમ રોજ ૨૫મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૭

મીસરી રોજ ૨૭મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૭

નક્ષત્ર શ્રવણ મધ્યરાત્રિ પછી ક. ૨૯-૫૫ સુધી, પછી ઘનિષ્ઠા

ચંદ્ર મકરમાં

ચંદ્ર રાશિ નામાક્ષરઃ મકર (ખ, જ)

સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૪૮, અમદાવાદ ક. ૦૬ મિ. ૫૦, સ્ટા.ટા.,

સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૬, અમદાવાદ ક. ૧૮ મિ. ૪૭, સ્ટા. ટા.

-ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ઃ-

ભરતીઃ સવારે ક. ૦૯-૩૨, રાત્રે ક. ૨૨-૨૭

ઓટઃ બપોરે ક. ૧૫-૨૯, મધ્યરાત્રિ પછી ક. ૦૪-૪૦ (તા. ૧૬)

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ' નામ સંવત્સર, ફાલ્ગુન - કૃષ્ણ એકાદશી. પાપમોચિની એકાદશી (ચારોલી), સંક્રાંતિ પુણ્યકાળ સૂર્યોદયથી ક. ૧૨-૫૮.

શુભાશુભ દ્વિનશુદ્ધિઃ શુભ દિવસ.

મુહૂર્ત વિશેષઃ શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી સુક્ત-પુરુસુક્ત, શ્રીગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, તુલસીપૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન,ભગવાન સૂર્યનારાયણનું વિશેષ પૂજન, ગાયત્રી જાપ પૂજા, હવન, સંક્રાંતિ પુણ્યકાળમાં સાંસારિક, માંગલિક કાર્ય વર્જ્ય છે, નદી-સંગમ-તીર્થમાં, સ્નાન-તર્પણ, શ્રાદ્ધ, સૂર્ય-વિષ્ણુ-શિવપૂજા, બ્રાહ્મણ ભોજન, આદિ ધર્મકાર્યનો મહિમા. સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, હજામત, વાહન સવારી, દુકાન-વેપાન વિદ્યારંભ, માલ લેવો, અન્નપ્રાશન, રાજ્યાભિષેક, પાટ-અભિષેક પૂજા, વૃક્ષ વાવવા, બગીચો બનાવવો, ધજા-કળશ પતાકા ચઢાવવી, આભૂષણ.

આચમનઃ મંગળ-બુધ યુતિ અતિશયોક્તિ કરનારા

ખગોળ જ્યોતિષઃ મંગળ-બુધ યુતિ

ગ્રહગોચરઃ સૂર્ય-મીન, મંગળ-કુંભ, વક્રી બુધ-કુંભ (બુધ દેખાશે), માર્ગી ગુરુ-મિથુન, શુક્ર-મીન, (શુક્ર પશ્ચિમમાં દેખાશે) માર્ગી શનિ-મીન (શનિ અસ્ત) રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર.

## સાપ્તાહિક દૈનંદિની

### તા. ૧૫-૩-૨૦૨૬ થી તા. ૨૧-૩-૨૦૨૬

રવિવાર, ફાલ્ગુન વદ-૧૧, વિ. સં. ૨૦૮૨, તા. ૧૫મી માર્ચ, ઈ. સ. ૨૦૨૬, નક્ષત્ર શ્રવણ મધ્યરાત્રિ પછી ક. ૨૯-૫૫ સુધી (તા. ૧૬મી) પછી ઘનિષ્ઠા. ચંદ્ર મકર રાશિ પર જન્માક્ષર. પાપમોચિની એકાદશી (ચારોળી), સંક્રાંતિ પુણ્યકાળ સૂર્યોદયથી મધ્યાહ્ન. મધ્યાહ્ન પછી શુભ દિવસ.

સોમવાર, ફાલ્ગુન વદ-૧૨, તા. ૧૬મી. નક્ષત્ર ઘનિષ્ઠા મધ્યરાત્રિ પછી ક. ૩૦-૨૪ સુધી (તા. ૧૭), પછી શતભિષા. ચંદ્ર મકરમાં સાંજે ક. ૧૮-૧૩ સુધી, પછી કુંભ રાશિ પર જન્માક્ષર. સોમપ્રદોષ, પંચક પ્રારંભ સાંજે ક. ૧૮-૧૩. લગ્ન, વાસ્તુ પ્રતિષ્ઠા, સામાન્ય દિવસ.

મંગળવાર, ફાલ્ગુન વદ-૧૩, તા. ૧૭મી, નક્ષત્ર શતભિષા મધ્યરાત્રિ પછી ક. ૩૦-૦૮ સુધી (તા. ૧૮), પછી પૂર્વાભાદ્રપદા. ચંદ્ર કુંભ રાશિ પર જન્માક્ષર. શિવરાત્રિ, પંચક, વારુણીયોગ રાત્રે ક. ૦૯-૨૨ સુધી. ભદ્રા સવારે ક. ૦૯-૨૨થી રાત્રે ક. ૨૦-૫૯. વારુણી યોગમાં સંગમ તીર્થસ્નાનનો મહિમા છે. શુભ કાર્ય વર્જ્ય છે.

બુધવાર, ફાલ્ગુન વદ-૧૪, તા. ૧૮મી, નક્ષત્ર પૂર્વાભાદ્રપદા મધ્યરાત્રિ પછી ક. ૨૯-૨૦ સુધી (તા. ૧૯) પછી ઉત્તરાભાદ્રપદા. ચંદ્ર કુંભમાં રાત્રે ક. ૨૩-૩૫ સુધી, પછી મીન રાશિ પર જન્માક્ષર. દર્શ અમાવસ્યા, અન્વાધાન, મન્વાદિ, પંચક, સૂર્ય ઉત્તરાભાદ્રપદામાં સવારે ક. ૦૯-૨૧. શુભ કાર્ય વર્જ્ય છે.

ગુરુવાર, ફાલ્ગુન વદ-૩૦, તા. ૧૯મી, ૨૦૨૬, નક્ષત્ર ઉત્તરાભાદ્રપદા મધ્યરાત્રિ પછી ક. ૨૮-૦૪ સુધી (તા. ૨૦), પછી રેવતી. ચંદ્ર મીન રાશિ પર જન્માક્ષર. ઈષ્ટિ, પ્રતિપદા ક્ષય તિથિ છે. સંવત્સરારંભ, ગુડીપડવો, શાલિવાહન શક ૧૯૪૮ પ્રારંભ, 'પરાભવ' નામ સંવત્સર પ્રારંભ, અભ્યંગ સ્નાન, ધ્વજારોહણ, ચૈત્રી નવરાત્રિ પ્રારંભ, કલ્પાદિ,પંચક, હેડગેવર જયંતી. શુભ કાર્ય વર્જ્ય છે.

શુક્રવાર, ચૈત્ર સુદ-૨, તા. ૨૦મી, નક્ષત્ર રેવતી મધ્યરાત્રિ પછી ક. ૨૬-૨૭ સુધી (તા. ૨૧), પછી અશ્વિની. ચંદ્ર મીનમાં મધ્યરાત્રિ પછી ક. ૨૬-૨૭ સુધી (તા. ૨૧), પછી મેષ રાશિ પર જન્માક્ષર. ચંદ્રદર્શન, મું. ૩૦, સામ્યાર્ઘ, શૃંગોન્નતિ, વિષુવવૃત્ત દિન, ઉત્તર ગોલારંભ, પંચક સમાપ્તિ મધ્યરાત્રિ પછી ક. ૨૬-૨૭, ચૈતી ચાંદ (સિંધી), શુભ દિવસ.

શનિવાર, ચૈત્ર સુદ-૩, તા. ૨૧મી, નક્ષત્ર અશ્વિની મધ્યરાત્રે ક. ૨૪-૩૭ સુધી, પછી ભરણી. ચંદ્ર મેષ રાશિ પર જન્માક્ષર. મત્સ્ય જયંતી, મુસ્લિમ ૧૦મો શવ્વાલ માસારંભ, મન્વાદિ, જમશેદ નવરોઝ, ગૌરી તૃતીયા, ગણગૌર (રાજસ્થાન), આંદોલન તૃતીયા, મનોરથ તૃતીયા, સારહુલ (બિહાર), અરુંધતી વ્રત, રમજાન ઈદ, શુભ દિવસ.

# તેલનો વેપાર ડૉલરને બદલે યુઆનમાં કરો તો જ હોર્મુઝમાંથી ટેન્કરો પસાર થવા દઈએઃ ઈરાન

તહેરાનઃ દુનિયાભરના દેશ પર ઊર્જા સંકટ ઊભું થયું છે. મિડલ-ઈસ્ટમાં લડાઈને કારણે અનેક દેશના બજેટ ખોરવાય જાય એવા એંધાણ વર્તાય રહ્યા છે. યુદ્ધના માહોલ વચ્ચે હવે ઈરાને રાહતના વાવડ આપ્યા છે. ઈરાન હોર્મુઝમાંથી પસાર થતા ટેન્કરને સિમિત રીતે પસાર થવા દેવા પર વિચારણા કરી રહ્યો છે. આ માટે ઈરાને શરત પણ મૂકી છે. ઈરાની અધિકારીએ જણાવ્યું હતું કે, તેલના ટેન્કરને હોર્મુઝમાંથી પસાર થવા દેવામાં આવે પણ ક્રૂડ ઓઈલનો વેપાર અમેરિકી ડોલરના બદલે ચીનના ચલણ યુઆનમાં કરવામાં આવે.

સૂત્રોમાંથી મળતી વિગત અનુસાર ઈરાન હવે કોઈ નવી યોજના તૈયાર કરવાના મૂડમાં છે જેથી હોર્મુઝમાંથી પસાર થતા ક્રૂડ ઓઈલના ટેન્કરને કંટ્રોલ કરી શકાય. હવે યોજના કઈ છે અને કેવી રીતે લાગુ કરવાની છે એ અંગે ઈરાની અધિકારીએ કોઈ પ્રકારની સ્પષ્ટતા કરી નથી. હવે જો આ યોજના લાગુ થઈ ગઈ તો આંતરરાષ્ટ્રીય વ્યાપારમાં યુઆનનું કદ વધી શકે છે. ચીનનું ચલણ રાતોરાત મોટું થઈ જશે.

હોર્મુઝ ક્રીકને ક્રૂડ ઓઈલના પરિવહન માટેનો સૌથી મહત્ત્વનો જળમાર્ગ માનવામાં આવે છે. આ જ રૂટ પર અમેરિકા અને ઈઝરાયલ બન્નેની નજર છે. દુનિયાના દેશમાં પહોંચતુ મોટાભાગનું ક્રૂડ અહીંથી જહાંજ વાટે પસાર થાય છે. આ જ કારણ છે કે, ઈરાનની લડાઈ વૈશ્વિક ક્રૂડ માર્કેટને અસર કરે છે. જુલાઈ ૨૦૨૨માં ક્રૂડના ભાવ સૌથી વધારે હતા એ પછી હવે વધ્યા છે, જેને સૌથી વધારે સર્વોચ્ચ હોવાનું મનાય છે. યુક્રેન-રશિયા યુદ્ધ બાદ વૈશ્વિક ધોરણે દુનિયાના અનેક દેશમાં ઊર્જાનું સંકટ ઊભું થઈ રહ્યું છે. આ કારણે ક્રૂડની કિંમતમાં વધારો થયો છે.

દુનિયામાં મોટાભાગના ક્રૂડ ઓઈલ બિઝનેસમાં ચૂકવણું અમેરિકી ડોલરમાં થાય છે. રશિયન તેલ પર પ્રતિબંધ લાગ્યા બાદ ક્રૂડ રૂબલ અથવા યુઆનમાં વેચાઈ રહ્યું છે. હવે છેલ્લા કેટલાક વર્ષોથી ચીન સતત એવા પ્રયાસ કરી રહ્યું છે કે, આંતરરાષ્ટ્રીય ક્રૂડ બિઝનેસમાં યુઆનમાં ચૂકવણું થાય. ખાસ કરીને સઉદી અરેબિયા પાસેથી ક્રૂડ ખરીદતી વખતે યુઆનમાં ચૂકવણું કરવામાં આવે. છતાં અમેરિકી ડોલરને પ્રાધાન્ય મળી રહેતા ચીને આ ગમતું નથી. ડોલર સૌથી વધારે ઉપયોગમાં રહેતી કરન્સી છે. યુઆનને વૈશ્વિક માર્કેટમાં કોઈ રીતે સ્વીકૃતિ મળી નથી. હવે જો હોર્મુઝ સ્ટ્રેટ ક્રીક બંધ થઈ જાય તો સૌથી વધારે ફાયદો રશિયા થાય એમ છે.

## ક્રૂડ ઓઈલના ભાવ હજી ભડકે બળે એવી સંભાવના

તહેરાનઃ મિડલ-ઈસ્ટમાં સતત તાણ વધી રહી છે. અમેરિકા અને ઈઝરાયલ દ્વારા ઈરાન હુમલો કર્યા બાદ યુદ્ધ વધુ વકર્યું છે. આને પગલે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઇલના ભાવમાં માત્ર ૧૫ દિવસમાં ૪૧ ટકાનો વધારો થયો છે. તેમાં પણ ઈરાન દ્વારા હોર્મુઝ સ્ટ્રેટ પર નિયંત્રણ જાળવી રાખતા સ્થિતિ વધુ વિકટ બની છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઇલની સપ્લાઈ ચેન પર પણ અસર થઈ છે. તેમજ આ સ્થિતિમાં વિશ્વમાં ફુગાવા અને અસ્થિરતાનો ખતરો વધ્યો છે.

આ અંગે ક્રૂડ ઓઈલના ભાવ પર નજર કરીએ તો જણાશે કે યુદ્ધ શરૂ થયું તે પૂર્વે ૨૭ ફેબ્રુઆરીએ, આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઇલનો ભાવ પ્રતિ બેરલ લગભગ ૭૩ ડોલર હતો. જયારે શનિવાર સુધીમાં તેનો ભાવ લગભગ ૧૦૩ ડોલર પ્રતિ બેરલ થયો છે. ૧૫ દિવસમાં ભાવમાં ૩૦ ડોલર પ્રતિ બેરલનો વધારો દર્શાવે છે. જે લગભગ ૪૧.૧ ટકાનો ઉછાળો દર્શાવે છે. આ અંગે નિષ્ણાતો જણાવ્યું છે કે મિડલ-ઇસ્ટમાં વધતા તણાવની અસર આગામી દિવસોમાં વૈશ્વિક બજારો પર સ્પષ્ટપણે દેખાશે. તેમજ તેના લીધે આગામી સપ્તાહ ખૂબ જ અસ્થિર હોઈ શકે છે. કારણ કે રોકાણકારોનું ધ્યાન આ સંઘર્ષ પર છે. આગામી સપ્તાહમાં શેરબજારનો ટ્રેન્ડ મિડલ-ઇસ્ટ માં ચાલી રહેલા સંઘર્ષને લગતી ઘટનાઓ પર નોંધપાત્ર રીતે નિર્ભર રહેશે. રોકાણકારો સંબંધિત દેશોના સરકારી અધિકારીઓ અને વૈશ્વિક હિસ્સેદારો દ્વારા મોકલવામાં આવેલા સંકેતોનું નજીકથી નિરીક્ષણ કરશે.

## એર ઈન્ડિયા, ઈન્ડિગો પછી અકાસા એરે પણ ટિકિટના ભાવ વધાર્યા

નવી દિલ્હીઃ અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધના પગલે એવિએશન જેટ ફ્યુઅલના ભાવમાં વધારો થયો છે. આના પગલે એરલાઈન કંપનીઓએ એક પછી એક ટિકિટના ભાવમાં વધારો કરવાની શરૂઆત કરી છે. આમાં ઇન્ડિગોએ આજથી સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ફ્લાઈટના ટિકિટના ભાવ વધાર્યા છે. હવે અકાસા એર દ્વારા સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ટિકિટોના ભાવ પર ઇંધણ સરચાર્જ વસૂલવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ વધારો રૂપિયા ૧૯૯ રૂપિયા ૧,૩૦૦ સુધીનો હશે. આ ભાવ વધારાનો અમલ ૧૫ માર્ચના રોજથી કરવામાં આવશે.

મિડલ-ઇસ્ટમાં મધ્ય પૂર્વમાં તણાવ વચ્ચે જેટ ઇંધણના ભાવમાં વધારો થવાને કારણે એરલાઇન્સના સંચાલન ખર્ચમાં વધારો થયો છે. તેમજ ટિકિટના ભાવમાં વધારા બાદ મુસાફરોએ તેમની મુસાફરીનું આયોજન કરતી વખતે આ વધારાના ખર્ચને ધ્યાનમાં લેવો પડશે. આ પગલાથી હવાઈ મુસાફરી થોડી મોંઘી થશે. મિડલ-ઇસ્ટ ચાલી રહેલા તણાવને કારણે જેટ ઇંધણના ભાવમાં તીવ્ર વધારા બાદ એર ઇન્ડિયા, ઇન્ડિગો અને એર ઇન્ડિયા એક્સપ્રેસે પહેલાથી ટિકિટના ભાવમાં વધારો કર્યો છે.

મધ્ય-પૂર્વમાં ચાલી રહેલા તણાવને કારણે ઇંધણના ભાવમાં થયેલા નોંધપાત્ર વધારાને ધ્યાનમાં રાખીને આ પગલું લેવામાં આવ્યું છે. જેટ ફ્યુઅલ મોનિટર અનુસાર, આ ક્ષેત્રમાં ઇંધણના ભાવમાં ૮૫ ટકાથી વધુનો વધારો જોવા મળ્યો છે. કંપનીએ જણાવ્યું છે કે એવિએશન ટર્બાઇન ફ્યુઅલ (એટીએફ) એરલાઇનના સંચાલન ખર્ચનો મોટો ભાગ છે. આ અચાનક ભાવવધારાથી તમામ એરલાઇન્સના ખર્ચ અને નેટવર્ક પર નોંધપાત્ર અસર પડશે.

## મોદીની રૅલી પહેલાં ભાજપ અને ટીએમસીના કાર્યકર્તાઓ બાખડ્યા

કોલકતાઃ શનિવારે મધ્ય કોલકતામાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીની બ્રિગેડ પરેડ ગ્રાઉન્ડ પરની રૅલી પહેલાં તૃણમૂલ કૉંગ્રેસ અને ભાજપના કાર્યકર્તાઓ વચ્ચે અથડામણ થઈ હતી અને આમાં પોલીસ ઑફિસર અને ભગવા પાર્ટીના નેતા ઘાયલ થયા હતા. ગિરીશ પાર્ક એરિયામાં પશ્ચિમ બંગાળનાં પ્રધાન શશી પંજાના નિવાસસ્થાને પથ્થરમારો કરવામાં આવ્યો હોવાના આક્ષેપો કરવામાં આવ્યા છે. રૅલીથી પાંચ કિલોમીટર દૂર હિંસા થઈ હતી. ભાજપના કાર્યકર્તાઓ વિધાનસભાની ચૂંટણી પહેલાંની 'પરિવર્તન યાત્રા'ની પૂર્ણાહુતિ નિમિત્તેની મોદીની જાહેરસભામાં હાજરી આપવા જઈ રહ્યા હતા ત્યારે અથડામણ થઈ હતી. સાક્ષીઓના જણાવ્યા પ્રમાણે બન્ને પક્ષના કાર્યકર્તાઓએ પથ્થરમારો અને સૂત્રોચ્ચાર કર્યો હતો. આનાથી ધમધમતા વિસ્તારમાં તંગદિલી ફેલાઈ હતી. ભોબજાર પોલીસ સ્ટેશનના ઑફિસર-ઈન-ચાર્જ બાપાદિત્ય નાસકર ટોળાને કાબૂમાં રાખવા જતા ઘાયલ થયા હતા, એવી માહિતી પોલીસ સૂત્રોએ આપી હતી.

ભાજપે દાવો કર્યો હતો કે તેના નોર્થ કોલકતાના જિલ્લા પ્રમુખ તામઘનો ઘોષ અને પક્ષના અનેક કાર્યકર્તાને ઈજા થઈ હતી. ભાજપના નેતાઓએ આક્ષેપ કર્યો હતો કે અમારા ટેકેદારો પર વિના ઉશ્કેરણી હુમલો કરવામાં આવ્યો હતો. ટીએમસીના કાર્યકર્તાઓએ આને રદિયો આપતાં કહ્યું હતું કે ભાજપના કાર્યકર્તાઓએ પ્રધાન પંજાના નિવાસસ્થાન પર પહેલાં હુમલો કર્યો હતો. (એજન્સી)

## એપ્રિલથી ફાસ્ટેગ વાર્ષિક પાસના દરમાં વધારો

નવી દિલ્હી : નેશનલ હાઇવે ઓથોરિટી ઓફ ઇન્ડિયા(એનએચએઆઇ)એ આગામી નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે ફાસ્ટેગ વાર્ષિક પાસના દરોમાં વધારો કર્યો છે. હવે ખાનગી વાહન ચાલકોએ ૧લી એપ્રિલથી આ પાસ માટે ૩૦૦૦ રૂપિયાને બદલે ૩,૦૭૫ રૂપિયા ચૂકવવા પડશે. લોકોને ટોલના ઊંચા દરોથી રાહત આપવા અને મુસાફરીને સરળ બનાવવા માટે ગત વર્ષે ૧૫ ઓગસ્ટના રોજ આ વાર્ષિક પાસની શરૂઆત કરવામાં આવી હતી. દરોમાં આ વધારો નેશનલ હાઇવે ફી(દર નક્કી કરવા અને વસૂલાત) (સુધારો) નિયમ, ૨૦૨૫ અનુસાર થયો છે. જે અંતર્ગત વાર્ષિક પાસના દરોમાં દર વર્ષે સુધારો કરવો ફરજિયાત છે. ફાસ્ટેગ વાર્ષિક પાસ રાજમાર્ગયાત્રા મોબાઇલ એપ્લિકેશન અથવા એનએચએઆઇની વેબસાઇટ પરથી ખરીદી શકાય છે. માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય પાસે ઉપલબ્ધ ડેટા અનુસાર હાલમાં ૫૦ લાખથી વધુ રાષ્ટ્રીય રાજમાર્ગ વપરાશકર્તાઓ ટોલ ચૂકવણી માટે આ વાર્ષિક પાસનો ઉપયોગ કરી રહ્યા છે.

## પહેલા પાનાનું ચાલુ

### રાહતના સમાચાર

કેન્દ્રશાસિત પ્રદેશમાં કમર્શિયલ રાંધણગૅસ વેચવાનું ફરી શરૂ કર્યું છે.

તેમણે જણાવ્યું હતું કે ગૅસ સિલિન્ડરની સંગ્રહખોરી અને કાળા-બજાર કરનારા લોકો સામે કાર્યવાહી કરાઇ રહી છે. દેશમાં ઘરેલુ રાંધણગૅસ, પેટ્રોલ અને ડીઝલનો પૂરતો પુરવઠો છે. લોકોએ ડરવાની કોઇ જરૂર નથી.

વડા પ્રધાન મોદીએ જણાવ્યું હતું કે દુનિયામાં અનેક સ્થળે લડાઇ ચાલી રહી છે, પરંતુ તેની માઠી અસર આપણા દેશ પર ન થાય, તે માટે સરકાર અવિરત પ્રયાસ કરી રહી છે. આમ છતાં, કૉંગ્રેસ ખોટી અફવા ફેલાવીને લોકોમાં ભય ઊભો કરે છે. કૉંગ્રેસે જવાબદાર વિપક્ષ તરીકે કામ કરવાની જરૂર છે. (એજન્સી)

### ટીએમસી-રાજની

પર હુમલા કરે છે. મોદીએ જણાવ્યું હતું કે તૃણમૂલ કૉંગ્રેસે રાષ્ટ્રપ્રમુખ દ્રૌપદી મુર્મૂનું અપમાન કરીને બધી મર્યાદા ઓળંગી છે. તેણે માત્ર રાષ્ટ્રપ્રમુખનું જ નહિ, પરંતુ દેશના આદિવાસીઓ, નાગરિકો અને બંધારણનું પણ અપમાન કર્યું છે.

વડા પ્રધાને વિકાસના પ્રકલ્પોનું ઉદ્ઘાટન કરતા જણાવ્યું હતું કે હું આશા રાખું છું કે દેશના વિકાસના નવા યુગનો પ્રારંભ આ રાજ્યથી થાય. આ પ્રૉજેક્ટ્સને લીધે પશ્ચિમ બંગાળ ઉપરાંત પૂર્વ ભારતમાં વેપાર ઘણો સગવડભર્યો અને ઝડપી બનશે તેમ જ લાખો લોકોને રોજગારીની નવી તક મળશે.

તેમણે જણાવ્યું હતું કે આ પ્રકલ્પોની મદદથી પૂર્વ ભારતની લૉજિસ્ટિક સિસ્ટમ વધારે સારી થવાથી તેનો લાભ ખેડૂતો, વેપારીઓ, ઉદ્યોગપતિઓ અને વિદ્યાર્થીઓ સહિતના લાખો લોકોને મળશે. આ ઉપરાંત, અહીંના પર્યટન ઉદ્યોગને પણ ફાયદો થશે.

મોદીએ જણાવ્યું હતું કે ખડગપુર - મોરેગ્રામ એક્સપ્રેસવે પૂરો થવાથી અહીંના અર્થતંત્રને પણ વેગ મળશે. (એજન્સી)

### ઈરાનના ઑઈલ

રહ્યા છે. અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ચેતવણી આપી હતી કે હોર્મુઝ સામુદ્રધુનીમાંથી પસાર થતાં જહાજોને કોઇ અટકાવશે, તો તેના ઑઇલ ઇન્ફ્રાસ્ટ્રક્ચરનો નાશ કરીશું.

દરમિયાન, ઇરાનના સંસદના સ્પીકર મોહમ્મદ બઘેર કાલિબાફે સોશ્યલ મીડિયા પર ચેતવણી આપી હતી કે ઇરાનના ટાપુઓ પર હુમલો કરાશે, તો તહેરાન પોતાનો બધો સંયમ છોડી દેશે અને વળતી જોરદાર લશ્કરી કાર્યવાહી કરશે. અમારા ટાપુ પરના તેલમથકો પર હુમલા થશે, તો અમે દુશ્મન દેશો તેમ જ તેઓને મદદ કરી રહેલા બધા દેશોની તેલ કંપનીઓ પર હુમલા કરીશું.

અગાઉ, ઇરાનની રાજધાની તહેરાનના મધ્ય વિસ્તારમાં આવેલા ચોક ખાતે શુક્રવારે અમેરિકા અને ઇઝરાયલ સામે દેખાવ કરવા હજારો લોકો ભેગા થયા હતા ત્યારે ત્યાં કરાયેલા હુમલા વખતે અનેક ધડાકા સંભળાયા હતા અને મોટા પાયે જાનહાનિ થઇ હતી.

ઇરાને શનિવારે ઇઝરાયલ અને અખાતના પાડોશી દેશો પર હુમલા કરવાનું ચાલુ રાખ્યું હતું અને હોર્મુઝ સામુદ્રધુનીને સફળતાપૂર્વક બંધ રખાવી હતી.

હાલમાં ચાલી રહેલા યુદ્ધમાં લેબેનોનમાં અત્યાર સુધીમાં અંદાજે ૮૦૦ લોકો માર્યા ગયા હતા અને ૮.૫૦ લાખથી વધુ લોકોએ સલામત સ્થળે જવા હિજરત કરી હતી.

યુએઇના ફુજૈરાહ પૉર્ટ ખાતે ઇરાનના ડ્રોનને તોડી પાડ્યું હોવાનો દાવો કરાયો હતો, પરંતુ તેનો કાટમાળ પડતા જ બંદર ખાતે આગ લાગી હતી.

યુદ્ધના પ્રારંભથી અત્યાર સુધીમાં અમેરિકાએ ઇરાનમાં ૧૫,૦૦૦થી વધારે જગ્યાએ હુમલા કર્યા હતા. (એજન્સી)

### અમેરિકામાં વિઝા

(૪૩), દિપિકાબહેન પટેલ (૪૦), રમેશભાઈ પટેલ (૫૨), સંગીતાબહેન પટેલ (૩૬), રોનકકુમાર પટેલ (૨૮), મિનકેશ પટેલ (૪૨), સોનલ પટેલ (૪૨) અને મિતુલ પટેલ (૪૦) પર વિઝાની છેતરપિંડી કરવા કાવતરું ઘડવાનો આરોપ મુકાયો છે. આ શકમંદો મેસેચ્યુસેટ્સ, કેન્ટકી અને ઓહાયોમાં ગેરકાયદે રીતે રહેતા હતા.

જસ્ટિસ ડિપાર્ટમેન્ટે એક નિવેદનમાં કહ્યું હતું કે આમાંથી દિપિકાબહેનને મેસેચ્યુસેટ્સના વેમાઉથમાંથી ભારતમાં દેશપાર કરવામાં આવ્યા છે.

જિતેન્દ્રકુમાર, મહેશકુમાર, સંજયકુમાર, અમીતાબહેન, સંગીતાબહેન અને મિતુલની મેસેચ્યુસેટ્સમાંથી ધરપકડ કરવામાં આવી છે. શુક્રવારે બોસ્ટનમાં ફેડરલ કોર્ટમાં હાજર થયા બાદ તેમને છોડવામાં આવ્યા હતા. રમેશભાઈ, રોનકકુમાર, સોનલ અને મિનકેશની ધરપકડ કરવામાં આવી હતી. તેમને કેન્ટુકી. મિશૌરી અને ઓહિયોમાં અદાલતમાં હાજર કરવામાં આવ્યા હતા. આ આરોપી પછી બોસ્ટનની ફેડરલ કોર્ટમાં હાજર થશે.

દસ્તાવેજો પ્રમાણે રામભાઈ અને બીજા સહઆરોપીએ છ સુગમ કે દારૂની દુકાનમાં બનાવટી લૂંટ ચલાવી હતી. આ બનાવટી લૂંટનો હેતુ એવો ખોટો દાવો કરવાનો હતો કે તેઓ હિસંક ગુનાના પીડિતો છે અને આનો લાભ એ હતો કે તેઓ યુ-નોન ઈમિગ્રન્ટ સ્ટેટસ (યુ વિઝા)ની અરજી કરી શકે. યુ-વિઝા વસાહતીના કામને કાયદેસર બનાવે છે અને તેમને પાંચ-દસ વર્ષમાં ગ્રીનકાર્ડના હક્કદાર બનાવે છે.

રામભાઈ અને એના ડ્રાઈવર પહેલાં પણ આવા ગુનામાં દોષી સાબિત થયા છે. આરોપીને પાંચ વર્ષની જેલ, ત્રણ વર્ષની દેખરેખવાળી મુક્તિ અને અઢી લાખ અમેરિકન ડૉલરનો દંડ થઈ શકે. (પીટીઆઈ)

### વાંગચુકનો

કરાઇ હતી અને તેમને જોધપુરની જેલમાં મોકલાયા હતા.

સોનમ વાંગચુકની પત્ની ગીતાંજલિ જે. એન્ગમોએ સર્વોચ્ચ અદાલતમાં કરેલી અરજીની સુનાવણી ૧૭ માર્ચ પર મુલતવી રખાઇ હતી. તેની પહેલાં તો તેમને જેલમાંથી છોડી દેવાયા હતા.

સરકારે વાંગચુકને મુક્ત કરવાના નિર્ણયને લગતા નિવેદનમાં જણાવ્યું હતું કે સરકાર લેહમાં શાંતિ, સ્થિરતા સ્થાપીને આપસનો વિશ્વાસ વધારવા કટિબદ્ધ છે અને સરકારે આ બાબતને ધ્યાનમાં રાખીને સોનમ વાંગચુકની અટકાયતને તાત્કાલિક રદબાતલ કરવાનું નક્કી કર્યું છે. સરકાર લેહના લોકોની આશાને પૂરી કરવા માટે વિવિધ કોમના નેતાઓ સાથે ચર્ચાવિચારણા કરી રહી છે. રાજ્ય કક્ષાના પ્રધાન નિત્યાનંદ રાય સાથેની લદાખના બે અગ્રણી સંગઠન - લેહ અપેક્સ બૉડી અને કારગિલ ડેમોક્રેટિક અલાયન્સના નેતાઓની ચોથી ફેબ્રુઆરીએ મળેલી બેઠકમાં સોનમ વાંગચુકને જેલમાંથી છોડવાની માગણી કરાઇ હતી. (એજન્સી)

# જે હોસ્પિટલ માટે તમે રાહ જોઈ રહ્યા હતા.



## ૫૦૦ બેડની જ્યુપિટર હોસ્પિટલ હવે ડોંબિવલીમાં.

૧૯ વર્ષ પહેલાં જ્યારે જ્યુપિટરે પોતાની સફર શરૂ કરી, ત્યારે અમારું એક જ સંકલ્પ હતું - પેશન્ટ ફર્સ્ટ.

અત્યાધુનિક સાધનો અને ઓપરેશન થિયેટર , ક્ષેત્રના શ્રેષ્ઠ ડૉક્ટરો અને સમર્પિત સપોર્ટ સ્ટાફ.

આરામદાયક વાતાવરણ, વિશાળ કોરિડોર, દર્દીઓ માટે ખુલ્લું અને તાજી હવાથી ભરપૂર પર્યાવરણ,

સ્ટાર ક્વોલિટી ભોજન.

ડોંબિવલી અને આસપાસના વિસ્તારો માટે પણ અમે ઉપલબ્ધ છીએ.

**હેલ્થકેરમાં કેર સામેલ છે.**

કલ્યાણ - શીલ રોડ, ડોંબિવલી ઈસ્ટ
કોલ કરો : +91-0251 658 5555

**Jupiter Hospital**
*Patient First*



## કંઠ અને કલાઈ પર પહેરો સોનાનું ખીલેલું સૌંદર્ય

**S.Girdharlal Adenwala**
Jewellers Present

9TH TO 29TH MARCH
**Chain & Bangles UTSAV**




કોઈપણ જ્વેલર્સ પાસેથી આપે ખરીદેલા જુનાં સોનાના દાગીનાની પુરેપુરી કિંમત **ઓલ્ડ ગોલ્ડ એક્સચેંજ** માં મેળવો

## તમારું જુનું સોનું અમારી નવી ડિઝાઈન

ભાવ પૂરતો • વજન સાચું • શુદ્ધતાની ખાત્રી

SCAN FOR MORE DETAILS
@SGADENWALAJEWELLERS

Arihant Apt., Near irla Nursing Home, S.V. Road,
Vile Parle (W), Mumbai - 56. Ph : 75061 11918
www. sgajewels.com

- ALL DAYS OPEN
- Time : 10.30 am to 7.30 pm
- Valet Parking Available

SGA
S. Girdharlal Adenwala

# પિંપરી-ચિંચવડમાં ઇંટનું માળખું તૂટી પડતાં દંપતીનું મોતઃ અન્ય ચાર મજૂર થયા ઘાયલ

પુણેઃ પુણે જિલ્લાના પિંપરી-ચિંચવડમાં કન્સ્ટ્રકશન સાઇટ પર ઇંટનું માળખું તૂટી પડતાં દંપતીનું મૃત્યુ થયું હતું, જ્યારે ચાર મજૂરને ઇજા પહોંચી હતી.

તલાવડે વિસ્તારમાં ખુલ્લા પ્લોટ પર શુક્રવારે સાંજના ૪.૩૦ વાગ્યાની આસપાસ આ ઘટના બની હતી, જ્યાં અંડરગ્રાઉન્ડ ટાંકીઓ માટે ખાડામાં ઇંટનું માળખું બનાવવામાં આવી રહ્યું હતું.

અધિકારીના જણાવ્યા અનુસાર પ્લોટના માલિકે અંડરગ્રાઉન્ડ ટાંકીઓ માટે ખાડા ખોદવા કંપનીને કોન્ટ્રેક્ટ આપ્યો હતો અને કોન્ટ્રેક્ટર આ કામ માટે મજૂરોને લાવ્યો હતો.

દરમિયાન મજૂરો ખાડામાં ઇંટનું માળખું બનાવી રહ્યા હતા ત્યારે જેસીબીનો ધક્કો લાગવાને કારણે તે તૂટીને મજૂરો પર પડ્યું હતું અને મજૂરો તેમાં દબાઇ ગયા હતા.

આ ઘટનામાં સચિન શંકર રાઠોડ (૩૦) અને તેની પત્ની કોમલ (૨૫)ના ઘટનાસ્થળે મોત થયાં હતાં, જ્યારે મનોહર ભીખુ ચવાણ (૩૮) સહિત ચાર મજૂર ઘાયલ થયાં તેમને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. આ ઘટનામાં મૃત્યુ પામેલું દંપતી ચાકણ વિસ્તારમાં રહેતું હતું, એમ અધિકારીએ જણાવ્યું હતું. દેહુ રોડ પોલીસ સ્ટેશનના સિનિયર ઇન્સ્પેક્ટર વિક્રમ સનસોડેએ જણાવ્યું હતું કે આ ઘટના બાદ કોન્ટ્રેક્ટર વિરુદ્ધ સદોષ મનુષ્યવધનો ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. (પીટીઆઇ)

## છેલ્લા પાનાનું ચાલુ

### આજે રેલવેની

મુંબઈનું જનજીવન ખોરવાઈ જાય. રવિવારે લોકલ ટ્રેનમાં પ્રવાસ કરવાનું વિચારી રહ્યા છો તો આ સમાચાર તમારા માટે ખૂબ જ મહત્ત્વના છે. દર રવિવારની જેમ આ રવિવારે પણ રેલવે, સિગ્નલ-ટ્રેક મેઈન્ટેનન્સ જેવા મહત્ત્વના કામ માટે રેલવે દ્વારા મેગા બ્લોક હાથ ધરવામાં આવશે, જેને કારણે રવિવારે પણ ટ્રેનોના ધાંધિયા જોવા મળશે.

મધ્ય રેલવે પર ૧૫મી માર્ચના રોજ માટુંગા-મુલુંડ વચ્ચે અપ અને ડાઉન ફાસ્ટ લાઇન પર સવારે ૧૧ વાગ્યાથી બપોરે ૪ વાગ્યા સુધી બ્લોક હાથ ધરવામાં આવશે. બ્લોકમા સમયગાળા દરમિયાન માટુંગા-મુલુંડ વચ્ચે અપ-ડાઉન ફાસ્ટ લોકલ ટ્રેન અપ-ડાઉન સ્લો લાઈન પર દોડાવવામાં આવશે, જેને કારણે ટ્રેનો નિર્ધારિત સમય કરતાં ૧૫થી ૨૦ મિનિટ મોડી પડી શકે છે. હાર્બર લાઈન પર કુર્લા-વાશી વચ્ચે અપ-ડાઉન લાઈન પર સવારે ૧૧થી બપોરે ૪ વાગ્યા સુધી મેગા બ્લોક હાથ ધરવામાં આવશે. બ્લોકના સમયગાળા દરમિયાન સીએસએમટી-પનવેલ/વાશી વચ્ચે અપ-ડાઉન લાઈન પર ટ્રેનવ્યવહાર સંપૂર્ણપણે બંધ રહેશે. જોકે મુસાફરોની સુવિધા માટે બ્લોક સેક્શન સિવાયના રૂટ પર સ્પેશિયલ ટ્રેનો ચલાવવામાં આવશે.

પશ્ચિમ રેલવેના અધિકારી દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર મરીન લાઈન્સ-માહિમ વચ્ચે અપ અને ડાઉન સ્લો લાઇન પર સવારે ૧૦.૩૦ વાગ્યાથી લઈને ૩.૩૫ વાગ્યા સુધી જમ્બો બ્લોક હાથ ધરવામાં આવશે. આ સમય દરમિયાન મરીન લાઈન્સ-માહિમ વચ્ચે અપ-ડાઉન સ્લો લોકલ અપ-ડાઉન ફાસ્ટ લાઈન પર દોડાવવામાં આવશે. આ સિવાય બ્લોક દરમિયાન કેટલીક લોકલ ટ્રેનો રદ કરવામાં આવી છે, જ્યારે કેટલીક ટ્રેનો ચર્ચગેટ સુધી દોડાવવાને બદલે દાદર કે અંધેરી સુધી દોડાવવામાં આવશે. રેલવે દ્વારા મેગા બ્લોકને કારણે ટ્રેનોમાં થનારી ભીડને ધ્યાનમાં લઈને પ્રવાસીઓને જો જરૂર હોય તો જ ઘરની બહાર નીકળવા તથા બ્લોકના સમયગાળા દરમિયાન વૈકલ્પિક પરિવહનના સાધનોનો ઉપયોગ કરવાની અપીલ કરવામાં આવી છે.

### પ્રવાસી વધારવા

જેવા સ્ટેશનો સીધી ક્નેક્ટિવિટી બહુ ઓછી છે. તેથી વિશેષ કરીને ઓટોરિક્ષા સેવા પ્રવાસીઓને સીપ્ઝ સ્ટેશનના એ-વન પ્રવેશદ્વાર નજીક તો એમઆઈડીસી અંધેરીમાં એ-વન, બી-ટુ અને બાન્દ્રા કોલોની પાસે એ-વન તેમ જ એ-ટુ પાસે અને બી-ટુમાં પાસે ઉપલબ્ધ કરી આપવામાં આવી છે. બીકેસી સ્ટેશનના એ-વન, એ-ફોર, બી-વન આ પ્રવેશદ્વારા પાસે પણ ઉપલબ્ધ રહેશે. એટલું જ નહીં પણ પહેલાથી બુક કરેલી રિક્ષા સહિત અન્ય રિક્ષાઓ પણ અહીં ઉપલબ્ધ થઈ રહે એ મુજબનું આયોજન કરવામાં આવ્યું હોવાનો મેટ્રો પ્રશાસને દાવો કર્યો છે. છેલ્લા થોડા મહિના પહેલા અંડર ગ્રાઉન્ડ સ્ટેશનથી પ્રવાસીઓ માટે ફીડર બસસેવા પણ શરૂ કરવામાં આવી છે, જેમાં બીકેસી, વરલી તેમ જ છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ જેવા સ્ટેશન બહાર ખાનગી કંપનીની બસસેવા પ્રવાસીઓ માટે ઉપલબ્ધ કરવામાં આવી છે.

મેટ્રો સ્ટેશન બહાર શરૂ કરવામાં આવેલી આ બસસેવા બીકેસી મેટ્રો સ્ટેશનથી એનએસી અને જિઓ ગાર્ડન , ફેમિલી કોર્ટ જેવા માર્ગ પરથી પસાર થાય છે. વરલીથી બસસેવા સેન્ચુરી મિલ અને વન ઈન્ડિયા બુલ્સ સેન્ટર તથા કમલા મિલ અને પેનિન્સુલા કૉર્પોરેટ પાર્ક આ ઠેકાણે તો છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસથી શરૂ થતી બસ ઓલ્ડ કસ્ટમ હાઉસ, લાયન્સ ગેટ, એસ.પી. મુખર્જી ચોક, ચર્ચગેટ મેટ્રો સ્ટેશન જાય છે. અમુક મેટ્રોસ્ટેશન બહાર ખાનગી કંપનીની ટેક્સી સેવા પણ ઉપલબ્ધ કરી આપવામાં આવી છે.

### ગેસ પુરવઠા પર

અછતને કારણે ઘણા શહેરોમાં ગ્રાહકો સિલિન્ડર માટે લાંબી લાઈનમાં ઉભા રહેતા જોવા મળી રહ્યા છે. સરકારે ફક્ત સામાન્ય લોકોમાં જ નહીં પરંતુ રાજ્યમાં આશ્રમ શાળાઓ, છાત્રાલયો, હોસ્પિટલ કેન્ટીન, આંગણવાડીઓ સહિત ઘણી જગ્યાએ ગેસની અછત અટકાવવા માટે પગલાં લીધાં છે. દેશમાં 'એસ્પા' (એનર્જી સેવિંગ્સ પરફોર્મન્સ એગ્રીમેન્ટ) પહેલાથી જ લાગુ કરવામાં આવ્યો છે. ખાદ્ય પુરવઠા વિભાગની ફ્લાઇંગ સ્ક્વોડ ગેસ સંગ્રહ અને કાળાબજારને રોકવા માટે ઘણી જગ્યાએ દરોડા પાડી રહી છે. કેટલીક જગ્યાએ મોટી સંખ્યામાં ઘરેલુ ગેસ સિલિન્ડર જપ્ત કરવાની કાર્યવાહી પણ કરવામાં આવી છે. હવે સરકારે આ સંદર્ભમાં એક મોટું પગલું ભર્યું છે. ખાદ્ય, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા વિભાગે એક પરિપત્ર બહાર પાડ્યો હતો. ૧૩ માર્ચે દરેક જિલ્લામાં શૈક્ષણિક સંસ્થાઓ અને અન્ય આવશ્યક સેવાઓ માટે ઘરેલુ ગેસના પુરવઠા અંગે આપવામાં આવેલા આદેશ મુજબ દરેક જિલ્લામાં સરકારી આશ્રમ શાળાઓ, સહાયિત આશ્રમ શાળાઓ, છાત્રાલયો, સરકારી કેન્ટીન, મધ્યાહન ભોજન યોજનાઓ, આંગણવાડીઓ, શૈક્ષણિક સંસ્થાઓ હેઠળ ચાલતી કેન્ટીન વગેરેને ૧૦૦ ટકા એલપીજી ગેસ સિલિન્ડર પૂરા પાડવાના છે. ખાદ્ય, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા વિભાગના આદેશ મુજબ, હોસ્પિટલો, શૈક્ષણિક સંસ્થાઓ, સ્મશાનગૃહો, વૃદ્ધાશ્રમ, અનાથાશ્રમ જેવી જાહેર સેવાઓને ૧૦૦ ટકા ગેસ પુરવઠો પૂરો પાડવામાં આવશે. જ્યારે કેન્ટીન, સંરક્ષણ ક્ષેત્ર, સરકારી અને જાહેર ક્ષેત્રની સંસ્થાઓ, રેલવે, ઉડ્ડયન, પોલીસ અને જેલોને ૭૦ ટકા ગેસ પુરવઠો પૂરો પાડવામાં આવશે. મહારાષ્ટ્ર રાજ્ય માર્ગ પરિવહન નિગમ, દવા ઉદ્યોગ, બીજ પ્રક્રિયા, મત્સ્યઉદ્યોગ સંસ્થાઓ માટે આ મર્યાદા ૫૦ ટકા રહેશે.

### ૧,૦૯૨ કન્સ્ટ્રકશન

આવ્યું હતું. લગભગ ૧,૦૯૨ કન્સ્ટ્રકશન સાઈટની તપાસ કરવામાં આવી હતી, જેમાં નિયમનું ઉલ્લંઘન કરનારા સામે તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવી હતી. ૧૩૫ને કારણ-દર્શાવો નોટિસ અને ૯૩ કામને સ્ટોપ વર્કની નોટિસ ફટકારવામાં આવી હતી. પાલિકાના અધિકારીના જણાવ્યા મુજબ નોટિસ મળ્યા બાદ ધૂળ અને ધ્વનિ પ્રદૂષણને લગતી એસઓપીને અમલમાં મૂકવામાં આવ્યા બાદ ૪૮ સાઈટને આપેલી સ્ટોપ વર્કની નોટિસ પાછી ખેંચવામાં આવી હતી.

### ગ્રામીણ વિસ્તારોમાં

મજૂરો દ્વારા દિવસભર ૬૦૦ થી ૭૦૦ છાણાં તૈયાર કરવામાં આવી રહ્યા છે અને એમાંથી દરરોજ ૫૦૦ છાણાં વેચાઈ જાય છે. ઘરગથ્થુ ઉપયોગની સાથે સાથે હોટેલ માલિકો તરફથી માગ વધી છે અને તેઓ એક દિવસ અગાઉથી છાણાં બુક કરાવી રહ્યા છે. એક એક છાણું ૭ રૂપિયા અને ૧૦ રૂપિયામાં વેચાય છે. ગેસ સપ્લાયમાં વિક્ષેપને કારણે ગાયના છાણને સારા દિવસો જોવા મળી રહ્યા છે.

#### મુંબઇમાં છે આ સ્થિતિ

વરલીમાં ગેસ સિલિન્ડરના કાળા બજારનો પર્દાફાશ થયો છે અને નિમેશ જૈન સામે કેસ નોંધવામાં આવ્યો છે. જોકે, ટેમ્પો માલિક ફરાર થઈ ગયો છે. રાશન વિતરણ વિભાગે મુંબઈના વરલી વિસ્તારમાં ઘરેલુ અને વાણિજ્યિક ગેસ સિલિન્ડરના ગેરકાયદેસર વેચાણમાં સામેલ એક ગેંગનો પર્દાફાશ કર્યો છે. મુંબઈમાં છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસની બહાર આવેલી ફૂડ સ્ટ્રીટમાં ખાણીપીણીના શોખીનોને ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. દુકાનદારો પાસે કોમર્શિયલ ગેસનો પુરવઠો ન હોવાથી ઇલેક્ટ્રિક ગ્રીલ પર ખોરાક રાંધવાની ફરજ પડી છે.

### મુંબઈમાં

કામ પણ ચાલી રહ્યા છે. પાલિકાના આંકડા મુજબ હાલ સમગ્ર મુંબઈમાં ૨,૨૦૦થી વધુ કન્સ્ટ્રકશન સાઈટ છે.

મુંબઈમાં મોટા પ્રમાણમાં થઈ રહેલા બાંધકામને કારણે વાયુની સાથે ધ્વનિ પ્રદૂષણ થઈ રહ્યું છે. સવારના છ વાગ્યાથી રાતના ૧૦ વાગ્યા સુધી ચાલતા આ કામને કારણે શાંતિ ભંગ થઈ જાય છે. બાળકોથી લઈને વરિષ્ઠ નાગરિકો તેમ જ બીમાર લોકોને સતત આવતા અવાજને કારણે ત્રાસ થાય છે. તેથી બાંધકામના સમયમાં ઘટાડો કરવાની માગણી ભૂતપૂર્વ ડેપ્યુટી મેયર અને પીઢ નગરસેવિકા અલકા કેળકરે પ્રશાસનને કરી છે. તેમણે સવારના સાતથી સાંજના સાત વાગ્યા સુધીના સમયમાં જ બાંધકામ માટે મંજૂરી આપવા બાબતે જોર આપ્યો છે. મુંબઈમાં પહેલા પણ સવારના સાતથી રાત સાત વાગ્યા સુધીના સમયગાળામાં જ બાંધકામ કરી શકાતું હતું પણ ૨૦૧૬માં 'ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ' પૉલિસી હેઠળ સમય મર્યાદાને લંબાવવામાં આવી હતી અને અગાઉના ૧૨ કલાકને સમયે વધારીને સવારના છ વાગ્યાથી રાત ૧૦ વાગ્યા સુધીની મંજૂરી આપવામાં આવી હતી. જોકે નવા ચૂંટાયેલા નગરસેવકે વાયુ અને ધ્વનિ પ્રદૂષણ બાબતે ચિંતા વ્યક્ત કરીને સુધારેલા સમય પર પુનર્વિચાર કરવાનો માગ કરી છે.

અકલકા કેળકરે જણાવ્યું હતું કે હાલ સવારના છ વાગ્યાથી રાતના ૧૦ વાગ્યા સુધીના સમય બાંધકામ માટે આપવામાં આવ્યો છે. જોકે અનેક વખત સાઈટ પર આપેલી સમયમર્યાદા કરતા પણ વધુ સમય સુધી ડેવલપરો દ્વારા કામ કરવામાં આવતું હોય છે. મશીનરીના આવતા અવાજથી વૃદ્ધ, બાળકો અને બીમાર લોકોને જ નહીં પણ સંબંધિત વિસ્તારના રહેવાસીઓને પણ ત્રાસ થતો હોય છે. તેથી ફરી એક વખત આ લોકોમાં લગામ નાખવાની આવશ્યકતા છે.

### ધાર્મિક સ્થળો પર

કેન્દ્રીય ભંડાર છે અને અન્નપૂર્ણા અક્ષય પાત્ર રસોડું છે. ગજાનન મહારાજ સંસ્થાન સૌર ઉર્જાનો ઉપયોગ કરતી હોવાથી કોઈપણ અવરોધ વિના દરરોજ ૫૦ હજાર ભક્તો માટે મહાપ્રસાદ તૈયાર થઈ શકે છે.

શિરડીના સાંઈબાબા સંસ્થાનમાં પણ ગેસની અછતની અસર જોવા મળી રહી છે. ગેસના વપરાશમાં બચત માટે શનિવારથી સાંઈ ભક્તોને પ્રસાદ પેકેટમાં ફક્ત એક જ લાડુ મળશે. દિવસ દરમિયાન ૪૫ હજાર લાડુ પેકેટ વેચાય છે, જ્યારે દર્શન કતારમાં ભક્તોને દરરોજ ૫૦ હજાર બુંદીના પેકેટ વિના મુલ્યે વહેંચવામાં આવે છે. ગેસની અછતને કારણે સાંઈ સંસ્થાનને આર્થિક નુકસાનનો સામનો કરવો પડશે.

અમરાવતી શહેરમાં શ્રી એકવીરા દેવી સંસ્થાના મહાપ્રસાદના ખાદ્ય પુરવઠા પર પણ પડી છે. એકવીરા સંસ્થાએ ભક્તોને મહાપ્રસાદ પીરસવાનું ચાલુ રાખ્યું છે, પણ માત્રામાં ઘટાડો થયો છે. અગાઉ ભક્તોને વરણ, ભાત, શાકભાજીની પોળી અને કઢી સાથે મીઠાઈ આપવામાં આવતી હતી. જોકે, હવે સિલિન્ડરના અભાવે, ફક્ત ખીચડી, અને મીઠાઈ જ આપવામાં આવે છે. એકવીરા સંસ્થા પાસે આગામી ચાર દિવસ માટે પૂરતા સિલિન્ડર છે.

## સંસ્થા સમાચાર

### સોરાબજી હોરમસજી રણજી અગિયારીની એનિવર્સરી સેલિબ્રેશન

ગ્રાન્ટ રોડમાં આવેલી સોરાબજી હોરમસજી રણજી અગિયારીની ૧૬૦મી સાલગ્રેહ છે. એ નિમિત્તે રોજ અર્દિબહેસ્ત, માહ અવન, ૧૫-૦૩-૨૦૨૬, રવિવારે સેલિબ્રેશન કરવામાં આવશે. પાદશાહ સાહેબને હામા અંજુમન માચી ઓફર કરવામાં આવશે. જશનની શરૂઆત સવારે ૦૯:૩૦ કલાકે થશે. તમામ હમદીનને આમંત્રણ આપવામાં આવે છે.

### મંડળનો જન્મોત્સવ

મલાડના ૧૨૪ વર્ષ જૂના શ્રી પંચનાથ મહાદેવ મંદિરના સત્સંગ સભાગૃહમાં ૧૬મી માર્ચે મંદિરમાં આરતી-ભજન મંડળનો ૨૧મો જન્મોત્સવ ભવ્યતાથી ઉજવવામાં આવશે. એમાં સેવા આપનારનું સન્માન પણ કરવામાં આવશે.

### શ્રી દરિયાલાલ જન્મજયંતી ઉત્સવ

શ્રી કચ્છી લોહાણા મહાજન મુંબઈ દ્વારા શ્રી દરિયાલાલ જન્મજયંતી ઉત્સવ અને ચૈત્રી બીજની ઉજવણી કરવામાં આવશે. ૨૦ માર્ચે દરિયાસ્થાન સ્ટ્રીટ, વડગાદીએ સવારે સાડા સાત કલાકથી આરતીથી ધાર્મિક કાર્યક્રમોની શરૂઆત કરવામાં આવશે. સાંજે પ્રસાદનો લાભ લેવા તમામ શ્રદ્ધાળુઓને આમંત્રણ આપવામાં આવ્યું છે.

### ચૈત્રી બીજ ને શ્રી દરિયાલાલ જન્મજયંતી ઉત્સવની ઉજવણી

શ્રી કચ્છી લોહાણા સેવા મંડળ રામબાગ, માટુંગા (સે.રે.) દ્વારા આ વર્ષે પણ શ્રી દરિયાલાલ જન્મજયંતી ઉત્સવની ઉજવણી કરવામાં આવશે. ૨૦ માર્ચના રોજ બપોરે ૩ કલાકથી શાસ્ત્રોક્ત વિધિપૂર્વક સ્થાપના, પૂજન-અર્ચના કરવામાં આવશે. સાંજે મહાપ્રસાદનું વિતરણ કરવામાં આવશે.

### વિશેષ રાહત

શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ (વાલકેશ્વર) સંચાલિત વિશેષ માનવ રાહત યોજનાનું આયોજન કરવામાં આવ્યું હતું. એ નિમિત્તે ૬૫૦ સાધર્મિક જૈન કુટુંબોને અનાજ, કઠોળ, તેલ-ઘી, સાકર, મસાલા વગેરે જીવનજરૂરિયાતની વસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

### સમૂહલગ્નનું આયોજન

શ્રી ભાંડુપેશ્વર મહાદેવ મંદિર ટ્રસ્ટ દ્વારા સમૂહ લગ્નનું આયોજન ૧૦ મેએ કરવામાં આવ્યું છે. આ સમૂહ લગ્નમાં આર્થિક રીતે નબળા હિન્દુ સમાજના, કોઈપણ ભાષા, જ્ઞાતિ, સમાજના યુવક-યુવતીઓ જોડાઈ શકે છે. એના માટે વહેલાસર રજિસ્ટ્રેશન કરાવવું પડશે.



## દાતાને દાન માટે અપીલ

નીચે જણાવેલ કૅન્સરના દરદીઓ ટાટા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| દર્દીઓના નામ | ખર્ચ (રૂ.) |
|---|---|
| ૧) રવિન્દ્ર સિંહ | ૩,૦૦,૦૦૦ |
| ૨) અનિકેત ડોલની | ૨,૦૦,૦૦૦ |
| ૩) કરણ અદિત્ય મારાંડી | ૧,૫૦,૦૦૦ |
| ૪) ફિરંગી મહતો | ૮૦,૦૦૦ |
| ૫) પુષ્પા સેન | ૨૫,૦૦૦ |
| ૬) મીર સાયરા ખાતુન | ૩૦,૦૦૦ |
| ૭) સુશાંત સરકાર | ૨,૬૫,૨૦૦ |
| ૮) આમભુ દાસ | ૯૦,૦૦૦ |
| ૯) સ્વપન દેબનાથ | ૬૦,૦૦૦ |
| ૧૦) રુપાતોન સીલ | ૮૦,૦૦૦ |
| ૧૧) રુકાસન બનો | ૨,૫૦,૦૦૦ |
| ૧૨) પ્રદીપ માના | ૧,૫૦,૦૦૦ |
| ૧૩) દુર્ગા રાધા રમન મોન્ડલ | ૪૦,૦૦૦ |
| ૧૪) મીઠુ પાતાર | ૩૦,૦૦૦ |
| ૧૫) કોરબાહ અલી | ૧,૫૦,૦૦૦ |
| ૧૬) મીના ડાલી | ૪૦,૦૦૦ |
| ૧૭) સાંપા કુમા ગોષ | ૧,૦૦,૦૦૦ |
| ૧૮) લક્ષ્મીદેવી લાલજી | ૧,૦૦,૦૦૦ |

નીચે જણાવેલ કૅન્સરના દરદીઓ લાયન્સ હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| | |
|---|---|
| ૧૯) મુન્ની યાદવ | ૫,૦૦,૦૦૦ |

નીચે જણાવેલ કૅન્સરના દરદીઓ સાયન હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| | |
|---|---|
| ૨૦) મુનાજહાન બેગમ શેખ | ૨૫,૦૦૦ |

ઉપરોક્ત દરદીઓને વધુમાં વધુ મદદ કરવાની 'જીવન પ્રકાશ' વિનંતી કરે છે. દાતાઓએ દાનની રકમ નીચેના સરનામે મોકલવી.

સરનામુંઃ- લાયન શ્રી ભરત પાઠક, જીવન પ્રકાશ, ૧૧/૫ અવંતિ એપાર્ટમેન્ટ, બી વિંગ, ફલેન્ક રોડ, સાયન-ઇસ્ટ, મુંબઈ-૪૦૦૦૨૨. દાનમાં આપવામાં આવતી રકમ ૮૦જી હેઠળ કરમાં રાહતપાત્ર છે.

## જૈન મરણ

**ઝાલાવાડી વિશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

લીંબડી નિવાસી હાલ સાયન, સ્વ. કસ્તુરીબેન નાનાલાલ સંઘવીના સુપુત્ર જશવંતભાઈ (ઉં.વ.૮૩) તે સરોજબેનના પતિ. વિપુલ - મનીષા, વિશાલ - મમતા, નીપા - કૈશિકકુમારના પિતાશ્રી. સ્વ. વસંતભાઈ, મધુબેન છબીલદાસ, સ્વ. ચંદ્રાબેન રજનીકાંત, સ્વ. લતાબેન હિંમતલાલ, સુધાબેન વિનુભાઈ, સુરેખાબેન રાજુભાઈ, સ્મિતાબેન નરેન્દ્રભાઇના ભાઈ. સ્વ. હિંમતલાલ વલમભાઈ દોશીના જમાઈ, મહાસુખલાલ મણિલાલ શાહ, સ્વ. દિનેશભાઈ ફુલચંદ ગાંધી, ચંદ્રકાંતભાઈ ઉજમશી અજમેરાના વેવાઈ. તા. ૧૪-૦૩-૨૬ના શનિવાર અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૬-૦૩-૨૬ના સોમવાર સાંજે ૪ થી ૬. માનવ સેવાસંઘ સાયન. મેઇન રોડ, સાયન વેસ્ટ. ત્વચાદાન કરેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

લાયજાના કુસુમ કલ્યાણજી ગાલા (ઉં.વ. ૮૭)તા. ૧૨-૩-૨૬ના અવસાન પામેલ છે. પુરીબાઇ હરશીના પુત્રવધુ. સ્વ. કલ્યાણજીના પત્ની. સ્વ. સવિતા, સ્વ. ચંચળ, સ્વ. ચંદન, જેઠાલાલ, નિલેશ ચેતનાના માતુશ્રી. લાયજાના સુંદરબાઇ લાલજીના પુત્રી. લાયજાના દેવજી, મુરજી, મેઘજી, લાલજી, ગોધરાના વેલબાઇ ગાંગજી, તારા લક્ષ્મીચંદના બેન. પ્રાર્થના સભા રાખેલ નથી. નિ. નિલેશ કલ્યાણજી ગાલા, બી/૭૦૮, કમલકુંજ, ચીવડાગલી, લાલબાગ, મુંબઇ-૧૨.

છસરા હાલે વલસાડના સાકરબેન સામજી વેલજી ગાલા (ઉં.વ. ૮૬) તા.૧૨-૩-૨૬ના અવસાન પામેલ છે. સ્વ. જેઠીબાઇ વેલજી માડણના પુત્રવધૂ. વડાલા ના માતુશ્રી પુંજી નથ્થુ હંસરાજ શેઠીયાના પુત્રી. સ્વ. સામજી વેલજીના પત્ની. સ્વ.ભરત, સ્વ. રોહિત, દિપક, નીતાના માતુશ્રી. લુણીના રતનબેન પુનશી, લાખાપરના હીરબાઇ ખીમજી, બગડાના વેજબાઇ કેશવજી, વડાલાના મણીબેન પ્રેમજીના બેન. પ્રાર્થનાઃ શ્રી વર્ધમાન સ્થા. જૈન.શ્રા.સં.સં. કરસન લધુ નિસર હોલ, ૧લેમાળે, દાદર (વે).ટા.૪.૦૦ થી ૫.૩૦. ઠે. કૌશલ સંગોઇ, સરદાર હાઇટસ મહી, ૧૦૩ તિથલ રોડ, વલસાડ-૩૯૬૦૦૧.

**પાટણ નિવાસી જૈન**

અરુણાબેન પ્રવીણચંદ્ર શાહ (ઉં. વ. ૮૬) શનિવાર, તા. ૧૪-૩-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. પ્રવીણચંદ્ર સુંદરલાલ શાહના ધર્મપત્ની. બીજલ તથા જીજ્ઞાના મમ્મી. અર્ચના, ચંદ્રેશકુમારના સાસુ. સ્વ. નેમચંદ ચુનીલાલ શાહના દીકરી. યશ તથા વિહાન દાદી. સિદ્ધિના નાની. ચીનુભાઇ, ચંદ્રકાંતાબેન, સરસ્વતીબેન, વીરમતી, ભદ્રાબેન તથા દમયંતીબેનના ભાભી. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**માકપટ કચ્છી ગુર્જર જૈન**

ગામ કચ્છ વિથોણના હાલ ચુનાભટ્ઠી દિનેશભાઇ કાનજીભાઇ મહેતા (ઉં.વ.૬૧) શુક્રવાર, તા. ૧૩-૩-૨૬ના અરિહંતશરણ પામેલ છે. ગુલાબબેન કાનજી રામજી મહેતાના સુપુત્ર. સીમાબહેનના પતિ. હેતના પિતાશ્રી. સ્વ. મનસુખભાઇ, સ્વ. જયંતીભાઇ, સ્વ. દિપચંદભાઇ, સુરેશભાઇના ભાઇ. દમયંતીબેન, સુશીલાબેન, સુભદ્રાબેન, દિવાળીબેનના ભાઇ. સુશીલાબેન જયંતીલાલ મલુકચંદ મહેતા (નખત્રાણા)ના જમાઇ. સ્વ. મહેન્દ્રભાઇ, સ્વ. અશોકભાઇ, જિતેન્દ્રભાઇ, ફાલ્ગુનીબેનના બનેવી. પ્રાર્થનાસભા રવિવાર, તા. ૧૫-૩-૨૬ના ૩થી ૪.૩૦. ઠે. સુમતિ ગુર્જર વાડી, ચેમ્બુર, મુંબઇ-૪૦૦૦૭૧.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

રાવણી (વિસાવદર) નિવાસી હાલ મલાડ મુંબઇ તે સ્વ. શારદાબેન દુર્લભદાસ ગોવિંદજી ગાઠાણીના સુપુત્ર ચી. હરેશ (ઉં. વ. ૬૮)ના અરિહંતશરણ પામેલ છે. સ્વ. ગીરીશ, જીતેન્દ્ર, ચંદ્રકાંત, મીના ભરતકુમાર કોઠારી, નયના ચંદ્રકાંત જસાણી તે ગોંડલ સંપ્રદાયના પ. પૂ. બા. બ્ર. ઉર્વશીબાઇ મહાસતીના ભાઇ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

## હિન્દુ મરણ

**સૌરાષ્ટ્ર કડવા પટેલ**

મૂળ ગામ નાના વાવડી હાલ બોરીવલી ગં. સ્વ. મંજુલાબેન મોહનભાઇ ગોપાણી (ઉં.વ. ૮૭) તા. ૧૩-૩-૨૬ના શુક્રવારે શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. મોહનભાઇ નરશીભાઇ ગોપાણીના પત્ની. પિયુષભાઇના માતુશ્રી. અનસુયાબેનના સાસુ. ભૂમિકા, આકાશ, હેતના દાદીજી. પ્રાર્થનાસભા તા. ૧૬-૩-૨૬ સોમવારના ૫થી ૬.૩૦. ઠે. કડવા પાટીદાર સમાજ, નેન્સી કોલોની, એસ.ટી. ડેપોની સામે, સંત જ્ઞાનેશ્વર રોડ, બોરીવલી (ઇસ્ટ).

**વડનગરા નાગર**

સ્વ. ગીતાબેન મહેશચંદ્ર દેસાઈ તે સ્વ. મહેશચંદ્ર મહેન્દ્રરાય દેસાઈના પત્ની. મૈત્રેયી ઓઝા તથા ચિંતન દેસાઈના માતુશ્રી. સ્વ. ઉપેન્દ્રભાઈ ઓઝા તથા પ્રણામીના સાસુ. નિષ્કના દાદી ૧૩/૩/૨૬ના રોજ હાટકેશશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**સિમ્બર સમવાય ઔદિચ્ય બ્રાહ્મણ**

મહુવા નિવાસી હાલ વસઈ, સ્વ. સરલાબેન તથા સ્વ. મધુસુદન શંભુપ્રસાદ પંડ્યાના પુત્ર પ્રણવભાઈ પંડ્યા (ઉં. વ. ૪૪) તા. ૧૨/૦૩/૨૬ને ગુરુવારે કૈલાસવાસ થયેલ છે. તે પ્રતિમાબેનના પતિ. રાજેશભાઈ, રૂપલબેન ઉદયકુમાર રાજગોરના ભાઈ. સરોજબેન હિરેનભાઈ રાજ્યગુરુ, ભારતીબેન નવનીતભાઈ મહેતાના ભત્રીજા. રાતોલ નિવાસી સ્વ. દુર્ગાશંકર માધવજી ભટ્ટના ભાણેજ. તેમની પ્રાર્થનાસભા તા. ૧૫/૦૩/૨૬ને રવિવારે ૪:૦૦ થી ૬:૦૦. સ્થાનઃ એ ૦૦૧, સિધ્ધિ એપાર્ટમેન્ટ, વસંત નગરી, શેઠ વિદ્યામંદિર હાઈસ્કુલની સામે, વસઈ ઈસ્ટ.

**ઘોઘારી લોહાણા**

મૂળગામ માળીયાહાટીના, હાલ મલાડ જીતેન્દ્રભાઈ (જીતુભાઈ) ધીરજલાલ મોનજી ગઢીયા (ઉં.વ.૭૮) હંસાબેનના પતિ. કિરણભાઈના લઘુબંધુ, જનક, પરાગ, પાયલના કાકા, હિનાના પિતાશ્રી. ધિયાના નાના. સ્વ. મોહનલાલ છગનલાલ બુદ્ધદેવના જમાઈ તા. ૧૨-૦૩-૨૦૨૬ના ગુરુવારે શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર રાખવામાં આવેલ નથી.

**નાથાળિયાં ઉનેવાળ બ્રાહ્મણ**

ગામ સિમર બોરીવલી, વસંતરાય દયાશંકર મહેતા (ઉં. વ. ૮૪) તે સ્વ. વસુમતીબેન વસંતરાયના પતિ. સ્વ. ચેતના નવનિતરાય ઓઝા, શ્વેતા સતીશકુમાર ઓઝા, શિલ્પા અશોકકુમાર ઓઝા, જિજ્ઞા કેતનકુમાર ઓઝાના પિતા. કંકુબેન હરજીવનદાસ મોનજી રાજ્યગોરના જમાઈ. ભાસ્કર જેશંકર અને મેહુલ જેશંકર મહેતાના કાકા. તા. ૧૩/૦૩/૨૬ શુક્રવારના રોજ કૈલાસવાસી થયા છે. તેમની પ્રાર્થનાસભા તા. ૧૫/૦૩/૨૬ રવિવારના ૫:૦૦ થી ૭:૦૦. સ્થાનઃ ડાયમોડ્ડ, બી.એ. પી.એસ, સ્વામિનારાયણ સંસ્કાર કેન્દ્ર, પેટ્રોલ પંપની બાજુમાં, દહિસર ઈસ્ટ.

**પરજીયા સોની**

મૂળગામ ઘુઘરાળા, હાલ ગોરેગાંવ, સ્વ. નટવરલાલ કે. થડેશ્વરના ધર્મપત્ની સ્વ. રસીલાબેન (ઉં.વ. ૭૮) તા. ૧૩/૦૩/૨૬ના ગુરુવાર રોજ શ્રીજીચરણ પામેલ છે. તે હિંમતલાલ કે. થડેશ્વરના ભાભી. ચેતનભાઈ, ભારતીબેન, ભાવનાબેન,પંકજભાઈના માતુશ્રી. મમતાબેન, શીતલબેન, પરેશભાઈ, ઉદયભાઈના સાસુમા. વિરાજ, બલરાજના દાદીમા. ધરમ, અનુશ્રી રાહુલ પારેખના નાનીમા. તેમની લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**ઈડર ઔદિચ્ય ૨૭ જ્ઞાતિ બ્રાહ્મણ**

ગામ ગાંઠિયોલ નિવાસી હાલ નાલાસોપારા, સ્વ. લક્ષ્મીબેન બેચરલાલ ઠાકરના સુપુત્ર, કુકડીયા નિવાસી સ્વ. નિર્મળાબેન હરિશ્ચંદ્ર ત્રિવેદીના જમાઈ શશીકાંત ઠાકર (ઉં.વ.૭૭) તે સ્વ. સૌભાગ્ય પ્રેમીલાબેનના પતિ. નેહા, રશેષ, તેજસના પિતા. રૂપાલી અને વિનોદના સસરા, ગાયત્રી યુક્તિ જીનલ વૈભવના દાદા. તા. ૧૩-૦૩-૨૬ના દેવલોક પામ્યા છે. સાદડી પ્રથા તેમજ લૌકિક વહેવાર બંધ રાખેલ છે.

**ખંભાતી દશા પોરવાડ વણીક**

નડિયાદના હાલ કાંદિવલી, અ.સૌ. ભારતીબેન બિપીનચંદ્ર શાહ (ઉં.વ. ૮૦) ગુરુવાર તા. ૧૨-૩-૨૬ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. તે બિપીનચંદ્ર શાહના ધર્મપત્ની, દેવાંગ અને મિતલના માતૃશ્રી, રીટા અને ફેનીકાના સાસુ, ગં.સ્વ. કોકિલાબેન રમેશચંદ્ર શાહ, સ્વ. જગદીશભાઈ, સ્વ. રમેશભાઈ, સ્વ. સુશીલાબેન, સ્વ. કોકિલાબેન તથા સ્વ. ઉષાબેનના ભાભી, ધનેશભાઈ, સ્વ. નિકુંજબેન, સ્વ. ઉષાબેન, સ્વ. દિનેશભાઈના બેન. પ્રાર્થનાસભા તારીખઃ ૧૬-૩-૨૬ સોમવારના રોજ સાંજે ૫ - ૭. સ્થળઃ શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ(મોટો ઉપાશ્રય) ૫ માં માળે, એસ વી રોડ, પારેખ ગલ્લીની બાજુમાં, કાંદિવલી વેસ્ટ.

**કચ્છી રાજગોર**

ગં. સ્વ. મોંઘીબેન શિવજી વ્યાસ (ઉં.વ. ૮૯) ગામ ગુંદિયાળી હાલ ઘાટકોપર તા. ૧૩-૩-૨૬ના શુક્રવારના રામશરણ પામ્યા છે. તે સ્વ. શિવજી દયારામ વ્યાસના ધર્મપત્ની. મોહનલાલ, સ્વ. અમૃતલાલ, અરવિંદભાઇ, ખળાશંકરભાઇ, ચંદ્રકાન્તભાઇ, ધનલક્ષ્મીબેન, ઉર્મિલાબેન, હેમલતાબેનના માતુશ્રી. સ્વ. મંજુલાબેન, જયોતિબેન, હંસાબેન, પ્રીતીબેન, સંગીતાબેન, ચંદુલાલ, હર્ષદકુમાર, રાજેશકુમારના સાસુજી. અલ્પેશ, ભાવેન, પ્રિયેન, અજય, ચેતન, દર્શન, રીટા, જીગ્ના, અંકિતા, પલ્લવી, સંગીતા, મિત્તલ, અભીશા, કિંજલ, કોમલના દાદી. દિતી, મનાલી, ઉર્વી, ધવલ, જસુ, જયોતિ, સુધા, કૃપા, જીતુ, દિનેશ, પિયુષ, રમેશના નાની. જીવીબાઇ સુંદરજી નાકરના દીકરી. પ્રાર્થનાસભા રવિવાર, તા. ૧૫-૩-૨૬ના સાંજે ૪થી ૬. ઠે. સ્વામિનારાયણ મંદિર, ૯૦ ફૂટ રોડ, ઘાટકોપર (ઇસ્ટ), લેવેન્ડર બોધની બાજુમાં.

**ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજ**

મહુવા (કોજળી) નિવાસી હાલ મલાડ (વેસ્ટ) સ્વ. હર્ષદભાઇ લાલજીભાઇ રાઠોડ (ઉં. વ. ૬૮) તા. ૧૨-૩-૨૬ ગુરુવારના શ્રીરામશરણ પામેલ છે. તે હંસાબેનના પતિ. મિત્તલ, વંદના, દિપાલી, કુણાલના પિતા. જયુબીનકુમાર, પીન્ટુકુમાર, ચેતનકુમાર તથા ચક્ષુના સસરાજી. ગુણવંતભાઇ, કાંતિભાઇ, કમલેશભાઇ લાલજીભાઇ રાઠોડ તથા હંસાબેન મનોજકુમાર જાદવના ભાઇ. તે રિયા, યાવી, નીલ, રૂદ્ર, પાર્થના નાના. તથા એકવીરા અને ક્રિષિકાના દાદા. પ્રાર્થનાસભા સોમવાર, તા. ૧૬-૩-૨૬ના સાંજે ૫થી ૭. ઠે. શ્યામવાડી, સંત શ્રી શામજી બાપુ ચોક, અરુણકુમાર વૈદ્ય માર્ગ, ડિંડોશી કોર્નર, મલાડ (ઇસ્ટ).

**માધવપુર ગિરિનારાયણ બ્રાહ્મણ**

ઝવેરીલાલ હિરાલાલ પુરોહિત (સેવક) (ઉં. વ. ૮૮) મુકામ વિરાર તે સ્વ. વિજયાબેન હિરાલાલ પુરોહિતના સુપુત્ર. સ્વ. મંજુલાબેન પુરોહિતના પતિ. ભરતભાઇ કરસનદાસ પંડયાના બનેવી. સ્વ. અનસુયાબેન, તિલોતમાબેન, રમીલાબેન તથા જગદીશભાઇના ભાઇ. ઘનશ્યામ હિરાલાલ પુરોહિતના મોટાભાઇ. તે જસ્વિકા નિપુણ વ્યાસ, સોનલ ઉપેન્દ્ર શુકલ, સુષ્મા જયોતિન ત્રિવેદી, ખેવના સુશીલ શુકલ, શિલ્પા કુમારેશ મિસ્ત્રી, અતુલ ઝવેરીલાલ પુરોહિતના પિતાશ્રી. તા. ૧૨-૩-૨૬ ગુરુવારના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક પ્રથા બંધ છે.

**હાલાઇ લોહાણા**

સ્વ. મનુભાઇ તુલસીદાસ કોટકના ધર્મપત્ની ગં. સ્વ. લાભુબેન મનુભાઇ કોટક (ઉં.વ.૯૧) ગામ મોરબી હાલ ઘાટકોપર તા. ૧૪-૩-૨૬ શનિવારના શ્રીજીચરણ પામેલ છે. તે બીમલભાઇના માતુશ્રી. વંદનાબેનના સાસુ. વૃષિકાના દાદીમા. સ્વ. હંસરાજ જોબનપુત્રા તથા સ્વ. સાકરબેનના પુત્રી. સ્વ. જેઠાલાલભાઇ, સ્વ.વલ્લભદાસભાઇ, સ્વ. લખુભાઇ તથા સ્વ. લાલજીભાઇ, જસુબહેન પ્રભુદાસ કાપડિયા તથા ઉષા ઉત્તમ શાહના બહેન. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

સિહોરવાળા હાલ નાલાસોપારા ધનલક્ષ્મી હરિકૃષ્ણ ચુનીલાલ દોશીના પુત્ર શરદભાઇ (ઉં.વ. ૬૮) તા. ૧૩-૩-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. નયનાબેનના પતિ. ખુશ્બુના પિતા. નિતીનભાઇ અને જતીનભાઇના ભાઇ. શ્વસુરપક્ષે અમરેલીવાળા સ્વ. જયંતીલાલ છોટાલાલ મોદીના જમાઇ. અંજના અને યોગેશના બનેવી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

મોટા ખુંટવડાવાળા સ્વ. હીનાબેન લલિતભાઇ રણછોડદાસ મોદીના પુત્ર રીતેન લલિતભાઇ મોદી (બોબી) (ઉં.વ.૫૮) શુક્રવાર, તા. ૧૩-૩-૨૬ના રોજ શ્રીજીચરણ પામેલ છે. તે નીપાબેનનાં પતિ. અંકીશના પિતાશ્રી. તે સ્વ. હેમલ, કેતનનાં ભાઇ. તે પૂજા કેતન મોદીના દીયર. તે ગં. સ્વ. રમીલાબેન ઇશ્વરલાલ કોઠારી (ગાંગડાવાળા)ના જમાઇ. પ્રાર્થનાસભા તા. ૧૫-૩-૨૬ રવિવારે ૫થી ૭. ઠે. સોની વાડી, ગ્રાઉન્ડ ફલોર, શિંપોલી રોડ, એસ. વી. રોડ, બોરીવલી (વેસ્ટ).

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ વરસામેડી હાલ મુલુંડ સુરેન્દ્ર વેલજી કારીયા (ઉં. વ. ૭૨) તે સ્વ. રૂક્ષ્મણીબેન વેલજી કારીયાના સુપુત્ર. તે સ્વ. હેમલતાબેનના પતિ. સ્વ. લીલાધર પુરુષોતમ ગણાત્રા (કલ્યાણપુરવાળા)ના જમાઇ. બીના અનુજ ઉપાધ્યાય, કિંજલ પિયુષ દેઢીયા, સાગરના પિતાશ્રી. સેજલના સસરાજી. સ્વ. ત્રિવેણીબેન જયંતીલાલ ઠક્કરના ભાઇ. શુક્રવાર, તા. ૧૩-૩-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા રવિવાર, તા. ૧૫-૩-૨૬ના ૫.૩૦થી ૭. ઠે. કચ્છી લોહાણા મહાજનવાડી, ગ્રાઉન્ડ ફલોર,આર.આર.ટી. રોડ, મુલુંડ (વેસ્ટ). લૌકિક વ્યવહાર બંધ છે.

## પારસી મરણ

ગુલ નસરવાનજી વકીલ તે મરહુમો મેહરા નસરવાનજી વકીલના દીકરી. તે પરવીઝ તથા મરહુમો શેરુ ને રુસીના બહેન. તે નેવીલ ને ઝરીનના માસી. તે મોનાઝ ને હોશંગના માસી-સાસુ. તે જીયાન ને જેસીકા ના ગ્રેન માસી. (ઉં. વ. ૯૧) રે. ઠે.કરાની બિલ્ડિંગ, ૧લે માળે, ન્યુ ચર્ની રોડ, કામા બાગ અગિયારી સામે, મુંબઇ-૪૦૦૦૦૪. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૫-૩-૨૬ ને દિને બપોરે ૩.૪૦ વાગે કામા બાગ અગિયારી.

ઓસતી યાસમીન હોશંગ કાતરક તે હોશંગના ધન્યાની. તે મરહુમો આલુ લવજી મેહેરવાનજીના દીકરી. તે તહશીનના માતાજી. તે મીતેશના સાસુજી. તે જસ્મીન, નીલુફર, ખુશનુદ ને કૈયોમર્ઝના બહેન. તે વીઆન, ઝીવા, ઝીયાનના મમઇજી. (ઉં. વ. ૭૦) રે. ઠે. એમ-૧/૬૪ મેરવાનજી કામા પાર્ક, કામા રોડ, અંધેરી (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૫૮. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૫-૩-૨૬ ને દીને બપોરે ૩.૪૦ વાગે ઉપરની વાડીયા બંગલીમાં છેજી.

કાવસ નરીમાન વોરદન તે રબીના ધની. તે મરહુમો નરગીશ નરીમાન વોરદનના દીકરા. તે કૈઝરના પપા. તે મરહુમ આબાન ના ભાઇ. તે રુસ્તમ ને મરહુમ શીરાઝના નેવીયું. (ઉં. વ. ૯૦) રે. ઠે. ૬૦૧, મઝદા એપાર્ટમેન્ટ, બી બ્લોક, ૬૫/૬૭ બી. દેસાઇ રોડ, મુંબઇ-૪૦૦૦૨૬. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૫-૩-૨૬ ને દીને બપોરે ૩.૪૦ વાગે ઉપરની હોડીવાલા બંગલીમાં.

જર નરીમાન સરકારી તે મરહુમ નરીમાનના ધન્યાની. તે મરહુમો હીરાબાઇ જમશેદજી ગીસ્તાના દીકરી. તે ઝરીન, શેરનાઝ ને ફરીદાના માતાજી. તે કેરસી, નરીયોસંગ ને કલીઇદના સાસુજી. તે મરહુમો દીના ને ધનના બહેન. તે શાહઝનીન, શારમીન, આશીશ, કૈનાઝ, હુતોકશી, યોહાન, ઇદીશાના મમઇજી. (ઉં. વ. ૧૦૧) રે. ઠે. જી-૫૪, ખુશરુ બાગ, એસ. બી. સિંગ રોડ, કોલાબા, મુંબઇ-૪૦૦૦૦૧. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૫-૩-૨૬ના દીને બપોરે ૩.૪૦ વાગે કરાની અગિયારીમાં છેજી.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - **વ્યવસ્થાપક** |
|---|---|---|

Aum Shri Param Krupalu Devay Namah
Aum Shri Sadguru Devay Namah



KALPANABEN MEHTA
21.09.54 - 12.03.26
With sadness in our hearts,
we inform the demise of Smt. Kalpanaben Mehta
who peacefully left her body today, 12th March amidst the
chants of Param Krupalu Dev.
By the infinite grace of Pujya Gurudevshri, may her soul progress
further ahead on the spiritual journey.
Prayer Meet:
Monday, 16th March, 5:00 - 7:00 PM
Bharatiya Vidya Bhavan, Gamdevi
Mehtas & Khokhanis

# એટ્રોસિટી કેસઃ રાજ્ય સરકારનો મહત્ત્વપૂર્ણ નિર્ણય

## હવે હકીકતોની ચકાસણી પછી જ કેસ નોંધાશે

મુંબઈઃ રાજ્ય સરકારે એટ્રોસિટી એક્ટ અંગે ખૂબ જ મહત્વપૂર્ણ નિર્ણય લઈ ગુનો નોંધવાની પ્રક્રિયામાં કેટલાક ફેરફારો કર્યા છે. હવે એટ્રોસિટીનો કેસ નોંધતા પહેલા સંબંધિત અધિકારીઓ દ્વારા પ્રારંભિક ચકાસણી કરવામાં આવશે. કેસની હકીકતોની ચકાસણી કર્યા પછી જ કેસ નોંધવામાં આવશે સામાજિક ન્યાય પ્રધાન સંજય શિરસાટે વિધાન પરિષદને માહિતી આપી.

અગાઉ ફરિયાદ નોંધાયા પછી તરત જ કેસ નોંધવાની અને ૨૪ કલાકમાં આરોપીની ધરપકડ કરવાની વ્યવસ્થા હતી. જોકે, હવે તે પ્રક્રિયામાં ફેરફાર કરવામાં આવ્યો છે અને તાત્કાલિક ધરપકડની વ્યવસ્થા બંધ કરવામાં આવી છે એવી સ્પષ્ટતા તેમણે કરી હતી.

એનસીપી (એસપી) ના વિધાન સભ્ય શશિકાંત શિંદેએ વિધાન પરિષદમાં મુદ્દો ઉઠાવ્યો હતો કે અત્યાચારના કેસોની દેખરેખ માટે રચાયેલી રાજ્ય સ્તરીય ઉચ્ચ-શક્તિવાળી તકેદારી અને નિયંત્રણ સમિતિની છેલ્લા સાત વર્ષથી બેઠક થઈ નથી.

દરમિયાન રાજ્ય સરકારે અત્યાચારના કેસોના ભોગ બનેલા લોકોના પરિવારોને રાહત આપવા માટે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. આવા ૮૮૯ પીડિતોના વારસદારો અથવા સંબંધીઓને સરકારી નોકરી આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિમણૂકોની પ્રક્રિયા આગામી આઠથી દસ દિવસમાં શરૂ કરવામાં આવશે એમ શિરસાટે જણાવ્યું હતું. ■

# પુણે-મુંબઈ એક્સપ્રેસ-વે માટે ૧૪ હજાર કરોડનો માસ્ટર પ્લાન

## નવી છ ટનલ બનાવાશે

પુણેઃ પુણે-મુંબઈ એક્સપ્રેસ વે પર મુસાફરી કરતા મુસાફરો માટે આનંદના સમાચાર છે. વધતી જતી ટ્રાફિકની સમસ્યા અને વાહનોની સંખ્યાને ધ્યાનમાં રાખીને મહારાષ્ટ્ર રાજ્ય માર્ગ વિકાસ નિગમે એક્સપ્રેસ-વેના વિસ્તરણ માટે એક માસ્ટર પ્લાન તૈયાર કર્યો છે. આ અંતર્ગત આ એક્સપ્રેસ-વે પર છ નવી ટનલ બનાવવામાં આવશે. આનાથી મુસાફરીનો સમય બચશે.

આ પ્લાન માટે વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ રાજ્ય સરકારને સુપરત કરવામાં આવ્યો છે. એપ્રિલમાં તેને સત્તાવાર મંજૂરી મળે તેવી શક્યતા છે.

આ પ્રોજેક્ટનો ખર્ચ રૂ. ૧૪ હજાર ૫૦૦ કરોડ થવાનો અંદાજ છે. વિસ્તરણ પછી, એક્સપ્રેસ-વેની બંને બાજુ બે વધારાની લેન ઉમેરવામાં આવતા દરરોજ દોઢ લાખ વાહનો સરળતાથી મુસાફરી કરી શકશે.

નવી છ ટનલ ક્યાં બનાવવામાં આવશે? ખંડાલાઃ ૧ ટનલ, કામશેતઃ ૨ ટનલ, ભાટણઃ ૧ ટનલ, આડોશીઃ ૧ ટનલ અને માડપઃ ૧ ટનલ ■

# પાલઘર સ્ટેશન નજીક ટ્રેક પર ચાલતી વખતે માલગાડીએ ટક્કર મારતાં ત્રણ યુવકનાં મોત

## ત્રણેય જણ પોલીસથી બચવા ભાગી રહ્યા હતાઃ પરિવારજનોનો દાવો

પાલઘરઃ પાલઘર સ્ટેશન નજીક રેલવે ટ્રેક પર ચાલતી વખતે માલગાડીએ અડફેટમાં લેતાં ત્રણ યુવકનાં મોત થયાં હોવાની ઘટના શુક્રવારે રાતે બનતાં તેમના પરિવારજનોમાં ગમગીની છવાઇ ગઇ હતી. યુવાનોનાં મૃત્યુ બાદ શોકગ્રસ્ત પરિવારજનોએ દાવો કર્યો હતો કે શુક્રવારે રાતે ઘટના સમયે પોલીસ પીછો કરી રહી હતી ત્યારે ત્રણેય જણ ટ્રેક પર દોડી રહ્યા હતા.

આ અકસ્માતમાં મૃત્યુ પામેલા ત્રણેય યુવકની ઓળખ સ્વપ્નીલ શૈલેશ પાલાંડે (૨૩), કુનાલ કુમાર દુબળા (૨૩) એ અફરોઝ ખલીલ શેખ (૨૮) તરીકે થઇ હતી, જેઓ પાલઘર પૂર્વમાં વીરેન્દ્ર નગર વિસ્તારના રહેવાસી હતા. શુક્રવારે રાતે ૮.૩૦થી ૯.૦૦ વાગ્યા દરમિયાન માલગાડીએ તેમને ટક્કર મારી હતી, એમ ગવર્નમેન્ટ રેલવે પોલીસે (જીઆરપી) કહ્યું હતું.

ત્રણેય જણ રાતના રેલવે ટ્રેક પર ચાલી રહ્યા હતા ત્યારે માલગાડીએ તેમને કચડી નાખ્યા હતા. પોલીસ દ્વારા તેમનો પીછો કરવામાં આવ્યો હોવાની કે આત્મહત્યા કરવાની કોઇ માહિતી અમારી પાસે નથી, એમ પાલઘર જીઆરપીના સિનિયર ઇન્સ્પેક્ટર સચિન ઇંગાવલેએ કહ્યું હતું.

દરમિયાન અકસ્માતની જાણ થતાં જીઆરપીના અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.ત્રણેયના મૃતદેહોને બાદમાં પોસ્ટમોર્ટમ માટે સરકારી હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા બાદ આ પ્રકરણે તપાસ હાથ ધરી હતી.

દરમિયાન મૃતકોના પરિવારજનોએ આક્ષેપ કર્યો હતો કે આ અકસ્માત અગાઉ સાદાવેશમાં કેટલાક પોલીસ કર્મચારીઓ ત્રણેય યુવાનની મારપીટ કરી હતી. આથી ભાગવાના પ્રયાસમાં તેઓ રેલવે ટ્રેક પર દોડી રહ્યા હતા ત્યારે માલગાડીએ તેમને કચડી નાખ્યા હતા.

જીઆરપીએ હાલમાં એડીઆર દાખલ કરીને અકસ્માત અંગે તપાસ હાથ ધરી છે. આ ઘટના બાદ રહેવાસીઓમાં રોષ ફેલાયો હોવાથી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા માટે એ વિસ્તારમાં વધારાનો પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. (પીટીઆઇ) ■

# ધારાવીમાં પત્નીની હત્યાઃ પતિની ધરપકડ

મુંબઈઃ ધારાવી વિસ્તારમાં ઘરેલું વિવાદને લઇ બાવન વર્ષની પત્ની સૂરજબેન સોલંકીની હત્યા કરવા બદલ ૫૮ વર્ષના પતિ અમૃત સોલંકીની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસના જણાવ્યા અનુસાર ધારાવી-કોલીવાડામાં પાસ્કલ ચાલ નજીક શુક્રવારે બપોરે આ ઘટના બની હતી. અહીં રહેતા અમૃત સોલંકીનો ભંગારનો વ્યવસાય હોઇ તેના ચાર સંતાન મુલુંડ-થાણેમાં રહે છે. છેલ્લા ત્રણથી ચાર મહિનાથી અમૃત સોલંકી અને તેની પત્ની વચ્ચે ઘરેલું વિવાદને લઇ ઝઘડા થઇ રહ્યા હતા. આની જાણ થતાં ચારેય સંતાનોએ તેમને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. શુક્રવારે પણ આ જ મુદ્દે બંને વચ્ચે ઝઘડો થયો હતો, જેમાં ઉશ્કેરાયેલા અમૃત સોલંકીએ પત્નીનું ગળું દબાવ્યું હતું અને તાંબાની બોટલ તેના માથામાં અને ચહેરા પર ફટકારી હતી, જેમાં સૂરજબેનને ગંભીર ઇજા પહોંચી હતી. ■

# ગૂડી પડવામાં જ ખાંડ થઈ કડવી

મુંબઈઃ હાલ ચાલી રહેલા ખાડી યુદ્ધને કારણે આખા વિશ્વમાં તેની માઠી અસરો જોવા મળી રહી છે. ભારતમાં પણ આની મોટી અસર પડી હોવાનું જોવા મળી રહ્યું છે. યુદ્ધથી ખાંડના કારખાનાઓ અને ખેડૂતોને ભારે ફટકો પડ્યો છે, જયારે શાકભાજી સસ્તા થયા છે. બજારમાં કેળાના ભાવ પણ ગગડવાની શક્યતા છે. તે જ સમયે, હિન્દૂ નવવર્ષ ગૂડી પડવા દરમિયાન પતાસાના ભાવમાં વધારો થવાની ધારણા છે. ઈરાન-ઈઝરાયલ યુદ્ધને કારણે કોમર્શિયલ ગેસ સિલિન્ડર બંધ થવાથી, ઘણી જગ્યાએ ઘરેલુ ગેસ સિલિન્ડરના કાળા બજાર થવાની આશંકા છે. હોટલ અને રેસ્ટોરન્ટ બંધ કરવાની માલિકોને ફરજ પડી છે. ઘણા શહેરોમાં ઘરેલુ ગેસ સિલિન્ડર માટે ગ્રાહકોની લાંબી કતારો જોવા મળી રહી છે. યુદ્ધની અસરો હવે રાજ્યના નાગરિકો પણ અનુભવી રહ્યા છે. યુદ્ધની અસર હવે ખાંડ ઉદ્યોગ પર પણ દેખાવા લાગી છે. યુદ્ધ શરૂ થયા પછી કેન્દ્ર સરકારે ખાંડ ફેક્ટરીઓને આપેલો નિકાસ ક્વોટા લગભગ અટકી ગયો છે. નિકાસ બંધ થવાને કારણે સ્થાનિક બજારમાં ખાંડનો જથ્થો વધી ગયો છે અને ખાંડના ભાવમાં ઘટાડો થયો છે. થોડા દિવસો પહેલા ૩૭૦૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલના ભાવે વેચાતી ખાંડના ભાવ ઘટીને ૩૨૦૦ રૂપિયાની આસપાસ થઈ ગયો છે. ભાવમાં ઘટાડાની સીધી અસર ખેડૂતોના શેરડીના ટેકાના ભાવ પર થવાની શક્યતા છે. યુદ્ધને કારણે નિકાસ બંધ થવી, બજારમાં ભાવમાં ઘટાડો અને સ્ટોકમાં વધારો, આ ત્રિવિધ કટોકટીને કારણે ખાંડના કારખાનાઓ નાણાકીય મુશ્કેલીઓનો પણ સામનો કરી રહ્યા છે. તેથી, ખાંડ ઉદ્યોગ સરકાર પાસે તાત્કાલિક પગલાં લેવાની માગ કરી રહ્યો છે.

# ભીમાશંકરનું જ્યોતિર્લિંગ મંદિર ત્રણ મહિના માટે બંધ

પુણેઃ ભારતના બાર જ્યોતિર્લિંગમાંથી એક પુણે જિલ્લામાં આવેલા પ્રખ્યાત ભીમાશંકર મંદિર પરિસરના વિકાસ માટે એક મોટી યોજના અમલમાં મૂકવામાં આવી રહી છે. વહીવટીતંત્રે મંદિર પરિસરના પ્રવેશદ્વાર પાસે વસેલા ૧૨૫ પરિવારોનું પુનર્વસન કરવા અને ૧૦.૫ એકર જમીન પર એક નવું આયોજિત ગામ બનાવવાનો પ્રસ્તાવ ગ્રામજનો સામે મૂક્યો છે. આ પ્રોજેક્ટનો ખર્ચ આશરે ૧૭૪ કરોડ રૂપિયા થવાની ધારણા છે.

હાલમાં મંદિરનું વિસ્તરણ કાર્ય ચાલી રહ્યું છે અને આ કાર્ય માટે મંદિર ત્રણ મહિના માટે બંધ કરવામાં આવ્યું છે. આગામી કુંભ મેળા ૨૦૨૭ દરમિયાન દરરોજ લગભગ એક લાખ ભક્તો દર્શન માટે આવે તેવી અપેક્ષા હોવાથી, વહીવટીતંત્રે મંદિર વિસ્તારમાં ટ્રાફિક અને પ્રવેશ વ્યવસ્થામાં સુધારો કરવાની જરૂરિયાત વ્યક્ત કરી છે.

મંદિરના પ્રવેશદ્વાર પાસે હાલમાં લગભગ ૧૧૦ ઘરો હોવાથી ભક્તોને આવવા-જવામાં ઘણી મુશ્કેલી પડે છે. તેથી મંદિરથી માત્ર ૧૫૦ મીટર દૂર નવી જગ્યાએ આ પરિવારોને ફરીથી વસાવવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. આ સંદર્ભમાં ગુડી પડવાના દિવસે ગ્રામજનોની બેઠક યોજાશે અને તેમાં અંતિમ નિર્ણય લેવામાં આવશે.

વહીવટીતંત્ર દ્વારા પ્રસ્તાવિત નવા ગામનું તબક્કાવાર આયોજન કરવામાં આવશે. પ્રથમ તબક્કામાં કુલ વિસ્તારના ૨૦ ટકા પર ગ્રામ પંચાયત કચેરી, શાળા, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને પાર્કિંગ પ્લાઝા બનાવવામાં આવશે. બીજા તબક્કામાં ૩૫ ટકા વિસ્તાર પર વિસ્થાપિત પરિવારો માટે ઘરો બનાવવામાં આવશે. ■



Deepak Somaiya



Deepak Somaiya



KAAJAL ADS



KAAJAL ADS

# સાંઈ લીલાનો સાક્ષાત્કાર! તખ્તા પર જીવંત અનુભૂતિ સાંઈ ધ મ્યુઝિકલ



ગયા ઓક્ટોબરમાં મુંબઈમાં શિરડી સાંઈ બાબાના મહા સમાધિ દિવસ નિમિત્તે સોલ્ડ-આઉટ અને વ્યાપકપણે વખણાયેલા પ્રીમિયર પછી, ''સાંઈ - ધ મ્યુઝિકલ'' સાંઈ ભક્તોની જબરદસ્ત માંગણીને માન આપીને તમામ વય જૂથો અને ધર્મોના પ્રેક્ષકો તરફથી મળેલા પ્રેમ પછી શહેરમાં પાછા ફરવા માટે તૈયાર છે. AGP વર્લ્ડ દ્વારા પ્રસ્તુત, આ ખૂબ જ પ્રિય મ્યુઝિકલ શુક્રવાર ૨૦મી સાંજે ૭.૩૦ અને શનિવાર ૨૧મી માર્ચ ૨૦૨૬ના બપોરે ૩.૩૦ અને સાંજે ૭.૩૦ કલાકે બાંદ્રાના સેન્ટ એન્ડ્રુઝ ઓડિટોરિયમમાં યોજાશે.

પવિત્ર ''સાંઈ સચ્ચરિત્ર'' માંથી પ્રેરિત, ''સાંઈ - ધ મ્યુઝિકલ'' શ્રદ્ધા (વિશ્વાસ) અને સબુરી (ધીરજ)ના કાલાતીત ઉપદેશોને એક સમકાલીન કથા દ્વારા જીવંત કરે છે જે વર્તમાનને એક સદી પહેલાના ફ્લેશબેક સાથે જોડે છે. સ્ટેજ પર લાઇવ રજૂ કરાયેલા ૧૫ મૂળ ગીતો, એક વિશાળ મંડળી કલાકારો અને દૃષ્ટિની સમૃદ્ધ સ્ટેજક્રાફ્ટ દર્શાવતી આ પ્રોડક્શન માત્ર એક નાટક કરતાં ઘણું વધારે છે... તે એક ધ્યાનાત્મક, આત્માને સ્પર્શી જાય તેવી યાત્રા છે.

ગયા વર્ષના શોમાં સાંઈ બાબાના સમર્પિત અનુયાયીઓ અને થિયેટર પ્રેમીઓ બંનેએ પ્રોડક્શનની નિષ્ઠા, સ્કેલ અને આધ્યાત્મિક પડઘા માટે પ્રશંસા કરી હતી. પ્રીમિયર સાંજે સુપ્રસિદ્ધ અભિનેત્રી હેલન સહિત અનેક પ્રતિષ્ઠિત મહેમાનો પણ હાજર રહ્યા હતા, જેઓ પ્રોડક્શનથી પ્રભાવિત થયા હતા. મ્યુઝિકલની પ્રશંસા કરતા હેલને કહ્યું હતું કે તે તેમની સાંઈ બાબાના મંદિરોની મુલાકાતોની યાદો તાજી કરે છે અને આ અનુભવને "spectacular, warm and heart-touching" ગણાવ્યો હતો અને પર્ફોર્મન્સ, સંગીત અને જે ભક્તિભાવથી વાર્તાને સ્ટેજ પર જીવંત કરવામાં આવી હતી તેની પ્રશંસા કરી હતી. તેમના શબ્દોએ પ્રેક્ષકોમાંના ઘણા લોકોની લાગણીને પડઘો પાડ્યો, જેઓ સ્પષ્ટપણે ભાવુક થઈને ગયા.

વરિષ્ઠ અભિનેતા પંકજ બેરી સાંઈ બાબાના તેમના વખણાયેલા ચિત્રણનું પુનરાવર્તન કરે છે, એક પર્ફોર્મન્સ જેની સંયમ, હૂંફ અને આધ્યાત્મિક ઊંડાઈ માટે પ્રશંસા કરવામાં આવી છે. અતુલ સત્ય કૌશિકના સંવેદનશીલ દિગ્દર્શન હેઠળ, આ મ્યુઝિકલ તેના વિષયને આદર સાથે સંપર્ક કરે છે, માત્ર તમાશા પર નહીં પરંતુ ભાવનાત્મક સત્ય અને અજોડ ભક્તિ પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

આ પરત સીઝનનું વધારાનું મહત્ત્વ છે કારણ કે આ મ્યુઝિકલ સાંઈ ધામ (જે શિરડી સાંઈ બાબા ટેમ્પલ સોસાયટી તરીકે પણ ઓળખાય છે)ના સહયોગથી રજૂ કરવામાં આવી રહ્યું છે, જે સર્વગ્રાહી સામાજિક વિકાસ માટે પ્રતિબદ્ધ નફાકારક સંસ્થા છે. ૧૯૮૮ માં સ્થપાયેલ, સાંઈ ધામ મફત અને ગુણવત્તાયુક્ત શિક્ષણ, આરોગ્યસંભાળ, મહિલા સશક્તીકરણ, કૌશલ્ય વિકાસ, સામૂહિક લગ્નો, આજીવિકા નિર્માણ અને ટકાઉપણું પહેલના ક્ષેત્રોમાં વ્યાપકપણે કાર્ય કરે છે. આ સહયોગના ભાગરૂપે, સાંઈ ધામ શોના મંચનને ટેકો આપશે અને ટિકિટ વેચાણમાંથી થતી આવકનો એક ભાગ સંસ્થાની વ્યાપક કલ્યાણકારી પહેલોને આગળ વધારવા માટે નિર્દેશિત કરવામાં આવશે જે દેશભરમાં હજારો જીવનને અસર કરે છે.

નિર્માતા અશ્વિન ગિડવાણી - AGP વર્લ્ડના સ્થાપક, પ્રોડક્શનને મુંબઈમાં પાછું લાવવાના તેમના આનંદને વહેંચે છે, ''ગયા ઓક્ટોબરમાં 'સાંઈ - ધ મ્યુઝિકલ'ને મળેલો પ્રતિસાદ જબરદસ્ત અને ખૂબ જ નમ્ર હતો. અમને એવા લોકોના અસંખ્ય સંદેશા મળ્યા હતા જેઓ ટિકિટ મેળવી શક્યા ન હતા અને અમને તેને પાછું લાવવા વિનંતી કરી હતી. આ વળતર સંપૂર્ણપણે જાહેર માંગ દ્વારા સંચાલિત છે. વ્યક્તિગત સ્તરે, સાંઈ બાબા હંમેશા મારા માટે શક્તિ અને વિશ્વાસનો સ્રોત રહ્યા છે, તેથી આ પ્રોડક્શનને ફરીથી પુનર્જીવિત કરવામાં સક્ષમ થવું, અને તે પણ સાંઈ ધામના અવિશ્વસનીય કાર્યને ટેકો આપતી વખતે, તે ખાસ કરીને અર્થપૂર્ણ લાગે છે. તે ખરેખર એવું લાગે છે કે બાબાના આશીર્વાદ આ યાત્રાને માર્ગદર્શન આપી રહ્યા છે.''

ક્રિએટિવ ટીમમાં મૂવમેન્ટ ડિરેક્ટર ભાવના પાની, સંગીતકાર અનિક શર્મા, કોરિયોગ્રાફર દેવેન્દ્ર સિંહ અને માઇકલ ઇંગ્લિશની આગેવાની હેઠળની આંતરરાષ્ટ્રીય તક્નીકી ટીમનો સમાવેશ થાય છે, જે વિશ્વ-કક્ષાના થિયેટર અનુભવની ખાતરી કરે છે. મંડળી કલાકારોમાં અક્ષય દત્તા, ભૂમિકા માને, પુનીત મિશ્રા અને સબેરી ભટ્ટાચાર્ય પણ સામેલ છે.

માર્ચમાં આગામી શો પછી, AGP વર્લ્ડનું ''સાંઈ - ધ મ્યુઝિકલ'' ફરી એકવાર મુંબઈમાં ૧૯મી એપ્રિલ ૨૦૨૬ના રોજ વર્લીના નહેરુ સેન્ટર ઓડિટોરિયમમાં નિર્ધારિત પર્ફોર્મન્સ સાથે પરત ફરશે. ■

# ગોવંડી અને બોરીવલીમાં આગઃ કોઈ જાનહાનિ નહીં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં શનિવારે ગોવંડી અને બોરીવલીમાં જુદા જુદા આગના બે બનાવ બન્યા હતા. સદ્‌નસીબે બંને બનાવમાં કોઈ જખમી થયું નહોતું.

પાલિકાના જણાવ્યા મુજબ વહેલી સવારના ૮.૩૦ વાગ્યાની આસપાસ ગોવંડીમાં ન્યૂ ગૌતમનગરમાં કુબા મસ્જિદ નજીક પ્લોટ નંબર બે આવેલા લાકડાના ગોડાઉનમાં અચાનક આગ ફાટી નીકળી હતી. ઘટના સ્થળે ફાયરબ્રિગેડ પહોંચી ગઈ હતી અને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. ગોડાઉનમાં મોટા પ્રમાણમાં લાકડાનો સ્ટોક હતો. તેથી આગ ઝડપભેર ફેલાઈ ગઈ હતી. ભારે જહેમત બાદ ૧૧.૩૫ વાગ્યાની આસપાસ આગ નિયંત્રણમાં આવી હતી. જોકે કુલિંગ ઓપરેશન મોડે સુધી ચાલ્યું હતું.

આગનો બીજો બનાવ બોરીવલી (પશ્ચિમ)માં એમએચબી કોલીનીમાં બન્યો હતો. અહીં આવેલી ગ્રાઉન્ડ પ્લસ આઠ માળની બિલ્ડિંગમાં સવારના ૧૦.૫૫ વાગ્યાની આસપાસ એસી ડક્ટમાં આગ ફાટી નીકળી હતી. ઘટના સ્થળે ફાયરબ્રિગેડ પહોંચીને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. સદ્‌નસીબે બંને દુર્ઘટનામાં કોઈ જખમી થયું નહોતું. ■

# ભાંડુપ સ્ટેશન બહાર કપડાની દુકાનમાં ભીષણ આગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પૂર્વ ઉપનગરના ભાંડુપમાં સ્ટેશન બહાર આવેલી કપડાની દુકાનમાં લાગેલી ભીષણ આગમાં લાખો રૂપિયાનો માલ-સામાન બળીને ખાખ થઈ ગયો હતો.

ભાંડુપ (પશ્ચિમ)માં રેલવે સ્ટેશન બહાર ડ્રિમ મૉલને લાગીને આવેલા રોડ પર કપડાના સ્ટોલમાં સવારના ૧૦ વાગ્યાની આસપાસ અચાનક આગ લાગી હતી.

દુકાનમાં મોટા પ્રમાણમાં કપડાનો સ્ટોક હોવાથી આગે ઝડપથી વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું અને થોડી મિનિટોમાં જ આગમાં બે દુકાન બળીને ખાખ થઈ ગઈ હતી. આગની ચપેટમાં અન્ય દુકાનો પણ આવી ગઈ હતી. ઘટના સ્થળે ફાયરબ્રિગેડ પહોંચી ગઈ હતી અને આગ પર નિયંત્રણ મેળવવાના પ્રયાસ હાથ ધર્યા હતા. આગ લાગી તે દુકાનમાં કપડાના માલની સાથે જ મોટા પ્રમાણમાં પ્લાસ્ટિક અને પુઠ્ઠા પર જમા હતા. તેથી આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. આગમાં લાખો રૂપિયાનો માલ-સામાન બળીને ખાખ થઈ ગયો હતો. પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાનું માનવામાં આવે છે. ■




# ૫.૭૦ કરોડ રૂપિયાનું ભાડાં વસૂલી કૌભાંડઃ મ્હાડાના સિનિયર ક્લર્ક સામે ગુનો નોંધાયો

મુંબઈઃ મહારાષ્ટ્ર હાઉસિંગ એન્ડ એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટી (મ્હાડા)ના બિલ્ડિંગ રિપેર એન્ડ રિકન્સ્ટ્રક્શન બોર્ડમાં ૫.૭૦ કરોડ રૂપિયાથી વધુનું ભાડાં વસૂલી કૌભાંડ પ્રકાશમાં આવ્યા બાદ સિનિયર ક્લર્ક સામે દાદર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો.

સિનિયર ક્લર્ક જગદીશ પરશુરામ ધાર્મિક (૫૭) ભાડું વસૂલ કરીને તે સરકારી ખાતામાં જમા કરવાને બદલે પરસ્પર ઉચાપત કરતો હતો, એવો ફરિયાદમાં આક્ષેપ કરાયો છે.

મુંબઈ બિલ્ડિંગ રિપેર એન્ડ રિકન્સ્ટ્રક્શન બોર્ડના સર્કલ-૪ના પ્રોપર્ટી મેનેજર પ્રમોદ કાંબળેએ આ પ્રકરણે દાદર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે ગુનો દાખલ કરાયો હતો.

જગદીશ ધાર્મિકને જુલાઇ, ૨૦૨૩થી સેવામાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યો છે.

ફરિયાદ અનુસાર ૨૦૨૩માં મ્હાડાની પુનઃનિર્મિત ઇમારતોમાં રહેતા અનેક ભાડૂતોએ ફરિયાદ કરી હતી કે તેઓ વાસ્તવમાં ભાડું ચૂકવે છે તે રકમ અને મ્હાડાની નોંધમાં દર્શાવવામાં આવતી નોંધ વચ્ચે મોટો તફાવત છે.

ભાડૂતોએ પુરાવા તરીકે ભાડાની રસીદોની ફોટોકોપી પર સુપરત કરી હતી. ફરિયાદને ગંભીરતાથી લઇ વિભાગે પ્રાથમિક તપાસ શરૂ કરી હતી.

તપાસમાં જગદીશ ધાર્મિકની ભૂમિકા બહાર આવી હતી, જેને એફ સાઉથ વિભાગમાં ૨૦૧૫થી ૨૦૨૩ વચ્ચે ભાડાં વસૂલીનું કામ સોંપવામાં આવ્યું હતું. તેની ફરજમાં પુનઃનિર્મિત ઇમારતો અને ટ્રાન્ઝિટ કેમ્પમાં રહેતા ભાડૂતો પાસેથી ભાડું અને સેવા શુલ્ક વસૂલ કરવાનું હતું.

ગંભીર આરોપોને લઇ વિભાગે ચાર સભ્યની સમિતિ નીમી હતી. સમિતિ દ્વારા વિભાગીય નોંધ, બેંક ડિપોઝિટ અને ભાડાંની રસીદોની તપાસ કરવામાં આવી હતી, જેમાં મોટા પાયે ગેરરીતિઓ હોવાનું બહાર આવ્યું હતું.

ધાર્મિકના કાર્યકાળમાં ૨૨,૨૦૯ ભાડાંની રસીદો જારી કરાઇ હતી, જેમાંથી માત્ર ૧૩,૫૫૧ રસીદો વિભાગના બૅંક ખાતા સાથે મેળ ખાતી હતી, જ્યારે ૮,૬૫૮ રસીદો સામે બૅંકમાં કોઇ રકમ જમા કરાઇ નહોતી. આ ગોલમાલ થકી આશરે ૫.૭૦ કરોડ રૂપિયાથી વધુની ઉચાપત કરાઇ હોવાનું સામે આવ્યું હતું, જેને પગલે ફરિયાદ નોંધાવાઇ હતી. ■

# રેશન કાર્ડમાં નામ ઉમેરવામાં મદદ કરવાને બહાને સગીરા સાથે દુષ્કર્મ

મુંબઈઃ મોટી બહેનનું નામ રેશન કાર્ડમાં નામ ઉમેરવામાં મદદ કરવાને બહાને ૧૭ વર્ષની સગીરાને ચેમ્બુરમાં નિર્જન સ્થળે બોલાવીને તેની સાથે દુષ્કર્મ આચરવાના કેસમાં તિલકનગર પોલીસે બે જણની ધરપકડ કરી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું.

તિલકનગર પોલીસે શુક્રવારે ધરપકડ કરેલા આરોપીઓની ઓળખ ટિટવાલાના નુરુદ્દીન આફતામ આઝમી (૫૫) અને ગોવંડીના અનિસ અહમદ ચૌધરી (૪૭) તરીકે થઇ હતી. પોલીસના જણાવ્યા અનુસાર સગીરાની મોટી બહેને આ પ્રકરણે ફરિયાદ નોંધાવી હતી, જે ગોવંડી સ્થિત શિવાજીનગર વિસ્તારમાં રહે છે. સગીરાની મોટી બહેનનું નામ રેશન કાર્ડમાં ઉમેરવા સંબંધી દસ્તાવેજો લઇને આવવાનું આરોપીઓએ કહ્યું હતું. જોકે પુત્ર બીમાર હોવાથી મોટી બહેને સગીરાને ત્યાં જવા માટે કહ્યું હતું. દરમિયાન સગીરા ઘટનાસ્થળે પહોંચી ત્યારે આરોપીઓ તેને મળ્યા હતા અને તેઓ ચેમ્બુરમાં તેને નિર્જન સ્થળે લઇ ગયા હતા. ■

ખાદી અને ગ્રામ ઉદ્યોગ કમિશન
મંત્રાલય MSME (ભારત સરકાર)
સી.બી.કોરા ઇન્સ્ટીટ્યુટ, સીંપોલી વિલેજ, મ્યુનીસીપલ સ્કુલની સામે, બોરીવલી (પશ્ચિમ)
સરકારી પ્રમાણપત્ર
ફેબ્રિક, રેઝિસ્ટ ફેબ્રિક અને મેક્સિકન પેંટીંગ કોર્સ
૨૨ માર્ચ ૨૦૨૬ પ્રેકટીસ સાથે ઉપરના કલર સાથે કેનવાસ, ટોટ બેગ અને ફેબ્રિક ઉપર શીખવાડશું
હર્ષલા હેમંત સાવંત ૯૮૨૦૮૫૪૫૫૮
૮૬૯૩૦૯૮૧૮૧ / ૯૮૨૦૦૮૪૫૫૮

# ૧૩ વર્ષથી નાના બાળકો માટે વૉટ્સઍપ અકાઉન્ટ શક્ય, નિયંત્રણ માતા-પિતા પાસે

નવી દિલ્હીઃ મેટાની માલિકીના મેસેજિંગ પ્લેટફોર્મ વૉટ્સઍપએ ૧૩ વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે માતા-પિતા નિયંત્રિત અકાઉન્ટ્સ શરૂ કરવાની જાહેરાત કરી છે. જે અંતર્ગત નાનાં બાળકો માતાપિતાની કડક દેખરેખ હેઠળ પ્લેટફોર્મનો ઉપયોગ કરી શકશે.

આ પગલાંને મેસેજિંગ પ્લેટફોર્મની નીતિમાં એક મહત્વપૂર્ણ ફેરફાર માનવામાં આવી રહ્યો છે. કારણ કે અત્યાર સુધી આ પ્લેટફોર્મનો ઉપયોગ કરવા માટેની લઘુત્તમ વય મર્યાદા ૧૩ વર્ષ(કેટલાક ક્ષેત્રોમાં આનાથી વધુ) હતી. વૉટ્સઍપે એક બ્લોગ પોસ્ટમાં જણાવ્યું કે પરિવારો અને નિષ્ણાંતો પાસેથી મળેલી માહિતીના આધારે માતાપિતા-નિયંત્રિત એકાઉન્ટ્સની એક નવી વ્યવસ્થા શરૂ કરવામાં આવી રહી છે. જે અંતર્ગત માતા-પિતા કે વાલીઓ નાના બાળકો માટે વૉટ્સઍપ અકાઉન્ટ્સ બનાવી શકશે અને તેનો ઉપયોગ માત્ર મેસેજિંગ અને કોલિંગ સુધી મર્યાદિત રહેશે.

વ્વૉટ્સઍપે જણાવ્યું કે એક બાજુ માતા-પિતા બાળકોની સંપર્ક યાદીને નિયંત્રિત કરી શકશે, તો બીજી તરફ મેસેજનું કન્ટેન્ટ 'એન્ડ-ટુ-એન્ડ એન્ક્રીપ્શન' દ્વારા સંપૂર્ણપણે સુરક્ષિત રહેશે. નવી કંટ્રોલ સિસ્ટમ અને અન્ય સેટિંગ્સને પેરેન્ટ પિનના માધ્યમથી સુરક્ષિત રાખવામાં આવશે. માત્ર માતા-પિતા જ ગોપનીયતા સંબંધિત સેટિંગ્સ જોઇ અથવા બદલી શકશે. આ સુવિધા હાલમાં તબક્કાવાર શરૂ કરવામાં આવી રહી હોવાનું કંપનીએ જણાવ્યું હતું. ■

# ઉ. કોરિયાએ દસ મિસાઈલ છોડતા નવેસરથી ફફડાટ

સિઓલઃ ઉત્તર કોરિયાએ પૂર્વ સમુદ્ર તરફ લગભગ ૧૦ બેલિસ્ટિક મિસાઇલો છોડી શક્તિ પ્રદર્શન કર્યું હોવાની જાણકારી દક્ષિણ કોરિયાની સેનાએ આપી હતી.

ઉત્તર કોરિયાએ આ શક્તિ પ્રદર્શન એવા સમયે કર્યું છે જ્યારે તેમનું હરીફ દક્ષિણ કોરિયા અમેરિકા સાથે મળીને સંયુક્ત લશ્કરી કવાયત હાથ ધરી રહ્યું છે. દક્ષિણ કોરિયાના જોઇન્ટ ચીફસ ઓફ સ્ટાફે જણાવ્યું કે આ મિસાઇલો ઉત્તર કોરિયાની રાજધાની પ્યોંગયાંગ નજીકના વિસ્તારમાંથી છોડવામાં આવી હતી, પરંતુ તે કેટલી દૂર સુધી ગઇ હતી તેની તાત્કાલિક કોઇ જાણકારી આપી ન હતી. જાપાનના સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું કે મિસાઇલો દેશના એક્સક્લુઝિવ ઇકોનોમિક ઝોનની બહાર સમુદ્રમાં પડી હતી. દક્ષિણ કોરિયાના જોઇન્ટ ચીફસ ઓફ સ્ટાફે જણાવ્યું કે સેનાએ દેખરેખ વધારી દીધી છે. તેમજ કોઇપણ સંભવિત અધિક મિસાઇલ પ્રક્ષેપણનો સામનો કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. તેમજ તેઓ અમેરિકા અને જાપાનને સતત માહિતી આપી રહ્યા છે.

આ મિસાઇલો અમેરિકા અને દક્ષિણ કોરિયાની સેનાઓ તેમનો વાર્ષિક લશ્કરી અભ્યાસ કરી રહી છે એવા સમયે છોડવામાં આવી છે. જેમાં હજારો સૈનિકો ભાગ લઇ રહ્યા છે. તો બીજી તરફ ટ્રમ્પ વહીવટીતંત્ર મધ્ય-પૂર્વમાં ફેલાઇ રહેલા યુદ્ધમાં અટવાયેલું છે. આ યુદ્ધના લીધે દક્ષિણ કોરિયામાં સુરક્ષામાં સંભવિત ખામીઓ અંગે ચિંતાઓ ઊભી થઇ છે. ઉત્તર કોરિયા લાંબા સમયથી સાથી દેશોની લશ્કરી કવાયતોને આક્રમણનો પૂર્વાભ્યાસ તરીકે વર્ણવતું આવ્યું છે. ■



**યુદ્ધ અને વિનાશઃ** લેબેનોનમાં દક્ષિણ બૈરુતના પરા દહિયેહ ખાતે ઈઝરાયલના હુમલામાં નાશ પામેલી ઇમારતના કાટમાળ પાસેથી પસાર થતાં લોકો. (એપી-પીટીઆઇ)

# વિભાજનકારી શક્તિઓ સામે લડવા સામાજિક એકતા જરૂરીઃ સંઘ

નવી દિલ્હીઃ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ(આરએસએસ) મહાસચિવ દત્તાત્રેય હોસબાલેએ વિભાજનકારી શક્તિઓ વર્ગ અને જાતિના આધારે સામાજિક વિચારસરણીને તોડવાના પ્રયાસ કરી રહી હોવાની વાત કરી હતી. આવી શક્તિઓ સામે લડવા તેમણે સમાજ અને દેશમાં એકતાની હાકલ કરી હતી.

હોસબાલેએ સંત રવિદાસની ૬૫૦મી જન્મજયંતી નિમિત્તે તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરતાં જણાવ્યું કે ભારતની સંતોની ગૌરવશાળી પરંપરામાં તેમનું વિશિષ્ટ સ્થાન છે. તેમણે કહ્યું કે સંત રવિદાસે રૂઢિઓ અને જૂના રિવાજોથી છૂટકારો મેળવવા, અપ્રાંસગિક પરંપરાઓને છોડવા અને બદલતા સમય સાથે સામાજિક ફેરફારોનો સ્વીકાર કરવા માટે સામાજિક વિચારસરણીને આકાર આપવામાં ઐતિહાસિક ભૂમિકા ભજવી હતી.

હોસબાલેએ વધુમાં જણાવ્યું કે આજના સમયમાં જ્યારે ઘણી વિભાજનકારી શક્તિઓ વર્ગ અને જાતિના આધારે સામાજિક વિચારસરણીને તોડવાના પ્રયાસ કરી રહી છે ત્યારે આપણે સાથે મળીને પૂજ્ય સંત રવિદાસજીના જીવન સંદેશના સારને સમજીને સમાજ અને રાષ્ટ્રની એકતા અને અખંડિતતા માટે કામ કરવાનો સંકલ્પ લેવાની જરૂર છે.

આરએસએસ નેતાએ એ વાત પર પણ ભાર મૂક્યો કે રવિદાસનું જીવન શ્રમની ગરિમા અને નૈતિક આચરણને દર્શાવે છે. તેમણે પોતાના જીવનના માધ્યમથી સમાજમાં શ્રમની ગરિમા, શુદ્ધ, સદાચારી અને પારદર્શક આચરણ પુનઃસ્થાપિત કર્યું હતું. સંત રવિદાસ ૧૫મી સદીના ભક્તિ આંદોલનના એક અગ્રણી સંત હતા. તેમને ભક્તિ, સમાનતા અને સામાજિક સદ્ભાવ વિશેના તેમના ઉપદેશો માટે યાદ કરવામાં આવે છે. ■

## એલપીજીનો કકળાટ

# હૉટેલના મેન્યુમાં કાપઃ કોલસાની માગ વધતા ભાવ પણ ઊછળ્યા

નવી દિલ્હી : પશ્ચિમ એશિયાની લડાઈને લીધે ભારતમાં કમર્શિયલ લિક્વિડ પેટ્રોલિયમ ગૅસ (એલપીજી) સિલિન્ડરની અછત ઊભી થઈ છે. આથી રેસ્ટોરાં અને આહારગૃહોએ આ કટોકટીમાંથી બહાર આવવા કોલસા તરફ વળતા તેના ભાવમાં ઉછાળો આવ્યો છે.

ઈરાન અને ઓમાન વચ્ચેની હોર્મુઝ સામુદ્રધુની બંધ થતા ખનીજ તેલ અને પેટ્રોલિયમ પ્રોડક્ટની અછત સર્જાઈ છે.

દિલ્હીમાં કોર્પોરેટના મોટા મેળાવડા અને ગ્રૂપ પાર્ટીના ઓર્ડર લેવાનું રેસ્ટોરાંએ બંધ કર્યું છે. એલપીજીની અછતને લીધે રેસ્ટોરાંઓએ મેનુ અને બુકિંગ બંને ઘટાડ્યા છે.

દિલ્હીના સૌથી મોટા ડાઈનિંગ હબ ગણાતા કનોટ પ્લેસના રેસ્ટોરાં માલિકોએ કહ્યું હતું કે મોટા બુકિંગના ફુડમાં બહુ ગૅસ વપરાતો હોય મોટી પાર્ટીના બુકિંગ લેવાનું બંધ કર્યું છે. અમે હવે અમારા નિયમિત ગ્રાહકો પર ફોકસ કરી રહ્યા છીએ

ફ્લેવર્સ ઑફ ચાઈનાના માલિકે કહ્યું હતું કે રેસ્ટોરાંએ અમુક ફૂડની ઓફર બંધ કરી છે અને ગ્રૂપ બુકિંગ લેવાનું બંધ કર્યું છે.

સતત હાઈ ફ્લેમ માગતા સિઝલર્સ આપવાનું અમે બંધ કર્યું છે. અમે ઓછો ગૅસ વપરાય એવી ડિશ પર ફોકસ કરીએ છીએ. રાજ્યના સત્તાવાળાઓએ સંગ્રહખોરો પર દરોડા પાડ્યા હતા. કર્ણાટક ફૂડ ઍન્ડ સિવિલ સપ્લાઈ ડિપાર્ટમેટે કમર્શિયલ હેતુ માટે વપરાતા ૩૧૬ ઘરેલું સિલિન્ડર પકડ્યા હતા.

કોલર જિલ્લાની ગૅસ એજન્સી શોપ પર કેસ કરવામાં આવ્યો હતો જે ગૅસ સિલિન્ડર ગેરકાયદે રીતે ભરતી હતી. અનેક રેસ્ટોરાં અને આહારગૃહો હવે રસોઈ બનાવવા લાકડાં અને કોલસાનો ઉપયોગ કરે છે. ચેન્નઈ અને તમિળનાડુની હોટેલ અને રેસ્ટોરાં એ ઈન્ડકશન સ્ટવ વાપરવાનું શરૂ કર્યું છે.

ભોપાલમાં કોન્ફડરેશન ઑફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સે મધ્ય પ્રદેશ સરકારને હોસ્પિટાલિટી એને ફૂડ સર્વિસ સેક્ટર સદંતર બંધ ન થાય એ માટે એલપીજીનો મર્યાદિત પુરવઠો આપવાની વિનંતી કરી હતી.

કેરળમાં પરપ્રાંતી કામદારોએ રાજ્ય છોડીને વતન જવાનું શરૂ કર્યું છે. તમિળનાડુ સરકારે રેસ્ટોરાં, હોટેલ અને ચાની દુકાનોને વીજળીના યુનિટમાં બે રૂપિયાની સબ્સિડી આપવાની જાહેરાત કરી છે. રાજસ્થાનમાં અનેક ધાબા અને નાનાં આહારગૃહો કોલસાથી ચાલતી ભઠ્ઠી તરફ વળ્યા છે. (એજન્સી)

# એલપીજીના કાળા બજારઃ યુપીમાં ૧૪૮૩ સ્થળે દરોડા

લખનઊઃ ઉત્તર પ્રદેશમાં એલપીજીના કાળાબજારને રોકવા માટે કાર્યવાહી વધુ તીવ્ર બનાવવામાં આવી છે. જિલ્લા સ્તરીય અમલીકરણ ટીમોએ કાર્યવાહીના ભાગરૂપે ૧,૪૮૩ સ્થળોએ નિરીક્ષણ કર્યું અને દરોડા પાડ્યા હતા.

આ અભિયાન દરમિયાન એલપીજી વિતરકો સામે ચાર એફઆઇઆર નોંધવામાં આવી હતી. જ્યારે એલપીજી સિલિન્ડરના કાળાબજારમાં સંડોવાયેલા વ્યક્તિઓ સામે ૨૦ એફઆઇઆર નોંધવામાં આવ્યા હતા. તેમજ ઘટનાસ્થળેથી છ લોકોની ધરપકડ કરવામાં આવી હતી. જ્યારે ૧૯ વ્યક્તિઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

સરકારના જણાવ્યા અનુસાર રાજ્યમાં કાર્યરત ૪,૧૦૮ એલપીજી ગેસ વિતરકો દ્વારા ગ્રાહકોને તેમના બુકિંગ અનુસાર એલપીજી રિફિલની ડિલિવરી સુનિશ્ચિત કરવામાં આવી રહી છે. વિતરકો પાસે એલપીજી સિલિન્ડરનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે અને ઘરેલું એલપીજી રિફિલ સપ્લાઇ જરૂરિયાત મુજબ પૂરી પાડવામાં આવી રહી હોવાનો સરકારે દાવો કર્યો હતો.

કેન્દ્ર સરકારે કોર્મશિયલ સિલિન્ડરો માટે કુલ વપરાશના ૨૦ ટકા ફાળવવાની મંજૂરી આપી છે. જેથી હોટલ, રેસ્ટોરાં અને અન્ય વાણિજ્યિક સંસ્થાઓની ગેસ સપ્લાઇને અસર પડે નહીં. જિલ્લા પુરવઠા કચેરી અને સ્થાનિક વહીવટીતંત્રના અધિકારીઓને વિસ્તારની મુલાકાત લેવા અને રાજ્યના દરેક ભાગમાં પેટ્રોલ, ડીઝલ અને એલપીજીનો પુરવઠો સતત ચાલુ રહે અને સામાન્ય જનતાને કોઇપણ પ્રકારની અસુવિધાનો સામનો ન કરવો પડે તેની ખાતરી કરવા નિર્દેશ આપવામાં આવ્યો છે.

# પંજાબમાં એકલે હાથે જ ચૂંટણી લડવાના અમિત શાહે આપ્યા સંકેત

▶ ભગવંત માન સરકાર અરવિંદ કેજરીવાલ માટે 'એટીએમ' બની હોવાનું પણ કહ્યું

મોગાઃ કેન્દ્રીય પ્રધાન અમિત શાહે શનિવારે પંજાબના લોકોને ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપને સત્તામાં લાવવાની અપીલ કરી હતી. તેમણે કહ્યું કે જો કોઇ રાજ્યને નશા મુક્ત કરાવી શકે છે તો તે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને તેમની પાર્ટી છે. પંજાબમાં શિરોમણી અકાલી દળ સાથે જોડાણની શકયતાઓ પર પણ પૂર્ણવિરામ મૂકતા અમિત શાહ 'નાના ભાઇ'ની ભૂમિકા હવે નહીં ભજવે.

અમિત શાહે કહ્યું કે આજે પંજાબ કરજ, ડ્રગ્સ, ધર્મ પરિવર્તન, ભ્રષ્ટાચાર અને ગુંડાઓના આતંકને કારણે બરબાદ થઇ ગયું છે. અહીં એક ગામમાં રેલીને સંબોધતા શાહે કહ્યું કે પંજાબે કોંગ્રેસ, અકાલી દળ અને આમ આદમી પાર્ટીને ઘણી તકો આપી છે અને હવે તેણે ભાજપને પણ તક આપવી જોઇએ. અમે પંજાબમાં પરિવર્તન લાવીશું.

શાહે કહ્યું કે ભગવંત માન સરકાર ભ્રષ્ટાચારમાં તરબોળ છે અને પાર્ટી અધ્યક્ષ અરવિંદ કેજરીવાલ માટે 'એટીએમ' બની ગઇ છે. તેમણે કહ્યું કે ૨૦૨૭માં ચૂંટણી યોજાવાની છે અને એક રીતે ભાજપે મોગાથી ચૂંટણી પ્રચારની શરૂઆત કરી દીધી છે.

કેન્દ્રીય પ્રધાને તેમના પક્ષ માટે સમર્થન માંગતા કહ્યું કે હું પંજાબના લોકોને અપીલ કરવા આવ્યો છું. હવે ભાજપ પોતાની સરકાર બનાવવા માટે ચૂંટણી લડશે. શાહે કહ્યું કે હું પંજાબના લોકોના આશીર્વાદ લેવા આવ્યો છું. જેમાં માતાઓ, બહેનો અને વડીલોનો સમાવેશ થાય છે. અમને તમારા આશીર્વાદ આપો. જો કોઈ આ રાજ્યને નશાના દૂષણમાંથી મુક્ત કરી શકે એમ છે તો તે માત્ર નરેન્દ્ર મોદી અને ભાજપ જ છે. ■



# યુદ્ધનું ખરું વિજેતા છે રશિયા : ઑઇલ વેચી ૧૫ કરોડ ડૉલર કમાયું

નવી દિલ્હીઃ અત્યાર સુધી લાખો બેરલ રશિયન ક્રૂડ ઓઇલ સમુદ્રમાં સડી રહ્યું હતું, જેના ખરીદદારો ઓછા હતા. પરંતુ હોર્મુઝ સામુદ્રધુની બંધ થયા પછી મોસ્કોને દરરોજ અંદાજિત ૧૫ કરોડ યુએસ ડોલર વધારાની તેલની કમાણી થઇ હોવાનું અનુમાન છે.

આ યુદ્ધનો વિજેતા રશિયા છે જે યુદ્ધ લડી રહ્યો નથી. અમેરિકા અને ઈઝરાયલી હુમલાઓની જવાબી કાર્યવાહી તીવ્ર બનાવતા ઈરાન હોર્મુઝ સામુદ્રધુનીને અસરકારક રીતે બંધ કરી રહ્યું છે. રશિયા ક્રૂડ ઓઇલની વધતી માગ અને તેના આભને આંબતા ભાવોને કારણે ભારે નફો રળી રહ્યું છે.

મીડિયા અહેવાલ અનુસાર વિશ્વના ઊર્જા પુરવઠાના પાંચમા ભાગ માટે આ સાંકડો માર્ગ બંધ થયા પછી મોસ્કોને દરરોજ આશરે ૧૫ કરોડ યુએસ ડોલર વધારાની તેલની આવક થઇ હોવાનું અનુમાન છે. અત્યાર સુધી લાખો બેરલ રશિયન ક્રૂડ ઓઇલ સમુદ્રમાં સડી રહ્યું હતું, જેના ખરીદદારો ખૂબ ઓછા હતા. આ રશિયાને તેલની આવકથી વંચિત રાખવાના અમેરિકાના પ્રયાસોને કારણે થયું હતું. ગયા અઠવાડિયે ભારતીય રિફાઇનરોને રશિયન તેલ ખરીદવા માટે ૩૦ દિવસની છૂટ આપ્યા પછી જે તેલ પહેલાથી જ દરિયામાં ટેન્કરોમાં પડ્યું હતું, તેને હવે અમેરિકાએ અન્ય દેશોને પણ વેચવાની છૂટ આપી છે.

યુરોપિયન કાઉન્સિલના અધ્યક્ષ એન્ટોનિયો કોસ્ટાએ આ અઠવાડિયાની શરૂઆતમાં બ્રસેલ્સમાં યુરોપિયન સંઘના રાજદૂતોની પરિષદમાં કહ્યું હતું કે અત્યાર સુધી આ યુદ્ધમાં માત્ર એક જ વિજેતા છે-રશિયા. તે આંતરરાષ્ટ્રીય કાયદાનું ઉલ્લંઘન કરીને યુક્રેનની સ્થિતિને સતત નબળી પાડી રહ્યું છે. જેમ જેમ ઊર્જાના ભાવ વધી રહ્યા છે તેમ તેમ તે યુક્રેન સામેના યુદ્ધ માટે નવા સંસાધનો મેળવી રહ્યું છે.

# જો યુદ્ધ લાંબું ચાલ્યું તો મોંઘવારી બેકાબૂ બનશે

તહેરાનઃ ઈઝરાયલ-અમેરિકાએ ઈરાન પર હુમલો કરતા સમગ્ર મિડલ-ઈસ્ટમાં સ્થિતિ તણાવગ્રસ્ત છે. ૨૮ ફેબ્રુઆરીથી શરૂ થયેલા યુદ્ધના અઠવાડિયા પછી પણ માહોલ ભારેલા અગ્નિ જેવો છે. યુદ્ધના માહોલમાં ચોથી માર્ચે એક નવો વળાંક આવ્યો હતો, અમેરિકી સબમરીને હિન્દ મહાસાગરમાં ઈરાનના યુદ્ધ જહાજ પર ટોર્પિડોથી હુમલો કરી ખાતમો કરી દીધો. આ ઘટના બાદ સંઘર્ષની આગ દક્ષિણ એશિયા સુધી પહોંચી. આ ઘટનાનું પરિણામ એ આવ્યું કે, અખાતી દેશમાં સ્થિતિ નાજુક બની તથા ક્રૂડ ઓઈલની ક્રાઈસિસનું જોખમ તોળાતું રહ્યું.

યુદ્ધના કારણે ભારતની કોઈ સીધી અસર તો પહોંચી નથી, પરંતુ સુરક્ષા વ્યવસ્થા વધારી દેવામાં આવી છે. યુદ્ધના કારણે સામસામે હુમલા થતા રહ્યા તેમ જ ઈરાનના પાડોશી રાષ્ટ્રને પણ મોટું નુકસાન થયું. ઈરાને ચોખવટ કરી કે અમરિકાના સૈન્ય ઠેકાણા અખાતી દેશમાં પણ છે, જેને અમે ટાર્ગેટ કર્યા હતા. આનું પરિણામ એ આવ્યું કે, તેલ રિફાઈનરી, ગેસ ઉત્પાદન તથા સમુદ્રમાં આવ-જા કરતા જહાજ હોર્મુઝ ક્રીક નજીક અટવાયા, કેટલાક ટેન્કરનો ખાતમો બોલી ગયો તો ગેસ ઉત્પાદનમાં પણ બ્રેક લાગી ગઈ. આ ઘટનાની બીજી અસર એ થઈ કે, સમગ્ર યુરોપથી લઈને ભારત સુધી ઊર્જા સંકટ ઊભું થયું.

કતાર અને સઉદી અરેબિયા જેવા દેશે એવો દાવો કર્યો કે, યુદ્ધના કારણે ક્રૂડ તથા નેચરલ ગેસના ભંડારની સપ્લાય ખોરવાઈ છે. વ્યવસ્થા તૂટી રહી છે. ક્રૂડના સ્ટોક અને કેટલાક ગોદામ પર હુમલો થવાને કારણે માગને પહોંચવું શક્ય નથી. આ માહોલમાં ભારતને પણ ફોર્સ મેચ્યોર નોટિસ મળી, જે અંતર્ગત ભારત પાસેથી ગેસ ખરીદવાની સમજૂતીને અસ્થાયી રૂપે રોકવાની વાત કરવામાં આવી.

ભારત પોતાની જરૂરિયાતના ૫૦ ટકા ક્રૂડ ઓઈલ આયાત કરે છે, જે ઈરાનના રસ્તેથી ભારત આવે છે. હોર્મુઝ રૂટ બંધ થવાને કારણે ભારતને નિયમિતપણ મળતો સ્ટોક બંધ થયો. ૫૦ ટકા સ્ટોક અટવાતા ભારતીય તેલ કંપનીઓએ ચોખવટ કરવી પડે એવી નોબત આવી. પરિવહન, ઉડ્ડયન, ઓટો અને સિરામિક ઉદ્યોગમાં જરૂરી સામાન તથા ગેસનો સ્ટોક અટક્યો.

સિમેન્ટ ઉત્પાદન માટે કાચોમાલ, ચુનાના પથ્થર, જીપ્સમ જેવી વસ્તુઓના નિર્માણ માટે કાચો માલ પશ્ચિમ એશિયામાંથી આવે છે. કેટલીક કાચી સામગ્રી જેને સીધી જ ઉપયોગમાં લઈ શકાય એ તમામ તથા કેટલીક ધાતુઓની નિયમિતતા ઘટી ગઈ. આ માહોલ લાંબા સમય સુધી યથાવત રહ્યો તો સિમેન્ટની કિંમતમાં વધારો થશે.

# રશિયન ઓઇલ ખરીદવા માટે હવે ભારત સહિતના દેશોને અમેરિકાની આજીજીઃ ઈરાન

દુબઈઃ રશિયા પાસેથી તેલની આયાત બંધ કરવાની ભારતને ધમકી આપનાર અમેરિકાને હવે ઈરાન સાથેના યુદ્ધના બે અઠવાડિયા પછી ભારતને મોસ્કો પાસેથી કાચું તેલ ખરીદવા માટે આજીજી કરવી પડી રહી છે. ઈરાનના વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચીએ ટ્રમ્પ સરકારની ટીખળ કરતાં આ ટિપ્પણી કરી હતી.

અરાઘચીએ એક્સ પર જણાવ્યું કે અમેરિકાએ રશિયા પાસેથી તેલની આયાત બંધ કરવા માટે ભારત પર મહિનાઓ સુધી દબાણ કર્યું હતું. હવે ઈરાન સાથેના યુદ્ધના બે અઠવાડિયા પછી ભારત સહિત સમગ્ર વિશ્વને રશિયન ક્રૂડ ઓઇલ ખરીદવા માટે અમેરિકા આજીજી કરી રહ્યું છે.

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષ અંગે યુરોપના વલણની ટીકા કરતાં પ્રધાને ઈરાન સામેના યુદ્ધને ગેરકાયદેસર ગણાવ્યું હતું. તેમજ કહ્યું કે યુરોપને એમ હતું કે ઈરાન સામેના આ ગેરકાયદે યુદ્ધને સમર્થન આપવાથી તેને રશિયા વિરુદ્ધ અમેરિકા પાસેથી સમર્થન મળી જશે. તેમણે રશિયન ક્રૂડ ઓઇલ ખરીદવા અંગે ટ્રમ્પ વહીવટીતંત્રના હાલના વલણને દયનીય ગણાવ્યું હતું. તેમની આ ટિપ્પણી અમેરિકાએ પાંચમી માર્ચે ભારતને રશિયા પાસેથી તેલ ખરીદવા માટે ૩૦ દિવસની છૂટ આપ્યા બાદ આવી છે. અગાઉ અમેરિકાએ યુક્રેન યુદ્ધના સંદર્ભમાં રશિયા પર કડક પ્રતિબંધો લાદ્યા હતા. અત્રે નોંધનીય છે કે અમેરિકા અને ઇઝરાયલ ૨૮ ફેબ્રુઆરીથી સંયુક્ત રીતે ઈરાન પર હુમલા કરી રહ્યા છે. જો કે ઈરાનની જવાબી કાર્યવાહીથી હવે આ યુદ્ધ સમગ્ર ખાડી ક્ષેત્રમાં ફેલાઇ ગયું છે.

# અમેરિકા ટૅરિફની ૧.૬ ટ્રિલ્યન ડૉલરની આવક ગુમાવશે

## ડ્યૂટીની આવક વધારવા ટ્રમ્પ વહીવટીતંત્રની મથામણ

વૉશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે વિવિધ દેશમાંથી આયાત થતાં માલસામાન પર લાદેલી ટૅરિફ અમેરિકાની સર્વોચ્ચ અદાલતે રદ કરતા અમેરિકા ૧.૬ ટ્રિલ્યન ડૉલરની આવક ગુમાવશે, પરંતુ હવે ટ્રમ્પનું વહીવટીતંત્ર આવકમાંની આ ખાધ ઓછી કરવા વિવિધ રસ્તા શોધી રહી છે.

ટ્રમ્પનું વહીવટીતંત્ર નવી ડ્યૂટી લાદવા વિવિધ કાનૂની જોગવાઇ તપાસી રહ્યું છે, પરંતુ તે ઘણી જટિલ પ્રક્રિયા છે અને તેમાં ઘણાં મહિના લાગી જાય એમ છે.

યુએસ ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ જૅમિસન ગ્રેરે જણાવ્યું હતું કે ટ્રમ્પ વહીવટીતંત્ર યુરોપિયન યુનિયન સહિતના ૧૬ દેશની સરકારો અમેરિકાના ઉત્પાદકોને નુકસાન થાય એવી રીતે પોતાને ત્યાંની ફેક્ટરીઓને વધુ સબસિડી આપીને વધારે ઉત્પાદન કરાવી રહી છે કે નહિ, તેની તપાસ કરાવી રહ્યું છે.

આ ઉપરાંત, અમેરિકા અસંખ્ય દેશોમાં 'ફૉર્સ્ડ લૅબર' (બળજબરીથી કરાવાતા કામ)થી માલસામાનના થતાં ઉત્પાદનની તપાસ પણ કરાવી રહ્યું છે. આ તપાસમાં યુરોપિયન યુનિયન, ચીન, મેક્સિકો, કૅનેડા, ઑસ્ટ્રેલિયા અને બ્રાઝિલ જેવા દેશોને પણ આવરી લેવાયા છે.

ઉપર જણાવેલી બન્ને તપાસમાં અમેરિકાના ૧૯૭૪ના ટ્રેડ ઍક્ટની કલમ ૩૦૧ હેઠળ કરાવાઇ રહી છે, પરંતુ તેમાં સંબંધિત દેશના વહીવટીતંત્ર સાથે સલાહમસલત, જાહેર સુનાવણી કરવી અને અમેરિકાના વેપાર-ઉદ્યોગના પ્રતિનિધિઓનો તે અંગેનો પ્રતિભાવ મેળવવા જરૂરી છે. ફેક્ટરીઓની સબસિડી અને તેઓની ક્ષમતા કરતાં વધારે ઉત્પાદનને લગતા મુદ્દે પાંચમી મેએ સુનાવણી થશે, જ્યારે 'ફૉર્સ્ડ લૅબર'ને લગતી તપાસના કિસ્સામાં ૨૮ એપ્રિલે સુનાવણી થશે.

ટ્રમ્પે લાદેલી ટૅરિફ અમેરિકાની સર્વોચ્ચ અદાલતે રદ કરી, તેના થોડા સમયમાં જ ટ્રમ્પે બધી આયાત પર ૧૦ ટકા ટૅરિફ લાદી હતી, પરંતુ તે માત્ર ૧૫૦ દિવસ જ ચાલશે. દરમિયાન, ટ્રમ્પે આ ટૅરિફ વધારીને ૧૫ ટકા કરવાની ચીમકી પણ આપી હતી. (એજન્સી)

# કામ કરવા અક્ષમ હો તો રાજીનામું આપોઃ સંભલના એસપીને હાઈ કૉર્ટે ખખડાવ્યા

પ્રયાગરાજઃ સંભલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાને લીધે મસ્જિદમાં નમાઝ કરી રહેલા લોકોની સંખ્યા સીમિત કરવાના આદેશને અલાહાબાદ હાઇ કોર્ટે રદ કર્યો હતો. વડી અદાલતે કહ્યું હતું કે જો કાયદાનું શાસન સ્થાપિત કરવામાં સુપરિન્ટેન્ડન્ટ ઑફ પોલીસ અને કલેક્ટર કાર્યક્ષમ ન હોય તો તેઓ રાજીનામું આપે.

જસ્ટિસ અતુલ શ્રીધરન અને જસ્ટિસ સિદ્ધાર્થ નંદને નિરીક્ષણ કર્યું હતું કે એ સરકારની ફરજ છે કે દરેક કોમ તેની ભક્તિ નિર્ધારિત ધર્મસ્થળમાં શાંતિમય રીતે કરી શકે અને જો એ ધર્મસ્થળ ખાનગી સંપત્તિ હોય તો અદાલતે આ અગાઉ જ ચુકાદો આપ્યો છે કે સરકારની પરવાનગી વિના પણ ભક્તિ કરી શકે છે.

અદાલતમાં સંભલના રહેવાસી મુનાઝીર ખાને પિટિશન નોંધાવી હતી. આમાં આક્ષેપ કર્યો હતો કે મને રમઝાન દરમિયાન ગાટા નંબર ૨૯૧માં નમાઝ પઢતા અટકાવવામાં આવ્યો હતો. અને અરજદારે કહ્યું હતું કે ત્યાં મસ્જિદ અગાઉથી જ અસ્તિત્વમાં છે.

હાઈ કોર્ટે તેના ૨૭ ફેબ્રુઆરીના હુકમમાં કહ્યું હતું કે આ અગાઉ જ સ્પષ્ટ કરાયું છે કે જો સરકારી જમીન કે સરકારી જમીન પર અતિક્રમણ થયું હોય ત્યારે પ્રાર્થના કરતી વખતે સરકારની સંડોવણી જરૂરી છે અને પરવાનગી માગવી આવશ્યક છે. રાજ્ય સરકારે ગાટા નંબર ૨૯૧ની માલિકીને વિવાદાસ્પદ ગણાવી હતી. મહેસૂલ ખાતાના રેકર્ડમાં આ ગાટા સુખી સિંહના પુત્રો મોહન સિંહ અને ભૂરજ સિંહના નામે છે. સરકારી વકીલે કહ્યું હતું કે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને લીધે લોકોની સંખ્યા સીમિત રાખવાનો હુકમ બહાર પડાયો હતો. (એજન્સી)

CELEBRATING 90 GLORIOUS YEARS 1936 to 2026

THE KANDIVALI EDUCATION SOCIETY KES વિદ્યા વિનયેન શોભતે

# ૯૦ વરસનો ગૌરવપૂર્ણ ઈતિહાસ ધરાવનાર

# કાંદિવલી એજ્યુકેશન સોસાયટી (KES)

## યાદ અને સાદ કરે છે પોતાના લાખો વિદ્યાર્થીઓને

જ્યાં શિક્ષણ, મૂલ્યો, ચરિત્ર અને કારકિર્દીનું ઘડતર થયું એ માતૃસંસ્થા અને તેના વિદ્યાર્થીઓ વચ્ચે સંબંધ સેતુ ભાવિ વિદ્યાર્થીઓ માટે આશીર્વાદ બની શકે

........................................

વિદ્યાર્થી તેની શાળા-કૉલેજમાંથી ભણીને બહાર નીકળે છે, પરંતુ વિદ્યાર્થીમાંથી કદી પણ તેની શાળા-કૉલેજ બહાર નીકળતી નથી.

### કેઈએસના સંચાલન હેઠળની વિવિધ સ્કૂલ્સ અને કૉલેજીસ

- સરદાર વલ્લભભાઈ પટેલ વિવિધલક્ષી વિદ્યાલય - ગુજરાતી પ્રાઈમરી, અંગ્રેજી અને ગુજરાતી સેકન્ડરી સ્કૂલ, ટેક્નિકલ સેક્શન
- શ્રીમતી જયશ્રીબેન વિનુભાઈ વસાણી રેઈનબો કીડસ અંગ્રેજી તથા ગુજરાતી પ્રી-સ્કૂલ
- શ્રીમતી રમિલાબેન મંગુભાઈ દત્તાણી-અંગ્રેજી-પ્રાઈમરી સ્કૂલ
- શ્રી તિકમદાસ પુરુષોત્તમ (ટી.પી.) ભાટિયા કૉલેજ ઑફ સાયન્સ (બાઈફોકલ)
- બી. કે. શ્રોફ કૉલેજ ઑફ આર્ટ્સ
- એમ. એચ. શ્રોફ કૉલેજ ઑફ કોમર્સ
- કેઈએસ શ્રી વિઠ્ઠલદાસ સંઘવી જૂનિયર કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ કોમર્સ
- શ્રી જયંતિલાલ એચ. પટેલ લૉ કૉલેજ (સાયબર ક્રાઈમ અંગે અભ્યાસક્રમ સહિત)
- કેઈએસ ઈન્ટરનેશનલ સ્કૂલ




કોઈપણ સંસ્થા જેમ જેમ વિકાસ પામતી જાય તેમ તેમ તે એની પાછળ એક ઇતિહાસ કંડારતી જતી હોય છે. અને એમાં પણ જો એ એક શૈક્ષણિક સંસ્થા હોય કે જે પોતાની સ્થાપનાના ૯૦ વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ કરી ચૂકી હોય તો તેનો ઇતિહાસ કેટલો જ્વલંત હોય એની કલ્પના કરવી પણ રોમાંચક હોઈ શકે છે. ૧૯૩૬માં કાંદિવલી પશ્ચિમમાં ૧૩ વિદ્યાર્થી સાથે સ્થપાયેલી 'શ્રી કાંદિવલી વિદ્યાલય' (વર્તમાનમાં કાંદિવલી એજ્યુકેશન સોસાયટી-કેઈએસ-KES) હાલ ૯૦ વર્ષ પાર કરીને ૨૨,૦૦૦ વિદ્યાર્થીઓ માટેનું એક શૈક્ષણિક ધામ બની ચૂકી છે. 'કાંદિવલી એજ્યુકેશન સોસાયટી'ના વિશાળ છત્ર હેઠળ આજે અહીં બાળમંદિરથી લઈને કોમર્સ, આર્ટસ ગ્રેજ્યુએશન, પોસ્ટ ગ્રેજ્યુએશન, કાયદાકીય અને વિજ્ઞાન શિક્ષણ, સાંસ્કૃતિક શિક્ષણ ઉપરાંત આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઈ) સહિતના અનેકવિધ અત્યાધુનિક અભ્યાસક્રમો ઉત્તમ કક્ષાની સુવિધાઓ સાથે ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

### ■ સદી પૂરી કરવાની દિશામાં પ્રયાણ

જે શૈક્ષણિક સંસ્થા ૯૦ વર્ષથી સફળતાપૂર્વક કાર્યરત હોય અને વર્ષાનુવર્ષ સતત વૃદ્ધિ પામતી રહી હોય તો સ્વાભાવિક જ છે કે એ સંસ્થામાંથી ભણીને નીકળેલા વિદ્યાર્થીઓની સંખ્યા પણ કેવી વિશાળ હોય તે સમજી શકાય છે. પોતાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને કારણે જ કોઈપણ શાળા-કૉલેજનો ઇતિહાસ ઉજ્જવળ બનતો હોય છે, જે શૈક્ષણિક સંસ્થા પોતાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ સાથેના સંબંધોને સક્રિયપણે પોષે છે તે સંસ્થા લાંબા ગાળે ખીલે છે. આજે જ્યારે 'કાંદિવલી એજ્યુકેશન સોસાયટી' ૧૦૦ વર્ષ તરફ આગળ વધી રહી છે ત્યારે તે પોતાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને સંસ્થા સાથે જોડાવાનું હૃદયપૂર્વક આમંત્રણ આપે છે. અહીંથી લાંબો સમય શિક્ષણ લઈ નીકળેલા વિદ્યાર્થીઓની સંખ્યા સવા બે લાખ જેટલી છે.

### ■ વિદ્યાર્થી અને તેની માતૃસંસ્થા વચ્ચેનું સંવેદનશીલ જોડાણ

વિદ્યાર્થી અને તેની માતૃસંસ્થા વચ્ચે હંમેશાં એક સંવેદનશીલ ભાવનાત્મક જોડાણ હોય જ છે. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ એટલે કે 'એલ્યુમનાઇ' અને તેમની શૈક્ષણિક સંસ્થા વચ્ચેનું જોડાણ વ્યક્તિના જીવનમાં સૌથી વધુ યાદગાર સંબંધોમાંનો એક છે. પોતે જ્યાં શિક્ષણ લીધું હોય એવી સંસ્થા સાથે તેઓ કૃતજ્ઞતા, ગૌરવની ભાવનાથી જોડાયેલા હોય છે અને તે ભાવના સંસ્થાના ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્ય વચ્ચેના સેતુ તરીકે કામ કરે છે. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ સંસ્થાની પ્રતિષ્ઠા સાથે પોતાને સાંકળીને જુએ છે અને તે બાબતે ગૌરવ અનુભવે છે. આ પારસ્પરિક સંબંધ બંનેને આનંદ આપે છે.

### ■ 'એલ્યુમનાઈ'ની પોતાની માતૃસંસ્થામાં શું ભૂમિકા હોય છે?

ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ સંસ્થા માટે વહીવટી માર્ગદર્શન અને વર્તમાન તેમ જ ભાવિ પેઢી સમાન વિદ્યાર્થીઓને કારકિર્દી માર્ગદર્શન પ્રદાન કરે છે. તેમના દ્વારા આયોજિત ગેસ્ટ લેક્ચર્સ, ઈન્ટર્નશિપ્સ અને નેટવર્કિંગ ઈવેન્ટ્સ, પ્લેસમેન્ટ્સ જેવા પ્રોગ્રામ્સ સંસ્થાકીય અભ્યાસક્રમ અને પ્રવર્તમાન ઈન્ડસ્ટ્રી વચ્ચેના અંતરને દૂર કરે છે. તેઓ ઘણીવાર સંસ્થાના સલાહકાર બોર્ડમાં રહીને સંસ્થાની પ્રવૃત્તિઓ બાબતે સલાહ-સૂચનો આપે છે. વાસ્તવિક-વિશ્વની એમ્પ્લોઇની માગ અનુસાર તેઓ અભ્યાસક્રમમાં ફેરફારો પણ સૂચવે છે. ઘણા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ સંસ્થાના બોર્ડ, સલાહકાર પરિષદ અથવા સમિતિઓમાં સેવા આપે છે, જે અભ્યાસક્રમ, સંસ્થાની નીતિઓ અને સંસ્થાને સુસંગત રાખવા માટે લાંબા ગાળાના વિઝનને પ્રભાવિત કરે છે.

ઉચ્ચ સફળતા પ્રાપ્ત ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ સંસ્થાકીય પ્રતિષ્ઠામાં પણ વધારો કરે છે. સંસ્થાના ભૂતપૂર્વ સ્નાતકોની નોંધપાત્ર સફળતાની બાબતો વર્તમાન વિદ્યાર્થીઓ ઉપરાંત સંસ્થાના સંભવિત વિદ્યાર્થીઓ અને શિક્ષકોને પણ આકર્ષે છે.



### ■ એલ્યુમનાઈ પોર્ટલના શ્રીગણેશ

સંસ્થા અને વિદ્યાર્થીઓ વચ્ચેના આવા જ સ્નેહને વધુ મજબૂત બનાવવાની ભાવનાથી પ્રેરાઇને 'કાંદિવલી એજ્યુકેશન સોસાયટી' પણ પોતાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના ડેટા વ્યવસ્થિત રીતે એકત્રિત કરવાના હેતુથી તેના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ માટે એક 'એલ્યુમનાઈ પોર્ટલ' શરૂ કરી રહી છે.

રજિસ્ટ્રેશન માટે ક્યુઆર કોડ અહીં આપવામાં આવ્યો છે જેના માધ્યમથી વિદ્યાર્થીઓ પોતાનું રજિસ્ટ્રેશન કરાવી શકે છે.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# પશ્ચિમ એશિયાની અશાંતિ વચ્ચે કચ્છના કંડલા બંદર પર ૭૨ કલાકમાં બાવીસ જહાજ લાંગરશે

## યુદ્ધના સંકટ વચ્ચે પણ ૧૫૦ એમએમટી કાર્ગો હેન્ડલિંગનો વિક્રમ સર્જતું કંડલા પોર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: પશ્ચિમ એશિયાના ખાડી દેશોમાં ચાલી રહેલા યુદ્ધના કારણે દરિયાઈ માર્ગો પર મોટી અસર પડી છે, જેની સીધી અસર હવે ગુજરાતનાં બંદરો પર જોવા મળી રહી છે. કચ્છ સ્થિત ભારતનું અગ્રણી દીનદયાળ પોર્ટ (કંડલા) આગામી ત્રણ દિવસમાં ૨૨ જેટલાં વિશાળ જહાજોનું સ્વાગત કરવા માટે સજ્જ થયું છે. આ જહાજોમાં ખાસ કરીને ખાડી દેશો તરફ જનારા વિદેશી ધ્વજ ધરાવતાં જહાજોનો સમાવેશ થાય છે, જે યુદ્ધગ્રસ્ત વિસ્તારોમાં જઈ શકે તેમ ન હોવાથી હવે કંડલા તરફ વળ્યા છે.

પશ્ચિમ એશિયા તરફ જતા જહાજો કંડલાને 'ટ્રાન્સશિપમેન્ટ પોર્ટ' તરીકે ઉપયોગમાં લઈ રહ્યા છે. માલવાહક જહાજો તેમનો સામાન અહીં ઉતારી રહ્યા છે જેથી આગળનો પ્રવાસ સુરક્ષિત રીતે આયોજિત કરી શકાય.

આ અંગે કંડલા બંદરના જનસંપર્ક અધિકારી ઓમ પ્રકાશ દાદલાણીના જણાવ્યા અનુસાર, આ પરિસ્થિતિને ''ચેન્જ ઓફ વોયેજ'' (મુસાફરીમાં ફેરફાર) તરીકે જોવામાં આવે છે, જેમાં જહાજ તેના નિર્ધારિત માર્ગ કે ગંતવ્ય સ્થાનમાં ફેરફાર કરીને સુરક્ષિત બંદરે રોકાણ કરે છે.આગામી ૭૨ કલાકમાં ૨૨ જેટલાં જહાજોને હેન્ડલ કરવા માટે કંડલા બંદરનું પ્રશાસન સંપૂર્ણ રીતે તૈયાર છે બદલાયેલા માર્ગો ધરાવતાં જહાજોને સમાવવા માટે સિસ્ટમ કાર્યક્ષમ રીતે કામ કરી રહી છે.

તેઓએ વધુમાં જણાવ્યું હતું કે,કંડલા પોર્ટ પાસે ઉપલબ્ધ વિશાળ જમીન અને તેની ભૌગોલિક સ્થિતિ ટ્રાન્સશિપમેન્ટ માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે. વધારાના કાર્ગોને રાખવા માટે પોર્ટ પર પૂરતી જગ્યા ઊભી કરવામાં આવી રહી છે. દરમ્યાન, શિપિંગ મંત્રાલયના સ્પેશિયલ સેક્રેટરી રાજેશ સિંહાએ સ્પષ્ટ કર્યું છે કે ભારતભરનાં બંદરો પર કામગીરી સ્થિર છે. અગાઉ શિપિંગ સચિવે તમામ સરકારી બંદરોને એજન્ટો અને નિકાસકારોની સમસ્યાઓ ઉકેલવા માટે સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિઝર અનુસરવા આદેશ આપ્યો હતો. ગુજરાતના કચ્છનું કંડલા મહાબંદર આ તમામ સૂચનાઓનું પાલન કરીને વૈશ્વિક શિપિંગ લાઈનોને આ કટોકટી કાળમાં પણ શ્રેષ્ઠ સેવા આપવા કટિબદ્ધ હોવાનું રાજેશ સિંહાએ ઉમેર્યું હતું

પ્રતિકૂળ પરિસ્થિતિઓ વચ્ચે પણ કંડલા બંદરે ગત વર્ષની સરખામણીએ ૧૮ દિવસ વહેલા ૧૫૦ મિલિયન મેટ્રિક ટન કાર્ગો હેન્ડલિંગનો આંકડો વટાવીને દેશના તમામ મહાબંદરોમાં પ્રથમ ક્રમાંક જાળવી રાખ્યો છે.

ડીપીએના ચેરમેન સુશિલકુમાર સિંહે આ સિદ્ધિ અંગે ગૌરવ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, આ સફળતા પોર્ટની ઓપરેશનલ શ્રેષ્ઠતા અને સીમલેસ લોજિસ્ટિક્સ મેનેજમેન્ટનું પરિણામ છે. તેમણે આ શ્રેય પોર્ટ વપરાશકર્તાઓ, શિપિંગ એજન્ટો, કસ્ટમ અધિકારીઓ અને ખાસ કરીને સમર્પિત શ્રમિકોના સામૂહિક પ્રયાસોને આપ્યો હતો.

બદલાતી ભૂ-રાજકીય સ્થિતિમાં પણ પોર્ટ પોતાની સ્થિતિસ્થાપકતા જાળવી રાખવામાં સફળ રહ્યું છે. બંદર પ્રશાસન આગામી લક્ષ્યાંકો પૂર્ણ કરવા માટે સજ્જ છે. આગામી ૭૨ કલાકમાં ૩૫થી વધુ જહાજોનું સંચાલન કરવાની તૈયારી સાથે પોર્ટ વહીવટીતંત્ર કાર્યરત છે. આ સીમાચિહ્ન માત્ર આંકડાકીય સિદ્ધિ નથી, પરંતુ 'વિકસિત ભારત-૨૦૪૭'ના વિઝનને સાકાર કરવાની દિશામાં એક મજબૂત ડગલું છે. ભારતની વધતી જતી દરિયાઈ શક્તિના પ્રતીક સમાન આ બંદર રાષ્ટ્રના આર્થિક વિકાસમાં મહત્ત્વનું પ્રદાન આપી રહ્યું છે. કંડલા પોર્ટ લિક્વિડ ટેન્ક ટર્મિનલ એસોસીએશનના ઉપપ્રમુખ દિનેશ ગુપ્તાએ ચેરમેન અને તેમની ટીમને આ ભવ્ય સફળતા બદલ અભિનંદન પાઠવ્યા હતા. તેમણે ઉમેર્યું હતું કે, નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં દેશનાં તમામ મુખ્ય બંદરોમાં કંડલા બંદર શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર તરીકે ઊભરી આવ્યું છે, જે સમગ્ર કચ્છ અને દેશ માટે ગૌરવની વાત છે તેમ ઉમેર્યું હતું.

# દક્ષિણ ગુજરાતમાં દુબઈ અને ગુઆંગઝૂ જેવું વૈશ્વિક ટ્રેડિંગ હબ બનાવવા ₹ ૧,૧૮૫ કરોડ મંજૂર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે દક્ષિણ ગુજરાતમાં આવેલા માર્ગોને પહોળા કરવા અને સુધારવા માટે રૂ. ૧,૧૮૫ કરોડનાં કામોને મંજૂરી આપી છે. આનો ઉદ્દેશ સુરત ઇકોનોમિક રિજિયન (એસઈઆર) ને દુબઈ અને ચીનના ગુઆંગઝૂ જેવા વૈશ્વિક ટ્રેડિંગ હબની તર્જ પર વિકસાવવાનો છે અને સુરતને વૈશ્વિક સપ્લાય ચેનમાં જોડવાનો છે.

સુરતનું વ્યૂહાત્મક ભૌગોલિક સ્થાન, મજબૂત પરિવહન જોડાણ અને વિકસિત ઔદ્યોગિક માળખું તેને નવા ક્ષેત્રોમાં વિસ્તરણ માટે અનુકૂળ બનાવે છે. પ્રદેશને એક્સપ્રેસવે, રેલવે જોડાણ, સમુદ્રી બંદરો, આંતરરાષ્ટ્રીય એરપોર્ટ તથા વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઇટ કોરિડોર જેવા મજબૂત લોજિસ્ટિક્સ નેટવર્કનો લાભ મળે છે. રાજ્ય સરકારે ભવિષ્યના વિકાસ માટે ટકાઉ કૃષિ, રિયલ એસ્ટેટ, પ્રવાસન, માહિતી ટેક્નોલોજી અને લોજિસ્ટિક્સ જેવા મહત્ત્વપૂર્ણ ક્ષેત્રોની ઓળખ પણ કરી છે, જેથી આ પ્રદેશને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક આર્થિક કેન્દ્ર તરીકે વિકસાવી શકાય.

સુરત આર્થિક પ્રદેશના વિકાસ માટેનો બ્લુપ્રિન્ટ તૈયાર થયા પછી હવે રાજ્ય સરકારનું લક્ષ્ય ઉત્પાદન કેન્દ્રો અને આંતરરાષ્ટ્રીય બજારો વચ્ચેનું અંતર ઘટાડીને વૈશ્વિક ટ્રેડિંગ હબ ઊભું કરવાનું છે, જે વૈશ્વિક સપ્લાય ચેઇન માટે મહત્ત્વપૂર્ણ પ્રવેશદ્વાર બની શકે.હાલમાં દક્ષિણ ગુજરાતનું પ્રતિ વ્યક્તિ જીડીપી અંદાજે ૪,૬૦૦ ડોલર છે, જેને ૨૦૪૭ સુધી વધારીને ૪૫,૦૦૦ ડોલરથી વધુ કરવાનો મહત્ત્વાકાંક્ષી લક્ષ્ય નક્કી કરવામાં આવ્યો છે.

મુખ્ય પ્રધાને મંજૂર કરેલા આ પ્રોજેક્ટોમાં સુરત, તાપી, વલસાડ, નવસારી અને ડાંગ જિલ્લાઓમાં કુલ ૩૮૩ કિમીને આવરી લેતા ૨૪ કામોનો સમાવેશ થાય છે. આ પગલું લોજિસ્ટિક્સ કનેક્ટિવિટી સુધારવા અને દક્ષિણ ગુજરાતને વૈશ્વિક સપ્લાય ચેઇનમાં મહત્વપૂર્ણ કેન્દ્ર તરીકે સ્થાપિત કરવાનો છે.

ભારત સરકાર દ્વારા સુરત ઇકોનોમિક રિજિયન (એસઈઆર)ને વિશ્વનાં નકશા પર મૂકવા માટે એક આર્થિક માસ્ટર પ્લાન તૈયાર કરવામાં આવ્યો હતો અને બરોબર ૧૭ મહિના પહેલા આ માસ્ટર પ્લાનનો મુખ્ય મંત્રીના હસ્તે સુરતમાં લોન્ચ કરવામાં આવ્યો હતો. આ માસ્ટર પ્લાનનો હેતુ વર્ષ-૨૦૪૭ સુધી સુરત શહેર અને સમગ્ર દક્ષિણ ગુજરાતને દેશના મહત્ત્વપૂર્ણ આર્થિક વૃદ્ધિ કેન્દ્ર તરીકે વિકસાવવાનો છે.

જેમાં જિલ્લાવાર ફાળવણીમાં સુરતને રૂ. ૬૩૧ કરોડ ફાળવવામાં આવ્યા છે, કારણ કે દક્ષિણ ગુજરાતનાં વિકાસમાં સુરતની મુખ્ય ભૂમિકા રહી છે. વલસાડ જિલ્લાને રૂ. ૨૬૪ કરોડની મંજૂરી આપી છે જ્યારે બાકીની રકમ નવસારી, તાપી અને ડાંગ જિલ્લાઓમાં કામો માટે ફાળવવવામાં આવી છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ રોકાણો દક્ષિણ ગુજરાતમાં ઔદ્યોગિક ક્લસ્ટરો, બંદરો અને લોજિસ્ટિક્સ હબ વચ્ચેનું જોડાણ મજબૂત કરવા માટે છે. વિશ્વમાં દરિયાકાંઠાના વિસ્તારો અને સારી રીતે જોડાયેલા આંતરિક પ્રદેશો અદ્યતન ટ્રેડિંગ સેન્ટર તરીકે ઉભરી રહ્યા હોવાથી રાજ્ય સરકાર મોટા પાયે ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.

મજબૂત ઔદ્યોગિક આધાર અને વ્યૂહાત્મક સ્થાનને કારણે સુરતને દેશમાં આર્થિક માસ્ટર પ્લાન તૈયાર કરવા માટે પસંદ કરાયેલા ચાર પાઇલોટ શહેર પ્રદેશોમાં સ્થાન મળ્યું છે. નીતિ આયોગનાં અહેવાલ મુજબ, સુરતમાં અનેક એવા ઉદ્યોગો કાર્યરત છે જે અર્થતંત્રમાં મહત્ત્વપૂર્ણ ફાળો આપે છે. સુરત વિશ્વભરમાં કાપડ ઉત્પાદન અને હીરા પોલિશિંગ ઉદ્યોગ માટે ઓળખાય છે. ઉપરાંત અહીં કેમિકલ ઉદ્યોગો, લઘુ અને મધ્યમ કદનાં ક્લસ્ટરો અને લોજિસ્ટિક્સ સેવાઓ પણ મજબૂત છે.

ભરૂચ જિલ્લામાં કેમિકલ, ફાર્માસ્યુટિકલ અને પેટ્રોકેમિકલ ઉદ્યોગોનો મજબૂત આધાર છે, જ્યારે નવસારી કૃષિ, ફૂડ પ્રોસેસિંગ અને નાના પાયાના ઉત્પાદન માટે જાણીતું છે.તાપી જિલ્લામાં એગ્રો-પ્રોસેસિંગ ઉદ્યોગો, કાગળ ઉત્પાદન અને ડેરી પ્રવૃત્તિઓ મહત્ત્વપૂર્ણ છે. વલસાડ જિલ્લામાં કેમિકલ ઉદ્યોગો, વેપાર તથા પ્રવાસન સંબંધિત પ્રવૃત્તિઓનો સંયોજન જોવા મળે છે. જ્યારે ડાંગ જિલ્લો મોટા ભાગે જંગલ અને આદિવાસી વિસ્તાર ધરાવતો હોવાથી તેની આર્થિક પ્રવૃત્તિઓ કૃષિ, વનઉત્પાદન અને મૂળભૂત સેવાઓ પર આધારિત છે.

અધિકારીઓનું કહેવું હતું કે, આ લક્ષ્ય હાંસલ કરવા માટે સુસંગત આયોજન અને મોટા પાયે ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ જરૂરી છે. માર્ગ સુધારણા અને વિકાસ માટે મુખ્યમંત્રી દ્વારા રૂ. ૧,૧૮૫ કરોડની મંજૂરી આ દિશામાં મહત્ત્વપૂર્ણ પગલું છે. રાજ્ય સરકારની વિકાસ રણનીતિમાં ટકાઉ વિકાસ આર્થિક વૈવિધ્યતા અને સંતુલિત પ્રાદેશિક વિકાસ પર ભાર મૂકવામાં આવ્યો છે. જેના દ્વારા સુરત તથા આસપાસના જિલ્લાઓને મજબૂત આર્થિક શક્તિ કેન્દ્ર તરીકે વિકસાવવાનો ઉદ્દેશ છે.

# અમદાવાદમાં કોમર્શિયલ એલપીજી સિલિન્ડરની કાળાબજારી શરૂ, બાટલાનો ભાવ ₹ ૪૬૦૦એ પહોંચ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ઈરાન વિરુદ્ધ અમેરિકા-ઈઝરાયલના યુદ્ધના કારણે દેશ અને ગુજરાતમાં એલપીજી ગેસ સિલિન્ડરોની ભારે અછત સર્જાઈ છે. આ પરિસ્થિતી એટલી વિકટ બની છે કે, રાજ્યના સૌથી મોટા શહેર અમદાવાદમાં તો એલપીજી ગેસ સિલિન્ડરોની કાળાબજારી શરૂ થઈ ગઈ હોવાની ફરિયાદો થઈ રહી છે. શહેરની ખાણીપીણીની દુકાનોને ગેસ સિલિન્ડરોના પુરવઠાની સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે. હોટેલ્સ એન્ડ રેસ્ટોરન્ટ્સ એસોસિએશન ઓફ ગુજરાત (HRA-ગુજરાત) અનુસાર, લગભગ ૧૦,૦૦૦ ખાણીપીણીની દુકાનો અને રેસ્ટોરન્ટ્સ છે, જેમાંથી ૪૦ ટકા કોમર્શિયલ એલપીજી સિલિન્ડરો પર આધાર રાખે છે, તે ઉપરાંત શહેરમાં હજારો કેટરર પણ તેના પર જ નિર્ભર છે.

હોટેલ્સ એન્ડ રેસ્ટોરન્ટ્સ બિઝનેસ સાથે સંકળાયેલા એક સૂત્રએ જણાવ્યું હતું કે, સામાન્ય રીતે ૧૫ કિલો વજનના કોમર્શિયલ સિલિન્ડર ૧૭૦૦ રૂપિયામાં વેચાય છે, પણ વર્તમાન સમયમાં તેની કિંમત ૪૬૦૦ રૂપિયાને પાર પહોંચી છે. તેમણે જણાવ્યું હતું કે ઘણી ખાણીપીણીની દુકાનોના માલિકો ઇલેક્ટ્રિક ઇન્ડક્શન પણ ખરીદી રહ્યા છે, કારણ કે તેમને ખાતરી નથી કે કોમર્શિયલ એલપીજીની અછત ક્યારે સમાપ્ત થશે.

હોટેલ માલિકોએ જણાવ્યું હતું કે કોમર્શિયલ એલપીજી સિલિન્ડરોની અછત વૃદ્ધો, વિદ્યાર્થીઓ, તબીબી કર્મચારીઓ અને દર્દીઓ પર પણ અસર કરશે. કારણ કે, તેઓ પણ તેમના દૈનિક ભોજન માટે હોટેલ, રેસ્ટોરન્ટ અને પીજી જેવા બહારના સ્રોતો પર આધાર રાખે છે.

# ધોલેરા ખાતે ગુજરાતના પ્રથમ સાઉન્ડિંગ રોકેટનું સફળ લોન્ચિંગ થયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ધોલેરાના બાવળીયારી ખાતે અવકાશ સંશોધન ક્ષેત્રે એક નવો ઇતિહાસ રચાયો છે. અમદાવાદ સ્થિત સ્ટાર્ટઅપ 'ઓમસ્પેસ રોકેટ એન્ડ એક્સપ્લોરેશન પ્રાઇવેટ લિમિટેડ' દ્વારા રાજ્યના પ્રથમ સાઉન્ડિંગ રોકેટનું સફળતાપૂર્વક લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી પ્રધાન અર્જુનભાઈ મોઢવાડિયા ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે યુવા વૈજ્ઞાનિકોની ટીમને પ્રોત્સાહિત કરી હતી.

રાજ્ય સરકારે આપેલી માહિતી અનુસાર ૧૪મી માર્ચના રોજ, બાવળીયારી ખાતે નિર્મિત અસ્થાયી લોન્ચિંગ કોમ્પ્લેક્સ પરથી બપોરે ૧:૦૦ વાગ્યે આ સિંગલ-સ્ટેજ સબ-ઓર્બિટલ રોકેટે ઉડાન ભરી હતી. આ રોકેટે અંદાજે ૩ કિલોમીટરની ઊંચાઈ પ્રાપ્ત કરીને પ્રોપલ્શન, એવિઓનિક્સ અને ઓટોનોમસ રિકવરી સિસ્ટમ જેવી જટિલ ટેકનોલોજીનું સફળ પરીક્ષણ કર્યું હતું. આ રોકેટ સાથે હવામાનના ડેટા કલેક્ટ કરી શકે તેવો એક મીની સેટેલાઈટ પણ ઇન્સ્ટોલ કરવામાં આવ્યો હતો.

'મેક ઇન ઇન્ડિયા' અભિગમ હેઠળ આ રોકેટનું એરફ્રેમ કાર્બન ફાઈબર અને એડવાન્સ કમ્પોઝિટ મટીરિયલમાંથી ઓમસ્પેસની અમદાવાદ ખાતેની લેબમાં જ તૈયાર કરવામાં આવ્યું છે.

# યુદ્ધની અસર: એલપીજીની અછતને કારણે વિદ્યાર્થીઓની મેસ-કેન્ટીનને અસર, ફૂડ ઈન્ડસ્ટ્રી સંકટમાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: પશ્ચિમ એશિયાના યુદ્ધની અસર દિવસે દિવસે ઘેરી બનતી જાય છે. કેન્દ્ર અને રાજ્ય સરકારના પ્રયત્નો છતાં કમર્શિયલ એલપીજીની તંગી જનજીવન પર વ્યાપક અસર કરી રહી છે.

રેસ્ટોરાં સહિતના ફૂડસ્ટોલ્સ સાથે કોલેજોમાં કે યુનિવર્સિટીમાં ચાલતી મેસમાં પણ અસર વર્તાઈ રહી છે. ઘણી કેન્ટીનમાં મેનૂમાં તો ફેરફાર થયો છે, પરંતુ હવે લિમિટેડ મેનૂ સાથે પણ ભોજન તૈયાર કરવાનું પડકારજનક બની રહ્યું હોવાના અહેવાલો બહાર આવી રહ્યા છે.

અહેવાલો અનુસાર સોલા સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં આવેલી જીએમઈઆરએસ મેડિકલ કોલેજમાં, એલપીજી સિલિન્ડરની વ્યવસ્થા ન થઈ શકવાને કારણે શુક્રવારે હોસ્ટેલ મેસ આંશિક રીતે બંધ કરવામાં આવ્યું હતું. રોજિંદા ભોજન માટે મેસ પર આધાર રાખતા લગભગ ૧૫૦ થી ૩૦૦ વિદ્યાર્થીઓ મુસિબતમાં મુકાયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. કોલેજના અધિકારીઓએ જણાવ્યું હતું કે બપોરનું ભોજન બંધ કરવામાં આવ્યુ છે, પરંતુ સાંજે ભોજન આપવામાં આવી રહ્યું છે. તેમના જણાવ્યા અનુસાર દરદીઓ માટેના ખોરાક ને અન્ય સેવાઓ પર અસર પડી નથી.

સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં આવેલી બીજે મેડિકલ કોલેજમાં, વહીવટીતંત્રે વિદ્યાર્થી જૂથો અને કેન્ટીન સંચાલકોને ગેસનો ઉપયોગ ઓછો કરવા અને શક્ય હોય ત્યાં ઇલેક્ટ્રિક ઇન્ડક્શન સ્ટવ્સ ઇન્સ્ટોલ કરવાની સલાહ આપી છે. કોલેજ હાલમાં સેંકડો વિદ્યાર્થીઓને સેવા આપતા ઘણા રસોડા ચલાવે છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે અછત હોવા છતાં વિદ્યાર્થીઓને અસુવિધાનો સામનો ન કરવો પડે તેની તકેદારી રાખી રહ્યા છીએ.

જોકે ઘણી હોસ્ટેલ અને ખાનગી પીજીમાં અસર જોવા મળી રહી છે. ગુજરાત યુનિવર્સિટીમાં છોકરાઓની હોસ્ટેલ મેસ બંધ કરવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. જ્યારે ઘણી ખાનગી અને જ્ઞાતિસમાજ દ્વારા ચાલતી હોસ્ટેલો પણ મેનુમાં ફેરફાર કરવાનું અથવા વૈકલ્પિક વ્યવસ્થા તરફ વળવાનું કરવાનું શરૂ કર્યું હોવાનું જાણવા મળ્યું હતું. પોતાની મેસ અને કેન્ટીન માટે જાણીતી એલડી એન્જિનિયરિંગ કોલેજમાં ચૂલા પર ભોજન રાંધવામાં આવી રહ્યું છે. આ માટે રસોઈ વહેલી બનાવવાનું શરૂ કરવામાં આવતું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

હોસ્ટેલ કે પીજીમાં રહેતા વિદ્યાર્થીઓ માટે આ કપરી સ્થિતિ છે. તેમણે બહાર મળતા ભોજન પર આધાર રાખવો પડે છે. જ્યારે બીજી બાજુ રસ્તા પરની લારીઓ અને રેસ્ટોરાંને પણ ગેસ ન મળતા તેમણે ભાવ વધારી દીધા છે.

રાજ્ય સરકારે આ સ્થિતિની નોંધ લેતા સંબંધિત વિભાગોને હોસ્પિટલો, છાત્રાલયો અને આવશ્યક સેવાઓને પ્રાથમિકતા પુરવઠો મળે તેની ખાતરી કરવા જણાવ્યું હતું.

# નખત્રાણામાં પ્રેમલગ્નથી નારાજ પિતાએ દીકરી-પ્રેમીની હત્યા કરી મૃતદેહ કૂવામાં ફેંક્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના નખત્રાણા તાલુકાના ખાંભલા ગામમાં માનવતાને શર્મસાર કરતી અને 'ઓનર કિલિંગ'ની ભયાનક ઘટના પ્રકાશમાં આવી હતી. અહીં પિતાએ પુત્રી અને તેનાં પ્રેમીની ગળું દબાવી હત્યા કરી, તેમના મૃતદેહને ૧૦૦ ફૂટ ઊંડા કૂવામાં ફેંકી દીધા હોવાનો ખુલાસો થયો હતો. પોલીસે ૩૯ દિવસ બાદ કૂવામાંથી બંનેના કોહવાયેલા મૃતદેહ બહાર કાઢી પિતા અને તેના ભાણેજની ધરપકડ કરી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

ઘટનાની વિગતો મુજબ, ખાંભલા ગામની ૧૯ વર્ષીય નાથીબેન ઉર્ફે સોનુ વંકા રબારી અને નાના અંગીયા ગામના ૨૧ વર્ષીય નવીન જીવા રબારી વચ્ચે પ્રેમ સંબંધ હતો. ગત ૩ ફેબ્રુઆરીના રોજ આ પ્રેમીયુગલ ઘરેથી ભાગી ગયું હતું. પુત્રી ઘરે ન આવતાં પિતા વંકા પના રબારીએ શોધખોળ કરી હતી અને બંનેને કોટડા (જડોદર) પાસેથી શોધી કાઢ્યા હતા. સમાજમાં બદનામીના ડરે પિતાએ કાવતરું ઘડ્યું અને બંનેને ફોસલાવીને ઘરે પરત બોલાવ્યા હતા.

ખાંભલા અને કોટડા ગામ વચ્ચેના માર્ગ પર પિતા વંકા રબારી અને તેના ભાણેજ પબા ગાભા રબારીએ ક્રૂરતાની હદ વટાવી બંનેનું ગળું દબાવીને ટૂંપો આપી દીધો હતો. હત્યા કર્યા બાદ પુરાવાનો નાશ કરવાના આશયથી બંનેના મૃતદેહને મોટરસાઇકલ પર લઈ જઈ સીમમાં આવેલા ૧૦૦ ફૂટ ઊંડા કૂવામાં ફેંકી દીધા હતા. પોલીસને ગેરમાર્ગે દોરવા માટે પિતાએ પોતે જ ૭ ફેબ્રુઆરીએ પુત્રી ગુમ થઈ હોવાની ફરિયાદ નખત્રાણા પોલીસ મથકે નોંધાવી હતી, જ્યારે યુવકના પરિવારે ૫ ફેબ્રુઆરીએ ગુમ નોંધ કરાવી હતી. જોકે, તપાસ દરમિયાન પોલીસને યુવતીના પિતાની વર્તણૂક પર શંકા ગઈ હતી. પીઆઈ જે.ડી. સરવૈયા અને તેમની ટીમે જ્યારે પિતાની સઘન પૂછપરછ (ઊલટ તપાસ) કરી, ત્યારે આ ડબલ મર્ડરનો પર્દાફાશ થયો હતો. શુક્રવારે નખત્રાણાના ઇન્ચાર્જ ડીવાયએસપી ગૌતમ વિવેકાનંદ અને એસડીએમની ઉપસ્થિતિમાં ફાયર વિભાગની મદદથી કૂવામાંથી બંનેના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા હતા.

દુ:ખદ બાબત એ છે કે મૃતક યુવક નવીન રબારીના ભાઈનું હજુ થોડા સમય પહેલા જ ૨૮ ઓક્ટોબર ૨૦૨૫ના રોજ અકસ્માતમાં મોત થયું હતું. ટૂંકા ગાળામાં જ બે જુવાનજોધ દીકરાઓ ગુમાવતા રબારી પરિવાર પર આભ ફાટ્યું છે.

# અમદાવાદમાં વૃદ્ધ સાથે શેરબજારમાં રોકાણના બહાને ₹ ૬૧.૯૫ લાખની છેતરપિંડી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરના મણીનગર વિસ્તારમાં રહેતા ૭૦ વર્ષીય એક નિવૃત્ત વ્યક્તિની સાથે શેરબજારમાં રોકાણના બહાને ૬૧.૯૫ લાખ રૂપિયાની છેતરપિંડી થઈ હતી. સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા નોંધવામાં આવેલી ફરિયાદ મુજબ આ વ્યક્તિ જે શેરબજારમાં રોકાણ કરતા હતા તેમણે નવેમ્બર ૨૦૨૫માં એક ઓન લાઈન જાહેરાત જોઈ હતી. જેમાં શેર બજારમાં રોકાણથી ભારે નફો થશે તેવું વચન આપવામાં આવ્યું હતું.

લિંક પર ક્લિક કર્યા પછી, તેમને એક વોટ્સએપ ગ્રૂપમાં સામેલ કરવામાં આવ્યા હતા. જ્યાં સભ્યોએ સ્ટોક ટિપ્સ અને સ્ક્રીનશોટ શેર કર્યા હતા જેમાં કથિત રીતે મોટો નફો દર્શાવવામાં આવ્યો હતો. એક જાણીતી બ્રોકરેજ ફર્મના સીઈઓના સહાયક હોવાનો દાવો કરતી સોનિકા ગોખલે નામની એક મહિલાએ તેમનો સંપર્ક કર્યો હતો અને તેમને રોકાણ કરવા માટે રાજી કર્યા હતા.

ત્યારબાદ છેતરપિંડી કરનારાઓએ તેને ડીમેટ એકાઉન્ટની લિંક મોકલી હતી. તેમણે સૂચના મુજબ પૈસા ટ્રાન્સફર કર્યા હતા. તેમણે કુલ રૂ. ૬૩,૦૫,૮૨૭ નું રોકાણ કર્યું હતું. છેતરપિંડી કરનારાઓએ શરૂઆતમાં તેમને રૂ. ૧,૧૦,૧૦૦ ઉપાડવાની મંજૂરી આપી હતી, પરંતુ જ્યારે તેમણે વધુ ઉપાડવાનો પ્રયાસ કર્યો, ત્યારે તેઓએ વધારાની પ્રોસેસિંગ ફી માગી હતી. જ્યારે વૃદ્ધને ખબર પડી કે તેની સાથે છેતરપિંડી થઈ છે, ત્યારે તેમણે નેશનલ સાયબર ક્રાઈમ હેલ્પલાઈન ૧૯૩૦ નો સંપર્ક કર્યો હતો અને બાદમાં શહેરના સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસ આ મામલાની તપાસ કરી રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# સુરતમાં પિતાના મોતના સમાચાર મળ્યા બાદ પુત્રીએ બોર્ડની પરીક્ષા આપી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સમગ્ર ગુજરાતમાં સખત ગરમી છે. ખાસ કરીને ટુ-વ્હિલરમાં જતા લોકોને સીધો સૂર્યનો તાપ સહન કરવાનો રહે છે. આ ગરમીને લીધે એક ૫૦ વર્ષીય ગૃહસ્થનું મોત થયું હતું. જોકે તેમની પુત્રીએ હિંમત દાખવી બોર્ડની પરીક્ષા આપી હતી. ઘટનાની મળતી માહિતી અનુસાર સુરતના કામરેજ વિસ્તારમાં રહેતા ભવાનભાઈ હડિયા શિક્ષક તરીકે ફરજ બજાવતા હતા. તેમની દીકરી હાલમાં ૧૨મા બોર્ડની પરીક્ષા આપી રહી છે. ગઇ કાલે પણ તેનું પેપર હતું અને તેઓ દીકરીને તેનાં એક્ઝામ સેન્ટર પર મૂકવા ગયા હતા.

દીકરીની નિર્ધારિત સમયે મૂક્યા બાદ તેઓ પાછા ફરી રહ્યા હતા અને દીકરાની દુકાન તરફ જઈ રહ્યા હતા. સખત ગરમીને લીધે તેમને ડિહાઈડ્રેશન થયું અને તેઓ તેમના ટુ-વ્હિલર પરથી પડી ગયા હતા, તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

આસપાસના લોકોએ તેમને હૉસ્પિટલમાં દાખલ કર્યા હતા. જોકે ત્યાં ટૂંકી સારવાર બાદ તેમનું મૃત્યુ થયું હતું. દરમિયાન મળતી માહિતી અનુસાર આ સમાચાર દીકરી સુધી પણ પહોંચ્યા હતા. જોકે તેણે હિંમત દાખવી પેપર આપ્યું હતું અને આવનારી પરીક્ષા પણ તે આપશે, તેમ તેણે જણાવ્યું હતું.

# ભરૂચમાં મુખ્ય પ્રધાનના હસ્તે કરોડોના કામના લોકાર્પણ અને ખાતમુહૂર્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે ભરૂચ જિલ્લાના રૂ. ૧૨૪૮.૫૭ કરોડના ૭૩ વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત તેમજ રૂ.૧૦૨ કરોડના ૬૬ વિકાસ કાર્યોનું લોકાર્પણ કરી ભરૂચના નાગરિકોને કુલ અંદાજિત રૂ. ૧૩૫૦.૬૮ કરોડના કુલ ૧૩૯ વિકાસ પ્રકલ્પોની ભેટ આપી હતી.


ભરૂચના ઝાડેશ્વર સ્થિત સ્વામિનારાયણ મંદિર સંકુલમાં આરોગ્ય રાજ્ય પ્રધાન અને ભરૂચ જિલ્લા પ્રભારી પ્રધાન પ્રફુલભાઈ પાનશેરિયા અને પાણી પુરવઠા રાજ્ય પ્રધાન ઈશ્વરસિંહ પટેલની ઉપસ્થિતિમાં આયોજિત સમારોહમાં મુખ્ય પ્રધાને જણાવ્યું હતું કે ભરૂચ જિલ્લામાં લોકાર્પિત અને ખાતમુહૂર્ત થયેલા માતબર રકમના પ્રોજેક્ટ્સ નાગરિકોના 'ઈઝ ઑફ લિવિંગ'માં નોંધપાત્ર વધારો કરશે. માળખાગત સુવિધાઓથી લઈને શિક્ષણ અને આરોગ્ય સુધીના તમામ ક્ષેત્રોમાં થયેલા આ કામો ભરૂચના વિકાસમાં ચાવીરૂપ બનશે. ઔદ્યોગિક હબ તરીકે ઊભરેલા ભરૂચના વિકાસને વધુ વેગવાન બનાવવા સાથે ભરૂચની એર અને રોડ કનેક્ટિવિટી વધારવા માટે મુખ્ય પ્રધાને જણાવ્યું હતું કે ભરૂચ, અંકલેશ્વર, દહેજ અને સાયખા જેવા ઔદ્યોગિક વિસ્તારોને વૈશ્વિક સ્તરે જોડવા માટે અંકલેશ્વરમાં એરપોર્ટ ડેવલપમેન્ટનું કામ શરૂ કરાયું છે. અંકલેશ્વર-રાજપીપળાના ૪૪ કિમી લાંબા રોડને રૂ.૭૬૦ કરોડના ખર્ચે હાઇ-સ્પીડ કોરિડોરમાં અપગ્રેડ કરવાની કામગીરીનો આરંભ થયો છે, જેનાથી સ્ટેચ્યૂ ઑફ યુનિટી સુધી પહોંચવું સરળ બનશે. લોજિસ્ટિક્સ સુવિધા માટે ભરૂચ-દહેજ રોડને એક્સેસ કંટ્રોલ એક્સપ્રેસ-વે બનાવવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે.

# રાજકોટની ઈન્ડિયન બૅન્કની બ્રાન્ચે ₹ ૧.૩૨ કરોડના વળતરની પતાવટ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: બૅંકમાં રાખેલા સોનાના ઘરેણા પણ ચોરાઈ જવાની શક્યતા રહેલી છે. રાજકોટમાં આવી જ એક ઘટના બની હતી. રાજકોટ શહેરમાં ઇન્ડિયન બૅંકની મુખ્ય શાખામાં ગીરવે મૂકેલા દાગીના ગુમ થયા બાદ ઇન્ડિયન બૅંકની રાજકોટ મુખ્ય શાખાએ સ્થાનિક દંપતીને ₹૧.૩૨ કરોડથી વધુનું વળતર ચૂકવવા આનાકાની કરી હતી. જો કે દંપતીએ ગુજરાત હાઇ કોર્ટના દરવાજા ખખડાવતા અંતે ઇન્ડિયન બૅંક વળતર ચૂકવવા તૈયાર થઈ હતી અને આમ લાંબા સમયથી ચાલી રહેલા વિવાદનો અંત આવ્યો હતો.


મળતી વિગત મુજબ, સંગીતા અને તેના પતિ શ્યામ શાહે ઘણા વર્ષો પહેલા લીધેલી લોન માટે સુરક્ષા તરીકે એક કિલોગ્રામથી વધુ સોનું ગીરવે મૂક્યું હતું. જોકે, ઇન્ડિયન બૅંકની કસ્ટડીમાં હતા ત્યારે તેમના લોન ખાતા સાથે જોડાયેલા દાગીનાના બે પૅકેટ ગુમ થઈ ગયા હતા. બાદમાં બૅંકે આ નુકસાન સ્વીકાર્યું હતું અને અજ્ઞાત લોકો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. બૅન્કે શરૂઆતમાં તો આ દેવાને નોન પર્ફોર્મિંગ એસેટ્સ (એનપીએ)તરીકે વર્ગીકૃત કરવાનો પ્રયાસ કર્યો હતો, જો કે આ દંપતીએ બૅંકના પગલાને હાઈ કોર્ટમાં પડકાર્યું હતું, અંતે બૅંકે આ મામલે કોર્ટની બહાર જ સમાધાન કરી લીધું હતું. કોર્ટ બહાર થયેલા સમાધાન મુજબ ઈન્ડિયન બૅંકે રૂ. ૧,૩૨,૫૨,૭૪૬ જેટલું વળતર મંજૂર કર્યું હતું. આ રકમમાં લગભગ ૪૩.૧૬ લાખ રૂપિયા બંને લોન પર બાકી રહેલી મુદ્દલ - એડજસ્ટ કરવામાં આવી હતી, જેનાથી દંપતીનું દેવું સંપૂર્ણપણે ચૂકવવામાં આવ્યું હતું. બાકીના રૂ. ૮,૯૩૬,૭૪૬ દાવેદારોને ચૂકવવામાં આવશે.



# મુંબઈ સમાચાર માતૃભાષા ભાગવત સપ્તાહ

તા. ૨ એપ્રિલથી ૮ એપ્રિલ
સવારે ૯.૩૦થી ૧૨.૩૦

Supported by: adani



શ્રીમદ્ ભાગવતના
દરેક હૃદયસ્થ કથાકાર

## પરમપૂજ્ય રમેશભાઈ ઓઝા ભાઈશ્રી દ્વારા

સનાતન નગરીઃ સ્વ. શ્રી બાળાસાહેબ ઠાકરે
ક્રીડાસંકુલ, બોરીવલી (પશ્ચિમ)



SKYLINE
INFRA FORGE
**શ્રી સૌરભ મહેતા**
(મુખ્ય મનોરથી)

મહાનગરમાં વ્રજનો લય
સંપૂર્ણ મુંબઈ કૃષ્ણમય
તમામ માતૃભાષાનો જય

મુંબઈ શહેરમાં જીવતી-
જાગતી માતૃભાષાઓનું
રક્ષણ અને સંવર્ધન

૨૦૪ વર્ષની યુવાવયના એશિયાના સૌથી જૂના અખબાર
'મુંબઈ સમાચાર'ની અલૌકિક-અદ્‌ભુત પહેલ



gandhar
Group of Companies
**શ્રી રમેશભાઈ પારેખ**
(સહ મનોરથી)

**સવારેઃ ૯.૩૦થી ૧૨.૩૦ ભાગવત કથા**
**સાંજેઃ ૬.૩૦થી ૧૦.૦૦ માતૃભાષા મહોત્સવ**
**પ્રસાદઃ બપોરે ૧૨.૩૦ વાગ્યાથી ૩ વાગ્યા સુધી.**

★ શ્રી પોથીજી ★ ઝાંખી
★ ઉત્સવ ★ સેવા ★ મનોરથ

★★★★★

દૈનિક બ્રહ્મ ભોજન
દૈનિક ફળ સેવા
દૈનિક ફૂલહાર સેવા
દૈનિક સ્ટેજ ડેકોરેશન

★★★★★

**ઉત્સવ, મનોરથ, ઝાંખી અને અન્ય સેવાઓ માટે**
સંપર્કઃ
વિપુલ પારેખ
૯૩૨૨૫૦૫૦૩૦
યોગેશ પંડ્યા
૭૭૧૦૮૧૬૩૪૦
કિશોર જાની
૯૮૧૯૯૧૦૦૩૯

માતૃભાષાના સેનાનીઓના ઋણ-સ્વીકારનો આ અવસર છે, પછી એ ગુજરાતી હોય, મરાઠી હોય, બંગાળી હોય કે પછી હોય અન્ય કોઈ માતૃભાષાનો સૈનિક. ભાષાકર્મી છે આપણી ભાષાને સમૃદ્ધ કરવાનો પાયો. ભાષા અને સંસ્કૃતિના એ પાયા સાથે આપણે ઊભા છીએ એ દાખવવાનો આ પ્રયત્ન છે. સૌના સહકારની અપેક્ષા સાથે.

માતૃભાષાનો આ મહાયજ્ઞ માતૃભાષાના એ સૈનિકો માટે છે જેમણે સમગ્ર જીવન દરમિયાન ભારતની વિવિધ માતૃભાષાની સેવા કરી છે અને હવે આપણી જવાબદારી છે કે એ સૈનિકોની પાછલી જિંદગીની તકેદારી આપણે રાખીએ - સથવારો પૂરો પાડીએ. આ સમગ્ર મહાકુંભનું જે ઉપાર્જન થશે એ ભારતની માતૃભાષાઓના વીર સાહિત્યકારો માનભેર જીવન જીવી શકે એ માટે વપરાશે.

**આયોજક**

## મુંબઈ સમાચાર પ્રેરિત
## માતૃભાષા પ્રતિષ્ઠાન

★ શ્રી નીલેશ દવે

| | | | |
|---|---|---|---|
| ★ શ્રી પરાગ શાહ | ★ શ્રી સંતોષ સિંહ | ★ શ્રી મુકેશ પટેલ | ★ શ્રી રાજુ સાવલા |
| ★ શ્રી અરવિંદ શાહ | ★ શ્રી જિજ્ઞેશ ભુતા | ★ શ્રી જસ્મીન શાહ | ★ શ્રી જિતેન્દ્ર મહેતા |
| ★ શ્રી જગદીશ ઓઝા | ★ શ્રી ભાર્ગવ પટેલ | ★ શ્રી નિરવ મહેતા | ★ શ્રી જિજ્ઞેશ હિરાણી |
| ★ શ્રી શોભિત દેસાઈ | ★ શ્રી મિલન ત્રિવેદી (રાજકોટ) | ★ શ્રી દુષ્યંત સોની (દુબઈ) | |

સ્ટોલ ઉપરાંત આ મહોત્સવમાં કોઈપણ પ્રકારની વોલિન્ટરી સેવા આપવા તેમજ અન્ય માહિતી માટે સંપર્કઃ ૮૬૯૩૮૦૩૮૩૮, ૯૮૨૧૧૧૮૭૨૩

વિશેષ આભારઃ ★ શ્રી સંજય ઉપાધ્યાય ★ શ્રી અસીત મોદી ★ શ્રી જે. ડી. મજેઠિયા ★ શ્રી સંજય છેલ ★ શ્રી મુકેશ મહેતા ★ શ્રી ભૂપેન્દ્ર મહેતા ★ શ્રી વિપુલ પારેખ

AJMERA BUILT ON TRUST · MICL LIVE BETTER · Showglitz Events & Entertainment Private Limited · MUNJAL · hitech events & exhibition · ARVINDBHAI KHATRI SONS · BRIGHT OUTDOOR MEDIA LIMITED · Neela Film Productions · NATUREPURE Wellness Pvt. Ltd. · WellPure · Keshasvi · APAR ADVERTISERS PRIVATE LIMITED · NEELKANTH Building Trust Since 1938, Formerly known as: Velji Harkha Patel & Sons. · SURBHI GROUP Redefining Urban Lifestyle, Contact - +91 98218 85998/ · SILVER BUILDING LANDMARKS SINCE 1986

# સનરાઇઝર્સની માલિક કાવ્યા મારને ભારતના કરોડો ક્રિકેટપ્રેમીઓના દિલને ઠેસ પહોંચાડી, આકરી કિંમત ચૂકવવી પડશે

## કરન્ટ ટૉપિક

સામાન્ય રીતે ક્રિકેટના સ્ટેડિયમમાં કોઈ ખેલાડીનો, કોચનો કે અમ્પાયરનો હુરિયો બોલાવવામાં આવતો હોય છે, પરંતુ ૨૮મી માર્ચે શરૂ થનારી ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)ની આગામી સીઝનમાં સનરાઇઝર્સ હૈદરાબાદની માલિક કાવ્યા મારનના નામે જો અસંખ્ય પ્રેક્ષકો ‘હાય...હાય...’ બોલતાં જોવા મળે તો નવાઈ નહીં પામતા! કારણ સ્પષ્ટ અને વજૂદવાળું છે. કાવ્યાએ એ કામ કર્યું છે જેનાથી કરોડો ભારત-તરફી ક્રિકેટપ્રેમીઓના દિલને ઠેસ પહોંચી છે જેની કાવ્યાએ (જો નિર્ણય નહીં બદલે તો) આવનારા દિવસોમાં આકરી કિંમત ચૂકવવી પડશે. આગામી આઇપીએલ દરમ્યાન સનરાઇઝર્સ હૈદરાબાદની કે અન્ય કોઈ ટીમની મૅચ વખતે સ્ટેડિયમમાંથી લોકોની કાવ્યા મારન વિરુદ્ધ બૂમો સંભળાશે જ.

જે પ્લેયર ભારતના કે કોઈ ભારતીયના એક રૂપિયાને પણ લાયક ન હોય તેના પર કાવ્યાએ ૨.૩૪ કરોડ રૂપિયાનો વરસાદ વરસાવ્યો છે. આ વાત છે દુશ્મન-દેશ પાકિસ્તાનના ૨૭ વર્ષના લેગ-સ્પિનર અબ્રાર અહમદની જેને કાવ્યા મારનની માલિકીના ફ્રૅન્ચાઇઝી સનરાઇઝર્સ લીડ્સે ઇંગ્લૅન્ડની ૧૦૦-૧૦૦ બૉલના ફૉર્મેટવાળી ‘ધ હન્ડ્રેડ’ ટૂર્નામેન્ટ માટે ૨.૩૪ કરોડ રૂપિયાના ભાવે ખરીદી લીધો છે. આ ટૂર્નામેન્ટ આગામી ૨૧ જુલાઈથી ૧૬ ઑગસ્ટ સુધી રમાવાની છે. માત્ર પચીસ દિવસની આ ટૂર્નામેન્ટ રમવા બદલ કાવ્યાનું ફ્રૅન્ચાઇઝી અબ્રારને આટલી તોતિંગ રકમથી નવડાવી દેશે.

### કાવ્યા મારનમાં દેશદાઝ જેવું કંઈ છે કે નહીં?

ભારતીય ક્રિકેટપ્રેમીઓમાં ચર્ચા છે કે આઇપીએલને સનરાઇઝર્સ હૈદરાબાદના રૂપમાં અનેક સ્ટાર ખેલાડીઓવાળી ટીમ આપનાર કાવ્યા મારનની દેશદાઝ ક્યાં ગઈ? તેને બીજું કોઈ ન મળ્યું કે શત્રુ-દેશ પાકિસ્તાનના ખેલાડીને ખરીદી લીધો? તેની પાસે મફતના પૈસા વધી ગયા લાગે છે. ૨.૩૪ કરોડ રૂપિયા તેણે તાજેતરના ટી-૨૦ વર્લ્ડ કપના ફ્લૉપ સ્પિનર અને ભારતીય સૈનિકોની ગયા વર્ષે





મજાક ઉડાવનાર અબ્રાર અહમદને બદલે આઇપીએલમાં ભારતના ઊભરતા ખેલાડીઓને ખરીદવા માટે ખર્ચ કર્યા હોત તો લેખે લાગ્યા હોત. વિદર્ભના સ્પિનર હર્ષ દુબેનું રવિવારે બીસીસીઆઇ દ્વારા સન્માન થવાનું છે અને તેને હૈદરાબાદનું ફ્રૅન્ચાઇઝી આઇપીએલની સીઝન રમવાના ૩૦ લાખ રૂપિયા આપશે, પણ કાવ્યા મૅડમ પાકિસ્તાનના અબ્રારને ૨.૩૪ કરોડ તાસક પર ધરી દેશે.

### નૈતિકતા નેવે મૂકી દીધી

છેલ્લા થોડા વર્ષો દરમ્યાન અભિષેક શર્મા, ઇશાન કિશન, ટ્રૅવિસ હેડ, હિન્રિક ક્લાસેન જેવા નામાંકિત ખેલાડીઓ ધરાવતી સનરાઇઝર્સ હૈદરાબાદ ટીમની માલિક કાવ્યા મારને ભારતનાં અનેક શહેરોમાં વાહ-વાહ મેળવી છે, પણ આ અઠવાડિયે ઇંગ્લૅન્ડમાં તેણે બધી શરમ નેવે મૂકી દીધી હતી. આઇપીએલ સિવાયની કોઈ વિદેશી ક્રિકેટ લીગમાં પાકિસ્તાની ખેલાડીને ખરીદવા સંબંધમાં બીસીસીઆઇ તરફથી ભારતીય ફ્રૅન્ચાઇઝી પર કોઈ પ્રતિબંધ નથી એનો અર્થ એવો નથી કે તેણે નૈતિકતા નેવે મૂકી દેવાની.

### કાવ્યાની શર્મનાક હરકત

કાવ્યાએ આ શર્મનાક હરકત કરીને દેશને નારાજ કર્યો છે. તેણે એવું માની લીધું હશે કે તેણે પાકિસ્તાનના સ્પિનરને ખરીદીને મોટું પરાક્રમ કર્યું. જોકે ગયા વર્ષે ટૂંકા યુદ્ધ દરમ્યાન પાકિસ્તાનને પછડાટ આપનાર ભારતના બાહોશ સૈનિકો અને અસરદાર તથા દમદાર નિર્ણયો લેનાર નરેન્દ્ર મોદી સરકારના મોવડીઓ તેમ જ ૧૪૦ કરોડ ભારતીયોના દિલને કાવ્યાએ ઠેસ પહોંચાડી છે. ભૂતપૂર્વ રાજકારણી મુલાસોલી મારનના બિઝનેસમૅન-પુત્ર કલાનિધિ મારનની પુત્રી કાવ્યાએ માની લીધું હશે કે તેણે અબ્રારને ખરીદીને મોટું તીર માર્યું. તેણે તો ૧૪૦ કરોડ ભારતીયોમાં અક્કલનું પ્રદર્શન કર્યું છે અને વિદેશોમાં ભારતની આબરૂ કાઢી છે. ખેલકૂદ અને રાજકારણને એકમેકથી અલગ રાખવા જોઈએ એવી ખેલદિલી ગઈ તેલ લેવા. પાકિસ્તાન સાથે તો આવો સ્પોર્ટ્સમૅન-સ્પિરિટ હોય જ નહીં. પાકિસ્તાન કે પાકિસ્તાનીનું નામ આવે ત્યારે પ્રત્યેક ભારતીયને તરત જ દેશદાઝ યાદ આવી જવી જોઈએ. કાવ્યાએ અબ્રારને ખરીદીને પોતાના જ હાથ પર ‘ડામ’ દીધો છે. આઇપીએલના સ્ટેડિયમોમાંથી દેશપ્રેમીઓ બૂમો પાડીને કાવ્યાની ખબર લઈ નાખશે.

### કઈ લૉબી કામ કરી ગઈ?

જે પાકિસ્તાની સ્પિનરને તાજેતરના વર્લ્ડ કપની પાંચ મૅચમાં માંડ છ વિકેટ મળી હતી, ભારત સામેની મૅચમાં ૩૮ રનમાં જેને એકેય વિકેટ નહોતી મળી અને કરીઅરની કુલ ૮૪ ટી-૨૦માં જે માંડ ૧૦૯ વિકેટ લઈ શક્યો છે એવા અબ્રાર અહમદને કાવ્યાએ ઇંગ્લૅન્ડની ટૂર્નામેન્ટ માટે ખરીદી લીધો છે. કાવ્યા શું પાકિસ્તાનના લશ્કરી વડા આસિમ મુનીરને ખુશ કરવા નીકળી હતી કે શું? સનરાઇઝર્સ લીડ્સ માટે અબ્રારને ખરીદવા માટે કઈ લૉબી કામ કરી ગઈ એ પણ ચર્ચાનો વિષય છે. ડેનિયલ વેટોરી ન્યૂ ઝીલૅન્ડનો મહાન ખેલાડી છે, પરંતુ તેણે સનરાઇઝર્સ લીડ્સ માટે હેડ-કોચ તરીકે અબ્રારને ખરીદવામાં મોટી ભૂમિકા ભજવી હતી. વેટોરીને શું ખબર પડે કે દેશદાઝ શું છે! ન્યૂ ઝીલૅન્ડે ક્યારેય આતંકવાદનો સામનો કર્યો છે? યુદ્ધ જોયા છે? પહલગામ જેવા હુમલાનો આઘાત સહન કર્યો છે? ભારતીયએ પાકિસ્તાની પ્લેયરને ન ખરીદાય એની કિવી પ્લેયર વેટોરીને શું ભાન! ઊલટાનું તેણે સનરાઇઝર્સ માટે અબ્રારને ખરીદીને આનંદ વ્યક્ત કર્યો છે.

### બૉયકૉટની બૂમો પડી, બ્રૅન્ડને અસર થશે

કાવ્યાની કરતૂતને કારણે આ મહિનાની આઇપીએલ વખતે સનરાઇઝર્સ હૈદરાબાદની બ્રૅન્ડને જરૂર વિપરીત અસર થશે. અપડેટ જાણી લઈએ તો ભારતમાં એવા ઘણા ક્રિકેટપ્રેમીઓ છે જેમણે સનરાઇઝર્સ હૈદરાબાદનો બહિષ્કાર કરવાની હાકલ કરી છે. ■

# આજે ૧૫મી માર્ચ, પચીસ વર્ષ પહેલાં આ જ તારીખે લક્ષ્મણની ૨૮૧ રનની શાનદાર ઈનિંગ્સે ભારતને ઐતિહાસિક વિજય અપાવ્યો હતો

## ફ્લૅશ-બૅક

અજય મોતીવાલા

ક્રિકેટ જગતને ભારતે ૧૯૩૨થી માંડીને ૨૦૨૬ સુધીમાં અનેક લેજન્ડ આપ્યા છે અને તેઓ અસંખ્ય યાદગાર ઇનિંગ્સ રમ્યા છે, પરંતુ ભારતીય ક્રિકેટની ચર્ચા થતી હોય ત્યારે કપિલ દેવની ૧૯૮૩ વર્લ્ડ કપના ૧૭૫ રનની ઇનિંગ્સની સાથે વીવીએસ લક્ષ્મણની ઑસ્ટ્રેલિયા સામેની ૨૮૧ રનની ઇનિંગ્સનો ઉલ્લેખ અચૂક થાય છે. સુનીલ ગાવસકર, ગુંડપ્પા વિશ્વનાથ, દિલીપ વેન્ગસરકર, સચિન તેન્ડુલકર, રાહુલ દ્રવિડ, વીરેન્દર સેહવાગ, સૌરવ ગાંગુલી, મોહમ્મદ અઝહરુદ્દીન, યુવરાજ સિંહ, વિરાટ કોહલી, એમએસ ધોની વગેરે દિગ્ગજ બૅટ્સમેનો તેમ જ બિશનસિંહ બેદી, એરાપલ્લી પ્રસન્ના, ભાગવત ચંદ્રશેખર, શ્રીનિવાસ વેન્કટરાઘવન, અનિલ કુંબલે, હરભજન સિંહ, ઝહીર ખાન, જસપ્રીત બુમરાહ, હાર્દિક પંડ્યા, કુલદીપ યાદવ, યુઝવેન્દ્ર ચહલ વગેરે ટોચના બોલર્સની એક એકથી ચડિયાતી કહી શકાય એવી ઇનિંગ્સની વારંવાર ચર્ચા થતી હોય છે.

જોકે આજે આપણે વીવીએસ લક્ષ્મણની ૨૦૦૧ના વર્ષની ૨૮૧ રનની ઇનિંગ્સની જ વાત કરવાની છે. એનું એક ખાસ કારણ છે. લક્ષ્મણના એ ઐતિહાસિક દાવને પચીસ વર્ષ પૂરા થયા છે અને એની રજત જયંતી ચાલે છે.

હિન્દી ફિલ્મોમાં આપણે ઘણી વાર સાંભળી ગયા છીએ...‘બીસ સાલ પહેલે કી યે બાત હૈ.’ અહીં આપણે લક્ષ્મણ માટે એમાં થોડો ફેરફાર કરીને કહેવું પડશે કે ‘પચીસ સાલ પહેલે કી યે બાત હૈ.’

૨૦૦૧ની ૧૧-૧૫ માર્ચ દરમ્યાન કોલકાતાના ઈડન ગાર્ડન્સમાં સિરીઝની બીજી ટેસ્ટ મૅચ રમાઈ હતી. પ્રથમ દાવમાં ઑસ્ટ્રેલિયાએ કૅપ્ટન સ્ટીવ વૉના ૧૧૦ રન અને મૅથ્યૂ હેડનના ૯૭ રનની મદદથી ૪૪૫ રન ખડકી દીધા હતા. હરભજન સિંહે સાત વિકેટ લીધી હતી, પણ ભારતીય ટીમ ગ્લેન મૅકગ્રાની ચાર વિકેટ તેમ જ શેન વૉર્ન સહિત બીજા ત્રણ બોલર્સના તરખાટને લીધે માત્ર ૧૭૧ રનમાં ઑલઆઉટ થઈ જતાં મોટા ભાગના લોકો માનતા હતા કે સૌરવ ગાંગુલીની ટીમ એક દાવથી હારી જ ગઈ સમજો. ભારતે ફૉલો-ઑન પણ થવું પડ્યું હતું અને સદગોપન રમેશ તથા શિવ સુંદર દાસે શરૂઆત પણ સારી નહોતી કરી એટલે ભારત પર પરાજય તોળાતો હતો.



જોકે ત્યારે કોણે ધાર્યું હશે કે વનડાઉનમાં મોકલવામાં આવેલો લક્ષ્મણ એવી ઇનિંગ્સ રમશે કે જેનો ઉલ્લેખ ક્રિકેટની દુનિયાની શ્રેષ્ઠ ઇનિંગ્સોમાં ગણાવા લાગશે. બાવન રનના કુલ સ્કોર પર ઓપનર રમેશ આઉટ થતાં લક્ષ્મણ ક્રીઝમાં આવ્યો હતો. તેણે ૬૩૧ મિનિટની મૅરથન ઇનિંગ્સમાં ૪૫૨ બૉલનો સામનો કર્યો હતો જેમાં એકેય છગ્ગો નહોતો, પરંતુ ૪૪ ચોગ્ગા હતા. તેણે ઑસ્ટ્રેલિયન બોલર્સને ખૂબ હંફાવ્યા હતા અને ફીલ્ડર્સને દોડાવીને થકવી નાખ્યા હતા. સચિન ૧૦ રન અને ગાંગુલી ૪૮ રન કરીને આઉટ થઈ ગયો હતો, પણ ૧૭મી ઓવરમાં રમવા આવેલો લક્ષ્મણ છેક ૧૭૧મી ઓવરમાં આઉટ થયો હતો. રાહુલ દ્રવિડે ૧૮૦ રન બનાવ્યા હતા અને લક્ષ્મણે તેની સાથે પાંચમી વિકેટ માટે ૩૭૬ રનની વિક્રમજનક ભાગીદારી કરી હતી. લક્ષ્મણ-દ્રવિડની જોડીએ ભારતને ૨૭૪ રનની સરસાઈ ઉતારી આપી હતી. ભારતીય ટીમે વટથી બીજો દાવ સાત વિકેટે ૬૫૭ના સ્કોર પર ડિક્લેર કર્યો હતો અને કાંગારુઓને ૩૮૪ રનનો તોતિંગ લક્ષ્યાંક આપ્યો હતો.

સ્ટીવ વૉની ટીમે તો શું, ઑસ્ટ્રેલિયન ટીમના કરોડો ચાહકોએ તો શું સમગ્ર ક્રિકેટ જગતમાં કોઈએ નહીં ધાર્યું હોય કે લક્ષ્મણ અને દ્રવિડ ભારત માટે બાજી સાવ પલટાવી નાખશે અને ઑસ્ટ્રેલિયાને પરાજયની દિશામાં ધકેલી દેશે. આવો મોકો મળે તો હરભજન સિંહ કંઈ છોડે? તેણે બીજા દાવમાં પણ કાંગારુઓની ખબર લઈ નાખી અને છ વિકેટ લીધી. આખી મૅચમાં તેના નામે કુલ ૧૩ વિકેટ લખાઈ હતી. અધૂરામાં પૂરું, સચિન તેન્ડુલકરે ત્રણ વિકેટ લીધી હતી અને એક વિકેટ સ્પિનર વેન્કટપથી રાજુને મળી હતી. ઑસ્ટ્રેલિયા બીજા દાવમાં પાયમાલ થઈ ગયું હતું. માર્ક વૉ, રિકી પૉન્ટિંગ, ઍડમ ગિલક્રિસ્ટ અને શેન વૉર્ન જેવા દિગ્ગજો ઝીરોમાં વિકેટ ગુમાવી બેઠા હતા. પાંચમા દિવસે આખી ટીમનો દાવ ૨૧૨ રનના ટોટલ પર સમેટાઈ ગયો હતો અને ભારતે (૨૦૦૧ની ૧૫મી માર્ચે) ૧૭૧ રનના તોતિંગ માર્જિનથી વિજય મેળવ્યો હતો. યોગાનુયોગ, આજે ૧૫મી માર્ચ છે.

તમે વિચાર કરો કે ભારતની જે ટીમ પ્રથમ દાવમાં ૧૭૧ રનમાં ઑલઆઉટ થઈ ગઈ હતી એણે છેવટે ૧૭૧ રનથી વિજય મેળવ્યો. કેવો યોગાનુયોગ હતો એ! ઇતિહાસમાં આ મૅચ સુવર્ણ અક્ષરે લખાઈ છે અને લક્ષ્મણ, દ્રવિડ, હરભજન, સચિનના વખાણ કરીએ એટલા ઓછા છે. ત્યારે ઑસ્ટ્રેલિયાનું ક્રિકેટ જગત પર સંપૂર્ણ પ્રભુત્વ હતું અને ત્યારે ભારતીયોએ (ખાસ કરીને લક્ષ્મણે) તેમનું એ ઘમંડ ઉતારી દીધું હતું. ■

# દિલ્હીમાં આજે ચૅમ્પિયન ટીમો અને નામાંકિત ખેલાડીઓ પુરસ્કારથી સન્માનિત થશે

નવી દિલ્હી: રવિવાર, આઠમી માર્ચનો દિવસ ભારતીય ક્રિકેટ માટે ઐતિહાસિક બન્યો ત્યાર પછી હવે રવિવાર, ૧૫મી માર્ચનો (આજનો) દિન પણ યાદગાર કહેવાશે, કારણકે ભારતને ટી-૨૦ની ઐતિહાસિક ત્રીજી વર્લ્ડ કપ ટ્રોફી અપાવનાર ટીમનું એ દિવસે બહુમાન કરવામાં આવશે તેમ જ કેટલાક નામાંકિત ખેલાડીઓની વિવિધ પ્રકારના પુરસ્કારોથી નવાજેશ કરાશે. આઠમી માર્ચે અમદાવાદની ફાઇનલને વન-સાઇડેડ બનાવીને ન્યૂ ઝીલૅન્ડને ૯૬ રનથી હરાવનાર ભારતીય ટીમ માટે બીસીસીઆઇ ૧૩૧ કરોડ રૂપિયાનું તોતિંગ ઇનામ જાહેર કરી ચૂક્યું છે. આજે પાટનગર દિલ્હીમાં ‘નમન અવૉર્ડ્સ’ સેરેમની યોજાશે જેમાં છેલ્લા થોડા મહિના દરમ્યાન કુલ પાંચ આઇસીસી ટાઇટલ જીતનાર ભારતીય ટીમોનું બહુમાન કરાશે. ભારતીય ક્રિકેટના ઇતિહાસમાં આ અપ્રતિમ સિદ્ધિઓ પહેલી જ વખત જોવા મળી છે.

ટી-૨૦ વર્લ્ડ કપની તાજેતરની સિદ્ધિની પહેલાં ભારતે આ ચાર ટાઇટલ મેળવ્યા હતા: ૨૦૨૫માં આઇસીસી ચૅમ્પિયન્સ ટ્રોફીમાં મેન્સ ટીમ વિજેતા, ૨૦૨૫માં વન-ડે વર્લ્ડ કપમાં ભારતીય મહિલા ટીમ ચૅમ્પિયન, ૨૦૨૫માં ટી-૨૦ અન્ડર-૧૯ વર્લ્ડ કપમાં ભારતીય મહિલા ટીમ વિજેતા, ૨૦૨૬માં મેન્સ અન્ડર-૧૯ વર્લ્ડ કપમાં ભારત વિજેતા. બીસીસીઆઇ આજે આ તમામ ચૅમ્પિયનોનું બહુમાન કરશે.

ભારતના ટેસ્ટ અને વન-ડે કૅપ્ટન શુભમન ગિલને ૨૦૨૪-’૨૫ની સીઝન માટેના બેસ્ટ ઇન્ટરનૅશનલ ક્રિકેટર તરીકે પૉલી ઉમરીગર અવૉર્ડ આપવામાં આવશે. વાઇસ-કૅપ્ટન સ્મૃતિ મંધાના પાંચમી વખત મહિલાઓમાં બેસ્ટ ઇન્ટરનૅશનલ ક્રિકેટર તરીકેના પુરસ્કારથી સન્માનિત થશે.


રોજર બિન્ની તથા રાહુલ દ્રવિડને કર્નલ સી. કે. નાયુડુ લાઇફટાઇમ અચિવમેન્ટ અવૉર્ડથી નવાજવામાં આવશે. ભારતીય ક્રિકેટ બોર્ડ તરફથી અપાતું આ સર્વોત્તમ સન્માન છે. ભૂતપૂર્વ મહિલા કૅપ્ટન મિતાલી રાજને બીસીસીઆઇ લાઇફટાઇમ અચિવમેન્ટ અવૉર્ડથી સન્માનિત કરવામાં આવશે. બિન્ની ૧૯૮૩ વર્લ્ડ કપ ટીમના મેમ્બર હતા અને એ ટૂર્નામેન્ટમાં તેમણે સૌથી વધુ ૧૮ વિકેટ લીધી હતી. ૨૦૨૨થી ૨૦૨૫ દરમ્યાન તેઓ કોચ, સિલેક્ટર તેમ જ બીસીસીઆઇ પ્રમુખ હતા. દ્રવિડની ગણના ભારતના મહાન બૅટ્સમેનોમાં થાય છે. તેના નામે કુલ ૨૪,૦૦૦થી પણ વધુ આંતરરાષ્ટ્રીય રન છે. નવી પેઢીના ભારતીય ક્રિકેટરો તૈયાર કરાવવામાં તેનું બહુ મોટું યોગદાન છે.

ઇરા જાધવને ભારતીય મહિલા ડોમેસ્ટિક ક્રિકેટની સર્વશ્રેષ્ઠ ખેલાડી બદલ જગમોહન દાલમિયા ટ્રોફી અપાશે, જ્યારે શેફાલી વર્માને સિનિયર ડોમેસ્ટિક વન-ડે ફૉર્મેટની બેસ્ટ વુમન ક્રિકેટરનો પુરસ્કાર અપાશે. અન્ડર-૧૯ વર્લ્ડ કપના ચૅમ્પિયન કૅપ્ટન આયુષ મ્હાત્રેને લાલા અમરનાથ અવૉર્ડ મળશે, જ્યારે વિદર્ભના હર્ષ દુબેને રણજી ટ્રોફીના બેસ્ટ ઑલરાઉન્ડરનો પુરસ્કાર અપાશે. મુંબઈ ક્રિકેટ અસોસિયેશન (એમસીએ)ને બીસીસીઆઇ ડોમેસ્ટિક ટૂર્નામેન્ટોમાં ચાર ચૅમ્પિયન ટાઇટલ તેમ જ બે રનર-અપના ટાઇટલ જીતવા બદલ બેસ્ટ સ્ટેટ ક્રિકેટ અસોસિયેશનના પુરસ્કારથી નવાજવામાં આવશે. ■

## વડોદરાના ક્રિકેટર નિત્ય પંડ્યાને આજે મળશે બીસીસીઆઇનો પુરસ્કાર



પાટનગર દિલ્હીમાં રવિવાર, ૧૫મી માર્ચે યોજાનારા બીસીસીઆઇના ‘નમન અવૉર્ડ્સ’ સમારોહમાં ભારતીય ક્રિકેટના દિગ્ગજો ઉપરાંત ચૅમ્પિયન ટીમોને અપાનારા પુરસ્કારો વચ્ચે વડોદરાના ૧૯ વર્ષીય લેફ્ટ-હૅન્ડ બૅટ્સમૅન નિત્ય જિતેન્દ્ર પંડ્યાને અવૉર્ડ મળવાનો છે. નિત્ય વડોદરા અન્ડર-૧૯ તથા ઇન્ડિયા અન્ડર-૧૯ વતી કુલ પાંચ મૅચ રમ્યો છે જેમાં તેણે એક સેન્ચુરી સહિત કુલ પોણાબસો રન કર્યા છે. તેને કૂચ બિહાર ટ્રોફીમાં એલીટ ગ્રૂપમાં સૌથી વધુ રન કરવા બદલ એમ. એ. ચિદમ્બરમ ટ્રોફી અપાશે. ઓપનર નિત્યએ ત્રણ મહિના પહેલાં વિજય હઝારે ટ્રોફીમાં કૃણાલ પંડ્યાના નેતૃત્વમાં બરોડા વતી હૈદરાબાદ સામેની મૅચમાં ૧૧૦ બૉલમાં ૧૨૨ રન કર્યા હતા અને બરોડા એ મૅચ જીતી ગયું હતું. રવિવારે મહારાષ્ટ્રના વિકી ઓસ્તવાલ, વિદર્ભના યશ રાઠોડ, વિદર્ભના જ ઉલ્હાસ ગાંધે તેમ જ જાણીતા પેસ બોલર હર્ષિત રાણા તેમ જ મહિલા ખેલાડી દીપ્તિ શર્મા તેમ જ શ્રી ચરનીને પણ પુરસ્કાર અપાશે. ■





ગયા રવિવારે અમદાવાદની ફાઇનલમાં ઈશાન કિશને રચિન રવીન્દ્રનો ડાઈવિંગ કૅચ મહા મહાનતે ઝીલ્યો હતો. (પીટીઆઇ)



**કુલદીપ-વંશિકા લગ્નગ્રંથિથી જોડાયાં:** ભારતનો વર્લ્ડ કપ સ્ટાર-સ્પિનર કુલદીપ યાદવ ગઈ કાલે મસૂરીની ફાઈવસ્ટાર હૉટેલમાં ફિયૉન્સી વંશિકા ચઢ્ઢા સાથે લગ્નગ્રંથિથી જોડાયો હતો. આ પ્રસંગે ખ્યાતનામ ક્રિકેટરોએ હાજરી આપી હતી.

# ભારતીય હૉકી મહિલા ટીમ હારીને પણ વર્લ્ડ કપ માટે ક્વૉલિફાય થઈ

હૈદરાબાદ: શનિવારે ભારતની મહિલા હૉકી ટીમ એફઆઇએચ વિમેન્સ હૉકી વર્લ્ડ ક્વૉલિફાયર રાઉન્ડની ફાઇનલમાં ઇંગ્લૅન્ડ સામે ૦-૨થી હારી ગઈ એમ છતાં આ વર્ષે નેધરલૅન્ડ્સ અને બેલ્જિયમમાં રમાનારાં વર્લ્ડ કપ માટે ક્વૉલિફાય થઈ હતી. હૉકી જગતમાં ભારતીય મહિલા ટીમની નવમી અને ઇંગ્લૅન્ડની છઠ્ઠી રૅન્ક છે. ■



**બાપ્પાનો ખૂબ-ખૂબ આભાર:** ટી-૨૦ વર્લ્ડ કપ જીતનાર ટીમ ઈન્ડિયાના કૅપ્ટન સૂર્યકુમાર યાદવ અને હેડ-કોચ ગૌતમ ગંભીર શનિવારે બપોરે શ્રી સિદ્ધિવિનાયકના મંદિરે બાપ્પાના દર્શન માટે આવ્યા હતા. ગણપતિ મંદિર ન્યાસના ટોચના હોદ્દેદારો પણ આ પ્રસંગે ઉપસ્થિત હતા. (અમય ખરાડે)

# ભારતને ઉત્તર-પૂર્વમાંથી મળ્યો પ્રથમ ચેસ ગ્રૅન્ડમાસ્ટર

ગુવાહાટી: આસામમાં ગણતરીના દિવસોમાં વિધાનસભાની ચૂંટણી આવશે અને એ ટાંણે આ રાજ્યના ટૅલન્ટેડ ચેસ ખેલાડી મયંક ચક્રબર્તીએ અનેરી સિદ્ધિ મેળવી છે. તે દેશનો એવો પહેલો ચેસ ખેલાડી છે જે ઉત્તર-પૂર્વ પ્રાન્તમાંથી ચેસનો ગ્રૅન્ડમાસ્ટર (જીએમ) બન્યો છે. તે દેશનો ૯૪મો અને નૉર્થ-ઈસ્ટનો સૌપ્રથમ ગ્રૅન્ડમાસ્ટર છે. ૧૭ વર્ષનો મયંક આસામના ગુવાહાટી શહેરનો છે. તે ૨૦૨૪માં ઇન્ટરનૅશનલ માસ્ટર (આઇએમ) બન્યો હતો. તેણે આઠ જ મહિનામાં જીએમ બનવા માટે જરૂરી ત્રીજું અને અંતિમ નૉર્મ તાજેતરમાં મેળવી લીધું હતું. તેણે સ્વિડનના ફિલિપ લિન્ડગ્રેનને પરાજિત કરીને ત્રીજું નૉર્મ હાંસલ કર્યું હતું.



મયંક ચક્રબર્તીએ ફર્સ્ટ હૉટેલ્સ ચેસ ટૅલન્ટ્સ ટૂર્નામેન્ટમાં સાતમા રાઉન્ડ સુધીમાં જ જીએમની ઉપલબ્ધિ મેળવી લીધી હતી. આ ટૂર્નામેન્ટ આઠ રાઉન્ડની હતી જેમાં એક રાઉન્ડ બાકી હતો ત્યારે જ તેણે ત્રીજો નૉર્મ મેળવ્યો હતો. મયંક અગાઉ અન્ડર-૧૧ કૅટેગરીમાં ભારતનો તેમ જ એશિયાનો નંબર-વન ખેલાડી હતો. ■

# સલમાન આગા બાંગ્લાદેશી બોલરની ‘દગાબાજી’નો શિકાર: રનઆઉટ થતાં ગ્લવ્ઝ-હેલ્મેટ ફેંક્યા

ઢાકા: અહીં શુક્રવારે બાંગ્લાદેશ સામે સિરીઝની બીજી વન-ડેમાં વિચિત્ર સંજોગોમાં અને બાંગ્લાદેશી બોલર તથા કૅપ્ટન મેહદી હસન મિરાઝની ચાલાકી કહો કે દગાબાજી, એમાં પાકિસ્તાનના વર્લ્ડ કપના કૅપ્ટન સલમાન આગાએ રનઆઉટમાં વિકેટ ગુમાવી હતી અને ત્યાર બાદ સલમાને ગુસ્સામાં ગ્લવ્ઝ તથા હેલ્મેટ કાઢીને ફેંક્યા હતા જે બદલ આઇસીસી તેની સામે પગલું ભરી શકે. આ મૅચમાં શાહીન શાહ આફ્રિદી પાકિસ્તાનનો કૅપ્ટન હતો.





બુધવારે સિરીઝની પ્રથમ વન-ડે પાકિસ્તાનને ૧૧૪ રનમાં આઉટ કર્યા બાદ બાંગ્લાદેશે આઠ વિકેટે જીતી લીધી હતી. શુક્રવારની બીજી વન-ડેમાં સલમાન આગા ૬૪ રન પર હતો. વિકેટકીપર મોહમ્મદ રિઝવાને મિરાઝના બૉલમાં શૉટ માર્યો ત્યારે બૉલ નૉન-સ્ટ્રાઇક એન્ડ પર ઊભેલા સલમાન તરફ આવ્યો હતો અને તેની પાસે આવીને અટક્યો હતો.

સલમાન ત્યારે ક્રીઝની બહાર હતો. સલમાન બૉલ ઊંચકીને મિરાઝને આપવા માગતો હતો, પણ એ પહેલાં જ તેની નજીક ઊભેલા મિરાઝે પોતે જ સલમાનને હડસેલીને બૉલ લઈ લીધો હતો અને સલમાનને અન્ડરઆર્મ થ્રોમાં રનઆઉટ કરી દીધો હતો. ક્રિકેટના નિયમ મુજબ મિરાઝે સલમાનને આ રીતે રનઆઉટ કરીને કંઈ જ ખોટું નહોતું કર્યું.

સલમાન હતાશ થઈ ગયો હતો. મિરાઝે તેને નજર સામે દગો દીધો એવો ભાવ તેના ચહેરા પર હતો અને તેણે રિઝવાન સમક્ષ હતાશા પણ વ્યક્ત કરી હતી. સલમાનને આઉટ આપવામાં આવ્યો હતો અને ગુસ્સામાં તેણે ગ્લવ્ઝ અને હેલ્મેટ કાઢીને ફેંક્યા હતા. તે ગાળ બોલતો બોલતો પાછો આવ્યો હતો. બાંગ્લાદેશના વિકેટકીપર લિટન દાસે મગજ પરથી કાબૂ ગુમાવ્યો હતો, પણ રિઝવાને તેને શાંત પાડ્યો હતો. સલમાને બાઉન્ડરી લાઇન નજીક પહોંચ્યા બાદ ફરી ગ્લવ્ઝ અને હેલ્મેટ ફેંક્યા હતા. ■

કવર સ્ટોરી
વિજય વ્યાસ
feedback@bombaysamachar.com

# આવું ઈચ્છામૃત્યુ બધાંનેય મળે ખરું...?



દેશની સર્વોચ્ચ અદાલતે આખર એક ઐતિહાસિક ચુકાદા દ્વારા 'ઈચ્છામૃત્યુ'ની પરવાનગી આપી છે. આના પગલે ૧૩ વર્ષથી રિબાતા ગાઝિયાબાદના ૩૧ વર્ષી યુવાનને ફરજિયાત યાતનામય જીવનના બંધનમાંથી કાયમી મુક્તિ મળી જશે. આ ચુકાદા બાદ આપણે ત્યાં 'યુથેનેશિયા' કે 'મર્સી કિલિંગ' (દયા હત્યા ) માટે સુપ્રીમ કોર્ટે વ્યવસ્થિત કાયદો પણ ઘડવાની સૂચના કેન્દ્ર સરકારને આપી છે.

**સુપ્રીમ** કોર્ટે તાજેતરમાં એક ઐતિહાસિક ચુકાદો આપીને છેલ્લાં ૧૩ વર્ષથી બ્રેન ડેડ અવસ્થામાં જીવતા ૩૧ વર્ષના હરીશ રાણાને પરોક્ષ ઈચ્છામૃત્યુ એટલે કે પેસિવ યુથેનેશિયાની મંજૂરી આપી દીધી. સુપ્રીમ કોર્ટે ૨૦૧૮માં કોમન કોઝ સંસ્થાની અરજીને સ્વીકારીને પેસિવ યુથેનેશિયા એટલે કે પરોક્ષ ઈચ્છામૃત્યુને શરતી માન્યતા આપી હતી, પણ અત્યાર સુધી અમલ નહોતો થયો. હરીશ રાણાને મળેલી મંજૂરી સાથે આ ચુકાદાનો અમલ થશે તેથી હરીશ ભારતમાં કાયદેસર રીતે ઈચ્છામૃત્યુને ભેટનારી પહેલી વ્યક્તિ બનશે.

ચંદીગઢમાં સિવિલ એન્જિનિયરિંગમાં અભ્યાસ કરતો હરીશ રાણા ૨૦ ઓગસ્ટ, ૨૦૧૩ના રોજ પોતાની પેઈંગ ગેસ્ટ બિલ્ડિંગના ચોથા માળેથી પડ્યા પછી કોમામાં જતો રહ્યો હતો ને મૃતપ્રાયઃ થઈ ગયો હતો. તેનાં માતા-પિતા તથા નાના ભાઈએ એક દાયકા સુધી તેની સારવાર કરાવી, પણ હરીશના હરતાફરતા થવાની કોઈ આશા ના રહેતાં ઈચ્છામૃત્યુની મંજૂરી માગતી અરજી કરી હતી. દિલ્હી હાઈકોર્ટે એક વાર ને સુપ્રીમ કોર્ટે એક વાર તેમની અરજી ફગાવી દીધી હતી.

હરીશના પરિવારે હાર્યા વિના પ્રયત્નો ચાલુ રાખીને બીજી વાર અરજી કરેલી. જસ્ટિસ જે.બી. પારડીવાલા અને કે.વી. વિશ્વનાથન હરીશના પરિવારને રૂબરૂ મળ્યા પછી તેમની તકલીફોનો ખ્યાલ આવતાં છેવટે તેમણે હરીશને ઈચ્છામૃત્યુની મંજૂરી આપી દીધી. સુપ્રીમ કોર્ટે દિલ્હીની 'ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યુટ ઓફ મેડિકલ સાયન્સીસ (AIIMS)'ને હરીશ રાણાને પેલિયેટિવ કેર (દર્દશામક સંભાળ)માં રાખવા આદેશ આપ્યો છે. હરીશ અત્યારે લાઈફ-સસ્ટેઈનિંગ ટ્રીટમેન્ટ પર છે એટલે કે હરીશને ફીડિંગ ટ્યુબ્સ દ્વારા ભોજન, પાણી આપીને જીવતો રાખવામાં આવ્યો છે. એઈમ્સ ફીડિંગ ટ્યુબ્સ દૂર કરીને હરીશને તેના પરિવારને સોંપી દેશે. પોષણના અભાવે શરીર નબળું પડતાં હરીશ કુદરતી મોતને ભેટશે અને ભારતમાં કાયદેસર રીતે ઈચ્છામૃત્યુ મેળવનારી એ પહેલી વ્યક્તિ બનશે.

હરીશ રાણાને આ ઈચ્છામૃત્યુની મંજૂરી સાથે ભારતમાં ફરી એક વાર 'રાઈટ ટુ ડેથ' એટલે કે મૃત્યુના અધિકારની ચર્ચા છેડાઈ ગઈ છે. ભારતનું બંધારણ તમામ નાગરિકોને 'રાઈટ ટુ લિવ' એટલે કે જીવવાનો અધિકાર આપે છે, પણ મૃત્યુનો અધિકાર નથી મતલબ કે વ્યક્તિ પોતાની ઈચ્છા પ્રમાણે મરી ના શકે તેથી અને આપઘાતનો પ્રયત્ન ગુનો છે. આ મુદ્દે લાંબી કાનૂની લડાઈ પણ ચાલી છે પણ જ્ઞાન કૌર વિરુદ્ધ પંજાબ સ્ટેટના કેસમાં ૧૯૯૬માં સુપ્રીમ કોર્ટની ત્રણ ન્યાયાધીશોની બેન્ચે ચુકાદો આપ્યો હતો કે, કલમ ૨૧ હેઠળ નાગરિકને જીવનનો અધિકાર છે પણ જીવનનો અંત લાવવાનો એટલે કે મૃત્યુનો અધિકાર નથી.

અહીં એ કેસ ઈચ્છામૃત્યુનો નહોતો, પણ આપઘાત માટે દુષ્પ્રેરણાનો હતો. જ્ઞાન કૌર અને તેમના પતિ હરબંસ સિંહ સામે તેમની પુત્રવધૂ કુલવંત કૌરને આત્મહત્યા માટે ઉશ્કેરવા બદલ દોષિત ઠેરવવામાં આવ્યા હતા. સુપ્રીમ કોર્ટે આઈપીસીની કલમ ૩૦૯ હેઠળ આત્મહત્યાનો પ્રયાસ અને કલમ ૩૦૬ હેઠળ આત્મહત્યા માટે ઉશ્કેરણીને ફોજદારી અપરાધ ગણાવ્યા હતા. સુપ્રીમ કોર્ટે આ ચુકાદા દ્વારા જીવંત વ્યક્તિની હત્યા અને તબીબી સારવારનો ઇનકાર કરીને પેસિવ યુથેનેશિયા (નિષ્ક્રિય ઈચ્છામૃત્યુ) વચ્ચેનો તફાવત પણ સ્પષ્ટ કર્યો હતો. પણ ઈચ્છામૃત્યુને માન્યતા નહોતી આપી.

ભારતમાં એ વખતે ઈચ્છામૃત્યુ વિશે કોઈ સભાનતા નહોતી તેથી તેના વિશે બહુ ચર્ચા નહોતી થતી, પણ ૨૦૦૫માં કોમન કોઝ સંગઠને ઈચ્છામૃત્યુને કાયદેસર બનાવવાની પહેલી અરજી કરી પછી તેની ચર્ચા શરૂ થઈ. અરજીમાં રજૂઆત થઈ હતી કે, વ્યક્તિ પોતાના જીવતાં વસિયત બનાવીને કોઈ બિમારીના કારણે લાઈફ સપોર્ટ સિસ્ટમના ભરોસે જીવતો હોય ત્યારે મૃત્યનો અધિકાર મળે એવું લખાણ કરે તો તેને ઈચ્છામૃત્યુનો અધિકાર મળવો જોઈએ. પાંચ વર્ષ સુધી કાચબાની ગતિએ કેસ ચાલતો રહ્યો ત્યાં સુધી કોઈને આ વાતમાં રસ નહોતો પણ ડીસેમ્બર, ૨૦૧૦માં પત્રકાર પિંકી વિરાણીએ અરૂણા શાનબાગને ઈચ્છામૃત્યુ આપવાની અરજી કરતાં જ આ મુદ્દો ગાજવા માંડ્યો.

આમેય અરૂણાનો કેસ પહેલાંથી ચર્ચામાં હતો તેથી સુપ્રીમ કોર્ટ તાત્કાલિક હરકતમાં આવી. જાન્યુઆરી ૨૦૧૧માં સુપ્રીમ કોર્ટે ત્રણ સભ્યોના મેડિકલ બોર્ડ પાસે અરૂણા અંગે રિપોર્ટ માંગ્યો. મેડિકલ બોર્ડે રિપોર્ટ આપેલો કે, અરૂણાનાં મોટા ભાગનાં અવયવો કાયમી રીતે વેજીટેટિવ સ્થિતીમાં છે ને તે ફરી હરીફરી શકે તેવી કોઈ શક્યતા નથી. તેના આધારે માર્ચ ૨૦૧૧માં સુપ્રીમ કોર્ટે ઐતિહાસિક ચુકાદો આપીને પરોક્ષ ઈચ્છામૃત્યુને મંજૂરી આપી પણ કેટલીક શરતો મૂકેલી તેથી અરૂણાને ઈચ્છામૃત્યુ ના મળ્યું.

સુપ્રીમનો ચુકાદો એવો હતો કે, દર્દીની લાઈફ સપોર્ટ સિસ્ટમ બંધ કરવાનો નિર્ણય માતા-પિતા, જીવનસાથી કે નજીકનાં સગાં અને તેમની ગેરહાજરીમાં નજીકના મિત્ર દ્વારા મેડિકલ બોર્ડની ભલામણ પછી લઈ શકે ને તેના પર હાઈ કોર્ટની મંજૂરીની મહોર મારેલી હોવી જોઈએ. અરૂણાના કેસમાં સુપ્રીમે વરસોથી અરૂણાની સારવાર કરતી કેઈએમ હોસ્પિટલની નર્સોને અરૂણાની નેક્સ્ટ ફ્રેન્ડ ગણાવેલી. કેઈએમની નર્સો અરૂણાની સપોર્ટ સિસ્ટમ હટાવવા નહોતી માગતી તેથી તેને ઈચ્છામૃત્યુ ના મળ્યું. અલબત્ત, ઈચ્છામૃત્યુને શરતી મંજૂરી ૨૦૧૧માં મળી ગયેલી ને તેનો યશ પિંકી વિરાણીને જાય છે.

સુપ્રીમ કોર્ટે ૨૦૧૮માં કોમન કોઝની અરજી પર ચુકાદો આપેલો કે, કોઈ વ્યક્તિ પોતાની ઈચ્છાથી મરી જવા માગતી હોય તો કાયદેસર ગણાશે અને વેજીટેટિવ સ્ટેટમાં જીવતી વ્યક્તિને આ અધિકાર મળશે. વ્યક્તિના શ્વાસ ચાલતા હોય અને તેને દાક્તરી ભાષામાં જીવંત કહી શકાય પણ તે મૃતઃપ્રાય અવસ્થામાં પથારીમાં પડી હોય, લાઈફ સપોર્ટ સિસ્ટમના આધારે જીવતી હોય ને તેના ફરી હરતાફરતા થવાના કોઈ ચાન્સ ના હોય એવી વ્યક્તિને વેજીટેટિવ સ્થિતિ કહેવાય. સુપ્રીમ કોર્ટે એક્ટિવ યુથેનેસિયા એટલે કે સક્રિય ઈચ્છામૃત્યુ પરનો પ્રતિબંધ ચાલુ રાખ્યો હતો મતલબ કે, પરાણે મેડિકલ સાયન્સના જોરે જીવતી રખાયેલી વ્યક્તિની લાઈફ સપોર્ટ સિસ્ટમ હટાવી લેવાય તેથી વ્યક્તિ ધીરે ધીરે મૃત્યુ પામે પણ દર્દીને ઝેર કે પછી પેઈન કિલર ઈંજેક્શનનો ઓવરડોઝ આપીને મૃત્યુ ના આપી શકાય. ફિઝીશિયન આસિસ્ટેટ સુસાઈડ એટલે કે ડોક્ટરની મદદથી કરાતો આપઘાત હજુય ભારતમાં પ્રતિબંધિત જ છે.

સુપ્રીમ કોર્ટે પરોક્ષ ઈચ્છામૃત્યુ માટે પણ ચોક્કસ નિયમો બનાવ્યા છે. વ્યક્તિ પોતે વસિયત બનાવીને ક્યાં સંજોગોમાં પોતાને પરોક્ષ ઈચ્છામૃત્યુ આપવું તે પહેલાંથી નક્કી કરી શકે છે. આ વસિયતનો અમલ કોણ કરશે તેનો ઉલ્લેખ ફરજિયાત છે. વસિયતનો અમલ કરવા માટે મેડિકલ બોર્ડનો અભિપ્રાય ફરજિયાત છે તેથી ડોક્ટરોને લાગે કે, વ્યક્તિને વધારે જીવાડવાનો અર્થ નથી ત્યારે જ તેને પરોક્ષ ઈચ્છામૃત્યુ આપી શકાય છે.

હરીશ રાણાના કેસમાં હરીશ અકસ્માતનો ભોગ બનીને કોમામાં જતો રહ્યો હતો તેથી વસિયત લખવાનો પ્રશ્ન નહોતો તેથી સુપ્રીમ કોર્ટે પોતાની વિવેકબુદ્ધિ વાપરીને ઈચ્છામૃત્યુની મંજૂરી આપી છે. સુપ્રીમ કોર્ટનો આ અભિગમ પ્રસંશનિય કહેવાય કેમ કે દરેક કેસમાં વસિયત ન લખેલું હોય પણ દર્દી મરવાના વાંકે જીવતો હોય તેની કિંમત પરિવારે ચૂકવવી પડતી હોય છે. હરીશનો પરિવાર પણ એ કિંમત ચૂકવતો હતો, સુપ્રીમ કોર્ટે માનવતા દાખવીને તેને રાહત આપી છે. ■

## રેપનો ભોગ બનેલી નર્સ અરુણા ૪૧ વર્ષ કોમામાં રહી...





અરુણા શાનબાગ

અરુણા શાનબાગ મુંબઈ- પરેલની 'કિંગ એડવર્ડ મેમોરિયલ (કેઈએમ) હોસ્પિટલ'માં જુનિયર નર્સ હતી. મૂળ કર્ણાટકના કરવાર જિલ્લાના હલદીપુરની અરુણા ૧૯૬૬માં ૨૧ વર્ષની ઉંમરે હોસ્પિટલમાં જોડાઈ ત્યારે અત્યંત આકર્ષક-રૂપાળી હતી. સોહનલાલ ભરથા વાલ્મીકિ નામના વોર્ડબોયે અરુણાને ખેંચવા પ્રયત્ન કર્યા પણ અરુણાએ ભાવ ના આપતાં ૨૭ નવેમ્બર, ૧૯૭૩ની રાત્રે હોસ્પિટલમાં જ અરુણા પર પાશવી બળાત્કાર ગુજાર્યો. સોહનલાલે કૂતરાની ચેઈન અરુણાના ગળા ફરતે વીંટીને બળાત્કાર કરેલો તેથી અરુણાના મગજ સુધી લોહી અને ઓક્સિજન પહોંચતાં બંધ થઈ ગયાં ને અરુણા બ્રેન ડેડ થઈ ગઈ.

બીજા દિવસે અરુણા મૃતઃપ્રાય અવસ્થામાં મળી પછી તરત સારવાર માટે ખસેડાઈ પણ તે બ્રેન ડેડ થઈ ચૂકી હતી. થોડા દિવસની સારવાર પછી હોસ્પિટલ મેનેજમેન્ટને લાગ્યું કે, અરુણા નહી જીવે તેથી તેના પરિવારને સોંપી દેવા કહ્યું પણ હોસ્પિટલની નર્સોએ તેની સારવાર કરવાનું બિડું ઉઠાવીને પૂરાં ૪૧ વર્ષ લગી તેમની સેવા કરી. અરુણા ૪૧ વર્ષ કોમામાં રહીને ૧૮ મે, ૨૦૧૫ના રોજ ગુજરી ગઈ. મેડિકલની ભાષામાં વેજીટેટિવ સ્ટેટ કહેવાય છે તેવી અવસ્થામાં જીવતી અરુણાનો શ્વાસ ચાલતો હતો પણ તેના અસ્તિત્વનો કોઈ અર્થ નહોતો. ગુજરાતીના લોકપ્રિય લેખક અને 'ચિત્રલેખા' ના પથદર્શક તંત્રી હરકિશન મહેતાએ આ ઘટના પરથી પ્રેરણા લઈને 'જડ-ચેતન' નવલકથા લખી હતી. એ કથા પરથી 'ખામોશી' નામની ટીવી સિરિયલ પણ સર્જાઈ હતી.

મોર્નિંગ મ્યૂસિંગ
રાજ ગોસ્વામી
feedback@bombaysamachar.com

# આઝાદી ને કપડાં વચ્ચે અટવાયેલી છોકરીઃ કપડાંની લંબાઈથી ચરિત્રનું માપ?

**દિલ્હીમાં**, સમીના મિશ્રા નામની એક ડોક્યુમેન્ટરી ફિલ્મકાર, લેખક અને શિક્ષક છે. તે બાળકોના શિક્ષણ અને તેમના મુદ્દાઓ પર કામ કરે છે. સમીના 'હમ હિન્દુસ્તાની' પોએટ્રી પોડકાસ્ટ ચલાવે છે, જેમાં બાળકો કવિતા મારફતે તેમના વિચારો અને ભાવનાઓ વ્યક્ત કરે છે. તાજેતરમાં, સમીનાનો એક ઇન્ટરવ્યૂ સાંભળવા મળ્યો હતો. તેમાં એક વાત બહુ સ્પર્શી ગઈ.


સમીનાએ ઝારખંડમાં એક વર્કશોપ કર્યો હતો. તેમાં અનેક બાળકોએ ભાગ લીધો હતો. એમાં એક વિષય હતો :

'આઝાદી.' .... સમીનાનું કહેવું હતું કે આઝાદી એટલે શું તેની વાત બાળકો તેમના બેકગ્રાઉન્ડ અનુસાર કહેતાં હોય છે.

એમાંય છોકરા માટે જે આઝાદી હોય છે, છોકરીની આઝાદી તેના કરતાં અલગ હોય છે. પછી સમીનાએ કહ્યું કે એ વર્કશોપમાં એક નાની બાળકી આઝાદી પર કવિતા લખી તેમાં એક સૂચક પંક્તિ હતી-

'આઝાદી મેરા ઘર હૈ, જહાં મેં છોટે કપડે પહેન સકતી હું.'

આ એક લાઈન ભારતમાં કપડાંને લઈને સ્ત્રીઓને કેવી રીતે આંકવામાં આવે છે તેની કડવી સચ્ચાઈ બયાન કરે છે.



ઘર, જેને આપણે સૌથી સુરક્ષિત સ્થાન માનીએ છીએ, ત્યાં 'ટૂંકાં કપડાં પહેરી શકવાની' વાત જો આઝાદી બની જાય તો સમજવું જોઈએ કે બહારની દુનિયા કેટલી નિયંત્રણકારી છે. એક નાની બાળકીના મનમાં આ વિચાર ક્યાંથી આવ્યો? એને કોણે શીખવ્યું કે કપડાંનું કદ એની સલામતી, એની ઈજ્જત અને એની સ્વીકાર્યતા સાથે જોડાયેલું છે?

આ પ્રશ્ન માત્ર એક વર્કશોપ કે એક બાળકીનો નથી. આ સમગ્ર સામાજિક માનસનો પ્રશ્ન છે. આપણા સમાજમાં સ્ત્રીના કપડાંને તેના ચરિત્ર સાથે જોડવાની પરંપરા બહુ જૂની છે. 'સંસ્કારી' અને 'અસંસ્કારી'ના માપદંડમાં ઘણીવાર કપડાં સૌથી પહેલી કસોટી બને છે. છોકરી શું પહેરે છે, કેટલું ઢાંકે છે, કેટલું દેખાય છે- આ બધું જ લોકોની ટોકાટોકનો વિષય બની જાય છે.

અહીં વિચાર કરવાની વાત એ છે કે છોકરાઓ માટે આઝાદીનો અર્થ મોટેભાગે બહાર જવાની, મિત્રો સાથે ફરવાની, કારકિર્દી બનાવવાની કે પોતાના સપનાંઓ પાછળ દોડવાની હોય છે, જ્યારે ઘણી છોકરીઓ માટે આઝાદીનો અર્થ હજી પણ શરીર પરનો અધિકાર છે. તે શું પહેરે, કેવી રીતે ચાલે, ક્યારે બહાર જાય, આ બધું જ હજી પણ પરિવાર અને સમાજના દેખરેખ હેઠળ હોય છે.

ઘણીવાર 'સુરક્ષા'ના નામે કપડાં પર નિયંત્રણ મૂકવામાં આવે છે. કહેવામાં આવે છે કે 'અમને તારી ચિંતા છે,' 'સમાજ ખરાબ છે,' 'લોકો શું કહેશે?' પરંતુ આ ચિંતા ઘણીવાર મૂળ પ્રશ્નને ઢાંકી દે છે; પ્રશ્ન કપડાંનો નથી, પ્રશ્ન નજરનો છે. જો કોઈની નજરમાં ખોટ હોય તો તેની જવાબદારી કપડાં પર કેમ મૂકી દેવી?

વિડંબના એ છે કે જ્યારે પણ કોઈ સ્ત્રી પર અત્યાચાર થાય ત્યારે પહેલી ચર્ચા એના કપડાંની થાય છે. જાણે ગુનો કોઈ વ્યક્તિએ નહીં, પણ કપડાંએ કર્યો હોય. આ માનસિકતા પીડિતાને જ કઠેડામાં ઊભી કરે છે. 'તેણે શું પહેર્યું હતું?'-

આ સવાલ ગુનેગારને નહીં, સ્ત્રીની ઊલટતપાસ લે છે.

આ વલણનો પ્રભાવ ખૂબ ઊંડો છે. છોકરીઓ બાળપણથી જ શીખી જાય છે કે તેમણે 'સાવધાન' રહેવાનું છે. તેનું શરીર તેનું નથી, પણ પરિવારની ઇજ્જતનું પ્રતીક છે એટલે તેણે એવું જ પહેરવાનું છે જેમાં ઈજ્જત સચવાય. અને જ્યારે શરીર પરનો અધિકાર છીનવાઈ જાય ત્યારે આત્મવિશ્વાસ પણ ધીમે ધીમે ઘટે છે.

જોકે કપડાં વ્યક્તિની નૈતિકતા નક્કી કરતા નથી. નૈતિકતા વર્તનથી આવે છે, સંવેદનાથી આવે છે, અન્ય પ્રત્યેના આદરથી આવે છે. એક વ્યક્તિ સાદા કપડાંમાં પણ અસંવેદનશીલ હોઈ શકે, અને આધુનિક વસ્ત્રોમાં પણ અત્યંત સંસ્કારી અને જવાબદાર હોઈ શકે. અહીં પ્રશ્ન પરંપરા વિરુદ્ધ આધુનિકતાનો નથી. સાડી, સલવાર-કમીઝ કે જીન્સ, આ બધાં વસ્ત્રો જ છે. પ્રશ્ન એ છે કે પસંદગીનો અધિકાર કોના હાથમાં છે? જો કોઈ સ્ત્રી સાડી પહેરવા માંગે, તો તેની પસંદ છે અને જો કોઈ જીન્સ કે સ્કર્ટ પહેરવા માંગે તો એ પણ એની પસંદ છે. સાચી આઝાદી પસંદગીમાં છે, વસ્ત્રમાં નહીં.

સમીનાની વર્કશોપમાં બાળકીની કવિતા એક ચેતવણી જેવી છે. તે બતાવે છે કે નાની ઉંમરે જ છોકરીઓ સમજી જાય છે કે બહારની દુનિયામાં તેમને કપડાંથી આંકવામાં આવશે એટલા માટે તેનું ઘર તેની આઝાદીનું રક્ષક બની જાય છે, પરંતુ શું સમાજનું લક્ષ્ય એવું ન હોવું જોઈએ કે આખી દુનિયા જ દરેક બાળક માટે સુરક્ષિત બને?



આ દિશામાં બદલાવ ધીમે ધીમે આવી રહ્યો છે. વધુ સ્ત્રીઓ શિક્ષિત બની રહી છે. આર્થિક રીતે સ્વતંત્ર બની રહી છે અને પોતાના અવાજ સાથે આગળ આવી રહી છે. સોશ્યલ મીડિયા અને જાહેર ચર્ચાઓ પણ આ મુદ્દાને કેન્દ્રમાં લાવે છે. હવે વધુ લોકો સમજવા લાગ્યા છે કે સ્ત્રીનાં કપડાં તેના ચરિત્રનો માપદંડ નથી.

૨૦૧૬માં સ્ત્રીઓના હેરેસમેન્ટ પર આવેલી 'પિંક' ફિલ્મની ચર્ચાને આગળ ધપાવતાં, ફિલ્મમાં મહત્ત્વનો કિરદાર અદા કરનારા અમિતાભ બચ્ચને (તે વખતે ૪ અને ૧૮ વર્ષની) તેમની બે પૌત્રીઓ, આરાધ્ય અને નવ્યાને એક પત્રમાં લખ્યું હતું;

'લોકોના જજમેન્ટના પડછાયામાં ના જીવશો. ખુદના વિચારો અનુસાર નિર્ણય કરજો. કોઈને પણ એટલો હાવી થવા ના દેશો કે તમને ખુદ એવું લાગવા માંડે કે તમારા સ્કર્ટની લંબાઈ તમારા કેરેક્ટરનો માપદંડ છે. કોઈને પણ એવી સલાહ આપવાની ઈજાજત ના આપશો કે તમારા ફ્રેન્ડ્સ કોણ અને કેવા હોવા જોઈએ.'

બચ્ચનજીએ આવું લખવું પડે છે તે બતાવે છે કે સમાજમાં હજી પણ કામ ઘણું બાકી છે. માતા-પિતા, શિક્ષકો અને સમાજને મળીને બાળકોને શીખવવું પડશે કે આદર નજરમાં હોવો જોઈએ, નિયંત્રણમાં નહીં. છોકરાઓને શીખવવું પડશે કે સ્ત્રીનું શરીર તેમની ઇચ્છાઓઓનો વિષય નથી. અને છોકરીઓને સમજાવવું પડશે કે તેમનું મૂલ્ય તેમના વસ્ત્રોથી ઘણું વિશાળ છે. અને ત્યારે કોઈ બાળકી કવિતામાં લખશે- 'આઝાદી મેરા દેશ હૈ, જહાં મેં બિના ડર કે જી સકતી હું.' તે દિવસ સુધી, આપણને જાતને પૂછવું પડશે- અમે કપડાંને જોઈ રહ્યા છીએ કે મનુષ્યને? અને જો જવાબ કપડાં હોય તો બદલાવની શરૂઆત આપણી જ અંદરથી કરવી પડશે. ■

કેનવાસ

અભિમન્યુ મોદી
feedback@bombaysamachar.com

# પૃથ્વીના ગોળા ઉપર વસતા મનુષ્યોને વર્તુળનું વળગણ!

ટમેટું રે ટમેટું, ગોળ ગોળ ટમેટું...

આ જોડકણું સાંભળીને બધા મોટા થયા છે. આ છાપું જે અંગ થકી વાંચી શકાય છે એ આંખની કીકી ગોળ છે અને આ દુનિયા પણ ગોળ છે. બધું ગોળ છે. સૃષ્ટિનો કોઈ તાગ મેળવી શક્યું નથી કે આખું બ્રહ્માંડ કોઈ જોઈ શક્યું નથી પણ એ પણ ગોળ જ છે એવું ખાતરી સાથે કહી શકાય. ગોળ-આકાર આપણી ઉપર રાજ કરે છે ને માણસોને ગોળાકાર બધું જ ગમે છે. આદીમાનવોના સમયથી આજના આધુનિક સમય સુધી માનવજાતનું ગોળ-આકાર માટેનું વળગણ છૂટ્યું નથી. ઈરાન ઉપર ફેંકાતા મિસાઈલનો આકાર પણ ગોળ છે અને ટ્રમ્પ જે માઈકમાં બોલે છે એ પણ ગોળ છે.

દુનિયાના કોઈ પણ ખૂણે નજર કરો, ગોળાકાર જ ગોળાકાર. અનેક આકારોમાંથી કેમ ગોળ-આકાર જ શીર્ષાસન ઉપર બેઠેલો છે? બીજા બધા આકાર કેમ નીચી પાયરીના છે? માણસને ગોળાકાર વસ્તુનું આટલું બધું વળગણ કેમ છે?

ડીશ ગોળ છે. પ્લેટ ગોળ છે. સમયને માપતી ઘડિયાળ ગોળ છે. આપણા દિવસ અને રાત બનાવતા સૂરજ અને ચંદ્ર પણ ગોળ છે. આકાશમાં ઉડતા પ્લેનના પૈડા કે ખાડાવાળા રોડ પર ચાલતા ગાડાના વ્હીલ પણ ગોળ છે. જેના થકી દુનિયા ચાલે છે એ ચલણી નાણાંના મુખ્ય એકમ સમા સિક્કા પણ ગોળાકાર જ છે.

બધું જ સર્કલ ને રાઉન્ડ કેમ? ચાર રસ્તા ઉપર પણ સર્કલ-રાઉન્ડ અબાઉટ બને તે ગોળ હોય છે. ત્યાં ગોળ આકૃતિ ન હોય તો પણ એને માણસો કહે તો ચોકડી કે સર્કલ જ, અર્થાત ગોળાકાર. માનવજાત ગોળ-આકારથી ઘેરાયેલી છે. ખુદ એક ગોળ બબલની અંદર રહે છે. એલિયન્સ પૃથ્વીની મુલાકાત લે તો સમરીમાં એવું કહે કે





'પૃથ્વીના આ જીવોને ગોળ-આકારનું ઘેલું લાગ્યું છે...'

સહેજ પણ ભણેલા હશો તો એનો જવાબ એવો આવશે કે ગોળાકાર એ વ્યવહારું છે. ઈજનેરો કે ગણિતજ્ઞ એમ કહેશે કે કેન્દ્રથી સપાટી પરના દરેક બિંદુનું અંતર સમાન થાય એવો એકમાત્ર સીમેટ્રીકલ આકાર ગોળ છે માટે તેની ઉપયોગિતા વધુ છે. ચોરસ પૈડાવાળી સાઇકલ ચલાવવી અઘરી પડે. ફિઝિક્સના નિષ્ણાતો કહેશે કે ગોળ-આકાર એકદમ ડેમોક્રેટિક છે એટલે કે દરેક બિંદુ ઉપર આવતું પ્રેશર એકસમાન હોય માટે આવો આકાર તણાવ વધુ સમય સુધી સહન કરી શકે. કેમેસ્ટ્રિના નિષ્ણાત કહેશે કે જુવો ને, અણુ-પરમાણું કે ઈલેક્ટ્રોન કે પ્રોટોન પણ ગોળ જ છે ને.

કુદરતને પણ ગોળ-આકાર જ ફાવે છે. ગુરુત્વાકર્ષણ બળનો પ્રિય આકાર એક જ છે. પાણીની બુંદો કે પરપોટા પણ ગોળ જ બની જાય. જાણે આખો સંસાર આપણને કહેતો હોય કે ટકી રહેવું હોય તો વર્તુળનો આધાર લો, ખૂણા જેવા અણીદાર થવા જશો તો બટકી જશો.

બીજી તરફ, જે વાત આપણા હાથમાં છે એમાં પણ આપણે ગોળ-આકારનો જ આધાર લીધો છે. સગાઇ થાય ત્યારે વીંટી પહેરાવીએ તે ગોળ છે. તે ચોરસ નથી, ત્રિકોણ નથી. વર્તુળ છે. કેમ? વર્તુળને કોઈ છેડો નથી હોતો માટે એ અનંતની વાટ કહેવાય. ફોરેવર. શાશ્વત. ગોળ-આકાર સનાતન છે.

'મૈ સમય હૂં'- આ વાક્યથી મહાભારત સિરિયલની શરૂઆત થતી અને અવકાશમાં એક ચક્ર ફરતું દેખાતું. વર્ષની ઋતુઓની ઘટમાળ પણ મૌસમના ચક્ર તરીકે ઓળખાય છે. અસ્તિત્વની ફિલસૂફી જ આ છે. એક ચક્રના દાંતામાં રહેલો બીજા ચક્રનો દાંતો. આ બધાં ચક્રો એક વિશાળ ચક્રને અવિરત ફેરવતા રહે. એ વિશાળ ચક્રને જ આપણે નસીબ કહેતા હોઈશું?

અત્ર તત્ર સર્વત્ર વર્તુળ છે. કર્મનું ચક્ર પણ ગોળ છે. ગોળ આકાર એકદમ અહિંસક આકાર છે. બીજા આકારોમાં તીક્ષ્ણ ખૂણા છે. વર્તુળ સંતુલિત છે. શરૂઆત અને અંત ખબર ન હોવાના કારણે કોઈ બિંદુનો અહમ જોખમાતો નથી. મા-બાપ બાળકને ઉછેરે. બાળક ગોળ ગર્ભાશયમાં ગોળ-આકારે ગોઠવાયેલું હોય. એ જ મા-બાપ ઘરડા થાય ને એની કરોડરજ્જુ ગોળ વળી જાય ત્યારે તેમને તેનાં બાળકો વ્હીલચેરમાં બેસાડીને સાચવતા હોય છે.

ગોળ શું માત્ર આકાર છે? જો સત્યને ઈશ્વર કહી શકાતું હોય તો ગોળ-આકારને પણ ઈશ્વર ન કહી શકાય? વિચારવા જેવું ખરું ... ■

બ્રાન્ડ બનશે બિઝનેસ વધશે

સમીર જોશી
feedback@bombaysamachar.com

# બ્રાન્ડ માટે તો આખું વર્ષ વુમન્સ-ડે

ગયા રવિવારે વુમેન્સ- ડે વિવિધ જગ્યાઓએ વિવિધ રીતે ઉજવી સ્ત્રીઓને માન આપ્યું. અલગ અલગ બ્રાન્ડ્સ આ દિવસે સ્ત્રીને સ્પેશ્યલ ફીલ કરાવવાના નુસ્ખાઓ ગોતે છે. સમય સાથે સમાજમાં પણ બદલાવ આવ્યા છે અને સ્ત્રીના જીવનમાં પણ બદલાવ આવતા રહે છે. એક સમય હતો જયારે સ્ત્રીને સમાજમાં જોઈએ તેટલું મહત્ત્વ નહોતું મળતું પણ આજે એવું નથી. એમના માટે લોકોને માન છે, કારણ કે તેમણે પોતાને પુરુષ સમોવડી બનાવીને સફળતા મેળવી છે.

આજે આ વિષય પર વાત કરવાનું કારણ તે કે આજની સ્ત્રીને સમજવાની જરૂર છે. ફક્ત વુમેન્સ - ડે માનવાથી નહિ ચાલે. તે એક દિવસ માટે તેમને મહત્ત્વ આપવા, સેલ વધારવાના મોકા તરીકે ઠીક છે, પણ બ્રાન્ડસે આ દિવસની પરે વિચારવું પડશે અને વર્ષ દરમિયાન આવી વાતો લાવવી પડશે.

એ બધામાં ય સૌથી અગત્યની વાત છે સ્ત્રી સમાનતાની. આ વર્ષે પણ ઘણી બ્રાન્ડ્સ આવી વાત- વિચાર લઈને આવી. જોવા જઇએ તો સમાનતાનો મુદ્દો નવો નથી પણ હજુ આ મુદ્દો ઘણી વાતમાં જોવા મળે છે. ઉદાહરણ તરીકે, એક બ્રાન્ડે સમાનતાનો વિષય અલગ રીતે રજૂ કર્યો, જેમકે આપણે કહીયે છીએ કે લેડી ડોક્ટર, લેડી ડ્રાઈવર, લેડી પાઈલટ વગેરે. આજ વાત પુરુષો માટે નથી કહેવાતી, જેમ કે મેલ પાઈલટ, મેલ ડોક્ટર, વગેરે. જો કાર્ય સમાન છે, કાર્ય કરવાની પદ્ધતિ સમાન છે તો પછી કોણ તે કાર્ય કરે છે તેમાં ભેદભાવ શા માટે? આવો મેસેજ એ બ્રાન્ડે સમાનતાના નેજા હેઠળ આપ્યો.

બ્રાન્ડસે સમાનતા ઉપરાંત નવા વિષયો ગોતી તેની વાત કરવી પડશે. ઉદાહરણ તરીકે, આજની સ્ત્રીને લાગે છે કે માતા બનવાથી પોતે પોતાના કરિયરનું બલિદાન આપવું પડે છે



અથવા માસિક કે મેનોપોઝ જે સ્ત્રીના જીવનનો ભાગ છે અથવા ઘર અને ઓફિસ બંને તે સહજતાથી સંભાળી શકે છે, લગ્ન ક્યારે કરવા કે પછી પોતાની જિંદગી કઇ રીતે જીવવી તેનો પસંદગી કે હક વગેરે જેવા વિષયો પર પણ વાત થઇ શકે.

વુમેન્સ- ડે ને આટલું મહત્ત્વ કેમ છે? ક્યારેય મેન્સ - ડે ને આટલું મહત્ત્વ મળ્યું છે ખરું? માનો કે ન માનો, પણ પુરુષ માર્કેટિંગની દૃષ્ટિએ એ પણ ઘરની હરેક ખરીદીમાં તેનો મત ઘણો અગત્યનો છે.... શું બ્રાન્ડ્સ આવા ટાર્ગેટ સેગ્મેન્ટને પેમ્પર નહિ કરે, જે તેને તેની પ્રોડક્ટના વેંચાણમાં મદદરૂપ બને છે...

બીજી તરફ કોઈ પણ બ્રાન્ડ માટે સ્ત્રી એક પોટેન્શિયલ બાયર- સંભવિત ખરીદનાર છે, જેને કન્વિન્સ કરવી ધારો તેટલું આસાન નથી.

આજની આ સ્ત્રીને વધુ સમજવાની કોશિશ કરીએ. જેથી તેને માલ વેચવો આસાન થાય. આજની સ્ત્રી પોતાનો આગવો મત ધરાવે છે. એની પોતાની આઇડેંટિટી છે- કરિયર છે, સ્વતંત્ર વિચાર ધારા છે. એને શું જોઈએ છે અને શા માટે જોઈએ છે એ વિશે તે નિશ્ચિત છે. તે કરિયર અને ઘર બંને સારી રીતે બેલેન્સ કરે છે. તે કોઈ પણ ચીજનું આંધળુ અનુકરણ નથી કરતી. પછી તે પોતાના બાળકે કયા ટ્યૂશન ટીચર પાસે જવું કે કયા સાબુથી નહાવું તેની બધી માહિતી ડીટેલમાં મેળવી પછી જ અંતિમ નિર્ણય લેશે... અને હાં, ક્યારે બાળક પ્લાન કરવું તેના માટે પણ તે ક્લિયર છે, કારણ કે એ પોતાના સંતાનને બેસ્ટ લાઈફ આપવા માગે છે. આવી સ્ત્રી ઘરની લગભગ બધી જ ખરીદીમાં મહત્ત્વનો ભાગ ભજવે છે પછી તે દાળ-ચોખા હોય કે ઘરમાં દીવાલો પર કયો રંગ કરવો. કદાચ કાર કઈ ખરીદવી તે પુરુષ નક્કી કરતો હશે પણ કારના કલરની પસંદગીમાં તેનો નિર્ણય અંતિમ હશે. જ્યારે આવી પર્સનાલિટી એક સ્ટ્રોંગ બાયર તરીકે સ્થાપિત થતી હોય ત્યારે બ્રાન્ડસ માટે તેનો અભ્યાસ આવશ્યક થઈ જાય છે. આજની સ્ત્રીની પર્સનાલિટીના આવાં બીજા ઘણા પાસા હશે જે બ્રાન્ડસ રિસર્ચ દ્વારા શોધી પોતાના કમ્યુનિકેશનમાં ઉપયોગમાં લઇ શકાય.

આ બધા વચ્ચે સૌથી મહત્ત્વનું એ છે કે સ્ત્રી વિશેના કેમ્પેઇન ફક્ત વુમેન્સ ડે સુધી સીમિત ન રાખતા તેને સમયાંતર પ્લાન કરતા રહો. આનો સૌથી મોટો ફાયદો તે થશે કે કન્ઝ્યુમર ખાસ કરીને સ્ત્રી કન્ઝ્યુમર તમને તકવાદી ન સમજતા તમે ખરેખર સ્ત્રીને માન આપવા વાળી બ્રાન્ડ છો તેવી છાપ એનાં મનમાં દૃઢ થશે. ■

ફોકસ પ્લસ

ધિરક બસાક
feedback@bombaysamachar.com

## શિગ્મો ઉત્સવ

# ગોવાની લોક આત્માનો રંગોત્સવ

ગોવા પોતાની સુંદરતા અને સમુદ્રને કારણે પર્યટકોની વચ્ચે લોકપ્રિય છે. સાથે જ સમૃદ્ધ લોક સંસ્કૃતિ માટે પણ લોકોમાં પ્રસિદ્ધ છે. આ સમૃદ્ધ સંસ્કૃતિનું જીવંત અને રંગીન પ્રતીક એટલે શિગ્મો ઉત્સવ. આ પર્વ ગોવાના ગ્રામીણ જીવન, લોક પરંપરાઓ, લોકનૃત્ય અને ઐતિહાસિક સ્મૃતિઓનો સંવેદનશીલ અને સામૂહિક ઉત્સવ છે.

ખરેખર તો શિગ્મો ઉત્સવ ગોવાનો પારંપરિક વસંત ઉત્સવ છે. જે હોળી બાદ શરૂ થાય છે. આ વખતે આ ફેસ્ટિવલ પાંચ માર્ચથી લઈને ૧૮ માર્ચ સુધી આયોજિત કરવામાં આવ્યો છે. એમાં ખેડૂતો, મજદૂરો અને ગ્રામીણ સમુદાયની જીવનશૈલી, તેમની આસ્થા અને ઐતિહાસિક વારસાને ભવ્યતાથી વ્યક્ત કરવામાં આવે છે. શિગ્મોનો અર્થ થાય છે શિશિરોત્સવ એટલે કે શીત ઋતુનો અંત અને વસંતનું આગમન.

આ ઉત્સવ અનેક વર્ષોથી ગોવાના પ્રસિદ્ધ સમુદાય દ્વારા મનાવવામાં આવે છે. પાકની લણણી બાદ જ્યારે ખેડૂત પોતાની મહેનતનું ફળ પામીને સંતુષ્ટ થાય છે ત્યારે કુદરત અને ભગવાન પ્રતિ આભાર વ્યક્ત કરે છે. એ કડીમાં જ શિગ્મો ઉત્સવ મનાવવામાં આવે છે.

ઈતિહાસકારો મુજબ આ પર્વ મનાવવાની પરંપરા એક હજાર વર્ષ જૂની છે. આ ઉત્સવ ગોવામાં વસતાં હિન્દુ સમુદાય માટે ખૂબ મહત્ત્વ ધરાવે છે. જોકે આજે એમાં તમામ સમાજના લોકો ઉત્સાહથી ભાગ લે છે. એમાં પણ સૌથી વિશેષતા પારંપરિક લોકનૃત્ય અને સંગીત છે.

આ નૃત્યમાં ગોવાના ગ્રામીણ જીવન, યુદ્ધ કથાઓ, પૌરાણિક પ્રસંગો અને સામાજિક ઘટનાઓને રજૂ કરવામાં આવે છે. એમાં પણ ઘોડે મોદની નૃત્ય સૌથી પ્રમુખ છે.

જે ખરેખર તો યોદ્ધાઓનું નૃત્ય છે. આ નૃત્ય ગોવાના વીર ઈતિહાસનું પ્રતીક છે. ત્યારબાદ પ્રમુખ નૃત્ય છે રોમાતામેલ. આ એક સામૂહિક નૃત્ય છે. એમાં કલાકારો ઢોલ-તાશાની ધૂન પર નાચે






છે. આ ઉત્સવમાં સૌથી વધારે જોવા મળે છે ફૂગડી અને જાગર. આ નૃત્યો દ્વારા ગોવાનો સાંસ્કૃતિક વારસો જીવંત રાખવામાં આવે છે.

શિગ્મો ઉત્સવ દરમિયાન અગત્યનાં શહેરો જેવા કે પણજી, મડગાંવ, વાસ્કો, પોંડા અને માપુસામાં ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવે છે. એમાં પૌરાણિક કથાઓ, ઐતિહાસિક ઘટનાઓ અને સામાજિક મુદ્દાઓ પર પ્રકાશ પાડવામાં આવે છે. રામાયણ, મહાભારત ગોવાના લોકદેવતાઓની કથા, પર્યાવરણ સંરક્ષણ અને સામાજિક જાગૃકતાનો સંદેશ આપવામાં આવે છે.

આ પરંપરા આધુનિક, સામાજિક ચેતનાનો અનોખો સંગમ દેખાડે છે. શિગ્મો ઉત્સવ ગ્રામીણ અને શહેરોમાં અલગ-અલગ મનાવવામાં આવે છે.

ગામડામાં આ વધુ પારંપરિક અને ધાર્મિક હોય છે. તો શહેરોમાં આયોજિત થનાર આ ફેસ્ટિવલ સાંસ્કૃતિક શોભાયાત્રાની સાથે વધુ ભવ્ય હોય છે.

શિગ્મો ઉત્સવ ગોવાની એક ઓળખ છે. આ ઉત્સવ લોકોને પોતાના ધર્મ સાથે જોડે છે અને પોતાની પરંપરા પર ગર્વ કરવાનો અવસર આપે છે.

- ▶ શિગ્મો ઉત્સવ દ્વારા પેઢીઓથી ચાલી આવતી લોક પરંપરાઓને સંરક્ષણ મળે છે.
- ▶ વિવિધ સમુદાયો વચ્ચે એકતા અને સહયોગ વધે છે.
- ▶ યુવા પેઢીને પોતાની પરંપરા સાથે જોડે છે. સાથે જ ગોવાની ઐતિહાસિક અને લોકકથાઓનું સંરક્ષણ કરે છે.
- – ગોવાના પર્યટન ઉદ્યોગ માટે અગત્યનું છે. આ ઉત્સવ દરમિયાન હજારો લોકો ગોવા જાય છે અને ત્યાંની સંસ્કૃતિ સાથે પરિચય કેળવે છે.
- ▶ ગોવાની સરકાર આ ફેસ્ટિવલને પ્રોત્સાહન આપે છે અને આંતરરાષ્ટ્રિય સ્તરે એનો પ્રચાર કરે છે.

શિગ્મો ઉત્સવ એક ઉદાહરણ છે કે એક સમાજ પોતાની પરંપરાઓ, ઈતિહાસ અને લોકજીવનને કેવી રીતે જીવિત રાખી શકે છે.

આજે જ્યારે આપણે આધુનિકતાની આંધળી દોટ લગાવી છે. એવામાં આ શિગ્મો ઉત્સવ આપણને શીખવે છે કે આપણી પરંપરા અને સંસ્કૃતિ સાથે જોડાઈ રહેવું ખૂબ અગત્યનું છે.

શિગ્મો ઉત્સવ ઈતિહાસ, આસ્થા, કળા અને જીવનના આનંદને એક સાથે માણવાનો અવસર આપે છે. ■

ટૂંકું ને ટચ

વિવેક કુમાર
feedback@bombaysamachar.com

# તમારા પેટ્સને આ રીતે બચાવો પ્રદૂષણથી...

**વર્તમાનમાં** પ્રદૂષણે માઝા મૂકી દીધી છે. ગ્લોબલ વોર્મિંગના સકંજામાં સૌ કોઈ આવી ગયા છે. દિવસે ને દિવસે પ્રદૂષણ વધી રહ્યું છે. એનાથી માત્ર માનવજાતિ જ નહીં, પરંતુ પશુ-પંખીઓ પણ પ્રભાવિત થાય છે. જાનવરોને પણ શ્વાસ સંબંધિ સમસ્યાઓ, ફેફસામાં કેન્સર અને એલર્જી જેવી બીમારીઓ થાય છે. આધુનિકતા અને ઔદ્યોગિકીકરણને કારણે ઇન્ડસ્ટ્રીમાંથી નીકળતા ઝેરીલા ગેસ, વાહનોમાંથી નીકળતો ધુમાડો અને દૂષિત પાણી આપણા પાલતુ જાનવરો પર ખરાબ અસર કરે છે. હવામાં રહેલી ધૂળના કણો, ધુમાડો, ફેક્ટરીઓમાંથી નીકળતો ઘોંઘાટ, પ્રોડક્શનને કારણે નિર્માણ થનાર ધૂળ-માટીને કારણે આપણા પેટ્સની સાંભળવાની ક્ષમતા પર અસર થાય છે. એવામાં પાલતુ જાનવરોને આ બધી સમસ્યાથી કઈ રીતે દૂર રાખી શકાય એ વિશે વિસ્તારથી જાણીએ.

## ઘરનું પ્રદૂષણ

આપણાં પેટ્સને સ્વસ્થ રાખવા માટે ઘરની અંદરની હવા શુદ્ધ હોવી ખૂબ જરૂરી છે. તહેવારમાં થનાર ફટાકડાંનો ધુમાડો, એર પ્યુરિફાયરથી નીકળતી પ્રદૂષિત હવાને કારણે ઘરના બારી-બારણા વ્યવસ્થિત બંધ રાખવા જોઈએ. પ્રદૂષિત હવાથી આંખોમાં ખંજવાળ, આંખ લાલ થવી, આંખમાંથી પાણી નીકળવા જેવી સમસ્યા આપણા પાલતુ જાનવરોને પણ થાય છે. એથી તેમની આંખોને આઈવૉશ કરીને આઇડ્રોપ્સનો ઉપયોગ કરવો જોઈએ.



## ઘરના સમારકામ દરમિયાન

ઘરમાં રંગરોગાન કરાવતી વખતે એમાં રહેલા કેમિકલ્સથી આપણી આંખો પર અસર થાય છે એવી જ રીતે આપણા પેટ્સ પર અસર થાય છે. ઘરમાં જ્યારે પણ કલરનું કામ થતું હોય તો એ દરમિયાન તેને ઘરની બહાર રાખવા. પેટ્સનાં વાસણોને પણ સારી રીતે ધોવા જોઈએ. તેમને ફિલ્ટરવાળું પાણી આપવું જોઈએ.

## પ્રદૂષણથી બચાવ

મોટાં શહેરોમાં શિયાળામાં પ્રદૂષણ ખાસ્સું એવું વધી જાય છે. એવા સમયે ડૉક્ટર પણ લોકોને બહાર વૉક કરવાની ના પાડે છે. કેમ કે એ વખતે પ્રદૂષણનું સ્તર ખૂબ હોય છે. સાથે હવાની ગુણવત્તા પણ સારી નથી હોતી. એથી પાલતુ જાનવરોને પણ એ સમયે બહાર ન લઈ જવા. જ્યારે ખૂબ જ જરૂરી હોય ત્યારે જ તેમને બહાર લઈ જવા. તેમને જ્યારે ઘરમાં લાવો ત્યારે તેમને ભીના ટુવાલથી સાફ કરવા, કેમ કે તેમનાં ફર પર લાગેલા વાતાવરણિય પ્રદૂષક ઘરનાં વાતાવરણને પ્રદૂષિત કરી શકે છે.

## અંદરનું વાતાવરણ સ્વચ્છ

ઘરની અંદર રહેતા હોઈએ તો પણ સ્વાસ્થ્ય સંબંધી બીમારીઓની શક્યતા હોય છે. ઘરને પ્રદૂષણ મુક્ત રાખવું ખૂબ જરૂરી છે. ઘરમાં અગરબત્તી, મીણબત્તી, ગૅસ સ્ટોવ, પરફ્યુમ અને અન્ય વસ્તુઓને કારણે પણ ઘરનું વાતાવરણ પ્રદૂષિત થાય છે. રસોઈ કરતી વખતે એક્ઝોસ્ટ ફેન ચાલુ રાખવો જોઈએ. જેથી રસોઈ વખતે થતો ધુમાડો ઝડપથી નીકળી જાય. નહીં તો એ ધુમાડો પણ તેમના માટે જોખમી સાબિત થઈ શકે છે. ઘરને છાશવારે વેક્યુમ ક્લીન કરતા રહેવું. પાલતુ જાનવર આપણા ઘરના એક સદસ્ય સમાન જ છે. એથી તેમની સલામતીનું પણ પૂરતું ધ્યાન રાખવું એ આપણી ફરજ છે. ■


સર્જકના સથવારે

રમેશ પુરોહિત
feedback@bombaysamachar.com

# મોરનાં પગલાં હજી છે ચોકમાં કોઇ સંદેશો કહો એને જઇ

## ગઝલકાર ચિનુ મોદીનું યશસ્વી યોગદાન

ગયા સપ્તાહે આપણે સાહિત્યકાર - કવિ ચિનુ મોદીની સર્જનયાત્રાના કેટલાંક ઉત્તમ મુકામોની વાત કરી હતી. તે દોરને ચાલુ રાખીએ. મારું માનવું છે કે ગુજરાતી ગઝલને સરળ ભાષા આપનાર શયદા સાહેબ પછીની પેઢીએ શયદાના સરલીકરણને અનેક પ્રકારના પેચોખમથી ગૂંચવી માર્યું. ઉર્દૂ-ફારસી શબ્દોની અને ઉર્દૂગઝલમાં વપરાતાં પ્રતીકોની પળોજળ ક્યાંક ક્યાંક દેખાતી રહી. ગઝલ સમૃદ્ધ જરૂર થઈ. મુશાયરાઓમાં વાહવાહ પામી અને દુબારામાં ડૂબી ગઇ. એવે વખતે ચિનુ મોદી, આદિલ મન્સૂરી અને મનહર મોદી ગુજરાતી ગઝલને પોતાનું આગવું ભાવવિશ્વ આપે છે. પરંપરાનો વિદ્રોહ થાય છે. અભિવ્યક્તિ નવો આકાર ધારણ કરે છે. ગઝલને પારિભાષિક સંજ્ઞાઓથી ઓળખવાનું બંધ થાય છે. શરૂઆતની મુખરતાને અતિક્રમીને આદિલ ધીમે ધીમે એબસ્ટ્રેક્ટ તરફ જાય છે. ચિનુ મોદી તાજગીભર્યા પ્રતીકો, સરળ ભાષા અને થોડાં શબ્દોમાં ચોટ સાધવાની આગવી પ્રતિભાના દર્શન કરાવે છે.



ચિનુ મોદીની ગઝલકાર તરીકેની લાક્ષણિકતા એ છે કે એમની ગઝલોમાં પ્રમાણમાં ચીલાચાલુ રદીફ કે કાફિયા જોવા નથી મળતા. ગઝલમાં દરેક શેર સ્વતંત્ર એકમ છે. દરેક શેરનો વિચાર, ચિંતન, બયાનની ખૂબી અને ભાવવિશ્વ પોતાનું આગવું હોય છે. કેટલાંક આધુનિક રદીફના જોરે ગઝલના બાહ્યતત્ત્વને સાંકળવા મથામણ કરી રહ્યા છીએ ત્યારે ચીનુ મોદીએ પરંપરાગત શૈલીમાં બિનપરંપરાગત કલ્પનો અને પ્રતીકોથી ગઝલના આંતરતત્ત્વને સમરસ કરવામાં સફળતા મેળવી છે. ચિનુની ભાષામાં વિશેષણો લપસણી ભૂમિ નથી. ભાષા આડંબરી નથી. રોજબરોજની ભાષા કવિનો શબ્દ બનીને કાવ્યસ્વરૂપે નીખરે છે ચિનુ મોદીને મંચ પરથી ગઝલ રજૂ કરતાં સાંભળીએ ત્યારે પ્રતીતિ થાય કે આ શાયર ભારે સ્વસ્થતાથી પેશ આવે છે. એમની ગઝલનો ભાવ અકબંધ મળે છે એમના આ શેરની માફક :

*કંઠથી છટક્યો ટહુકો મોરનો*
*ડાળ પરથી જો મળે અકબંધ તો?*

ચિનુ મોદી પ્રથમ ‘ઇર્શાદ’ નામ ધારણ કરે છે અને પછી એ નામ ઉપનામ થઇ જાય છે. પોતાના આ નામી તખલ્લુસ વિશે ચિનુ શું કહે છે તે એમના જ શબ્દોમાં ‘-અને ગઝલ અને હું એકાકાર થયાં નહોતાં, પરંતુ ૧૯૭૭માં મને સૌ શ્રદ્ધામાંથી હચમચાવે એવી ઘટના બની. હું ચિનુ મોદીમાંથી ‘ઇર્શાદ’ થયો અને ‘ઇર્શાદ’ નામને બદલે તખલ્લુસ જ રહી ગયું. એ કપરા નૈરાશ્ય અને વૈકટ્યના સમયમાં મને મારી જાતમાં સશ્રદ્ધ કર્યો તો ગઝલ. રાતોરાત ગઝલકાર માટે અનિવાર્ય એવો મિજાજ અને એવી ખુમારી મારામાં પ્રવેશી.

દરેક માણસના શ્વાસમાં પ્રેમની સુવાસ તો ભળેલી હોય છે. જોકે આપણને બધાને આ સહવાસની સુહાસમાં રસ ઓછો હોય છે. સંબંધોની કુથલીમાં વિશેષ રસ હોય છે. ચિનુ મોદી પોતાની લાગણીને, ભાવોને કેવી મુલાયમતાથી ઉઘાડે છે તે જોઇએ.

*શ્વાસમાં છલકાય છાની ગંધ તો?*
*ને બધે ચર્ચાય આ સંબંધ તો?*

*આંખમાંથી આંસુઓ લૂછો નહીં,*
*તૂટશે પે...લો ઋણાનુબંધ તો?*

*હું ક્ષણોના મહેલમાં જાઉં અને*
*કોક દરવાજો કરી દે બંધ તો?*

ચીનુ મોદી પ્રશ્નગઝલો લખવાના માહિર છે. પ્રશ્ન એવો વેધક હોય છે કે એ ભાવકના મનમાં બીજા અનેક પ્રશ્નો મૂકી જાય છે.

આ શાયર ઓછા શબ્દો વાપરીને કહેવાનું બધું કહી દે છે, નાની બહરની ગઝલો એમની વિશેષતા અને વિશિષ્ટતા છે. શબ્દોના પથારાઓ પાથરીને ગઝલને નરી શબ્દાળુ બનાવનારાઓએ આ શાયર પાસેથી ધાર્યું કામ લેવાની ક્ષમતા પ્રાપ્ત કરવી જોઈએ. સંસ્કૃતમાં કહેવાયું છે કે ‘વાક્યં રસાત્મકં કાવ્યમ્’- એક રસસભર વાક્ય પણ કાવ્ય બને છે. આ શાયર શબ્દોને મનોમંથનની સરાણ પર તરાશે અને તપાસે છે. આમ પણ કવિનો શબ્દ નોખો અને અનોખો હોય છે. શબ્દ ક્યારેક આંસુરૂપે આવે છે તો ક્યારેક ફૂલની જેમ લહેરાય છે. કોઈપણ કવિના હૃદયમાં એક ઊંડો જખમ હોય છે. આ જખમ એ એની કવિતાનું મૂળ પ્રેરણાસ્થાન બને છે. ઝખમ કોણે કર્યો, કેમ કર્યો અને એની સાથે ભાવકને સંબંધ હોતો નથી પણ ભાવક પણ ઘાયલ થાય તો કવિકર્મ દીપી ઊઠે છે. ઈશ્વરિય કે દૈવી શક્તિવાળી વાણી એટલે અર્થ જેને અનુસરે છે તેવી વાણી સાચા કવિની હોય છે. ચીનુએ એથી કહ્યું છે:

*પર્વતને નામે પથ્થર, દરિયાને નામે પાણી,*
*‘ઈર્શાદ’ આપણે તો ઈશ્વરને નામે વાણી.*

આ કવિ પાસે ઉર્દૂમાં ગઝલ કહેવાની ક્ષમતા અને ગુજરાતીમાં લખે તો ઉર્દૂમાં પ્રતીકોની મીનાકારી ન કરે. શેખ એટલે ધર્મગુરુ જ્યારે સ્વર્ગની લાલચ આપે ત્યારે ચિનુભાઈનો ધારદાર કટાક્ષ કેવી ચોટ સાધે છે તે જુઓ:

*સ્વર્ગની લાલચ ન આપો શેખજી,*
*મોતનો પણ એક મોભો હોય છે.*

આ શાયરને ‘બેફામ’ની જેમ મરણ સાથે પ્રેમ છે. અનેક ગઝલોમાં મોતના છાયા-ઓછાયા ઊતરે છે પણ એ રૂદનના રાગડા નથી બનતા કે નથી બનતી કરુણાંતિકાઓ:

*ખરી જાય છે પાંદડાં વૃક્ષ પરથી*
*મને કેમ વિશ્વાસ શ્વાસો ઉપર છે?*

* * *

*જીરવી લેવું પડે છે શ્વાસનું ખૂટલપણું*
*કોણ નક્કી મોતની ફરિયાદ દર જન્મે કરે?*

* * *

*છિદ્રવાળા વહાણમાંથી શું વજન ઓછું કરું?*
*જીવવાની વૃત્તિનો સહુથી વધારે ભાર છે.*

* * *

*મોત પણ મારી નથી શકતું હવે ‘ઈર્શાદ’ને*
*એ જીવી શકતો હવે સંભારણાના નામ પર*

* * *

*ગમે તે ક્ષણે આવતું આ મરણ*
*મને સરખેસરખું એ સજવા ન દે*

* * *

*યમનિયમમાં જડ અને જિદ્દી મરણ*
*એક ક્ષણ પણ ઝાઝી વાપરતું નથી*

ગઝલના માયલાંને નાણીને અને દેખાતા રૂપને જાણીને, ગઝલના ખુમારને સમજીને, ગઝલના મુલાયમ મિજાજને પિછાણીને, ગઝલનાં અંદાઝે-બયાનને પચાવીને, શબ્દોની છટકબારીઓ વાસીને, ચમત્કૃતિઓના શણગારોને નવલાં રૂપ આપીને સભાનતાપૂર્વક નવી ગઝલોથી ગુર્જરગિરાના અસબાબને અભિવ્યક્તિના નવોન્મેષોથી ચાર ચાંદ લગાવી શકે એવા શાયરોમાં મોખરાનું નામ છે ચિનુ મોદી. જોઈએ એમનો અંદાઝ:

*આ ગઝલ લખવાનું કારણ એ જ કે*
*પાંદડે ભેગું કરેલું તેજ છે.*

* * *

*એકલો ઈર્શાદ કેવો એકલો*
*શબ્દથી અક્ષર થયે વરસો થયાં*

* * *

*ખૂબ ઘેરી ને ગહન છે લાગણી*
*એ ઝરણાની જેમ ખળખળ ના કરે*

* * *

*ક્રોધ તો કરતો નથી ‘ઈર્શાદ’ પણ,*
*ના ગમે તો વાત આગળ ના કરે.*

ચિનુ મોદી એકાંતના માણસ પણ એકલપેટાં નહીં. બે જણાં દિલથી મળે તો એક મજલિસ થતી હોવાનું મરીઝ કહે છે ત્યારે ચિનુ એ ક્ષણોને રંગીન બનાવે છે. આ રંગીની મિજાજ ગુજરાતી ગઝલનો પ્રાણ છે:

*બે જણાં દિલથી મળે એકાંતમાં*
*એ ક્ષણો હંમેશ રંગીન હોય છે.*

આમ તો આ કવિ વેદનાને ઘૂંટતા નથી, આપત્તિને તારસ્વરે રજૂ કરવાનું ટાળે છે, પણ આવા શેરમાં પોતાની આવડતથી આગળ વધે છે જેમ કે:

*એ નદીના તટ ઉપર ફરશું હવે*
*જે અમે ભરચક કરી આંસુ દઈ*

* * *

*મોરના પગલાં હજી છે ચોકમાં*
*કોઈ સંદેશો કહો એને જઈ*

* * *

*ટેવવશ કે લાગણીવશ શી ખબર?*
*પણ હજી સ્હોરાય મન તારા વગર*

ચિનુ મોદી ગઝલો ઉપરાંત મુક્તકો પણ આપે છે. ચિનુભાઈ ફારસી મુક્તક રૂબાઈમાં પણ માહેર છે. ગુજરાતીમાં રૂબાઈનુમા મુક્તકો પણ મળે છે. ચિનુના આવા મુક્તકો પણ સમૃદ્ધ વારસો છે:

*પથ્થરો પોલી નીકળશે શી ખબર?*
*ને મિત્ર બહુ ભોળા નીકળશે શી ખબર?*
*એમની આંખો ભીંજાઈ’તી ખરી,*
*આંસુઓ કોરાં હશે કોને ખબર?*

* * *

*સ્વપ્નમાં સંકેત તો કરવો હતો*
*રાતનો ખાલીપો તો ભરવો હતો*
*આ વિરહમાં મારી બન્ને આંખને*
*મોતીનો ચારો ફક્ત ચરવો હતો.*

* * *

*જણાતો કોઈને ક્યારેક જળમાં*
*જણાતો કોઈને એકાદ સ્થળમાં*
*અજાણ્યો ખૂબસૂરત એક ચહેરો*
*મને દેખાય છે પ્રત્યેક પળમાં*

ચિનુની ગઝલમાં સૌંદર્યબોધ છે અને સ્વરૂપ વિશે સભાનતા છે:

*આપણાં સંબંધના ઈતિહાસનો આ સાર છે*
*પાણીની સમજણ નથી ને વ્હાણનો આકાર છે.*

* * *

*જાત ઝાકળની છતાં કેવી ખુમારી હોય છે*
*પુષ્પ જેવા પુષ્પ પર મારી સવારી હોય છે.* ■

સુખનો પાસવર્ડ


આશુ પટેલ
feedback@bombaysamachar.com

# બીજા માટે કશુંક કરવાની ભાવના સાથે જીવો...

ઇંગ્લેન્ડના નોટિંગહામનો એક વૃદ્ધ વિલિયમ એક શૂઝ ફેક્ટરીમાં નોકરી કરીને નિવૃત્ત થયો હતો. નોકરી કરતો હતો ત્યાં સુધી તો તેની જિંદગી સારી રીતે પસાર થઈ, પરંતુ તે કોઈક કારણોથી બચત કરી શક્યો નહોતો એટલે નિવૃત્તિ પછી તેની હાલત ખરાબ થઈ ગઈ. અધુરામાં પૂરું હોય એમ તેની માતા મૃત્યુ પામી એને કારણે તે એકલવાયો બની ગયો- હતાશામાં સરી પડ્યો. એમ છતાં તે ખુદ્દાર હતો એટલે તેણે સરકારી સહાય ન લીધી. પછી એક તબક્કે એવા દિવસો આવ્યા કે ઘણી વખત તો એક વખત ખાવાનું પણ મુશ્કેલ થઈ ગયું. કડકડતી ઠંડીમાં તેની પાસે પહેરવા માટે ગરમ કપડાં પણ નહોતા. આર્થિક સ્થિતિ એટલી ખરાબ થઇ ગઇ હતી કે તે ઘણીવાર ભૂખ્યો સૂઈ રહેતો હતો. સહનશક્તિની હદ આવી ગઈ ત્યારે વિચાર્યું કે આ સ્થિતિમાંથી બહાર નીકળવા માટે કોઈ રસ્તો કાઢવો પડશે.

બહુ વિચાર્યા પછી તેણે પોતાના ઘરની બહાર એક અપીલ મૂકવાનું નક્કી કર્યું. તેણે ઘરની બહાર મોટા અક્ષરે અપીલ લખી દીધીઃ ‘મારી પાસે કશું જ નથી, મારી પાસે ખાવા માટે પણ પૈસા નથી, ઘરમાં ખાવા માટેની અને ખોરાક બનાવવા માટેની વસ્તુઓ પણ નથી, મારા ઘરમાં ઇલેક્ટ્રિસિટી પણ નથી. એટલે હું તમને અપીલ કરું છું કે મને તમે મદદ કરો. મને મદદ કરનારાઓનો હું ઋણી રહીશ.’

વિલિયમની એ નોટિસ સૌપ્રથમ તેના યુવાન પાડોશી એવા બિઝનેસમેન ક્રેગ ક્રોફર્ડના ધ્યાનમાં આવી. ક્રેગ જઈને વિલિયમને મળ્યો ત્યારે તેના ઘરમાં બહાર કરતાં પણ વધુ ઠંડક હતી. કડકડતી ઠંડીથી બચવા માટે તેના ઘરમાં ઈલેક્ટ્રીસિટી કે હીટર પણ નહોતાં. તે પોતાનો એક માત્ર કોટ તથા મોજાં અને હેટ પહેરીને બેઠો હતો. તેણે ચાર દિવસથી એક પણ ટંક સરખું ભોજન કર્યું નહોતું. માત્ર થોડા બિસ્કિટ ખાઈને ટકી રહ્યો હતો. ખોરાક મેળવવા માટે તેણે ધીમે-ધીમે પોતાના ઘરનું ફર્નિચર અને ઘરમાં અત્યંત જરૂરી હોય એવી વસ્તુઓ પણ વેચી દીધી હતી.




વિલિયમની આર્થિક, શારીરિક અને માનસિક સ્થિતિ જોઈને ક્રેગે નોંધ્યું કે જો હજુ આ રીતે થોડા દિવસ વિલિયમને મદદ નહીં મળે તો તે મૃત્યુ પામશે. ક્રેગે એ વખતે તો તેને પોતાના તરફથી થોડીક મદદ કરી જ, પણ પછી તેણે વિલિયમને મદદ કરવા માટે લોકોની સહાય લેવાનું નક્કી કર્યું.

ક્રેગ દર વર્ષે એક ક્રિસમસ કેમ્પેન ચલાવે છે. જેમાં તે લોકો પાસેથી ખોરાક, રમકડાં, ફર્નિચર અને બીજી વસ્તુઓનું દાન માગે છે. તેણે એ રીતે વિલિયમ માટે વસ્તુઓ આપવાની પાડોશી લોકોને અપીલ કરી. ઘણા લોકો વિલિયમની મદદ માટે આગળ આવ્યા. તેમણે વિલિયમને ખોરાક માટેની ઘણી વસ્તુઓ પણ આપી. ઘરમાં ઉપયોગી એવી ઘણી વસ્તુઓ પણ આપી અને આર્થિક મદદ પણ કરી.

એ ઉપરાંત ક્રેગ ક્રોફર્ડે ‘ફેસબુક’ પર પોસ્ટ મૂકી કે વિલિયમ નામના એક માણસની સ્થિતિ બહુ ખરાબ છે. તેને ઉદાર રીતે મદદ કરો. તેની એ પોસ્ટ થકી વિલિયમને ૨૫૦૦ પાઉન્ડથી વધુ (ભારતીય કરન્સીમાં ગણીએ તો અઢી લાખ રૂપિયાથી વધુ) રકમનું દાન મળ્યું.

દરેક માણસે ક્રેગ ક્રોફર્ડ જેવા પરોપકારી બનવું જોઈએ. શક્ય હોય એ રીતે જરૂરતમંદ માણસોની મદદ કરવી જોઈએ. ક્રેગની જેમ વિલિયમના બીજા પડોશીઓએ પણ વિલિયમના દરવાજે લખાયેલી અપીલ વાંચી હશે, પણ તેમણે આંખ આડા કાન કર્યા હશે, પણ એ અપીલ વાંચીને ક્રેગનું હૃદય દ્રવી ઊઠ્યું અને તેણે વિલિયમને મદદ કરવાનો નિશ્ચય કર્યો હતો.

કોઈ વ્યક્તિ ગરીબ વ્યક્તિની મદદે જાય તો એ મંદિર - મસ્જિદ - ચર્ચમાં જવા કરતાં મોટું પુણ્યનું કામ છે. પોતાના માટે તો મોટા ભાગના માણસો જીવતા હોય છે, પણ બીજા માણસો માટે કશુંક કરવાની ભાવના રાખવી જોઈએ. બીજા લોકો માટે કશુંક કરી છૂટવા તત્પર રહેતા લોકોનું જીવન સાર્થક ગણાય. ■

મિજાજ મસ્તી

સંજય છેલ
feedback@bombaysamachar.com

# હાયલા, કેવાં કેવાં કામ ધંધા?




**ટાઇટલ્સઃ**
**‘પેટ’ ને ‘શેઠ’માં પ્રાસ ને ત્રાસ બેઉ છે.**
**(છેલવાણી)**

વર્ષો પહેલાં યુરોપમાં જાહેરમાં ઉપવાસ કરવાનો ખતરનાક ખેલ રમાતો. એમાં ‘ઉપવાસી કલાકાર’ને પાંજરામાં પૂરાય. જેમ જેમ દિવસ વધે એમ ભૂખથી મરતા માણસની કથળતી હાલત જોવા લોકો સિઝન ટિકિટ ખરીદે. ઉપવાસી કલાકાર, હાડપિંજર જેવું શરીર કે અંદર ગયેલું પેટ દેખાડી ચાળા કરે!

૪૦મા દિવસે ઢોલ-નગરા વગાડીને ઉપવાસી કલાકારનું ફૂલોથી શણગારેલું પાંજરું ખોલવામાં આવે.

ઇનામ આપીને એનો સત્કાર થાય! પછી ધીમે ધીમે લોકોને આ ખેલમાંથી રસ ઉડી ગયો. એક ઉપવાસી કલાકારને સૌથી વધુ દિવસ ભૂખ્યા રહેવાનો વિશ્વવિક્રમ કરવો હતો. એ સરકસમાં જોડાયો જ્યાં ઇન્ટરવલમાં વાઘ -સિંહનાં પાંજરાની બાજુમાં લોકો એનું પાંજરું પણ જોવા આવતા પણ હવે લોકોને બહુ રસ પડતો નહીં. વૃદ્ધ મા-બાપ, નાના બાળકોને આ ખેલ સમજાવતા પણ એમને તો હવે ભૂખમરો શું હોય એની ખબર જ નહોતી માટે રસ ના પડતો. પેલો કલાકાર ૪૦ દિવસથી વધારે દિવસ ભૂખ્યા રહવાનો રેકોર્ડ બનાવવા માટે જિદે ચઢેલો. આખરે લોકોને રસ નથી પડતો એટલે સર્કસનો મેનેજર એનું પાંજરું ખાલી કરાવે છે. અને ત્યારે ઉપવાસી કલાકાર ઉદરની ભૂખથી, પ્રેક્ષકોની કદરની ભૂખથી મરી જાય છે. પછી ઉપવાસી કલાકારના પિંજરામાં ભુખ્યો ચિત્તો મૂકવામાં આવે છે, જેની ત્રાડ જોવા લોકોના ટોળાં જમા થાય છે.

ફ્રાંઝ કાફકાની આ વિચિત્ર વાર્તામાં ‘ઉપવાસ કરાવાનો ધંધો કરાતો’ કલ્પીને કેટકેટલી વાત એક સાથે કહી દીધી છે! આ ‘ઉપવાસી કલાકાર’ની વાત ઉપજાવેલી અજીબ લાગે પણ આજેય દુનિયામાં ચિત્રવિચિત્ર નોકરીઓનું ચલણ ખૂબ છે, જેમાં કોઈ ખાસ કામનાં લાખો રૂપિયા મળે છે, જેમ કે કેટલીક પલંગ પરની મેટ્રેસ કે ગાદલા બનાવતી કંપનીઓ, મેટ્રેસ આરામદાયક છે કે નહીં એને ચકાસવા આરામથી ૮-૯ કલાક સૂવા માટે લોકોને લાખો રૂપિયા ચૂકવે છે! કાશ, આપણને કોઇ આવી માત્ર સૂતા રહેવાની નોકરી આપે! બેંગલુરુની આ કંપની, ઊંઘણશી ઉમેદવારોને શોધતી જ હોય છે, જે સળંગ ૧૦૦ દિવસ રોજના ૯ કલાક ગાદલા પર ઊંઘી શકે, જેની ઊંઘનું નિરીક્ષણ કરવામાં આવે. બાય ધ વે, ઊંઘનાર વ્યક્તિને ૧૦લાખ સુધીનો પગાર અપાય છે!

લંડનમાં આંદોલન માટે સરઘસ કાઢવામાં આવે એમાં ‘ઝોમ્બી’ એટલે કે ભૂતડાં જેવા બનીને ડરાવનાર વ્યક્તિને ૩૦થી ૩૨ લાખ રૂપિયા મળે છે. જો કે આપણે ત્યાં પણ બિચારી ગરીબ જનતા, ચુનાવી રેલીઓમાં નેતાઓના બોરિંગ ને જૂઠ્ઠા ભાષણો સાંભળવા ધોમધખતા તડકામાં જાય જ છેને? એ બધાંયે પૈસા અને ફૂડ પેકેટ માટે પરાણે તાળીઓ પાડનારા જીવતા ભૂતડાં જ છેને?

**ઇન્ટરવલઃ**
**ભુખે ભજન ના હોય ગોપાલા.**
**(નઝીર અકબરાબાદી)**

લંડનમાં ટ્રેવર હૂટૂન નામનો માણસ ૭૫ પાઉંડ એટલે રૂ.૭૦૦૦ લઇને એક કલાક માટે ‘ભેટવાની સેવા’ આપે છે. આ ટ્રેવરભાઇ, ગ્રાહકને ઉષ્મા કે હૂંફની આપ-લે કરે છે. હાથ-પગ પર આંગળીઓ ફેરવીને શાંત કરે છે. આ આલિંગન-સેવામાં ક્યાંય સેક્સને સ્થાન નથી. જો કોઇ અડપલા કરે કે આગળ વધે તો ટ્રેવર તરત અટકાવી દે. ટ્રેવરનું કહેવું છે કે ભેટવાની સર્વિસમાં એ થાકેલા-એકાકી લોકોને શાંતિ આપે છે, જે એક માનવસેવા છે!

કેટલાક લોકોને ‘સોરી’ કહેવાનું કે માફી માંગવાનું જરાય ના ગમે કે માફી માંગતા ખૂબ જ સંકોચ થાય. હવે મોટી કંપનીઓ વતી પ્રોફેશનલી માફી માંગનારા લોકો પણ માર્કેટમાં આવી ગયા છે, જેનાં હજારો રૂપિયા લેતા હોય છે. વળી, નોટબંધી પછી બેંકની લાઇન હોય કે પછી બસ-ટ્રેનની લાઇનો હોય, આપણને તો લાઇનમાં ઊભા રહેવાની આદત પડી જ ગઇ છેને? પણ દુનિયાના બીજા દેશોમાં લોકોને લાઇનમાં ઊભા રહેવાથી ખૂબ કંટાળો એટલે હવે વિદેશમાં એવી કંપનીઓ પણ બની છે, જેમાં બીજાને બદલે લાઇનમાં જઈને ઊભા રહેવાનું! અને આવી નોકરીનાં પણ હજારો-લાખો રૂપિયા મળે છે. જો ભારતના લોકોને ખબર પડે તો સાત સમંદર પાર દોડી વિદેશી કંપનીમાં લાઇનમાં ઊભા રહેવાની નોકરી માટે પણ લાંબી લાઇન લગાવે!

૨૦૦૮થી મુંબઈ મ્યુનિસિપાલિટી, રાતે શહેરમાં ઊંદરો પકડવા લોકોને પૈસા આપે છે.. ત્યારે લગભગ ૩૦ લોકોની ટોળકી હતી અને ત્યારે ૧૮ રૂ. એક ઉંદર પકડવાના મળતા જે પછી ઉંદર પકડનારાઓ વધારેલા. આ ધંધામાં ચોમાસામાં ઉંદર પકડાનારાઓને ખૂબ નફો થાય છે!

આપણે ત્યાં કોઈ મરી જાય ત્યારે પૈસા લઇને ઠાઠડી સમયે કે શોકસભામાં રડવા કે છાતી પીટવા ભાડૂતી લોકો મળે છે. રાજસ્થાનમાં ‘રુદાલી’ની પ્રથા અમુક સ્ત્રીઓમાં જોવા મળે છે. એ વિશે ડિંપલ કાપડિયા અભિનીત ‘રુદાલી’ ફિલ્મ પણ બનેલી.. વળી વિદેશમાં પણ શોક વ્યકત કરવા કે રડવા માટે ‘પ્રોફેશનલ મોર્નર’ લોકો રડવાના હજારો રૂપિયા લે છે.

પૃથ્વી પર પેટનો ખાડો પૂરવા જાતજાતનાં ધંધાઓ છે. કોઇ વાઇન ટેસ્ટ કરીને કે પરફ્યુમ-અત્તર સૂંઘીને લાખો કમાય છે. તો કોઇ કબર ખોદીને લાશ પરથી કફન-કપડાં ચોરીને પેટિયું રળે છે....જેમ શાહરુખ જેવા સ્ટાર કરોડપતિની જાનમાં લાખોની તગડી ફી લઈ નાચવા જાય છે તેમ અભિનેતા ચંકી પાંડેને એક ધનવાન પરિવારે, સ્મશાનમાં પોક મૂકવાનાં લાખો રૂપિયા ઓફર કરેલા! એમાં શું? અનેક નેતા-અભિનેતાઓ પૈસા કમાવા કોઇપણ હદ સુધી જતા હોય છે. કોઇ શક?

**એંડ-ટાઇટલ્સઃ**
**આદમઃ તું નોકરી કેમ નથી કરતી?**
**ઇવઃ તને રાખ્યો છેને?** ■



ફોકસ

અજય મોતીવાલા
feedback@
bombaysamachar.com

# લડાયક ઈરાન ખેલકૂદના મેદાન પર પણ ફાઈટિંગ સ્પિરિટ માટે જાણીતું છે

## બૉક્સિંગ, રેસલિંગ, વેઈટલિફ્ટિંગમાં પ્રખ્યાત ઈરાનનો અલી દાઈ ફૂટબૉલ જગતમાં ત્રીજા નંબરનો શ્રેષ્ઠ ખેલાડી ગણાય છે

સમગ્ર વિશ્વમાં શિયા મુસ્લિમોની બહુમતી ધરાવતો એકમાત્ર દેશ ઇરાન (ઇસ્લામિક રિપબ્લિક ઑફ ઇરાન) હાલમાં અમેરિકા અને ઇઝરાયલ સાથેના યુદ્ધમાં અટવાઈ ગયો છે, પરંતુ રાજકીય ક્ષેત્રે અને આંતરરાષ્ટ્રીય સ્તરે અનેક પ્રકારના દાવપેચ કરવા માટે મશહૂર પશ્ચિમ એશિયાનો આ દેશ ઘણી રમતોમાં પણ નિપુણ છે એ વિશે ઘણા ઓછા લોકો જાણતા હશે. અહીં આ લેખમાં આપણે ઇરાનની યુદ્ધના રણમેદાન પરની તાકાત કે એને થયેલા નુકસાનની વાત નથી કરવાની, ઇરાનના કયા રમતવીરો અને વીરાંગનાઓ ખેલકૂદમાં ચમક્યા છે એના પર જ ધ્યાન કેન્દ્રીત કરવાનું છે.

જેમ ભારતમાં ક્રિકેટની રમત ધર્મની જેમ પૂજાય છે અને હૉકીને રાષ્ટ્રીય રમત માફક ગણવામાં આવે છે એવો જ કિસ્સો ઇરાનનો છે. ઇરાનમાં ફૂટબૉલની રમત સૌથી લોકપ્રિય છે, પણ ફ્રીસ્ટાઇલ રેસલિંગ (કુસ્તી) સત્તાવાર રીતે ઇરાનની રાષ્ટ્રીય રમત છે.

ઇરાનની વસતી ૯.૨૪ કરોડ છે. થોડા વર્ષોથી આ દેશ પર આર્થિક પ્રતિબંધો હોવાથી ખેલકૂદ માટે ઇરાનની સરકારે અંદાજપત્રમાં માત્ર ૮૦ મિલિયન ડૉલર (વ્યક્તિદીઠ એક ડૉલર) ફાળવ્યા હતા. હવે તો ભીષણ યુદ્ધને લીધે ઇરાનમાં ભારે તારાજી થઈ છે એટલે ખેલકૂદ માટે દેશના શાસન તરફથી બહુ ઓછું ભંડોળ ફાળવવામાં આવશે એમાં બેમત નથી.

જે કંઈ હોય, પણ અહીં આપણે રમતગમતની બાબતમાં ઇરાન વિશેની કેટલીક રસપ્રદ વાતો પહેલાં જાણી લઈએ. એશિયન ગેમ્સ ૧૯૫૧ની સાલથી રમાય છે અને ૧૯૭૪માં ઇરાનનું તહેરાન શહેર આ રમતોત્સવનું આયોજન કરનાર પશ્ચિમ એશિયાનું પ્રથમ શહેર બન્યું હતું. ઇરાનના સ્પોર્ટ્સપર્સન્સની તાકાત અને હિંમત જગતભરમાં મશહૂર છે. હાલમાં ઇરાની ફોજ અમેરિકા અને ઇઝરાયલને જે રીતે લડત આપી રહી છે એવી જ લડત માટે ઇરાનના ઍથ્લીટો અને ખેલાડીઓ જાણીતા છે. પર્શિયન ઇરાનની ભાષા છે અને ઝોરાષ્ટ્રીયન તેમનો રાષ્ટ્રીય ધર્મ છે.

સૈકાઓ પહેલાં પારસી સમુદાયના લોકો ઇરાનમાંથી ભારતમાં આવ્યા હતા અને ભારતીયો સાથે (દૂધમાં સાકર ભળે એમ) દેશમાં ભળી ગયા હતા. ઇરાનથી ભારતમાં સ્થાયી થયેલા આ મહાન સમુદાયે ભારતને અનેક ક્ષેત્રે અસંખ્ય લેજન્ડ્સ આપ્યા છે અને ભારતના વિકાસમાં તેમનું બહુ મોટું યોગદાન રહ્યું છે.

‘ઇરાનમાં રમતગમત’ વિષય પર પર પાછા આવીએ તો પ્રાચીન ઇરાનમાં ૨૪ વર્ષથી ઓછી ઉંમરના યુવાનો-યુવતીઓને ખાસ કરીને મીમ આર્ટિસ્ટ બનવા માટેની (સ્ટોરી પર આધારિત બૉડી મૉશનથી ઍક્ટિંગ કરવી) તેમ જ ઘોડેસવારી, પૉલો (ઘોડા પર બેસીને સ્ટિક સાથે બૉલને ફટકારવાની રમત), ડાર્ટ થ્રો (લાકડાથી બનેલું હથિયાર ફેંકવાની રમત), કુસ્તી, મુક્કાબાજી, તીરંદાજી અને તલવારબાજીની તાલીમ આપવામાં આવતી હતી. સદીઓ પૂર્વે યુવા વર્ગના સ્પોર્ટ્સપર્સન્સ પાસે આ રમતની તાલીમમાં એવો કઠોર પરિશ્રમ કરાવવામાં આવતો હતો કે જેથી દેશને જરૂર પડે તો તેઓ યુદ્ધમાં કામ લાગી શકે તેમ જ ભૂખમરો, પાણીની તંગી, અસહ્ય ગરમી અને કાતિલ ઠંડી જેવા સંજોગોમાં પણ શારીરિક ક્ષમતા જાળવી શકે અને દેશને કોઈને કોઈ રીતે ઉપયોગી થઈ શકે. ઇરાનીઓની એ જ ખાસિયત (ક્ષમતા અને સંકલ્પશક્તિ) આજે અમેરિકા અને ઇઝરાયલ અખાતના યુદ્ધમાં અનુભવી રહ્યા છે.



આંતરરાષ્ટ્રીય ફૂટબૉલમાં સૌથી વધુ ગોલ કરનારાઓમાં રોનાલ્ડો અને મેસી પછી ત્રીજા નંબરે ઈરાનનો અલી દાઈ (ડાબે) છે



ઈરાનમાં ફૂટબૉલની રમત સૌથી લોકપ્રિય છે. પુરુષ ઉપરાંત મહિલાઓની ફૂટબૉલ ટીમ પણ લડાયક વૃત્તિ માટે જાણીતી છે

૨૦૧૨ની લંડન ઑલિમ્પિક્સમાં ઇરાન સાત ગોલ્ડ મેડલ સહિત કુલ ૧૩ ચંદ્રક જીત્યું હતું અને ઑલિમ્પિક્સના ઇતિહાસમાં મધ્ય પૂર્વના દેશોમાં અત્યાર સુધીનો આ સર્વશ્રેષ્ઠ પર્ફોર્મન્સ ગણાય છે. ફૂટબૉલમાં ઇરાનના અલી દાઇનું નામ વિશ્વના ટોચના ખેલાડીઓમાં ક્રિસ્ટિયાનો રોનાલ્ડો અને લિયોનેલ મેસી પછી ત્રીજા નંબરે છે. સૌથી વધુ આંતરરાષ્ટ્રીય ગોલ કરનારાઓમાં રોનાલ્ડો (૧૪૩ ગોલ) પ્રથમ નંબરે, મેસી (૧૧૫ ગોલ) બીજા નંબરે અને અલી દાઇ (૧૦૮ ગોલ) ત્રીજા નંબરે છે. ચોથા સ્થાને ભારતનો સુનીલ છેત્રી (૯૫ ગોલ) છે.

૧૯૭૯માં ઇરાનના શાહના શાસનનો અંત આવ્યો હતો અને આયાતોલ્લાહ ખોમેઇનીનું શાસન આવ્યું ત્યારથી ઇરાનમાં મહિલાઓ માટે ખેલકૂદમાં અનેક પ્રકારના નિયંત્રણો છે. ૧૯૯૬, ૨૦૦૦, ૨૦૦૪ અને ૨૦૦૮ મળીને કુલ ચાર ઑલિમ્પિક ગેમ્સમાં ઇરાનમાંથી કુલ મળીને માત્ર છ મહિલા ઍથ્લીટોએ ભાગ લીધો હતો. છેક ૨૦૧૬માં ઇરાનની મહિલા ઍથ્લીટ (કિમીયા અલીઝાદે) આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ગોલ્ડ મેડલ જીતી હોય એવો પ્રથમ કિસ્સો બન્યો હતો. ત્યારે તે યુથ ઑલિમ્પિક ગેમ્સમાં સુવર્ણચંદ્રક જીતી હતી. જોકે થોડાં વર્ષોથી ઇરાનમાં મહિલાઓને (અમુક સરકારી નિયમોને આધીન) અનેક પ્રકારની રમતોમાં ભાગ લેવાની છૂટ મળી છે.



કિમીયા અલીઝાદે ૨૦૧૬ની ઑલિમ્પિક્સમાં ટાયેકવૉન્ડોનો બ્રૉન્ઝ મેડલ જીતી હતી.

કિમીયા અલીઝાદે ૨૭ વર્ષની છે. તે મૂળ ઇરાનની છે, પરંતુ બલ્ગેરિયા વતી ટાયેકવૉન્ડોની આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં ભાગ લે છે. તે ૨૦૧૬ની રિયો ડિ જાનેરો ઑલિમ્પિક્સમાં બ્રૉન્ઝ મેડલ જીતી હતી.

ફૂટબૉલ, કુસ્તી, મુક્કાબાજી, બૉડી-બિલ્ડિંગ, ચેસ, બાસ્કેટબૉલ, વૉલીબૉલ, વેઇટલિફ્ટિંગ તેમ જ કબડ્ડી ઇરાનની મુખ્ય રમતોમાં ગણાય છે. જોકે સ્કિઇંગ, હાઇકિંગ તથા ક્લાઇમ્બિંગની તેમ જ માર્શલ આર્ટ્સની રમતોમાં પણ ઇરાનીઓ કુશળ છે. ■

---

ઈન્વેસ્ટમેન્ટ વર્લ્ડ



જયેશ ચિતલિયા feedback@bombaysamachar.com

# દેશના સામાજિક આર્થિક વિકાસમાં મહિલાઓ પણ અગ્રસર...

## ગયા સપ્તાહમાં ઉજવાયેલા મહિલા દિવસ પર એમનાં સન્માનની રાબેતા મુજબ વાતો થઈ. આમ છતાં એમનો મહત્ત્વનો ફાળો સ્વીકારવામાં આપણે હજુ પાછળ છીએ...હવે એ માત્ર પુરુષ સમોવડી જ નહીં, અમુક અંશે તો એ સામાજિક અને આર્થિક વિકાસમાં પુરુષ વર્ગથી પણ આગળ નીકળતી ગઈ છે.

ભારતના વિકાસની, આર્થિક પરિવર્તનની, માળખાગત વિસ્તરણ, ઉત્પાદન વૃદ્ધિ અને ડિજિટલ જગતની વાતો અને પ્રચાર જોરશોરથી થાય છે. તાજેતરમાં ૮ માર્ચે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી થઇ ત્યારે અર્થતંત્રમાં બીજા મોટા માળખાકીય પરિવર્તનનો સ્પષ્ટ સંદેશ જોવા મળ્યો. મહિલા શિક્ષણમાં વધારો, શ્રમબળમાં તેમની ભાગીદારીમાં સુધારો, નારી શક્તિની ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહન અને તેમની ઊંડી નાણાકીય સૂઝને કારણે મહિલાઓની ઉડાન ઊંચી થઈ રહી છે. ભારતની નોકરિયાતોની દુનિયામાં કર્મચારીઓ તરીકે મહિલાઓની હાજરી ઊડીને આંખે વળગે એવી બની છે. સુશિક્ષિત મહિલાઓ આર્થિક વિકાસને વધારવામાં ઘણો ફાળો આપે છે. આમ પરિવર્તન અને વિકાસ માટે મહિલા શિક્ષણ સૌથી મહત્ત્વપૂર્ણ પરિબળ છે. જેમ જેમ રાજ્યો અને સામાજિક જૂથોમાં ઉચ્ચ શિક્ષણની પહોંચ વિસ્તરતી જાય છે તેમ તેમ, મહિલાઓનો મોટો સમૂહ યુનિવર્સિટીઓ અને પ્રોફેશનલ પ્રોગ્રામ્સમાં ભાગ લઇને આગળ આવી રહ્યો છે. ધીમે ધીમે કુશળ અને ઔપચારિક વ્યવસાયોમાં તેમની હાજરી પણ વધી રહી છે. તેથી જ શિક્ષણ મહિલાઓની આર્થિક ભાગીદારીના પ્રથમ તબક્કાનું પ્રતિનિધિત્વ કરે છે. જેમ જેમ વધુ મહિલાઓ ઉચ્ચ શિક્ષણ પૂર્ણ કરે છે, તેમ તેમ ભારતના લેબર ફોર્સ, ઉદ્યોગ સાહસિકો અને અનેક ઇકોસિસ્ટમ અને વ્યાવસાયિક ક્ષેત્રોને પોષણ આપતી મહિલાઓની પ્રતિભાઓનો સમૂહ વિસ્તરતો રહે છે.

‘પ્રેસ ઇન્ફર્મેશન બ્યૂરો’ના એક અહેવાલ મુજબ પ્રતિભાશાળી વ્યક્તિઓની યાદીમાં મહિલાઓની સંખ્યા વધી રહી છે... હવે વધુને વધુ મહિલાઓ નોકરી કરવા લાગી છે. શ્રમ બજારના ડેટામાં આ વાત વધુ સારી રીતે સ્પષ્ટ થાય છે.

શ્રમબળમાં વધતી જતી એમની ભાગીદારી તેમજ આર્થિક કામગીરી પણ ધીમે ધીમે વિસ્તરતી હોવાનો સંકેત આપે છે. વધુ મહિલા જોબ કરવા લાગી હોવાથી ફેમિલી ઇન્કમમાં વધારો થાય છે, નાણાકીય સ્વતંત્રતા મજબૂત બનવા સાથે કારકિર્દીની તકોનો વિસ્તાર થાય છે. ઉદ્યોગ સાહસિકતા મહિલાઓની આર્થિક ભૂમિકાને વિસ્તૃત કરે છે. ઘણી સ્ત્રી માટે વ્યવસાય શરૂ કરવા માટે અર્થતંત્રમાં સૌથી સુલભ પ્રવેશ બની ગયો છે, ખાસ કરીને એવા પ્રદેશોમાં જ્યાં ઔપચારિક રોજગારની તકો ખૂબ જ મર્યાદિત હોય છે.

આ પરિવર્તનનો વ્યાપ હવે સ્પષ્ટ જોવા મળે છે. ઉદ્યોગ અને ઉદ્યોગ સહાય પ્લેટફોર્મ ૫૨૨.૮૬ કરોડથી વધુ મહિલાઓના નેતૃત્વ હેઠળના એમએસએમઇ (માઈક્રો, મધ્યમ અને સ્મોલ એન્ટરપ્રાઈસિસ)નોંધાયા હતા, જે રિટેલ અને ફૂડ પ્રોસેસિંગથી લઈને અનેક સેવાઓ અને નાના ઉત્પાદન સુધીના ક્ષેત્રોમાં મહિલાઓ દ્વારા વ્યવસાયોને ઔપચારિક બનાવવાના ક્ષેત્રમાં તીવ્ર વધારો દર્શાવે છે.

### નાણાકીય બજારોમાં મહિલાઓ

ભારતના નાણાકીય બજારોમાં પણ મહિલાઓની બાબતે આવેલું પરિવર્તન આંખે ઊડીને વળગે છે. દેશના રિટેલ રોકાણ ક્ષેત્રમાં તેજી આવી અને જે એક સમયે પુરુષ રોકાણકારોનું પ્રભુત્વ ધરાવતું ક્ષેત્ર હતું તેમાં ધીમે ધીમે વધુને વધુ મહિલાઓ પણ પ્રવેશ કરી રહી છે. ૨૦૨૫માં નેશનલ સ્ટોક એક્સચેન્જે ૧૨ કરોડ રજિસ્ટર્ડ રોકાણકારોની સંખ્યા પાર કરી હતી, તેમાં મહિલાઓનો લગભગ ૨૫ ટકા હિસ્સો છે. આ મોટાભાગનું પરિવર્તન ભારતીયોની રોકાણ કરવાની રીતમાં માળખાકીય ફેરફારોને કારણે શક્ય બન્યું છે. ડિજિટલ બ્રોકરેજ પ્લેટફોર્મ, એપ-આધારિત ટ્રેડિંગ અને સરળ ઓનલાઈન એકાઉન્ટ ખોલવાથી પ્રવેશ અવરોધો નોંધપાત્ર રીતે ઓછા થયા છે. ઘણા ફર્સ્ટ ટાઈમ રોકાણકારો માટે ઇક્વિટીમાં પ્રવેશ હવે સ્માર્ટફોનથી પણ શરૂ થાય છે.

ઐતિહાસિક રીતે પરિવારના પુરુષ સભ્યો દ્વારા કરાતા રોકાણના નિર્ણયો હવે મહિલાઓ દ્વારા સ્વતંત્ર રીતે લેવામાં આવી રહ્યા છે. નોકરી કરતી તેમ જ પોતાનો વ્યવસાય કરતી મહિલાઓ આ નિર્ણય પોતે લેતી થઈ છે અને આ માટે તે અભ્યાસ પણ વધારી રહી છે, મહિલાઓના પાયાના સ્વભાવ મુજબ તે આડેધડ જોખમ લેવાથી દૂર રહે છે- તે સાવચેતીનો અભિગમ વધુ રાખે છે, જેને કારણે તે સ્માર્ટ ઈન્વેસ્ટર્સ બની રહી છે. જેમ જેમ વધુ મહિલાઓ પોતાની બચત, ઇક્વિટી અને નાણાકીય સાધનોમાં કરવાનું શરૂ કરે છે તેમ તેમ ભારતનો વિસ્તરતો રિટેલ રોકાણકાર બેઝ ધીમે ધીમે વધુ સંતુલિત બની સ્ત્રીઓને આગળ જવાની તક આપે છે.

ભારતમાં સૌથી વધુ મહિલા રોકાણકારો ધરાવતાં રાજ્યોની વાત કરીએ તો ચંદીગઢ ૩૨.૩, દિલ્હી ૩૦.૫,

સિક્કીમ ૩૧.૨, ગુજરાત ૨૮.૨, મિઝોરમ ૩૨.૪, મહારાષ્ટ્ર ૩૨.૮, તેલંગાણા ૨૫.૪, ગોવા ૩૦.૬ અને તામિલનાડુ ૨૮.૪ ટકા જેટલું મહિલા રોકાકારોનું કુલ રોકાણકારોમાં પ્રમાણ દર્શાવે છે.

### હજુ પણ મર્યાદાઓ ખરી...

આગામી પડકાર મહિલાઓની ભાગીદારીનો નથી, પરંતુ બદલાવને ટકાવી રાખવાનો છે. જેમ જેમ વધુ મહિલાઓ શિક્ષણ, ઉદ્યોગસાહસિકતા અને રોજગાર ક્ષેત્રે પ્રવેશ કરે છે, તેમ તેમ માળખાકીય અવરોધો આ પરિવર્તન કેટલું દૂર અને કેટલું ઝડપી થઈ શકે છે તે માટેની રૂપરેખા તૈયાર કરે છે. એક મુખ્ય અવરોધ છે પગાર વગરના કાર્યનો અસમાન બોજ. સ્ત્રીઓ દરરોજ લગભગ ૩૬૩ મિનિટ પગાર વગરના ઘરકામમાં વિતાવે છે, જે પુરુષો દ્વારા વિતાવેલા ૧૨૩ મિનિટ કરતાં લગભગ ત્રણ ગણો વધુ છે. આ અસંતુલન શ્રમ બજારમાં સ્ત્રીઓની ભાગીદારીને સીધી અસર કરે છે. બાળકો-પરિવારની જવાબદારીઓ, કાર્યસ્થળે મર્યાદિત બાળ સંભાળ માળખાકીય સુવિધાઓ, ઓફિસ-ફેક્ટરીઓમાં સલામતીની ચિંતાઓ અને કઠોર કાર્ય વ્યવસ્થા ઘણીવાર સ્ત્રીઓ માટે પડકાર પણ બને છે.

જોકે વરસો પૂર્વે જેની કલ્પના પણ કઠિન હતી એવા ઘણાં ક્ષેત્રોમાં મહિલાઓની હાજરી અને સિદ્ધિ વિશ્વભરમાં નોંધ લેવાય એવી બની છે.

ભારત સ્પષ્ટ રોડમેપ સાથે વધુ મહિલા આર્થિક ભાગીદારી તરફ આગળ વધી રહ્યું છે, ત્યારે ચોક્કસ માની શકાય કે આગામી સમયમાં મહિલા વર્ગ સમગ્ર સમાજ અને અર્થતંત્ર પર બહુ મહત્ત્વની મોટી અસર ઊભી કરશે. ■

---

વિશેષ પ્લસ


સંધ્યા સિંહ
feedback@
bombaysamachar.com

# મિલેનિયલ્સ તથા જેન ઝીને પસંદ પડી રહ્યા છે સૂર્યમુખીનાં ફૂલ

થોડા સમય પહેલા સુધી કદાચ યુવા પેઢીને સૂર્યમુખીના ફૂલોની સુંદરતા વિશે ખાસ કોઈ પરવા નહોતી, પરંતુ આજકાલ ફૂલ વેચનારાઓ તેની વધતી જતી માંગને પૂરી કરવા માટે સંઘર્ષ કરી રહ્યા છે. આજકાલના યુવાનો, ખાસ કરીને યુવતીઓ, સૂર્યમુખીના ફૂલોને ખૂબ પસંદ કરી રહી છે અને તેના પ્રત્યે અપાર પ્રેમ દર્શાવી રહી છે. આ જ કારણ છે કે તેની માગમાં સતત વધારો થઈ રહ્યો છે. ખરેખર, સૂર્યમુખીના ફૂલોમાં યુવા પેઢીને પોતાની તરફ આકર્ષવાની શક્તિ છે. યુવા વર્ગે સોશ્યલ મીડિયા પર સૂર્યમુખીના આ સુંદર ફૂલ પ્રત્યે ઘણી વખત પોતાનો પ્રેમ વ્યક્ત કર્યો છે. યુવા પેઢીએ સૂર્યમુખીના મોટા, ચમકદાર અને સુંદર પીળા રંગની સુંદરતાના અનુભવોને ઇન્સ્ટાગ્રામ પર ઉત્સાહભેર શેર કર્યા છે અને તેમની ફૂલો સાથેની તસવીરોને અસંખ્ય લાઈક્સ અને કોમેન્ટ્સ મળી છે. કેટલીક તસવીરોના કેપ્શનમાં લખવામાં આવ્યું છે કે, ‘સૂર્યમુખીના ફૂલો આપણને જીવનમાં હંમેશાં સકારાત્મક રહેવાની પ્રેરણા આપે છે.’ આ ફૂલ જે રીતે સૂર્યની દિશાને અનુસરે છે, તે લોકોને જીવનના તેજસ્વી પાસાં પર ધ્યાન કેન્દ્રિત કરવા પ્રેરણા આપે છે. સૂર્યમુખી એ વાતનો પુરાવો છે કે આપણું જીવન પણ તેજસ્વી અને સુંદર બની શકે છે.

થોડા વર્ષો પહેલા મોટા કદના કારણે અવગણવામાં આવતા સૂર્યમુખીના ફૂલોને આજની યુવા પેઢી ફૂલદાનીમાં સજાવીને તેનું મૂલ્ય વધારી રહી છે. આ ફૂલોને બજારમાંથી ખરીદી લાવીને ફૂલદાનીમાં રાખવા અને તેને નિહાળવાથી, તેમાં રહેલી સકારાત્મકતા કોઈનો પણ દિવસ સુધારી શકે છે. એ કહેવું અતિશયોક્તિ નહીં હોય કે આ યુવા પેઢીએ ગુલાબને થોડું બાજુ પર મૂકીને સૂર્યમુખીની ચમક અને તેના આકર્ષણમાં બંધાઈને તેને પોતાની પ્રથમ પસંદગી બનાવી લીધી છે. આ જ કારણ છે કે આ વય જૂથના યુવાન છોકરાઓ અને છોકરીઓ તેમને એક અદ્ભુત ભેટ તરીકે આપી રહ્યા છે. તેઓ આ ફૂલને કોઈપણના ચહેરા પર સ્મિત લાવવા માટે સક્ષમ માને છે. જો પ્રેમી-પ્રેમિકા એકબીજાને ગુલાબ આપે છે, તો સૂર્યમુખીના ફૂલનો ઉપયોગ પોતાના કોઈ મિત્ર, માતા-પિતા કે સંબંધીને આપવા માટે કરવામાં આવી રહ્યો છે.

મિલેનિયલ્સ અને જેન ઝી ભેટ તરીકે આ ફૂલ તરફ ખૂબ જ આકર્ષાઈ રહ્યા છે. તેઓ જ આ ફૂલના સાચા કદરદાન સાબિત થઈ રહ્યા છે. આ ફૂલનું મોટું કદ,



ચમકદાર રંગ અને મનને ખુશ કરનારા તેના તત્ત્વો મેન્ટલ હેલ્થ સુધારવામાં મદદ કરે છે.

ખરેખર તો, સૂર્યમુખીના ફૂલની વધતી માંગ પાછળનું એક મોટું કારણ તેનો સુંદર પીળો રંગ છે. આ જ કારણ છે કે યુવા પેઢી પોતાની પીઠી અને મહેંદીની રસમના શણગારમાં આ ફૂલનો ભરપૂર ઉપયોગ કરી રહી છે. પહેલા જ્યાં લિલી, ગુલાબ અને ગલગોટાનું વર્ચસ્વ હતું, તેનું સ્થાન હવે સૂર્યમુખીના ફૂલો લઈ રહ્યા છે. આમાં વેડિંગ ડિઝાઇનરોનું પણ ઘણું યોગદાન છે, જેમણે આ ઉપેક્ષિત ફૂલને નવી સર્જનાત્મકતાથી ભરી દીધું છે અને તેને પ્રિય બનાવ્યું છે.

મિલેનિયલ્સ અને જેન ઝી, જેઓ સુંદરતાના પારખું છે અને જેમને સૌંદર્યશાસ્ત્રની સારી સમજ છે, તેઓ સોશ્યલ મીડિયા પર આ ફૂલને લોકપ્રિય બનાવીને આ તેને ખાસ બનાવી રહ્યા છે. જ્યારે પણ તમે વસંતઋતુમાં પોતાનો અને બીજાનો મૂડ તાજગીભર્યો, સોનેરી અને ઉષ્માભર્યો બનાવવા માંગો છો, ત્યારે સૂર્યમુખીના ફૂલનો વિચાર મગજમાં સૌથી પહેલા આવે છે.

### જો તમે પણ સૂર્યમુખીનાં પીળા રંગ અને તેની સુંદરતાથી પોતાને વંચિત રાખી શકતા નથી, તો તમે તમારા ઘરને સૂર્યમુખીનાં ફૂલોથી સજાવી શકો છો

* બજારમાંથી સૂર્યમુખીના ફૂલો ખરીદીને તેની દાંડીઓને ત્રાંસી કાપો અને તેને એક લાંબા સિરામિક ફૂલદાનીમાં સજાવો. દર બે દિવસે પાણી બદલો અને તેને ઘરના એવા ખૂણામાં રાખો જ્યાં સૂર્યપ્રકાશ આવતો હોય પણ ગરમી વધારે ન હોય.
* ઘરે સૂર્યમુખીના ફૂલોને એક ‘મેસન જાર’માં મૂકીને તેને નીલગિરી અથવા ‘બેબીઝ બ્રેથ’ ના ફૂલો સાથે સજાવો.
* ઘરના એક ખૂણાને ‘સૂર્યમુખી કોર્નર’ બનાવીને તે હિસ્સામાં એક પ્રાકૃતિક વાતાવરણ તૈયાર કરી શકાય અને આ ફૂલોને કાચના જગમાં સજાવી શકાય છે. જો તેની આસપાસ લાઈટિંગ લગાવશો તો આ ખૂણો વધુ સુંદર લાગશે.
* જો તમે સૂર્યમુખીના ફૂલને અત્યંત સુંદર માનીને તેનાથી જ તમારી દીવાલને સજાવવા માંગતા હોવ, તો પેપર ક્રાફ્ટ દ્વારા મોટા-મોટા સૂર્યમુખી બનાવીને દીવાલ પર લટકાવી શકો છો.
* સેન્ટર ટેબલ પર રાખવા માટે એક મોટા કાચના જાર અથવા લાકડાની ટોપલીમાં સૂર્યમુખી અને તેના કેટલાક લીલા પાંદડાઓનો ઉપયોગ કરીને તમારા સેન્ટર ટેબલને સજાવી શકો છો.
* સૂર્યમુખીના ફૂલોને એક અઠવાડિયા સુધી તાજા રાખવા માટે તેમને સીધા સૂર્યપ્રકાશથી દૂર રાખો, તેમની દાંડીઓને ૪૫ ડિગ્રીના ખૂણે કાપો અને પાણીમાં ફૂલોને સુરક્ષિત રાખતા તત્ત્વો ઉમેરો.
* ઘરને સૂર્યમુખી થીમથી સજાવવા માટે આર્ટિફિશિયલ ફૂલોનો પણ ઉપયોગ કરી શકાય છે. સૂર્યમુખી થીમવાળા વોલ હેંગિંગ્સ અથવા પેઇન્ટિંગ્સનો પણ ઉપયોગ કરી શકાય છે.
* પીળા રંગના ઓશિકા અને પડદા પણ ઘરના વાતાવરણને જીવંત બનાવે છે.
* સૂર્યમુખીના ફૂલો ગુચ્છામાં પણ મળે છે. સૂર્યમુખીના દસ ફૂલોથી તમે એક સુંદર બુકે તૈયાર કરી શકો છો. બુકેના વચ્ચે એક મોટું ફૂલ લગાવીને તેની આજુબાજુ નાના ફૂલોને રાખો.
* સૂર્યમુખી લગાવાયેલા ફૂલદાનીને ફળોથી દૂર રાખો, કારણ કે ફળોમાંથી નીકળતો ઇથિલિન ગેસ સૂર્યમુખીના ફૂલોને અકાળે કરમાવી શકે છે.
* ફૂલોને તાજા રાખવા માટે, પાણીમાં થોડો લીંબુનો રસ અથવા એક ચમચી વિનેગર અથવા ખાંડ ઉમેરો. ■

વલો કચ્છ

ગિરિરાજ
feedback@bombaysamachar.com

# જીવનપથની સિદ્ધિને સલામ

કેટલાક જીવનપ્રસંગો માત્ર ઘટના નથી હોતા, તે સંઘર્ષ, સંવેદના અને માનવીય શક્તિની એવી સાક્ષી બની રહે છે કે અનુભવ કરનારને અંદરથી સ્પર્શી જાય. માધાપર સ્થિત દિવ્યાંગ કન્યા કુંજ સંચાલક અંધજન મંડળની મુલાકાત દરમિયાન એવી જ એક વાત જાણવા મળી, ઉદ્યોગ શિક્ષિકા તરીકે કાર્યરત અને સાઈન લેન્ગવેજથી વિદ્યાર્થીઓને સરળતાથી તાલીમ આપતા સાલસ શિક્ષિકા એવા ગીતાબેન ભટ્ટ દ્વારા સંભળાવાયેલ એક દીકરીની પ્રેરક સફર.

કોલી પરિવારની કાન્તા કાનજીભાઈ. જન્મ ૧૮ જૂન ૨૦૧૦ના રોજ. મજૂરી કરીને પરિવારનું ગુજરાન ચલાવતા પિતા અને ગૃહિણી માતા માટે દીકરીનો જન્મ તો લક્ષ્મીનું આગમન જ હતો. દાદા-દાદી માટે તો કાન્તા વ્યાજથી પણ વધુ વહાલી, પરંતુ જ્યારે કાન્તા ચાર મહિનાની થઈ ત્યારે પરિવારને ધ્યાન આવ્યું કે મંદિરના ઘંટનો અવાજ હોય કે રમકડાંનો અવાજ દીકરીની કોઈ પ્રતિક્રિયા જ નહોતી.

તબીબી તપાસ પછી વાસ્તવિકતા જાણવામાં આવી કે કાન્તા સાંભળી શકતી નથી, એટલે તે બોલી પણ નહીં શકે. એ ક્ષણ પરિવાર માટે વીજળી સમી પડી. અનેક ડોક્ટરો પાસે તપાસ, નાના ઓપરેશન સુધીના પ્રયત્નો. આશાની ઘણી બારી ખખડાઈ, પણ ક્યાંયથી પ્રકાશ ન આવ્યો. એક તબક્કે ફરી એક ઓપરેશનની સલાહ મળી, પરંતુ તેમાં જીવનનું જોખમ હતું. અંતે પરિવારે એક મોટો નિર્ણય લીધો દીકરી દિવ્યાંગ રહે તો ભલે રહે, પણ એ અમારે માટે અનમોલ રત્ન છે. એનો જીવ જોખમમાં મુકીશું નહીં.





સમય આગળ વધ્યો. કાન્તા પાંચ વર્ષની થઈ અને હવે પ્રશ્ન હતો શિક્ષણનો. સંજોગો એવા બન્યા કે તેના પિતા ખેતરમાં કામ કરતા હતા ત્યાંના એક પટેલભાઈએ માધાપર ખાતે કાર્યરત દિવ્યાંગ દીકરીઓ માટેની સંસ્થા વિશે માહિતી આપી. આ રીતે પરિવારનો કન્યા કુંજ સાથે સંપર્ક થયો.

પાંચ વર્ષની મૂકબધિર દીકરીને હોસ્ટેલમાં મૂકવાનો નિર્ણય કોઈપણ માતા-પિતા માટે સરળ ન હોય, પરંતુ અહીંયા ભવિષ્યનો સવાલ હતો એટલે કઠોર હૈયે દાખલ કરવામાં આવી. શાળાનો પહેલો દિવસ શિક્ષકો માટે પણ પડકારભર્યો હતો. દીકરીને સાઇન લેન્ગવેજ આવડતી નહીં, નવા વાતાવરણનો ભય, અને સતત ઘરે જવાની લાગણી. કાન્તાની નજર શાળાના ગેટ પર અટકેલી રહેતી કે કદાચ માતા-પિતા પાછા લેવા આવે અને હું જતી રહું. એવું તો થયું નહિ પણ અહીંથી શરૂ થઈ એક નવી સફર પ્રેમ, લાગણી અને ધીરજથી ભરેલી શિક્ષકોની. ધીમે ધીમે કાન્તા નવા વાતાવરણ સાથે અનુકૂલન સાધી શકી. અભ્યાસ તરફ રસ જાગ્યો અને સાથે-સાથે અભ્યાસેત્તર પ્રવૃત્તિઓમાં પણ તે આગળ વધવા લાગી. સ્પેશિયલ ખેલ મહાકુંભમાં રમતગમત, સાંસ્કૃતિક કાર્યક્રમોમાં નૃત્ય મૂકબધિર હોવા છતાં સંગીતના લય-તાલ સાથે પગલાં ભરે તેવું આત્મવિશ્વાસભર્યું વ્યક્તિત્વ વિકસવા લાગ્યું.

શિક્ષિકા ગીતાબેન ભટ્ટ કહે છે કે જ્યારે કાન્તાને ઉદ્યોગ શિક્ષણ આપવાનું શરૂ કર્યું ત્યારે તેને તેમાં જરા પણ રસ નહોતો. મને નથી ગમતું, મને નથી આવડતું કહીને તે દૂર રહેવાનો પ્રયત્ન કરતી, પરંતુ પ્રોત્સાહન, સમજણ અને સતત પ્રયત્નોથી ધીમે ધીમે તે આગળ વધી. આજે મડવર્ક, ભરતકામ, વેસ્ટમાંથી બેસ્ટ, ક્રાફ્ટ વર્ક, પેન્ટિંગ, રાખડી, ગૃહસુશોભનની વસ્તુઓ બનાવવામાં તે આત્મવિશ્વાસથી પોતાનું કૌશલ્ય બતાવે છે. વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લઈને ઉત્તમ પ્રદર્શન પણ કરે છે.

પરિવાર માટે સૌથી મોટો સંતોષ એ છે કે આજે તેમની દીકરી સામાન્ય દીકરીની જેમ જીવન જીવતી થઈ છે. એ દિવ્યાંગ છે એનો અમને અહેસાસ જ નથી રહેતો પરિવારના આ શબ્દો સંસ્થાની અને શિક્ષકોની મહેનતનો સૌથી મોટો પુરાવો છે.


વાસ્તવમાં આ પ્રસંગ માત્ર એક દીકરીનો નથી; આ છે સંવેદનાની સંસ્થા, સમર્પિત શિક્ષકો અને આશા ન છોડનાર પરિવારની સંયુક્ત યાત્રા. સંસ્થાએ પણ તાજેતરમાં પોતાની ૪૯ વર્ષની સફળ સફર પૂર્ણ કરીને સુવર્ણ જયંતી વર્ષમાં પ્રવેશ કર્યો છે. શિક્ષણ, સ્વાસ્થ્ય, સામાજિક ઉત્થાન અને સાંસ્કૃતિક સંવર્ધનના પાયાના સિદ્ધાંતો સાથે સંસ્થા સતત દિવ્યાંગ વ્યક્તિઓને સશક્ત બનાવવા પ્રયત્નશીલ રહી છે.

રમતગમત ક્ષેત્રે પણ સંસ્થાએ આંશિક દૃષ્ટિહીન ખેલાડીઓ માટે ભારતની પ્રથમ રાષ્ટ્રીય ફૂટબોલ ટુર્નામેન્ટનું આયોજન કરીને અનોખું ઉદાહરણ પૂરું પાડ્યું છે. વિદ્યાર્થીઓ શિક્ષણ, રમતગમત અને સાંસ્કૃતિક સ્પર્ધાઓમાં જિલ્લા, રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે ભાગ લઈ સંસ્થાનું ગૌરવ વધારતા રહ્યા છે.

કાન્તાની સફર તો અનેક મારા તમારા જેવા માટે પ્રેરણા અર્પે છે કે દિવ્યાંગતા કોઈ અંત નથી, તે માત્ર એક અલગ શરૂઆત છે. યોગ્ય માર્ગદર્શન, પ્રેમ અને વિશ્વાસ મળે તો દરેક બાળક પોતાની ક્ષમતાના નવા આકાશ શોધી શકે છે.

સન્ડે ધારાવાહિક

અનિલ રાવલ
feedback@bombaysamachar.com




બીજે દિવસે રાધા ગુલાબ કુંજવાળા રસ્તે ગઈ. ગુલાબ કુંજને જોડતી એક સાંકડી ફૂલ ગલી હતી. ગલીમાં બંને બાજુ ગુલાબ, મોગરા, જુઇ, જાસૂદ, ગલગોટા સહિતના જાતજાતનાં ફૂલો ભરેલી ટોકરીઓ વેંચતી બાઇઓ બેઠી હતી. કેટલાક લોકો ભાવ માટે રકઝક કરતા હતા.

‘આજ ગોપાલા કો શિંગાર મેં ગુલાબ કે ફૂલ કી માલા હોગી.....’ રાધાની સામે ટોકરી ધરીને એક બાઇએ કહ્યું. રાધાએ ભાવતાલ કર્યા વિના સો રૂપિયામાં એક નાની ટોકરી ખરીદી લઇને બાઇની સામે જોયું.

‘અપને હાથોં સે ફૂલઘર મેં દે દો....’ બાઇએ ફૂલઘરનો રસ્તો ચીંધ્યો. રાધા ફૂલ આપવા લગભગ પંદરેક પગથિયાં ચડીને ફૂલઘરમાં ગઇ. સંખ્યાબંધ મહિલાઓ ફૂલોને અલગ તારવતી હતી...કેટલી ફૂલમાળાઓ બનાવતી હતી. એણે જય ગોપાલા કહીને એક મહિલાને ટોકરી આપી. મહિલાએ ગુલાબના ઢગલા સાથે એના ગુલાબ ભેળવી દઇને ટોકરી પાછી આપી. દરમિયાન રાધાએ જાતજાતના ફૂલો, માળા ગૂંથતી બાઇઓથી લઇને અંદરનો પૂરો નજારો ફોટોગ્રાફિક મેમરીમાં ઉતારી લીધો. પાછી ફરી ત્યારે બાઇ ખાલી ટોકરી લેવા તૈયાર જ ઊભી હતી.

***************

રાધા જરા આગળ ચાલી ત્યાં પાછળથી અવાજ આવ્યોઃ ‘દૂધ લે લો.....દૂધ...ગોપાલા કો દૂધ કા ભોગ ચડાવો...’ જાણીતો અવાજ કાને અફળાયો. પુરોહિત ચાવાળાને ત્યાં સાંભળેલો એ જ અવાજ...રાધાએ એને ધારીને જોયો. દમદાર અવાજ, લંબગોળ ચહેરા પર પાણીદાર આંખો..ખડતલ શરીર. રાઘવ દૂધનો ઘડો ખભે ચડાવીને ઊભો હતો.

દસ લિટર બચા હૈ...દસ રૂપિયા લિટર...દું. રાધાએ સોની નોટ આપીને દૂધ ખરીદી લીધું.

‘મેડમજી, દસ લિટર હૈ....આપ વજન નહીં ઉઠા પાઓગી...ચલો રસોઇ ઘર મેં છોડ દેતા હું’ રાઘવે કહ્યું.

રાધા કોઇ પ્રતિભાવ આપ્યા વગર ઘડો કાંખમાં નાખીને રસોઇ ઘરના દાદરા ચડી ગઇ. રાઘવે ફાળિયું કસીને કમરે બાંધ્યું, વાળ ઝાટકીને રાધાની ખુમારી જોતો રહી ગયો. રસોઇ ઘરના દરવાજે લખ્યું હતુઃ ‘પ્રવેશ નિશિદ્ધ.’ પ્રવેશદ્વાર પર એક જણ યંત્રવત્ત જય ગોપાલા બોલીને દૂધનો ઘડો લઇને અંદર ગયો. રાધા આસપાસ નજર કરી રહી હતી. એ પાછો આવ્યો એટલે જય ગોપાલા બોલીને રાધાએ એના હાથમાં દસ રૂપિયાની નોટ મૂકતા કહ્યુંઃ ‘આ તમારી સેવા માટે છે.’ હાથ જોડીને પેલા માણસે કહ્યુંઃ ‘આપ ભોગ કે લિયે જો કૂછ ભી સીધાસામાન દેના ચાહતી હો.....દાનાપાની, સબ્જી, ફલફૂલ, ઘી, તેલ....યહાં દિજિયે.’

‘કલ મૈં કૂછ સામાન લાઉંગી....મુઝે અપને હાથોં સે રસોઇ ઘર મેં રખના હૈ.....મૈં સમઝુંગી મૈંને ગોપાલા કે ચરનો મેં રખા હૈ...’

‘કલ ઇસી સમય આઇએ.....મૈં યહીં રહુંગા...’ પેલો માણસ બોલ્યો ને રાધા દસની નોટની કમાલ જોઇને હસી પડી. રાધાએ મંદિરના દરેક ખૂણાની રેકી શરૂ કરી દીધી હતી. રાધા બહાર આવી. રાઘવ સામે જ ઊભો હતો.

‘સ્ત્રીઓને ઓછી આંકવાની ભૂલ ક્યારેય ન કરવી... એ ઘણો બોજો ઉઠાવી શકે છે.’ રાધાએ દૂધનો ખાલી ઘડો પાછો આપતાં કહ્યું.

‘તો કાલે પણ દસ લિટર આપું?’ રાઘવે કહ્યું.

‘ના, કાલે ગોપાલાનાં ચરણોમાં બીજો સામાન ધરવો છે.’ રાધા બોલી. રાઘવ કોઇ ઊંડા વિચારમાં પડી ગયો. જય ગોપાલા બોલીને એ નીકળી ગયો. રાધા એની ચાલ જોતી ઊભી રહી.

> **‘સ્ત્રીઓને ઓછી આંકવાની ભૂલ ક્યારેય ન કરવી....એ ઘણો બોજો ઉઠાવી શકે છે.’ રાધાએ કહ્યું.**

****************

સાંજે છ પછી રાધા પુરોહિત ચાવાળાને ઘરે ગઇ. પુરોહિતને કામ જાણવાની ઉત્સુકતા હતી અને રાધાને એની પાસેથી એસેટ તરીકે કામ કરાવવાની ઉતાવળ હતી, પણ બધો આધાર પુરોહિતના જવાબ પર હતો.

‘પધારો,’ પુરોહિતનો મીઠો આવકારો સંભળાયો. રાધા ઓસરીના હિંચકે બેઠી. આસપાસ નજર કરી.

‘ઘરમાં બીજું કોઇ નથી?’ એણે પૂછ્યું.

‘પત્ની પિયર ગઇ છે. છોરો અને એની લુગાઇ જયપુરમાં રહે છે....હું એકલો જ છું...એટલે જ મેં તમને ઘરે બોલાવ્યાં.’

‘મતલબ...?’ રાધાની આંખના ભંવા ઊંચા ચડી ગયા.

‘મતલબ એ કે તમે મને જે કામ સોંપવાના છો એની જાણ કદાચ મારે મારી પત્નીને પણ કરવાની ન હોય તો.....આપણે એકલાં જ મળવું પડેને....?’ પુરોહિતે સ્પષ્ટતા કરી. રાધાને પુરોહિતનો તેજ દિમાગ જોઇને માન થઇ ગયું. એણે પગની ઠેંસ મારીને હિંચકાને ઝુલતો કર્યો.

‘તમે દેશ માટે કામ કરવા તૈયાર છો પુરોહિતજી.....? ફક્ત હા કે નામાં જવાબ આપજો.’ રાધા મુદ્દાની વાત પર આવી.

પુરોહિત આંચકો ખાઇ ગયો. આવા સવાલની એણે ક્યારેય કલ્પના કરી નહતી...અને જવાબ હા કે નામાં આપવાનો હતો. એ એકીટસે રાધાને જોઇ રહ્યો... એના મોઢાના હાવભાવ નિરખતો રહ્યો....

‘તમે ના પાડશો તો આપણે આ વાતને અહીં જ દફનાવીને જય ગોપાલા કરીને છુટા પડીશું અને હા પાડશો તો તમારા મનમાં રમતા દરેક સવાલનો હું જવાબ આપીશ.’ રાધાએ કહ્યું.

‘હા...’ પુરોહિત ચાવાળો બોલ્યો ને રાધાએ પગથી હિંચકો થોભાવ્યો. એના ચહેરા પર એક અનેરી મુસ્કાન ફરકી.

‘પુરોહિતજી, તાલીમ લેવી પડશે અને આ માટે કોઇ યુનિવર્સિટીમાં કે કોલેજમાં કે એકેડેમીમાં જવાનું નથી. તમારો ચાનો ધંધો પૂરો થાય પછી હું તમને રોજ રાતે તાલીમ આપીશ....’

‘તાલીમમાં શું કરવાનું....?’ પુરોહિતે પૂછ્યું.

‘આજે બસ આટલું જ...તમારી તાલીમ શરૂ થશે આવતી કાલથી....રાતે નવ વાગ્યાથી ચિત્રકાર દેવીપ્રસાદજીના સ્ટુડિયોમાં.’

***************

રાધા રાતે ધરમશાળા પહોંચી ત્યારે જગદીશ એની રાહ જોતો હોય એમ બેઠો હતો. જય ગોપાલા બોલીને ચહેરા પર બાલીશ સ્મિત લાવ્યો.

‘બહુ મોડું થઇ ગયું તમને...’ જગદીશે વાતની શરૂઆત કરી.

રાધા હાથમાં પકડી રાખેલું રબ્બર બેન્ડથી વીંટાળેલું પેન્ટિંગ કાઉન્ટર પર મૂકીને ખભે લટકતા ઝોલામાંથી ચાવી શોધવા લાગી.

‘અમે બીજી ચાવી રાખીએ....ખોવાઇ જાય તો ચિંતા નહીં કરવાની.’ એ બોલ્યો.

‘ચાવી મળી ગઇ..’ કહીને રાધા જવા લાગી. ચાવી મળી એની નિરાશા જગદીશના ચહેરા પર ઊપસી આવી.

‘તમે દોરેલાં ચિત્રોના મને દર્શન કરાવજો....ક્યારેક.’ જગદીશનો ઇશ્કી મિજાજ દિલમાંથી નીકળીને શબ્દોમાં ગોઠવાઇ રહ્યો હતો. રાધાને પણ સમજાવા લાગ્યું હતું. જવાબમાં એને માત્ર સ્મિત મળ્યું.

***************

રાધાએ પુરોહિત ચાવાળામાં કેટલીક ખૂબીઓ જોઇ હતી. એક તો એ મોઢું જોયા વિના માત્ર અવાજ પરથી ઘરાક નવો છે કે જૂનો પારખી જતો હતો. બીજું, એની મેમરી ફોટોગ્રાફિક હતી.....એ જોયેલો ચહેરો ભૂલતો નહીં. વરસો પછી ચા પીવા આવનારા ભાવિકોને ઓળખી જતો.

બીજે દિવસે રાતે નવને ટકોરે પુરોહિત દેવીપ્રસાદજીના ઘરે પહોંચી ગયો.....નક્કી થયા મુજબ તાલીમ વખતે દેવીપ્રસાદ હાજર રહેવાના ન હતા...તાલીમ માત્ર પુરોહિત માટે હતી એટલે દેવીપ્રસાદજીએ અલગ રૂમમાં બંનેને ગોઠવી દીધા.

‘પુરોહિતજી, તમને શંકા જાય એ માણસનો ચહેરો જોઇને તમારે માત્ર સાત શબ્દોમાં કોડવર્ડમાં લખવાનું. દાખલા તરીકે....માંજર, મહેંદી, તલ, ભગવા, કડું, બાલિ....આ બધા કોડવર્ડ છે. માંજર એટલે એ માંજરી આંખો, માથામાં મહેંદી, કાળો કે લાલ તલ, ભગવા કપડાં...હાથમાં કડું ને કાનમાં બાલી છે. આને કહેવાય કોડ આઇડેન્ટીફિકેશન એટલે કે સાંકેતિક ભાષા લખવી અને ઉકેલવી.’

‘બોલવા-ચાલવાની કોઇ ખાસિયત હોય તો ધ્યાનમાં રાખીને લખવાનું.....જેમ કે એ હકલાતો હોય કે ખોડંગાતો હોય. હકલાતો હોય તો હાકલ લખવું ને ખોડંગાતો હોય તો ચાલ લખવું.’

‘માણસની બોલી બદલાતી નથી...બોલી અને શબ્દો પરથી એ કયા પ્રદેશનો કે દેશનો છે એની તરત જ ખબર પડી જાય...અને સૌથી મહત્ત્વની વાત....તમારી પર કોઇને શંકા જવી ન જોઇએ. હવે બીજી મહત્ત્વની વાત. તમારે કોડવર્ડમાં લખીને ચિઠ્ઠી ગામના પાદરે આવેલા શંકર ભગવાનના મંદિરની દાનપેટીમાં નાખી દેવી અને હું ચા પીવા આવું ત્યારે શંકર શંભો કહીને ચા આપવી. આપણો કોડવર્ડ શંકર શંભો.’

*************

રાધા ધરમશાળામાં પાછી ફરીને એ પલંગ પર આડી પડી. થોડીવારમાં એની આંખ મિંચાવા લાગી ત્યાં એનાં ફોનની રિંગ વાગી. એણે ધીમેથી હેલો કહ્યું.

‘વો વેસ્ટ બંગાલ કે માલદા સે ઘૂસ ચૂકા હૈ....મેરે ખયાલ સે વો અકેલા નહીં હોગા....’ રોના ચીફ રવિ જયસ્વાલનો ઠંડી આગ ઝરતો અવાજ આવ્યો.

‘સર, વો ખાલી હાથ ભી નહીં હોંગેં....મૈં ખાલી હાથ હું....’

‘તુમ્હારા હાથ ખાલી નહીં હૈ....તૂમ જુડો, કરાટે, કૂંગ-ફૂ, શીખી હો....વો તાલીમ કબ કામ આયેગી.....?’ રોના ચીફ બોલી રહ્યા હતા ત્યારે રાધાને રૂમની બહાર કોઇ અવાજ આવ્યો. ફોન કાપીને ઝડપથી દરવાજો ખોલ્યો...બહાર જગદીશ ઊભો હતો.

‘શું થયું...કેમ અહીં ઊભો છે...?’ રાધા બગડી.

‘બાજુના રૂમમાં રજાઇ આપવા જતો હતો....થયું તમને પૂછી જોઉં....તમારે વધુ ઓઢવાનું જોઇએ છે...ટાઢ બહુ છે.’

‘ના...’ કહીને રાધાએ ગુસ્સામાં દરવાજો જોરથી બંધ કર્યો. જગદીશ ચોરીછૂપીથી વાત સાંભળતો હશે કે રજાઇને બહાને મારી નિકટ આવવા માગતો હશે. એ વિચારતી બારી પાસે ગઇ..એણે નીચે નજર કરી....એક શખસ ઝડપથી ધરમશાળામાંથી નીકળીને લપાતોછુપાતો અદ્રશ્ય થઇ ગયો. રાધા ઝડપથી નીચે ઊતરીને કાઉન્ટર પર ગઇ.

‘હમણાં ગયો એ કોણ હતો....?’ એણે જગદીશને પૂછ્યું.

‘મને કેમ ખબર પડે....હું તો ઉપર રજાઇ આપવા ગયો હતો....તમે તો મને જોયો....’ જગદીશ બોલ્યો.

‘કોઇ તો છે આ ધરમશાળામાં..’ વિચારતી રાધા રૂમમાં પાછી ફરી. કડકડતી ઠંડીમાં રાધા અને શંકાનો કીડો રાતભર રજાઇમાં સળવળતા રહ્યા. (ક્રમશઃ)■

વિશેષ

કે. પી. સિંહ
feedback@bombaysamachar.com

# જંગલ બચશે તો જ ભવિષ્ય ઉજળું થશે



આજે ગ્લોબલ વોર્મિંગ એક વૈશ્વિક સમસ્યા બની ગઈ છે. વાતાવરણમાં પરિવર્તન, કમોસમી વરસાદ, અતિશય ગરમી, વધુ પડતો વરસાદ અને પૂર આવવા એ બધા વધતા પ્રદૂષણનું જ પરિણામ છે. એ બધા માટે તો આપણે જ જવાબદાર છીએ કેમ કે આપણે જ આડેધડ જંગલ અને વૃક્ષોનું નિકંદન કાઢ્યું છે. આધુનિકીકરણ, બહુમાળી ઈમારતો અને સિમેન્ટ-કોંક્રિટનાં જંગલોને કારણે ધરતીને આપણે જ પોકળ કરી નાખી છે. એને કારણે ઘણી વખત ધરતી પણ ધ્રુજી ઊઠે છે. જે વૃક્ષોને ઘટાદાર થવામાં વર્ષો લાગી જાય છે એને એક ઝાટકે મૂળ સાથે ઊખેડી નાખવામાં આવે છે.

અનેક વર્ષોથી ઝાડ વાવવાની હાકલ લોકોને કરવામાં આવી રહી છે. એના માટે દર વર્ષે ત્રીજી માર્ચે વિશ્વ વન્યજીવ દિવસ મનાવવામાં આવે છે. વિશ્વને આ આફતથી બચાવવા માટે જો કોઈ નક્કર પગલાં નહીં લેવામાં આવે તો હજુ પણ માઠા પરિણામ ભોગવવા માટે આપણે તૈયાર રહેવું પડશે. આપણાં જ કર્મના માઠા પરિણામ આજે આપણે ભોગવી રહ્યાં છીએ.

વિશ્વના લગભગ ૧૦ લાખ વન્યજીવ પ્રજાતિઓ વિલુપ્ત થવાની કગાર પર છે. અનેક મહત્ત્વનાં પ્રાણીઓ જેવા કે વાઘ, ગેંડા, એશિયાટિક લાયન અને ગીધ પર સંકટનાં વાદળ તોળાઈ રહ્યાં છે.

વિશ્વ વન્યજીવ દિવસની અધિકારિક ઘોષણા ૨૦ ડિસેમ્બર ૨૦૨૩માં કરવામાં આવી હતી. ત્રીજી માર્ચના દિવસે જ ૧૯૭૩માં ‘કન્વેન્શન ઓન ઇન્ટરનેશનલ ટ્રેડ ઈન એન્ડેન્જર્ડ સ્પેસિઝ ઓફ વાઇલ્ડ ફાઉના એન્ડ ફ્લોરા’ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. એનો ઉદ્દેશ હતો આંતરરાષ્ટ્રીય વેપાર માટે વન્યજીવો અને વનસ્પતિઓની ગેરકાયદે થતી તસ્કરીને અટકાવવાનો.

આ દિવસ એટલા માટે પણ અગત્યનો છે, કેમ કે આજે દુનિયા અનેક પડકારોનો સામનો કરી રહી છે. ઝડપથી ઘટતાં જંગલો, જંગલોમાં થતાં ગેરકાયદે શિકાર, જળવાયુ પરિવર્તન અને દરરોજ જૈવ વિવિધતાને થતા નુકસાન લોકો માટે આફત બની ગઈ છે. વન્યજીવ હશે તો પર્યાવરણનું સંતુલન જળવાઈ રહેશે. આવનારી પેઢી માટે વન્યજીવોનું સંરક્ષણ કરવું જરૂરી છે. જો હજી પણ માનવજાતિ વન્યજીવો પ્રત્યે સંવેદનશીલ ન થઈ તો વન્યજીવો માત્ર પુસ્તકો સુધી જ સીમિત રહી જશે. તેમના શિકારને પણ અટકાવવા જોઈએ.

દરવર્ષે એક થીમની સાથે વન્યજીવ દિવસ ઉજવવામાં આવે છે. વન્યજીવોની વિવિધ સમસ્યાઓ તરફ લોકોનું ધ્યાન જાય એ એનો ઉદ્દેશ છે. આ દિવસે અનેક શૈક્ષણિક કાર્યક્રમો દ્વારા લોકોમાં જાગૃતિ લાવવાનો પ્રયાસ કરવામાં આવે છે. સ્કૂલ, કોલેજમાં વિદ્યાર્થીઓ અને ટીચર્સ વચ્ચે આ બાબતે સંવાદ, સ્પર્ધાઓ, ભાષણ, નિબંધ લેખન વગેરેનું આયોજન કરવામાં આવે છે.

વર્કશોપ્સ પણ યોજવામાં આવે છે. રેલી અને પર્યાવરણ કાર્યકર્તાઓની વચ્ચે ચર્ચાસત્ર અને વન્યજીવોના સંરક્ષણ માટે કાર્યશાળા યોજવામાં આવે છે. સોશ્યલ મીડિયા કેમ્પેન, વૃક્ષારોપણ કાર્યક્રમ, ડોક્યુમેન્ટરી સ્ક્રીનિંગ, વન્યજીવને લઈને વિશેષ કાર્યક્રમો આયોજિત થાય છે.

ભારત દેશે પ્રોજેક્ટ ટાઈગર દ્વારા વન્યજીવ સંરક્ષણ કાર્યક્રમમાં ભાગીદારી નોંધાવી છે. હવે પ્રોજેક્ટ એલિફન્ટ દ્વારા દેશ એ દિશામાં આગળ વધી રહ્યો છે. આવા કાર્યક્રમ દ્વારા આપણે દુનિયાને દેખાડવા માગીએ છીએ કે વિશ્વની સામે આવેલા પડકારથી સુરક્ષા પ્રદાન કરવામાં આપણે પાછીપાની નથી કરતા. ■

## વન્યજીવ માનવજાતી માટે કેમ જરૂરી?

ધરતી પર જીવન માટે એક ચક્ર છે. માનવ પણ ત્યારે જ ટકી શકશે જ્યારે અન્ય વન્યજીવ હાજર હોય. એથી માનવજીવન ટકાવી રાખવા માટે વન્યજીવનું હોવું પણ જરૂરી છે. પૃથ્વી પર લગભગ ૧૦ લાખ વન્યજીવ પ્રજાતિઓ ઉપર જોખમના વાદળ તોળાઈ રહ્યાં છે.

માનવે પોતાના સ્વાર્થ માટે વન્યજીવોનો બેફામ ઉપયોગ કર્યો છે. એના પર હાલમાં નિયંત્રણ લાવવું ખૂબ જરૂરી છે નહીં તો વન્યજીવનો સમૂળ નાશ થઈ જશે.

સ્વસ્થ વન અને સમુદ્રી પારિસ્થિતિકી તંત્ર કાર્બનને અવશોષિત કરીને જળવાયુ પરિવર્તનને ઘટાડે છે. જોકે એના માટે વન્યજીવોનું અસ્તિત્વ ટકાવી રાખવું પણ અગત્યનું છે.




# અથાણાં કોઈને ભાવે ને કોઈને નઈ!

જૂઈ પાર્થ feedback@bombaysamachar.com

ઉનાળો બેસવાની શરૂઆત થઈ, કોયલનો પહેલો ટહુકો સંભળાયો, આંબે મ્હોર બેઠા ને વાતાવરણમાં પરસેવાની ગંધ ભળી. વાસંતીબહેને વર્ષાવહુને બોલાવી અથાણાં નાખવાની સામગ્રીની યાદી સોંપી. વર્ષાવહુએ મીઠો ઠપકો આપ્યો કે

'બા , હવે ક્યાં એટલાં અથાણાં ખવાય છે...? આ વર્ષે તો બજારમાંથી જ લઈ આવીશું. આમેય ડોક્ટરે તમને તો અથાણાં ખાવાની ચોખ્ખી ના પાડી છે. અમારે તો તમારી તબિયત પણ જોવાની ને!'

બસ વર્ષાવહુની આ વાતથી વાસંતીબહેન રિસાયાં. એવાં તો રિસાયાં કે વહુએ એમને અથાણાં ઘરે જ બનાવીશું એવી બાંયધરી આપી અને બીજે દિવસે બધો સામાન લઈ આવી. આમાં વાંક નહોતો વર્ષાવહુનો કે નહોતો વાસંતીબહેનનો વર્ષાવહુને સાસુની તબિયતની ચિંતા અને વાસંતીબહેન માટે તો અથાણાં નાખવા ઉત્સવ સમાન.પંદર સોળ વર્ષના હતાં ત્યારથી વાસંતીબહેનનાં અથાણાં બહુ વખણાય. વહુએ જ્યારે અથાણાં બહારથી લાવવાનું કહ્યું ત્યારે વાસંતીબહેનનો અહં ઘવાયો,એક ક્ષણ માટે જાણે એમનું અસ્તિત્વ ઓગળી ગયું હોય એમ લાગ્યું, પણ પછી વર્ષાવહુએ અથાણાં બનાવ્યાં ખરાં!

જે આ વાંચી રહ્યા છે તેમાંથી અથાણાં કોને કોને ભાવે? હાથ ઊંચો કરો તો જોઉં! ભાવે એ આ લેખ વાંચશે, પણ ના ભાવે એ ખાસ વાંચજો. ભારતની પરંપરાગત વાનગીઓમાં ખૂબ પ્રચલિત થઈ હોય એવી બે વસ્તુ. એક તો ભારતીય મસાલા કે જેની તોલે ભાગ્યે જ કોઈ બીજો દેશ આવે અને બીજા અથાણાં એક બે નહિ, પરંતુ અથાણાંની હજારો જાતની વિવિધતા ભારત દેશમાં જોવા મળે છે. ભારતીય પદ્ધતિથી બનાવેલાં અથાણાં બારે મહિના ફ્રીઝ વગર, સામાન્ય તાપમાનમાં પણ બગડતાં નથી, સ્વાદની સાથે કદાચ એટલે પણ એ વધુ ખ્યાતિ પામ્યા છે. બાકી દુનિયાની ઘણી સંસ્કૃતિમાં અથાણાં જોવા મળે જ છે- ખાસ કરીને સાઉથ એશિયન દેશોમાં.

અથાણાં શેનાં અને કેવાં બને તેનો સંપૂર્ણ આધાર જે તે દેશની ભૌગોલિક પરિસ્થિતિ, સ્ત્રોત, આબોહવા વગેરે પર નિર્ભર કરે છે. જેમકે ભારતમાં કાચી કેરીનું અથાણું સવિશેષ બને અને વપરાય છે. કેરીનું ખાટું અથાણું કોઈ પણ પ્રકારનાં ભોજન સાથે સારું લાગે, પરંતુ અથાણું ફક્ત કેરીનું અને એ પણ ખાટું જ હોય એવી માન્યતા ખોટી છે.

ભારતનાં રાજ્યો પ્રમાણે તેની અથાણાંની નાખવાની પદ્ધતિ, સ્વાદ, રંગ, તેમાં વપરાતું તેલ, મસાલા વગેરેમાં ફેર હોય છે. મુખ્યત્વે અથાણાં કેરી, શાકભાજી, કઠોળ - ચણા, લસણ, લીંબુમાંથી બનાવવામાં આવે છે.

અથાણાંની વિવિધતા જોઈએ તો એક મહિના સુધી રોજે નવું જ અથાણું ખાવા મળે, જેમકે કેરીનું ખાટું અથાણું, ગળ્યામાં છુંદો અને કેસરયુક્ત મુરબ્બો, ખટમીઠામાં ગોળકેરી, વઘારિયું અને કટકી, ગુંદા, કેરડા, ગરમર, વાંસ, કાચા સફરજન, કાચી દ્રાક્ષ, આમળાનું અથાણું, ગાજર-મરચાં, દાબડા, ચણા-મેથી, ચણા-લસણ અધધ અથાણાંની

વિવિધતા! આમ તો જો કે માંસાહારી અથાણાં પણ બનતાં હોય છે. મૂળ મુદ્દે અથાણાંની વિશેષતા એ કે તે જેની સાથે ખાઈએ તે મૂળ વાનગીનો સ્વાદ વધારે છે, જાણે પોતે ભોજનની શાન ન હોય?!

ઉનાળાની ઋતુ બાર મહિના સચવાય તેવાં અથાણાં નાખવા માટે અનુકૂળ સમય મનાય છે. આ સમયે વાતાવરણ સૂકું હોવાથી ભેજનાં કારણે અથાણાં બગડી જવાની શક્યતા ઓછી હોય છે. કેરી કે લીંબુની ખટાશ, ગોળ કે ખાંડનું ગળપણ, ચડતું મીઠું પ્રિઝર્વેટીવ તરીકે કામ કરે છે. એક તો કેરી આ ઋતુમાં આવે ઉપરાંત જે બરણીઓમાં અથાણાં આખું વર્ષ રાખવાનાં હોય તે બરણીઓને કુદરતી રીતે સ્ટરીલાઈઝ કરવી એટલે કે તડકે બરાબર તપાવ્યા પછી તેમાં અથાણાં ભરવામાં આવે તો તે લાંબો સમય બગડતા નથી. પહેલાંના સમયમાં ચિનાઈ માટીની બરણીઓ વપરાતી, ધીમે ધીમે તેનું સ્થાન કાચની બાટલીએ લીધું. ટિફિનની સાથે પણ અથાણાંની અલગ નાનકડી ડબ્બી આવતી. કેટલીક વાર અથાણાં શાકની સાખ પૂરતા હોય તેવું લાગે છે. ચોમાસામાં જ્યારે શાકભાજી બહુ સારા ના મળતાં હોય કે લેવા જ ન જવાયું હોય ત્યારે પેલું અથાણું મદદે આવે છે. અથાણું રોટલી, ભાખરી, સાદી પૂરી, નાસ્તાની પૂરી, થેપલા, ઢેબરા, ખીચડી, દાળ-ભાત બધાંની સાથે ખાવાની મજા આવે છે. એમાં પણ તાજા બનેલા અથાણાંનો સ્વાદ અને સુગંધ ભલભલી વિદેશી વાનગીને પાછા પાડી દે તેમ લાગે છે. ગુજરાતીમાં જેને આપણે વટ્ટથી અથાણું કહીએ છીએ તેને સામાન્ય રીતે નોન-ગુજરાતીઓ 'અચાર' કહે છે તો વિદેશીઓ તેને 'પીકલ્સ' કહે છે.

દરેક વસ્તુનાં બે પાસા હોય તેમજ અથાણાંના પણ છે.! સ્વાદમાં ચટાકેદાર અને ધમધમાટ એવા અથાણાંનું વધુ પડતું સેવન શરીરને લાંબા ગાળે નુકસાન કરે છે ત્યારે આ જ અથાણું મીઠા અને ગળપણનાં કારણે શરીરને તાકાત પણ આપે છે. ગરમીમાં અચાનક સોલ્ટ ડેફિશિયન્સી થઈ જાય અને જો રોટલી સાથે ગળ્યું કે ખાટું અથાણું ખાવામાં આપીએ તો તે કમી પૂરી કરી થાય છે અને તે માણસને ઈન્સ્ટન્ટ એનર્જી આપે છે. કોઈ શોખથી ખાય તો કોઈ વટ્ટથી, પણ પાકા ગુજરાતીની થાળીમાં એક અથાણું તો હોય, હોય ને હોય જ! તમારી પસંદનું અથાણું જણાવજો પાછા અને હા, અથાણાં વિશે બોલો,


**તમે શું કહો છો?** ■

# પ્રકૃતિમાં વસંતનાં વધામણાં

ટ્રાવેલ પ્લસ

કૌશિક ઘેલાણી
feedback@bombaysamachar.com





વસંત આવે એટલે કુદરત જાણે પોતાનો રંગમંચ તૈયાર કરે. ધરા આળસ મરડીને કેસૂડાંનાં રંગબેરંગી લૂગડાં પહેરીને મહાલવા નીકળી પડે. પીળા ઝૂમર જેવા આરગવધનાં ફૂલ, જારુલનાં જાંબલી રંગો અને કાંચનારનાં મનમોહક ફૂલોથી ધરતી જાણે નવી નવેલી દુલ્હન બની જાય. ઢળતી સાંજના ઠંડા વસંત પવનમાં આંબાનાં પાંદડાં હળવેથી લહેરાય અને ક્યાંક દૂર કોયલનો મધુર સૂર સંભળા ય એ ક્ષણે સમજાય કે વસંત માત્ર ઋતુ નથી, એ એક અનુભવ છે.

ગુજરાત અને રાજસ્થાનની અરવલ્લી પહાડીઓથી લઈને ગિરનાર અને બૃહદગીરનાં જંગલો સુધી આ દિવસોમાં કુદરતનો રંગોત્સવ છવાયેલો હોય છે. ખેર, ખાખરા, કરંજ, ગરમાળો, કાંચનાર અને શીમળાંના વૃક્ષો જાણે કોઈ ચિત્રકારની કેનવાસ પર રચાયેલી કૃતિ સમા લાગે. ઢળતી સંધ્યામાં સરિતાઓનું મધુર સંગીત, બુલબુલ અને કોયલના સ્વર અને પશ્ચિમ આકાશમાં ઝબૂકતા તારોડિયાઓ આ બધું મળીને કુદરતનું



અદ્‌ભુત પ્રદર્શન રચે છે.

વસંત એટલે સૂર્યાસ્તને ધીમે ધીમે પીવાની ઋતુ. ઠંડા પવનના સ્પર્શમાં કોઈ સ્વજનની નજીકતા અનુભવવાની ઋતુ. રાત્રિના આકાશમાં વૃશ્ચિક રાશિ સામે મીટ માંડીને બ્રહ્માંડના અપરંપાર વિસ્તારોને નિહાળવાની ઋતુ.

ભારત દેશમાં વસંતના રંગોને માણવા માટે અસંખ્ય સ્થળો છે. ઉત્તરાખંડ અને કાશ્મીરના વનવિસ્તારો, લદાખના નિર્ભળ આકાશ, રાજસ્થાનના રંગોત્સવો અને મધ્ય પ્રદેશના નદીકિનારા દરેક સ્થળ વસંતનો અલગ સ્વર રજૂ કરે છે. આજના ઝડપી જીવનમાં આપણે ઘણીવાર વૈભવી સુવિધાઓ પાછળ દોડતાં કુદરતના સહજ વૈભવને અવગણીએ છીએ. પરંતુ જ્યારે કોઈ નિર્જન કુદરતી સ્થળ સાથે અચાનક મુલાકાત થાય ત્યારે સમજાય કે સાચું વૈભવ તો અહીં જ વસે છે.

એવો જ એક અદ્‌ભુત અનુભવ મળે છે મધ્ય પ્રદેશના જબલપુર નજીક આવેલા ભેડાઘાટ ખાતે. નર્મદા જેને અહીં પ્રેમથી રેવા કહેવામાં આવે છે. વિશાળ માર્બલની પહાડીઓ વચ્ચેથી વહે છે અને સૂર્યપ્રકાશ તેની પર પડતાં સમગ્ર ઘાટ ચાંદીની જેમ ચમકી ઊઠે છે. વહેલી સવારે સૂરજની આછેરી લાલાશ પાણીમાંથી બહાર આવતી લાગે ત્યારે સમગ્ર દશ્ય જાણે કુદરતની જીવંત કવિતા બની જાય.



માર્બલની ઊંચી શિલાઓ વચ્ચેથી બોટમાં ફરવાનો અનુભવ અહીંની સૌથી યાદગાર બાબતોમાંનું એક છે. બોટ ધીમે ધીમે આગળ વધે, હાથ નર્મદાના પાણીમાં પસવારો કરો અને આસપાસ ઊભેલી સફેદ પહાડીઓને નિહાળો એ ક્ષણે એવું લાગે કે નર્મદા તમારા સાથે સંવાદ કરી રહી છે. ક્યારેક ઊંચી શિલાઓ પર બેઠેલા ઘુવડ કે પથ્થરો વચ્ચે ઊડતાં પક્ષીઓ આ દશ્યને વધુ રહસ્યમય બનાવી દે છે.

નર્મદાના કિનારે વસતા લોકોનું જીવન પણ નદી સાથે ગાઢ રીતે જોડાયેલું છે. નાનાં બાળકો નદીના ખોળે રમતાં રમતાં મોટાં થાય છે અને વહેતી નર્મદા જાણે તેમને સહજ રીતે પોતાની સાથે જોડીને રાખે છે. નદી માત્ર પાણીનો પ્રવાહ નથી, એ અહીંના જીવનનો આધાર છે.

ભેડાઘાટમાં ફરતા ફરતા સ્થાનિક સ્વાદનો પણ આનંદ માણી શકાય. મક્કાઈના લોટથી બનેલી દાળ-બાટી, દેશી ઘી અને લસણ-ફુદીના ચટણી સાથે પીરસાતું ભોજન ગ્રીષ્મની મોજને વધુ મીઠી બનાવે છે. જબલપુરથી માત્ર ૨૬ કિલોમીટર દૂર આવેલ આ સ્થળે પહોંચવું પણ સરળ છે અને વિવિધ બજેટની રહેવાની વ્યવસ્થા અહીં ઉપલબ્ધ છે.



નર્મદાના આ વિસ્તારથી થોડે દૂર મહેશ્વર નજીકનું જલકોટી પણ એક એવું સ્થળ છે જ્યાં નર્મદા અસંખ્ય ધારાઓમાં વહેંચાઈને વિશાળ પથ્થરો વચ્ચે કિલ્લોલ કરતી વહે છે. સવારે સૂર્યોદય સમયે વાદળો અને વહેતી ધારાઓનું દશ્ય મનમાં ચિરંજીવી છાપ મૂકી જાય છે.

ઢળતી સાંજે જ્યારે આકાશમાં લાલિમા ફેલાય, પંખીઓ શાંત થાય અને આકાશ હજારો તારાઓથી ભરાઈ જાય ત્યારે નર્મદાનો મધુર રવ વધુ સ્પષ્ટ સંભળાય છે. એ ક્ષણે સમજાય કે કુદરતે અહીં જાણે અસંખ્ય વાદ્યોની મહેફિલ સજાવી છે.

વસંતની આ ઋતુમાં રેવાના કિનારે બેસીને માત્ર એક જ શબ્દ હોઠ પર આવે

**આહ કુદરત વાહ કુદરત!**

કારણ કે કેટલીક જગ્યાઓ એવી હોય છે જ્યાં શબ્દો પૂર્ણ થઈ જાય છે અને અનુભવ બોલવા લાગે છે. ■

# ડેટા મેનેજમેન્ટઃ કઈ ફાઈલ્સ ક્યાં પડી છે એ યાદ રાખવાની ઝંઝટ ખતમ!

ટેક વ્યૂહ

વિરલ રાઠોડ
feedback@bombaysamachar.com

**ટેક્નોલોજીની** દુનિયામાં જેટલું મહત્ત્વ કોઈ ડિવાઈસનું છે એના કરતાં અનેકગણું મહત્ત્વ ડેટાનું છે. ઈન્ટરનેટની વિશાળ દુનિયામાં ડેટાને રાજા માનવામાં આવે છે. વિશ્વના રાષ્ટ્ર પાસે પોતાનો એક ડેટાબેઝ હોય છે. માહિતી, આંકડા અને કોન્ટેટની દુનિયામાં ડેટા જેટલો એક્યુરેટ એટલી તેની અસર વધારે. મોબાઈલ અને ટેબલેટ જેવાં ડિવાઈસ આવતા હવે કોઈ પણ ફોર્મેટના ડેટાનો વપરાશ કરવો સરળ બની રહ્યો છે.


ઈન્ટરનેટના ડેટાની વાત કરીએ એ પહેલા ડેટાના મૂળ સુધી જઈએ તો તેને મેનેજ કરવામાં સરળતા રહે. ટેલિકોમ્યુનિકેશનમાં ક્રાંતિ થઈ એની સાથે કમ્પ્યુટર જગતમાં પણ ધરમખ પરિવર્તન આવ્યા. સૌથી મોટું અને ચોંકાવનારૂ પરિવર્તન એ આવ્યું કે, કોઈ પણ સ્વરૂપમાં ડેટાએ રો કોન્ટેટની નિર્ભરતા ઘટાડી દીધી. ડિજિટલની દુનિયામાં ઈન્ટરનેટના નેટવર્ક કરતાં પણ વિશાળ ડેટાના સામ્રાજ્યની સફરે નીકળીએ એ પહેલા ડેટા પોર્ટેબિલિટીને સમજી લઈએ.

## ડેટા પોર્ટેબિલિટી

ગૂગલ વર્ક ઓફિસ શરૂ થતા ડેટા પરની નિર્ભરતા ઓછી થઈ. મોબાઈલ, ટેબલેટ અને લેપટોપ-ડેસ્કટોપમાં એક ફાઈલની એકસૂત્રતા આવતા શેરિંગ સરળ થયું. મોબાઈલમાંથી તૈયાર કરેલા ડેટાને ઈ-મેઈલ કરી શકાય, પીડીએફ કરી શકાય, રો ડેટા એટલે કે, ટેક્સ, લખાણ, સંદેશા, નિબંધ કે આર્ટિકલને એના મૂળરૂપે એટલે કે લખાણના રૂપે સાચવી શકાય, આંકડાકીય માહિતી પરથી ચાર્ટ બનાવી શકાય, જરૂરી હોય એવા લખાણરૂપી ડેટાને ઈમેજ તરીકે દર્શાવાથી શબ્દો લખવાના ઘટી જાય. આ બધું જ એક જ ડિવાઈસ પર તૈયાર કર્યા અનેક ડિવાઈસ પર ફેરવી શકાય અને શેર પણ કરી શકાય છે. આને ડેટા પોર્ટેબિલિટી કહે છે. ગૂગલ ઓફિસ ઓનલાઈન થયા બાદ અને માત્ર જી- મેલના સહારે આ તમામ સર્વિસ મળ્યા બાદ વર્ડ, એક્સેલ, પાવરપોઈન્ટ, પેઈન્ટ, ઈમેજીસ અને ડેટા એક્સેસની ફાઈલને એડિટ કરવી સરળ બની. સિક્યોર પણ બની. બસ, ધ્યાન એટલું રાખવાનું કે, ફાઈલ કરપ્ટ ન થવી જોઈએ.

## ડેટા મેનેજમેન્ટ

આ એક એવો વિષય છે જેને પ્રકરણમાં વર્ગીકૃત કરીએ તો પણ એક પુસ્તક બની જાય. મોબાઈલ ડિવાઈસ આવ્યા બાદ મલ્ટિમીડિયા ફોર્મેટ સૌથી વધારે ઉપયોગમાં લેવાઈ રહ્યું છે. દુનિયાનો કોઈ પણ ડેટા મોબાઈલ ડિવાઈસથી એક્સેસ થાય ત્યારે એમાં સૌથી વધારે મલ્ટિમીડિયાનો ઉપયોગ થાય છે. આનો અર્થ એવો બિલકુલ નથી કે ટેક્સ કે રો ડેટાની જરૂરિયાત ઓછી થઈ રહી છે. મોટી મોટી કંપનીઓ જે ફાઈલના થોથા પડ્યા રહેતા એનું ડિજિટાઈઝેશન થયું છે, જેને સાચવવા માટે કંપનીઓ સર્વરમાં જગ્યા ખરીદે છે અને ડેટા સાચવવા માટે પૈસા ચૂકવે છે. મોબાઈલમાં ડેટા મેનેજમેન્ટ વ્યવસ્થિત હોય તો યાદ રાખવાની ઝંઝટ ઘટે. ફાઈલ્સ પર કામ કરવાનું વધારે થતું હોય તો નોટ્સ નામની એપ્સમાં એનું લિસ્ટિંગ કરી શકાય, જેમકે ડિવાઈસ કે પોતાના નામથી શરૂઆત કરી મોબાઈલમાં કઈ કઈ જરૂરી ફાઈલ્સ પડી છે એનું લિસ્ટિંગ કરી શકાય. વોટ્સએપની મદદથી દરરોજ અનેક ફાઈલ્સ આપણા સુધી પહોંચે છે. પીડીએફ પર જસ્ટ વન્સ પર ક્લિક કરી પછી ભૂલી જવાય છે. દિવસના અંતે આવી જરૂરી ફાઇલ્સનું લિસ્ટિંગ હશે તો જરૂર પડ્યે ફાઈલ્સ શોધવાની જરૂર નહીં પડે.



## સ્પેસ મેનેજમેન્ટ

મોબાઈલ માટે જે વાત લાગુ પડે છે એ કમ્પ્યુટર કે લેપટોપ માટે લાગુ પડે એ જરૂરી નથી. મોબાઈલમાં ક્યારેક લિસ્ટ વ્યવસ્થિત હોય અને ફાઈલ્સ મોટી હોય ત્યારે સ્પેસનો ઈસ્યૂ આવે. આવું ન થાય એ માટે ફાઈલ્સને ક્લાઉડ એપ કે વોટ્સએપમાં સેલ્ફ મેસેજમાં સ્ટોર કરી રાખો. પછી નોટ્સમાંથી જે તે નામ માત્ર સર્ચ કરવાથી એ ફાઈલ સરળતાથી સ્ક્રીન સામે આવી જશે. આવું લેપટોપ કે કમ્પ્યુટરમાં ન થાય કારણ કે, એના પાથ કે સોર્સ અલગ અલગ હોય છે. કમ્પ્યુટરમાં આવું કરવા માટે પાથ સેવર તૈયાર કરવું પડે જે એક્સેલ અથવા એક્સેસમાં કરી શકાય છે. ટેબલેટમાં મોબાઈલ કરતાં સ્પેસ વધારે મળે છે. આવા સમયે સ્પેસ મેનેજમેન્ટની ખરી કસોટી થાય છે. જે ફાઈલ્સ કે વીડિયો દરરોજ ઉપયોગમાં લેવાય છે એને યાદ રાખવાની જરૂર નથી એ કામ ડિવાઈસ કરશે.

## ઈન્ટરનેટ ડેટા

ઘણા લોકોની એવી ફરિયાદ હોય છે કે, દરરોજનું ૨ જીબીનો ડેટા મળે છે તો દિવસ પૂરો થાય એ પહેલા જ ૨ જીબીનો ક્યાં ઉપયોગ થઈ જાય છે એની ખબર પડતી નથી. ઈન્ટરનેટ ડેટા સાચવવો અતિ જરૂરી છે. ખાસ કરીને ટ્રાવેલ કરતા હોય ત્યારે અને ક્યારેક કોઈ જરૂરી મીટિંગ હોય ત્યારે. મોટાભાગના કોર્પોરેટ વાઈફાઈના સહારે શ્વાસ લઈ રહ્યા છે. હવે જ્યારે કંપનીની મીટિંગ કોઈ કંપની સિવાયના લોકેશન પર હોય ત્યારે આવો ડેટા કામ આવે છે. કઈ એપ્લિકેશન કેટલો ડેટા વાપરે છે એની વિગત ગૂગલ પ્લેમાંથી ડાઉનલોડ કરો ત્યારે ડિસક્રિપ્શનમાં એની વિગત લખેલી હોય છે. ડાઉનલોડ કરેલી એપ્સમાં એપ્સ ઈન્ફોમાંથી એ કેટલો ડેટા વાપરે છે એ જાણી શકાય. કોઈ પણ એપ્સ પર ફોર્સ ટુ સ્ટોપ કરવાથી ૫ મિનિટ સુધી ઈન્ટરનેટ ડેટાના ઈનકમિંગ આઉટગોઈંગ એ રોકી દેશે. ઓટો ડાઉનલોડ ઓપ્શન બંધ રાખવાથી ડેટા બચે છે. શક્ય હોય તો વીડિયો ફોર્મેન્ટના ડેટા વાઈફાઈમાં જોવાથી ફોનનો ડેટા બચે છે. કોઈને મોકલતી વખતે ડોક્યુમેન્ટ કરવાથી ડેટા ક્લેરિટી યથાવત રહે છે. ફોનની જે એપ્લિકેશનના વારંવાર મેસેજ આવે એ સૌથી વધુ ડેટા ખાય છે. નક્કામા એપ્સ નોટિફિકેશન બંધ કરીએ તો દરરોજ ડેટા વધે. ■

**આઉટ ઓફ બોક્સ**

***ઈઝરાયલ ઈરાનની લડાઈ લાંબી ચાલશે તો ઈન્ટરનેટ સર્વિસ પર જોખમ વધશે, કારણ કે, ૯૦ ટકા દેશના ઈન્ટરનેટ કેબલ્સ ઈરાન પાસેની ખાડીમાંથી રૂટ કરવામાં આવ્યા છે.***

# શ્રદ્ધાને ક્યારેક અંધ થવાનું પણ ગમે છે...

હાસ્ય વિનોદ

મંગળ અમંગળ

વિનોદ ભટ્ટ
feedback@bombaysamachar.com

કોઈ માણસ એમ કહે કે પોતે ડૉન છે ને અંધારી આલમ પર તેનું એકચક્રી રાજ ચાલે છે તો લોકો તેની આ વાત તરત માની લેતા નથી, એ માટે તેણે પુરાવા આપવા પડે છે. બાર-પંદર ખૂનો કરવાં-કરાવવાં પડે છે. પણ કોઈ એમ કહે કે તે કૃષ્ણનો અવતાર છે કે પોતે જ ક્રાઇસ્ટ છે તો લોકો, ખાસ કરીને તેને અનુસરનારાઓ તેમાં શંકા નથી કરતા. તે પોતે જાતે ઊઠીને કહેતો હોય કે તે ઈસુ ખ્રિસ્ત છે તો આપણે તેની વાતમાં કુશંકા કરી શા માટે નરકમાં જવું! હોય તો હોય પણ ખરો એવું માની શંકાનો લાભ તેને આપીએ છીએ.

અમેરિકામાં તાજેતરમાં એક આવો ક્રાઇસ્ટ થઈ ગયો જેણે આખેઆખી ક્લિન્ટન સરકારને હચમચાવી મૂકી. ત્યાં એક ડેવિડિયન પંથ ચાલે છે અને આ પંથનો વડો ૩૩ વર્ષનો ડેવિડ કોરેસ પોતાની જાતને ઈસુ ખ્રિસ્તનો અવતાર ગણાવતો હતો. તે હવામાનશાસ્ત્રી નહીં હોવા છતાં તેણે એવી આગાહી કરી હતી કે આકાશમાંથી અગનવર્ષા થશે ને વિશ્વનો અંત આવી જશે. તેના અનુયાયીઓને તેણે કહ્યું હતું કે તમારે સ્વર્ગમાં જવું હોય તો મારા કહ્યા પ્રમાણે વર્તવું પડશે. તમારે બ્રહ્મચર્ય પાળવું પડશે. આ બ્રહ્મચર્ય સુધીની વાત તો જાણે બરાબર હતી, પણ તેણે ઉમેર્યું હતું કે તમારી પત્નીઓએ બ્રહ્મચર્ય પાળવાનું નથી. તેમની સાથે હું પતિ જેવો વ્યવહાર કરીશ. નરકમાં જવાથી ડરનારા આ પતિઓ તેમની સ્ત્રીઓ ડેવિડને સોંપી સ્વર્ગનું એડવાન્સ બુકિંગ કરાવી લેતા.

આ ક્રાઇસ્ટમાં, ક્રાઇસ્ટ કરતાં કૃષ્ણના ગુણો વધારે હતા. આપણે ત્યાં પણ આવા જ એક કૃષ્ણ તાજેતરમાં થઈ ગયા. આ બંનેની મોડસ ઓપરેન્ડી (કાર્યપદ્ધતિ) લગભગ સરખી હોવાને લીધે એ કૃષ્ણની થોડી વાત પણ ભેગી કરી લઈએ. આ કૃષ્ણનું નામ રૅશનકાર્ડમાં રામક્રિપાલ લલિતપ્રસાદ ત્રિપાઠી છે, પણ ઉપનામો કૃપાળુ મહારાજ ઉર્ફે જગદ્‌ગુરુ ઉર્ફે મહાપ્રભુ ઉર્ફે બનવારી ઉર્ફે કૃષ્ણ (વિધાઉટ ગીતા) વગેરે છે. આ વખતે તેમણે ઉત્તર પ્રદેશના પ્રતાપગઢ જિલ્લાના માનગઢમાં જન્મવાનું પસંદ કર્યું હતું. આ સ્થળે તેમણે સાધનાશ્રમ સ્થાપ્યો છે. આ તેમની હેડઑફિસ. તેની શાખા-પ્રશાખાઓ મસુરી, વૃન્દાવન, મથુરા, દિલ્હી તથા મુંબઈ ઇત્યાદિ સ્થળે આવેલ છે. તે પોતાના હેડ ક્વોર્ટરમાંથી શક્તિપાત કરે છે જે તેમની બ્રાન્ચોમાં ઝિલાય છે. આ મહાપ્રભુ પોતાને કૃષ્ણ કહીને અટકી નથી જતા પણ સુંદર સ્ત્રીઓને, સ્ત્રી હોવાનો એહસાસ કરાવે છે. કહે છે ય ખરા : 'મૈં સ્વયં ભગવાન શ્રીકૃષ્ણ હૂં ઔર તુમ સબ મેરી ગોપિયાં હો, કોઈ રાધા હૈ તો કોઈ મીરાં હૈ. મૈં રાધા કા કહાન હૂં ઔર મીરા કા મોહન હૂં વગેરે. ને આ ભોળી ગોપીઓ કૃષ્ણ ચાહે તેમ રહે છે. પરણેલી સ્ત્રીઓને તે માહિતી આપતા કે યહ દુનિયા એક માયાજાલ હૈ. યહાં આદમી કો અકેલે હી જાના પડતા હૈ, કોઈ પતિ અપની પત્ની કે પીછે પ્રાણ ન્યોછાવર નહીં કરતા. ઇસલિયે હે સુંદરી, તુલ ભૂલ જાઓ કિ તુમ કિસી કી ભાર્યા હો. યહ સબ મેરી હી રચી હુઇ સૃષ્ટિ હૈ, મૈં જો કહતા હૂં વોહી કરો, ક્યોં કિ મૈં કૃષ્ણ હૂં. મૈં જો કહતા હૂં ઉસ મેં અપની બુદ્ધિ કા પ્રયોગ મત કરો... અને સ્ત્રીઓને કૃષ્ણની આ છેલ્લી સલાહ વધુ અનુકૂળ આવતી. ભાનભૂલેલી આ ગોપીઓ તેમના પતિ માટે સ્વામી જેવું સંબોધન ખાનગીમાં પણ બોલતાં શરમાતી, એ જ ગોપીઓ આ કૃષ્ણને જાહેરમાં સ્વામી કહેતાં ધન્યતા અનુભવતી. શબરીનાં એઠાં બોર રામે ખાધેલાં, પણ કૃષ્ણની એઠી પતરાળી માટે શ્રીમંત સ્ત્રીઓ પડાપડી કરતી. લાલી-લિપસ્ટિક કરીને હોઠ લાલ કરવા કરતાં ગોપીઓ આ કૃષ્ણનું અડધું ચાવેલું પાન ખાઈને હોઠ લાલ કરવામાં પોતાનો જન્મારો સાર્થક માનતી.

અહીં શું કે પશ્ચિમમાં શું સ્ત્રીઓના આઈ ક્યુ બધે જ સરખા હોય છે. એક મોટા સ્ટોરની વારસદાર એવી એક છોકરીએ તેને મળેલી ૬.૬ મિલિયન ડૉલરની રકમ પણ આ ઈસુને ચરણે ધરી દીધી હતી. આ સો કૉલ્ડ ઈસુને કાયદેસરની ૧૯ પત્નીઓ હતી ને બારથી વધુ બાળકો હતાં. દરેક સ્ત્રીને તે કહેતો કે મારા આશીર્વાદથી તને જે કોઈ બાળક અવતરશે તે ઈસુનું બાળક ગણાશે. આ કારણે ઘણી સ્ત્રીઓ તેના આશીર્વાદ મેળવવા સદાય તત્પર રહેતી.

આ ઈસુ યાને ડેવિડનો જન્મ ૧૯૫૯માં હ્યુસ્ટન ખાતે થયો હતો. તેનું અસલ નામ વર્નોન વેઈન હૉવેલ હતું. ભણવામાં તે જે. ક્રિશ્નમૂર્તિ જેવો રેઢિયાળ હતો. ક્રિશ્નમૂર્તિ ભણવાને બદલે બગીચામાં જઈ બેસતા, આથી શાળાના શિક્ષકો બીજા વિદ્યાર્થીઓને તેની સોબત નહીં કરવાની સલાહ આપતા. પણ ક્રિશ્નમૂર્તિથી આ ડેવિડ જુદો એ રીતે પડતો હતો કે તેની યાદશક્તિ અદ્‌ભુત હતી. માત્ર ૧૨ વર્ષની ઉંમરે તે ભલભલા-વિદ્વાન-પાદરીઓ કરતાં પણ બાઇબલ આખેઆખું મોઢે કડકડાટ બોલી જતો. એવી એક કહેવત છે કે જરૂર પડ્યે શેતાન પણ બાઇબલમાંની ઉક્તિઓ ટાંકતો હોય છે, પણ ડેવિડ તો જરૂર વગર પણ બાઇબલ ટાંક્યા કરતો. બસ, આ બાઇબલને જ તેણે મૂડી બનાવી દીધી.

અને અમેરિકામાં એક વેકો રેન્ચનું સર્જન કર્યું. પોતાના અનુયાયીઓને તેણે ચેતવણી આપી દીધી કે આપણા ધર્મમાં આસ્થા નહીં રાખનારાઓ આપણા પર હુમલો કરશે એટલે આ નાસ્તિકો સામે આપણે લડવું પડશે. અને આ વેકો રેન્ચમાં ખૂંખાર યુદ્ધ ખેલી શકાય એવાં ભયાનક અને અદ્યતન શસ્ત્રો એકઠાં કરવામાં આવ્યાં. આમ, શૃંગાર અને વીરરસ સાથે વસવા માંડ્યા. આ ઈસુની વાક્છટા જોરદાર હતી. પોતાના પુરુષ અનુયાયીઓને તે શ્રમ અને પરસેવાનો મહિમા - આપણા પ્રધાનોની જેમ, ઍરકન્ડિશન્ડ મકાનમાં બેસીને - સમજાવતો અને ઉમેરતોઃ 'તમારા પરસેવાનું ફળ તમારી સ્ત્રીઓને મળી રહ્યું છે, એમને એ.સી.માં મારી સાથે રાખું છું.'

એફ.બી.આઈ. વાળાનાં નાક ઘણાં સતેજ હોય છે. સંતાડેલ શસ્ત્રો તે સૂંઘી શકે છે. આ એફ.બી.આઈ.ના માણસોએ રેન્ચને ઘેરો ઘાલી પાણી અને વીજળીનો પુરવઠો કાપી નાખ્યો. તેમ છતાં ડેવિડ કે તેનો કોઈ અનુયાયી શરણે ન આવ્યો. એકાવન દિવસ સુધી ઝીંક ઝીલી. ઈસુને લાગ્યું કે જીવવા માટેનો એક પણ માર્ગ શરણે આવવા સિવાયનો હવે બાકી નથી, પણ તેની પાસે મૃત્યુના અનેક માર્ગ ખુલ્લા હતા. તેમાંથી તેણે અનુયાયીઓને મરી જવાના જુદા જુદા સાત માર્ગો સૂચવ્યા. દાખલા તરીકે મોઢામાં પિસ્તોલ રાખીને ફોડવી, જીભ કચરીને ગુજરી જવું, સાઇનાઇડ લેવું, અગનઝાળને ભેટવું વગેરે. પણ આ બધાને ઈસુએ અમરત્વની અને સ્વર્ગની ગૅરંટી આપી હતી.

છેવટે આ ઈસુ તેના ૮૬ શિષ્યો સાથે જીવતો સળગી ગયો. બધા જ જોડે ભૂંજાઈ ગયા. આ આખીય ઘટના જાણીને અમેરિકન પ્રેસિડેન્ટ ક્લિન્ટન ડઘાઈ ગયા ને એ જ અવસ્થામાં તેમણે સમગ્ર ઘટનાની તપાસનો હુકમ આપી દીધો. આપણી પરંપરા પ્રમાણે તપાસપંચ નીમી દીધું. પ્રેસિડન્ટ એટલા નસીબદાર છે કે વિરોધપક્ષે કે પ્રજાના કોઈ પ્રતિનિધિએ તેમનું રાજીનામું માગ્યું નથી. અને છાપાવાળા પણ કહે છે કે આ આખાય કિસ્સામાં પ્રેસિડેન્ટ ક્લિન્ટન સાવ નિર્દોષ છે! ■

# યુદ્ધે લડીએ, પણ ગજવે ન લડીએ

ઝબાન સંભાલ કે

હેન્રી શાસ્ત્રી
feedback@bombaysamachar.com


યુએસ - ઈરાન વચ્ચે ભીષણ યુદ્ધ ચાલી રહ્યું છે. વિજય કોઈપણ પક્ષનો થાય, યુદ્ધના અંતે તો તારાજી, ખુવારી તો બંને પક્ષે થતી હોય છે. વિખ્યાત ગ્રીક તત્ત્વચિંતક પ્લેટો ૨૪૦૦ વર્ષ પહેલા કહી ગયા છે કે યુદ્ધનો અંત તો મૃત્યુ પામેલી વ્યક્તિ જ જુએ છે. એનો ગૂઢાર્થ એ છે કે યુદ્ધ ક્યારેય સંપૂર્ણપણે સમાપ્ત નથી થતું. જીવંત લોકો હંમેશાં સંઘર્ષ અને તેની અસરોનો સામનો કરે છે, મૃત્યુ પામેલી વ્યક્તિ જ યુદ્ધમાંથી મુક્તિ મેળવી શકે છે. આજની તારીખમાં વિશ્વના અનેક લોકો એનો અનુભવ કરી રહ્યા છે. **લડવું - ઝઘડવું - બાખડવું, યુદ્ધ, લડાઈ, મારમારી, મુકાબલો, સંગ્રામ, વિગ્રહ, જંગ...** નામરૂપ જૂજવા અંતે તો યુદ્ધનું યુદ્ધ જ હોય. વિનાશ તરફ આંગળી ચીંધતા આ શબ્દો ભાષામાં પણ વણાઈ ગયા છે. કહેવતો અને રૂઢિપ્રયોગોમાં પણ એની હાજરી જોવા મળે છે. અલબત્ત ભાષાપ્રયોગો એકબીજા સાથે લડાઈ કે યુદ્ધ નથી કરતા એ સારી વાત છે.



**આખલા લડે એમાં ઝાડવાં ભાંગે** (અથવા ઘણીવાર આખલા લડે એમાં ઝાંખરા ભાંગે) કહેવતનો ભાવાર્થ આંખ ઉઘાડી નાખનારો છે. બે મોટા કે શક્તિશાળી લોકો (આખલા) વચ્ચે ઝઘડો કે લડાઈ થાય છે, ત્યારે તેનું નુકસાન નજીકમાં રહેલા નિર્દોષ કે નાના લોકો (ઝાડવાં/ઝાંખરા) ને ભોગવવું પડે છે. વ્યવહારુ સમજણ આપતી કહેવત છે કે **યુદ્ધે લડીએ, પણ ગજવે ન લડીએ.** આ કહેવત ગુજરાતીઓની અને ખાસ તો વાણિયા બુદ્ધિની તાસીર વ્યક્ત કરે છે. જરૂર પડ્યે લડી લેવામાં કશું ખોટું નથી, પણ એમ કરવા જતા ગજવું ખાલી ન થાય એનું ખાસ ધ્યાન રાખવું, મતલબ કે આર્થિક નુકસાન ન થાય એની તકેદારી રાખવી. એટલે જ વેપારી વર્ગ ચીનથી આવતા માલનો બહિષ્કાર કરે છે, પણ પછી એ જ માલ વાયા સિંગાપોર મગાવી બિઝનેસ ચાલુ રાખવાની સ્માર્ટનેસ ધરાવે છે. એક અર્થમાં કુશાગ્ર વિદેશ નીતિનો આ મુદ્દો હોઈ શકે છે. **લડી છૂટજો પણ મરી ના છૂટશો** કહેવતમાં પણ આ જ ભાવ જોવા મળે છે. **લડાઈનું રોગ હાંસી ને રોગનું ઘર ખાંસી** બહુ જાણીતી પણ અત્યંત માર્મિક કહેવત છે. મશ્કરી, મજાક અથવા કરેલી ફજેતી લડાઈને આમંત્રણ આપે છે. અહીં હાંસી શબ્દને વિશાળ અર્થમાં સમજવો જરૂરી છે. કોઈના અભિમાન કે ગર્વને ઠેસ પહોંચાડવાથી પણ યુદ્ધ થાય છે અને ઈતિહાસના ચોપડે એના અનેક ઉદાહરણ નોંધાયેલા જોવા મળશે. યુદ્ધ - લડાઈમાં માર પણ પડે. કોઈ માર જીવલેણ હોય તો કોઈ એવો હોય જેમાંથી હિંમતવાન વ્યક્તિ ઉગરી જાય. આ દર્શાવતી કહેવત છે **માર, મરચું ને દારૂ, એ ત્રણ મરદને સારું, પચાવે તો સારું, નહીંતર સોમલ કરતાં વારુ.** માર ખાધા પછી એ સહન કરવાની તાકાત મરદ માણસમાં જ હોય. જો એ સહન ન થાય તો સોમલ એટલે કે ઝેરની અસર કરી વિકટ પરિસ્થિતિમાં મૂકી દે. જે મારે એજ તારે, મતલબ કે હેરાન કરે એજ હરખ પણ કરાવે એ મતલબની કહેવતો જાણવા જેવી છે. **મારનાર પણ તું અને બચાવનાર પણ તું** કે **મારનાર પણ તું, તારનાર પણ તું** અથવા **જે મારતું તે પોષતું.** આ ત્રણેય કહેવતમાં ભાવની સમાનતા છે. આપણી આસપાસ કેટલાક લોકો એવા હોય છે કે કામધંધો કશો કરવો નહીં ને મોટાં બણગાં ફૂંક્યાં કરવા. **મારવી માખ ને ચડાવવી તોપ** કહેવતમાં આ ભાવ સુપેરે વ્યક્ત થાય છે.

## सग्गी बहिण — युद्धाच्या म्हणी

યુદ્ધ સંદર્ભની અનેક કહેતો વિવિધ ભાષાઓમાં એકબીજા સાથે લડ્યા વિના હળીમળીને રહે છે. યુદ્ધની કહેવતો શૌર્ય, રણનીતિ અને વિજયના મહત્ત્વ પર પ્રકાશ ફેંકે છે. સૌથી જાણીતી કહેવત છત્રપતિ શિવાજી મહારાજના સમયકાળની છેઃ




**गड आला पण सिंह गेला. शिवाजी महाराजांचे अत्यंत विश्वासू आणि शूर सरदार तानाजी मालुसरे यांनी कोंढाणा किल्ला जिंकून स्वराज्यात आणला, परंतु स्वतःचा प्राण गमावला. या विजयानंतर शिवाजी महाराज अत्यंत दुःखी होउन म्हणाले, गड आला पण सिंह गेला. तानाजींच्या पराक्रमामुळे कोंढाण्याचे नाव 'सिंहगड' ठेवण्यात आले.** શિવાજી મહારાજના શૂરવીર સેનાપતિ તાનાજી માલસુરે કોંઢાણા કિલ્લો જીતી લીધો, પણ તેમના પ્રાણ જતા રહ્યા. આ જોઈ વ્યથિત મહારાજ બોલ્યા કે 'ગઢ પ્રાપ્ત થયો,પણ સિંહ જેવો સરદાર ગુમાવ્યો. તાનાજીના પરાક્રમને પગલે કોંઢાણા કિલ્લાનું નામ 'સિંહગઢ' રાખવામાં આવ્યું હતું. ભવ્ય વિજય પાછળનું બલિદાન પણ ભવ્ય હોય છે એ ભાવ અહીં પ્રગટ થાય છે. **आधी लगीन कोंढाण्याचे, मग माझ्या रायबाचे : वैयक्तिक सुखापेक्षा देशाचे किंवा युद्धाचे काम महत्त्वाचे मानणे.** આ કહેવત પણ તાનાજી માલસુરેના સંદર્ભમાં છે. **आपला मुलगा रायबाच्या लग्नाआधी कोंढाणा (सिंहगड) किल्ला जिंकण्याचे ध्येय पूर्ण करण्यासाठी वापरले होते. १६७० मध्ये कोंढाणा मोहिमेवर जाताना त्यांनी स्वतःच्या वैयक्तिक आनंदापेक्षा स्वराज्य रक्षणाला प्राधान्य दिले.** તાનાજીના પુત્રના લગ્ન લેવાના હોય છે, પણ કોંઢાણા કિલ્લો (સિંહગઢ) જીત્યા પછી જ પુત્રના લગ્ન થશે એવી ભાવનામાં અંગત આનંદ કરતા સ્વરાજ રક્ષણને પ્રાધાન્ય આપવાની ઉદાત્ત ભાવના વ્યક્ત થાય છે. બીજી એક કહેવત છે **होता जीवा म्हणून वाचला शिवा. प्रतापगडाच्या युद्धात अफजलखानाचा वध केल्यानंतर, खानाचा अंगरक्षक 'सय्यद् बंडा'याने छत्रपति शिवाजी महाराजांवर अचानक तलवार चालवली होती. अशा अत्यंत कठीण प्रसंगात, महाराजांचे निष्ठावान अंगरक्षक जीवा महाले (जिवाजी महाले) यांनी समयसूचकता आणि शौर्य दाखवून सय्यद बंडाचा वार अडवला व त्याचा वध केला. जिवा महाले वेळेवर हजर होते, म्हणून शिवाजी महाराज वाचले, या घटनेवरुन 'होता जिवा म्हणून वाचला शिवा' ही म्हण प्रसिद्ध झाली.** પ્રતાપગઢ યુદ્ધમાં અફઝલખાનનો વધ કર્યા પછી અફઝલનો અંગરક્ષક સય્યદ બંડા શિવાજી મહારાજ પર ધસી ગયો હતો. જોકે, મહારાજના અંગરક્ષક જીવાજી મહાલેની સમયસૂચકતા અને હિંમતને કારણે શિવાજી મહારાજને ઊની આંચ ન આવી. આ પ્રસંગ પરથી કહેવત પડી કે જીવા (જીવાજી મહાલે) હતો એટલે શિવા (શિવાજી મહારાજ) ઉગરી ગયા.

## राष्ट्र भाषा — युद्ध की कहावतें

યુદ્ધમાં કોઈનો વિજય થાય, કોઈનો પરાજય થાય, પણ વિનાશ તો બંને પક્ષે થાય એ અટળ હોય છે. યુદ્ધનું સત્ય હાર-જીત નહીં, પણ વિનાશ છે. યુદ્ધની કરુણા પ્રતિબિંબિત કરતા કેટલાક વિધાન જાણવા અને સમજવા જેવા છે. **युद्ध यह तय नहीं करता कि कौन सही है, केवल यह तय करता है कि कौन बच गया.** યુદ્ધ સમાપ્ત થયા પછી કોણ યોગ્ય અથવા કોણ અયોગ્ય એને બદલે કોણ બચી ગયું - ઉગરી ગયું એ યુદ્ધનું અંતિમ સત્ય છે. યુદ્ધ કેવું સર્વનાશી હોય છે એ વાત **यदि हम युद्ध को समाप्त नहीं करते हैं, तो युद्ध हमें समाप्त कर देगा.** વિધાનમાં ધારદાર રીતે વ્યક્ત થાય છે. યુદ્ધ કરતા લોકો જો હથિયાર હેઠા મૂકી યુદ્ધ સમાપ્તિનો નિર્ધાર નહીં કરે તો યુદ્ધ જ તેમને સમાપ્ત કરી દશે. મતલબ કે એમનું અસ્તિત્વ જ ભૂંસાઈ જશે. સહજ રીતે કેવી ગહન વાત કહેવાઈ ગઈ છે. યુદ્ધની માનસિકતાના સંદર્ભમાં એક અસરકારક વિધાન સમજવા જેવું છે. **युद्ध तुम्हारे मन में है तो तुम्हें शस्त्र की नहीं शास्त्र की जरुरत है.** મનુષ્ય મનમાં યુદ્ધના બીજ રોપાતા હોય છે અને પછી એ શારીરિક આક્રમણ કરવા સજ્જ થતો હોય છે. જોકે, એના મનને શાસ્ત્રોની મદદથી યુદ્ધ નિરર્થક છે એ સમજાવી શકાય તો યુદ્ધ ટાળી શકાય એ કહેવાનો આશય છે. યુદ્ધ સંબંધિત ગીત - કવિતા - વાર્તા લખાયા છે, પણ એ બધામાં કવિ પ્રદીપની 'અય મેરે વતન કે લોગોં' અજરામર છે. એ ગીતની અંતિમ કડી તો અનેક દેશવાસીઓના હૃદયમાં જડાઈ ગઈ હશે. **जब अन्त समय आया तो, कह गये के अब मरते हैं, खुश रहना देश के प्यारों, अब हम तो सफर करते हैं, क्या लोग थे वो दीवाने, क्या लोग थे वो अभिमानी, जो शहीद हुए हैं उनकी जरा याद करो कुर्बानी.** જો આ પંક્તિઓનું હાર્દ સમજાઈ જાય તો કદી યુદ્ધ ન થાય. ■

# ફૂડ ઈન્સ્પેક્ટરોને કંઇ ડયૂટી મળી?

ઊડતી વાત

ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com




'કાન ખોલીને સાંભળી લો. આવતા શનિવાર- રવિવારની જાહેર રજા તમારા લોકો માટે કેન્સલ કરી છે.' ફૂડ સેફટી ખાતાના મોટા સાહેબે બેઠકમાં ફૂડ ઇન્સ્પેક્ટરોને સૂચના આપી. બેઠકમાં ગણગણાટ ચાલુ થઇ ગયો.

'કાન ખોલીને સૂચના સાંભળ્યા પછી બીજા કાનેથી કાઢી નાંખવાની છૂટ છે?' રમેશ નામના ફૂડ ઇન્સ્પેક્ટરે ધીમેથી પૂછયું.

'સાલ્લું આપણે તો ગુમાસ્તાથી પણ ગયા. દર અઠવાડિયે ગુમાસ્તાને અઠવાડિક રજા મળે છે. આપણે તો ગધેડાની જેમ ડયૂટી કરવાની. ફેમિલી તો પાંજરાપોળ મુકી આવવાની.' ચંદુ ચૌદસે કકળાટ કર્યો.

'સાહેબ, આવતા શનિવાર રવિવાર રાજ રંડાઇ જવાનું છે?' ગણપત ગાંગડાએ કડક પ્રતિક્રિયા આપી.

'ના, અગત્યનું કામ છે.' મોટા સાહેબે જવાબ આપ્યો.

'અમારી રજા કેમ કેન્સલ કરવામાં આવી તે હું જાણી શકું?' લોભશંકરે રજા રદ કરવાનું કારણ જાણવા માંગ્યું.

'કોઇ પીએમફીએમ શહેરની મુલાકાતે આવતા હશે. ચૂંટણી પત્યા પછી હોમ મિનિસ્ટર રોડ શોના નામે તાયફા કરવા આવતા હશે. દિલ્હીમાં બેસી ફાઇલો કલીયર કરવાને બદલે દર મહિને રજાના દિવસે શહેરમાં અણગમતા અતિથિની જેમ આવે છે અને આપણી રજા પર પલાંઠી વાળીને બેસી જાય છે.' હર્ષદ હથોડાએ બળતરા વ્યક્ત કરી.

'શહેરમાં કોઇ વીઆઇપી કે વીવીઆઇપી મુવમેન્ટ હોય તો તેના ફૂડડ્રીંકના ટેસ્ટિંગ માટે તો મોબાઇલ ફૂડ લેબોરેટરી હોય છે. હેડ ઓફિસે બેચાર ફૂડ ઇન્સ્પેક્ટર લીવ રિઝર્વ હોય છે. તો આપણી રજાની મા પૈણવાની કયાં જરૂર છે?' કોઈ એકે ભડાશ કાઢી.:

'રજાઓમાં અમારે કરવાનાં કામો રઝળી જશે. તમને તમારી ઘરવાળીને લીધે ઘર ખાવા દોડતું હોય તેની સજા અમને કેમ કરો છો? નાના કર્મચારી પર થોડી રહેમ કરો.' સૌએ ગુહાર લગાવી.

'એકાદવાર રજા કેન્સલ થાય તેમાં આટલો શું કકળાટ કરો છો? સરકારી નોકર ચોવીસ કલાક નોકરી કરવા બંધાવેલ હોય છે. તમારા કરતાં તો શિક્ષકો એટલે કે પંતુજી સારા ચૂંટણી, મતદાર યાદી સુધારણા, વસ્તી ગણતરી વગેરે કામગીરી ભણાવવા ઉપરાંત કશો કકળાટ કર્યા વિના કરે છે. બાકી હતું તો સરકારે કૂતરાંની ગણતરીનું કામ પણ પકડાવી દીધું છે.' મોટા સાહેબે શિક્ષકોની પ્રશંસા કરી.

'સાહેબ, માસ્તરની નોકરીમાં તો છ મહિનાની નોકરી ને છ મહિનાની રજા હોય છે. અમને તેના જેટલું વેકેશન કયાં મળે છે?'

'જુઓ, મને તમને હેરાન કરવાનો શોખ નથી. ઉપરથી ઓર્ડર છે.' મોટા સાહેબે લાચારી જાહેર કરી.

'એટલે?' સૌએ એક અવાજે પૂછ્યું.

'આપણું બજેટ મહાનગરપાલિકાના બોર્ડમાં આવતા શનિવાર-રવિવારે રજૂ થવાનું છે.'

'દર વરસે બજેટ રજૂ થાય છે. તેના માટે અમારી રજા ક્યાં કેન્સલ થાય છે?' ગણપત ગાંગડાએ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો.

'મહાનગરપાલિકાના બોર્ડની બેઠકમાં બજેટ રજૂ થવાનું છે. તેમાં તમારે તમામે હાજર રહેવાનું છે. ઉપરથી આ સૂચના મળી છે.' મોટા સાહેબે સરકારની સૂચનાની દુહાઇ દોહરાવી.

'અમારું ત્યાં શું કામ છે? આ કામ તો વિપક્ષ કે ટ્રેઝરી બેંચના કોર્પોરેટરોએ કરવાનું હોય. અમારે નહીં.'

'ચૂપ,એકદમ ચૂપ...તમે લોકો દિવાળી સમયે ફરસાણ-મીઠાઇના નમૂના લો છો તેનો લેબોરેટરી રિપોર્ટ હોળી સમયે આવે છે. ઉતરાણમાં ઊંધિયાજલેબીના સેમ્પલ લો છો તેનો રિપોર્ટ નવરાત્રીમાં આવે છે. જે નમૂના લીધો હોય તે લેબોરેટરીમાં ફેલ થાય તો શું પગલાં લો છો? તમે પાંચ ગ્રામ ફાંફડાનું સેમ્પલ લઇ પાંચ-દસ કિલો ફાફડા-જલેબી બંધાવીને ઘરે લઇ જાવ છો.....એની મને ખબર છે.' મોટા સાહેબે બધાનો કલાસ લઇ લીધો.

'ઓ કે. કોઠી ધોઇને અમારે કાદવ કાઢવો નથી.સાહેબ બોલો,બજેટ બેઠકમાં અમારે શું કરવાનું છે?

'આ બેઠકમાં મેયર, કોર્પોરેટર, કમિશનર પત્રકાર વગેરેને ચા- નાસ્તો સર્વ થવાના છે.' મોટા સાહેબે માહિતી આપી.

'તો અમારે ચા-નાસ્તાના સેમ્પલ્સ ચેક કરવાના છે? એના માટે એક-બે ફૂડ ઇન્સ્પેક્ટર તો પૂરતા થઇ રહે. અમારે બધાએ ત્યાં બે દિવસ જવાની ક્યાં જરૂર છે?' હર્ષદ હથોડાએ પ્રશ્નનો હથોડો ઝીંક્યો.

'તમારે ત્યાં ચાનાસ્તાના સેમ્પલ લેવા જવાનું નથી.' મોટા સાહેબે બોમ્બ ફોડ્યો.

'જે સપ્લાયર ચાનાસ્તો સપ્લાય કરનાર છે તે વેઇટર પ્રોવાઇડ કરવાના નથી.' મોટા સાહેબે ચોંકાવનારી માહિતી શેર કરી.

'હૈહેંએએએએ' બધા હકાબકા રહી ગયા. ■

## મુંબઈ સમાચાર ક્લાસિફાઈડ ધમાકા

આપના ઉત્તમ પ્રતિસાદને ધ્યાનમાં લઈ હવે ૩૧મી માર્ચ, ૨૦૨૬ સુધી વિશેષ સ્કીમમાં ક્લાસિફાઇડ જાહેરાત નોંધાવો અને

**વધારાની એક જાહેરાત મફત મેળવો**

તેમજ ઉપરોક્ત મુદત દરમ્યાન બધી જ ક્લાસિફાઇડ ડિસ્પ્લે જાહેરાતો (કલર અથવા B/W) સ્કીમનાં સ્પેશિયલ ભાવ

**રૂ. ૧૦૦/- પ્રતિ સ્કે. સે.મી.** માં મેળવો

* ક્લાસિફાઇડ અને ક્લાસિફાઇડ ડિસ્પ્લે પર વધારાની મફત જાહેરાતની આ ઓફર લાગુ કરાશે.
* વધારાની મફત જાહેરાત કોઇપણ દિવસે છપાવી શકાશે.
* અન્ય બધા જ ભાવ અને નિયમો યથાવત રહેશે.

૧લી મે, ૨૦૧૩થી અમલમાં

**ક્લાસિફાઈડ રેટ કાર્ડ**

ડેઈલી અને વીકલી

**ખાસ નોંધ:** તમામ જાહેરખબરો નીચે દર્શાવેલ ભાવ અને શરતો પર સ્વીકારાશે

| | | |
|---|---|---|
| ગુજરાતી અને અંગ્રેજીમાં | રૂા. ૧૫૦ મિનિમમ (મિનિમમ ૧૦ શબ્દ) (મેક્સીમમ ૧૦૦ શબ્દ) | રૂા. ૧૫.૦૦ શબ્દ દીઠ |
| સંપૂર્ણ બોલ્ડ | રૂા. ૨૦૦ મિનિમમ | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| સબ હેડિંગ (બોલ્ડ) | (મેક્સીમમ ૪ શબ્દ) | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે B/W | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૨૦૦.૦૦ દર સ્કે. સે. મી. |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે Colour | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૩૦૦.૦૦ દર સ્કે. સે.મી. |

ક્લાસિક બોનાન્ઝા સ્કીમ ક્લાસિફાઈડ અને ક્લાસિફાઈડ ડિસ્પ્લે માટે

૧લી મે, ૨૦૨૫ થી ૩૦મી એપ્રિલ, ૨૦૨૬ સુધી

**સ્કીમ***

| ચુકવણી થયેલ જા.ખ. | સમય મર્યાદા |
|---|---|
| ૪ | ૩૦ દિવસ |
| ૭ | ૪૫ દિવસ |
| ૧૫ | ૭૫ દિવસ |
| ૨૩ | ૯૦ દિવસ |
| ૩૯ | ૧૬૫ દિવસ |
| ૫૭ | ૨૦૦ દિવસ |
| ૮૩ | ૨૩૦ દિવસ |
| ૧૨૨ | ૨૮૦ દિવસ |
| ૧૮૦ | ૩૮૫ દિવસ |
| ૩૭૦ | ૪૭૫ દિવસ |

* શરતો લાગુ


# કેવા શોખ અને કેવી દાણચોરી !!

**ઓપિનિયન**

સી. એ. પ્રકાશ દેસાઈ

રાજા મહારાજાથી લઇને ઝૂંપડીમાં રહેતા આમ આદમી સુધી બધાને જિંદગીમાં કોઇને કોઇ શોખ હોય શકે અને તે મેળવવા અને માણવાના તમામ પ્રયત્નો પણ તે કરતા હોય છે. શ્રીમંતને શોખ પૂરા કરવા પ્રમાણમાં સહેલા હોય છે અને ગરીબ માટે આકરા પ્રયાસો. આજના ઝમાનામાં બ્રાન્ડેડ કપડાં, ટ્રાવેલિંગ સાથે એક બહુ મોટો શોખ આકાર લઇ રહ્યો છે અને તે છે પ્રાણીઓ પાળવાનો. સામાન્યત તેમાં શ્વાન અને બિલાડીઓ હોય છે અને બહુ હિંમતવાળાઓના કેસમાં સિંહ, હાથી કે વાઘ, પણ હાલમાં કેન્યાના એરપોર્ટ ઉપર જે ઘટના બની છે તે તો ગજબની છે.

કેન્યાના નાયરોબીના મેઇન એરપોર્ટ ઉપર ૨૭ વર્ષનો એક યુવાન ૨૨૩૮ ગાર્ડન ક્વિન એન્ટ એટલે બગીચાની જીવંત કીડીઓ કે કદાચ આપણી ભાષામાં તેને મકોડા કહી શકાય, કારણ કે તે લાલ કલરની મોટી જીવાત છે, જેની સાઇઝ સામાન્ય કીડીઓ કરતા મોટી હોય છે. જેનીની દાણચોરી કરતા પકડાયેલ છે. આ ગાર્ડન ક્વિન કીડીઓ ટેસ્ટ ટ્યૂબો અને પેપર રોલમાં ભરીને લઇ જતા પકડાયેલ છે. આ બધી કીડીઓ તેના પર્સનલ લગેજની બેગમાં ભરેલી હતી. આ ઘટના સાથે ખબર પડી કે કેન્યાથી ગાર્ડન ક્વિન એન્ટ સ્મગ્લ કરવાનું બહુ મોટું કૌભાંડ ચાલે છે. ત્યારબાદ તો તેના મોબાઇલ, લેપટોપ અને આઇપેડને પણ જપ્ત કરીને તપાસવા લાગ્યા કે તેમાં તો એન્ટ ભરેલી નથીને.

આ ૨૭ વર્ષનો ચાઇનીઝ યુવાન ઝેંગ કેકુન ગયા વર્ષે કેન્યાથી જઇ રહ્યો હતો ત્યારે કેન્યન ઇમિગ્રેશન ઓથોરિટીને શંકા પડતા તેના પાસપોર્ટ ઉપર સ્ટોપ ઓર્ડરનો સ્ટેમ્પ મારી દીધો હતો અને ગમે તેમ કરીને તે ધરપકડ થવાથી બચી ગયો હતો, પરંતુ આ વખતે પકડાઇ ગયો અને તેના ૩ કેન્યન સપ્લાયર્સની માહિતી મળી ગઇ.

ગયા વર્ષે મે મહિનામાં કેન્યન કોર્ટએ ગાર્ડન ક્વિન એન્ટની કેન્યામાંથી દાણચોરી કરીને બહાર લઇ જવા બદલ એક વર્ષની જેલ અને ૭૭૦૦ ડૉલર્સનો દંડ ફટકારેલો હતો. આ ૪ જણામાં ૨ બેલ્જિયમના, એક વિયેટનામનો અને એક કેન્યાનો નાગરિક હતા. આ બધાએ કોર્ટમાં સ્ટેટમેન્ટ આપ્યાં કે તેઓ એન્ટને પાળવાના શોખના કારણે લઇ જતા હતા અને તેમાં કશું ખોટું નથી. ચાઇનીઝ યુવાન ઝેંગ આ સ્મલીંગનો માસ્ટર માઇન્ડ છે અને તે ગયા વર્ષે જ પાસપોર્ટમાં પકડાઇ ગયેલો તે છોડીને બીજા નકલી પાસપોર્ટ ઉપર આ વર્ષે ફરી આવેલ પણ પકડાઇ ગયો. બેંગકોક એરપોર્ટ ઉપર પણ ગાર્ડન એન્ટ સ્મલિંગ કરતા પકડાઇ ગયેલ છે.

આ કીડીઓનાં બિઝનેસ ઇન્ટરનેશનલ બાયોડાયર્વસિટી ટ્રીટીથી રેગ્યુલેટ થાય છે.

ગયા વર્ષે જ કેન્યા વાઇલ્ડ લાઇફ સર્વિસ ઓથોરીટીએ કેન્યન સરકારે ચેતવણી આપેલી હતી કે ગાર્ડન એન્ટ જે સાયન્ટિફિકલી મેસર સેફાલોટસના નામે પશ્ચિમના દેશોમાં ઓળખાય છે તેની યુરોપ અને એશિયન દેશોમાં પાળવાની ફેશન બહુ જોરમાં ચાલી રહી છે.

કેન્યન ઓથોરીટીએ હવે તેની સર્ચ નાઇરોબીની સાથે નકુરુ, નાવીશામા શરૂ કરી દીધી છે અને એન્ટ હાર્વેસ્ટિંગ ક્યાં ક્યાં થઇ રહ્યું છે તેની તપાસ શરૂ કરી દીધી છે. બાયોડાયર્વસીટી માટે એન્ડ ગાર્ડનમાં જરૂરી છે પણ એન્ટ પાળવાનો શોખ અને તેના માટે ગાર્ડન એન્ટની માર્કેટ અદ્‌ભુત દુનિયા છે!

૨૧મી સદીમાં માણસને કેવા કેવા શોખ છે તેની ગણતરી કરવી મુશ્કેલ છે અને માણસ પૈસા કમાવવા કેવા કેવા ધંધા કરી શકે છે તે પણ સ્મલિંગના તો કલ્પના બહારની વાત છે. એક બાજુ ભાષામાં આપણે જ્યારે એન્ટના ત્રાસથી કંટાળીને પેસ્ટ કંટ્રોલવાળાને બોલાવીને દવાનો છંટકાવ કરાવતા હોય છે ત્યારે સમાજનો એક વર્ગ તેની ઊંચી કિંમત લઇને પાળે છે. આપણે ત્યાં કોઇ મહામારી આવે કે દુર્ઘટના બને અને માનવ અને પશુની ખુવારી થાય તો કહેવાય છે ને કીડી મકોડાની જેમ જિંદગીઓ ગઇ, પણ હવે માણસની તો ખબર નથી પણ કીડી મકોડાએ ગભરાવવાની જરૂર નથી. કારણ કે તેને પંપાળવા એક વર્ગ આગળ આવી રહ્યો છે. આ કળયુગ નહીં તો બીજું શું કહેવાય.

# વિદેશી હૂંડિયામણની અનામતમાં ૧૧.૬૮ અબજ ડૉલરનું ગાબડું

## આરબીઆઈનું હાજર બજારમાં અંદાજે ૬.૧ અબજ ડૉલરનું વેચાણ

મુંબઈ: ગત છઠ્ઠી માર્ચના રોજ પૂરા થયેલા સપ્તાહે દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામત આગલા સપ્તાહની સરખામણીમાં ૧૧.૬૮ અબજ ડૉલરના ગાબડાં સાથે ૭૧૬.૮૧૦ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું.

નોંધનીય બાબત એ છે કે આ પૂર્વેના સપ્તાહે અનામત ૪.૮૮૫ અબજ ડૉલર વધીને ૭૨૮.૪૯૪ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. સમીક્ષા હેઠળના સપ્તાહમાં દેશની કુલ અનામતોમાં મુખ્ય અથવા તો બહોળો હિસ્સો ધરાવતી વિદેશી ચલણી અસ્ક્યામતો ૯.૮૮૦ અબજ ડૉલરના ઘટાડા સાથે ૫૬૩.૨૪૫ અબજ ડૉલરના સ્તરે રહી હતી.

અત્રે નોંધનીય બાબત એ છે કે વિદેશી ચલણી અસ્ક્યામતોમાં ડૉલર ઉપરાંત યુરો, પાઉન્ડ અને યેન જેવાં મુખ્ય ચલણો સામે સપ્તાહ દરમિયાન રૂપિયામાં થયેલી વધઘટને પણ ધ્યાનમાં લેવામાં આવતી હોય છે.

વાસ્તવમાં જોઈએ તો સપ્તાહ દરમિયાન અમેરિકા-ઈરાન વચ્ચેના યુદ્ધને કારણે ક્રૂડતેલના ભાવમાં તેજી આવવાની સાથે ડૉલર ઈન્ડેક્સમાં પણ મજબૂત વલણ રહ્યું હોવાથી સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં રૂપિયો દબાણ હેઠળ આવ્યો હતો અને ગબડતા રૂપિયાને અંકુશમાં રાખવા રિઝર્વ બૅન્ક દ્વારા ડૉલરનું વેચાણ કરવામાં આવ્યું હોવાથી વિદેશી ચલણી અસ્ક્યામતોની અનામત દબાણ હેઠળ આવી હોવાનું એક વિશ્લેષકે જણાવ્યું હતું. જોકે, આઈડીએફસી ફર્સ્ટનાં ઈકોનોમિસ્ટ ગૌરા સેન ગુપ્તાના અંદાજ અનુસાર રિઝર્વ બૅન્કે ૬.૧ અબજ ડૉલરનું બજારમાં વેચાણ કર્યું છે અને અંદાજે ૫.૪ અબજ ડૉલરની વૅલ્યુએશન નુકસાની થઈ છે.

વધુમાં સપ્તાહ દરમિયાન દેશની સોનાની અનામત ૧.૬૧૨ અબજ ડૉલર ઘટીને ૧૩૦.૦૧૭ અબજ ડૉલર, ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેના સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ ૧૪.૬ કરોડ ડૉલર ઘટીને ૧૮.૭૨૦ અબજ ડૉલર અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેની અનામત ૪.૫ કરોડ ડૉલર ઘટીને ૪.૮૨૮ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્કે આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે. ■

# ઑડી ઈન્ડિયા આગામી બીજી એપ્રિલથી ભાવ બે ટકા સુધી વધારશે

નવી દિલ્હી: જર્મન લક્ઝરી કાર ઉત્પાદક કંપની ઑડી ઈન્ડિયા ઉત્પાદન ખર્ચમાં થયેલા વધારા અને વિનિમય દરની ચંચળતાની માઠી અસર ખાળવા માટે આગામી બીજી એપ્રિલથી તેના ઉત્પાદનોના ભાવમાં બે ટકા સુધીનો વધારો કરશે.

આ ઈન્ડિયાની યાદીમાં જણાવ્યાનુસાર કંપની તેના તમામ રેન્જના મૉડેલના ભાવમાં એક્સ શૉ રૂમ ધોરણે બે ટકા સુધીનો વધારો કરશે. તાજેતરમાં ઈનપૂટ ખર્ચમાં થયેલા વધારા અને આંતરરાષ્ટ્રીય વિનિમય દરમાં થતાં ફેરફારોની અસરને ખાળવા માટે આગામી બીજી એપ્રિલથી તમામ મૉડેલના ભાવમાં બે ટકા સુધીનું એડજસ્ટમેન્ટ કરવામાં આવ્યું છે. જોકે, અમારા ગ્રાહકો પર ઓછામાં ઓછો ભાવવધારો પસાર કરવા માટે અમે પ્રતિબદ્ધ છીએ, એમ ઑડી ઈન્ડિયાના બ્રાન્ડ ડિરેક્ટર બલવિર સિંઘ ધિલ્લોને જણાવ્યું હતું.

નોંધનીય બાબત એ છે કે હાલમાં ઑડી ઈન્ડિયાની લક્ઝરી કાર અને ક્યુ૩ એસયુવીથી એસયુવી આરએસ ક્યુ૮ સુધીની રેન્જની એસયુવી કારના ભાવની રેન્જ રૂ. ૪૩.૨૩ લાખથી રૂ. ૨.૩૪ કરોડ સુધીની છે. ■

# વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતાના વાદળો છતાં ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં કપાતની આશા ઓસરતા સોના-ચાંદીમાં નરમાઈ

**કોમોડિટી**

રમેશ ગોહિલ

આંતરરાષ્ટ્રીય સ્તરે ખાસ કરીને પશ્ચિમ એશિયામાં અમેરિકા-ઈઝરાયલનાં સંયુક્તપણે ઈરાન પરનાં હુમલાઓ અને તેનાં જવાબમાં ઈરાનના અખાતી દેશો પર થઈ રહેલાં હુમલા ઉપરાંત સ્ટ્રેટ ઑફ હોર્મુઝ દરિયાઈ માર્ગ પણ બંધ કરવામાં આવ્યો છે. નોંધનીય બાબત એ છે કે વૈશ્વિક સ્તરે ક્રૂડતેલ અને લિક્વિફાઈડ નેચરલ ગૅસ (એલએનજી)ના શિપમેન્ટો સ્ટ્રેટ ઑફ હોમુર્ઝ માર્ગથી જ પસાર થતા હોય છે, પરંતુ આ માર્ગ બંધ થવાને કારણે ક્રૂડતેલના શિપમેન્ટો ખોરવાઈ જતાં વૈશ્વિક બજારમાં ગત સપ્તાહે ક્રૂડતેલના ભાવ વધીને બેરલદીઠ ૧૦૦ ડૉલરની સપાટી કુદાવી ગયા હતા. વધુમાં રશિયા અને યુક્રેન વચ્ચેનાં યુદ્ધમાં પણ છમકલાઓ થઈ રહ્યા છે. આમ વૈશ્વિક સ્તરે ભૂરાજકીય તણાવની સ્થિતિ પ્રવર્તી રહી હોવાથી આર્થિક વૃદ્ધિની ચિંતા સપાટી પર છે. વધુમાં ક્રૂડતેલના ભાવમાં થયેલા વધારાને કારણે ફુગાવામાં થનારા અપેક્ષિત વધારાની ભીતિ પણ સેવાઈ રહી છે. હાલની આ સ્થિતિમાં ભારત સહિતના ઈક્વિટી માર્કેટમાં પણ એકતરફી ધોવાણ જોવા મળ્યું છે.

સામાન્યપણે આર્થિક અને ભૂરાજકીય અનિશ્ચિતતાના સંજોગોમાં વ્યાજની ઊપજ ન આપે તેવી સોના-ચાંદી સહિતની કિંમતી અસ્ક્યામતોમાં રોકાણકારોની લેવાલી રહેતી હોય છે, તેમ છતાં હાલના તબક્કે ક્રૂડતેલના ભાવમાં તેજીનું વલણ જોવા મળી રહ્યું હોવાથી ફુગાવો વધવાની શક્યતા પ્રબળ છે અને જો ફુગાવામાં વધારો થાય તો અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં વધારો કરે તેવી શક્યતા પાતળી બને તેમ હોવાથી સોના અને ચાંદી જેવી કિંમતી ધાતુઓમાં ભાવવધારો અટક્યો છે. વધુમાં તાજેતરમાં વૈશ્વિક ઈક્વિટી માર્કેટમાં ઑલ ફોલ ડાઉનનું વલણ રહ્યું હોવાથી અમુક અંશે ઈક્વિટીમાં રોકાણકારોને થયેલી નુકસાની સરભર કરવાને કારણે પણ સોના-ચાંદીમાં વેચવાલીનું દબાણ રહેતાં ભાવ દબાણ હેઠળ આવ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર ગત સપ્તાહે વૈશ્વિક સોનામાં બે ટકા જેટલો ઘટાડો આવ્યો હતો. તેમ જ ચાંદીના ભાવ પણ ઘટી આવ્યા હતા.

વૈશ્વિક બજારને અનુસરતા સ્થાનિક ઝવેરી બજારમાં પણ ગત સપ્તાહે સોના અને ચાંદીના ભાવ બેતરફી વધઘટના અંતે ઘટાડાના વલણ સાથે બંધ રહ્યા હતા. ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર ગત સપ્તાહના આરંભે સ્થાનિકમાં વેરારહિત ધોરણે ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ૧૦ ગ્રામદીઠ ભાવ આગલા સપ્તાહના અંત અથવા તો ગત છઠ્ઠી માર્ચના રૂ. ૧,૫૮,૭૫૧ના બંધ સામે સાધારણ સુધારા સાથે રૂ. ૧,૫૯,૫૬૮ના મથાળે ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન ઉપરમાં રૂ. ૧,૬૦,૬૯૨ સુધી પહોંચ્યા બાદ સપ્તાહના અંતે સૌથી નીચી રૂ. ૧,૫૮,૩૯૯ની સપાટીએ બંધ રહ્યા હતા અને સાપ્તાહિક ધોરણે રૂ. ૩૫૨નો અથવા તો ૦.૨૨ ટકાનો ઘટાડો નોંધાયો હતો. તે જ પ્રમાણે ૯૯૯ ટચ ચાંદીના વેરારહિત ધોરણે કિલોદીઠ ભાવ આગલા સપ્તાહના રૂ. ૨,૬૦,૭૨૩ના બંધ સામે સુધારાના અન્ડરટોને રૂ. ૨,૬૨,૮૦૩ના મથાળે ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં રૂ. ૨,૫૯,૯૫૧ અને ઉપરમાં રૂ. ૨,૭૨,૮૩૦ની રેન્જમાં રહીને અંતે સાપ્તાહિક ધોરણે ૦.૦૯ ટકા અથવા તો રૂ. ૨૩૫ના ઘટાડા સાથે રૂ. ૨,૬૦,૪૮૮ના મથાળે બંધ રહ્યા હતા. સૂત્રોના જણાવ્યાનુસાર ગત સપ્તાહે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં ૪૮ પૈસાનું ધોવાણ થયું હોવાથી સોનાની આયાત પડતરો વધવાને કારણે વૈશ્વિક બજારની સરખામણીમાં ભાવઘટાડો મર્યાદિત માત્રામાં રહ્યો હતો. એકંદરે ભાવમાં નરમાઈનું વલણ રહ્યું હોવા છતાં માત્ર રોકાણકારોની જોવા મળેલી છૂટીછવાઈ માગને બાદ કરતાં જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ નિરસ રહી હતી, જ્યારે ચાંદીમાં મુખ્યત્વે ઔદ્યોગિક વપરાશકારોની છૂટીછવાઈ માગ જોવા મળી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

એકંદરે વૈશ્વિક સ્તરે ભૂરાજકીય તણાવ હોવા છતાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ અને અમેરિકા-ઈઝરાયલ તથા ઈરાન વચ્ચેના વિવાદને કારણે ક્રૂડતેલના ભાવ વધવાને કારણે ફુગાવો વધવાથી અમેરિકા ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતા ઓસરી જવાથી સોનાના ભાવમાં સતત બીજા સપ્તાહમાં સાપ્તાહિક ધોરણે ભાવઘટાડો જોવા મળ્યો છે. નોંધનીય બાબત એ છે કે ગત ૨૮મી ફેબ્રુઆરીના રોજ અમેરિકા-ઈઝરાયલે સંયુક્તપણે હુમલો કર્યા બાદ અત્યાર સુધીમાં સોનાના વૈશ્વિક ભાવમાં ત્રણ ટકાનો ઘટાડો આવી ગયો હોવાનું એસએમસી ઈન્વેસ્ટમેન્ટ્સ ઍન્ડ ઍડ્વાઈઝર્સના વિશ્લેષકે જણાવતાં ઉમેર્યું હતું કે ક્રૂડતેલના ભાવની તેજીને કારણે વૈશ્વિક સ્તરે ફુગાવો વધી આવતા અમેરિકી ફેડરલ રિઝર્વ નજીકના ભવિષ્યમાં વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતા પાતળી બનવાની સાથે વર્ષના અંત આસપાસ પણ વ્યાજદરમાં કાપ મૂકવામાં આવે તેવી ૭૦ ટકા શક્યતા બજાર વર્તુળો વ્યક્ત કરી રહ્યા છે.

નોંધનીય બાબત એ છે કે અમેરિકા-ઈરાન વચ્ચેના વિવાદને આજે ૧૫ દિવસ થયા હોવા છતાં તેના અંત સામે પ્રશ્નાર્થ છે. ગઈકાલે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ઈરાનને ચેતવણી આપી હતી કે જો દરિયાઈ માર્ગ ખોલવામાં નહીં આવે તો તેના ખર્ગ ટાપુ પરનાં તેલ નેટવર્ક પર હુમલા કરવામાં આવશે. જોકે તેની સામે ઈરાને પણ સ્ટ્રેટ ઑફ હોર્મુઝ દરિયાઈ માર્ગ બંધ રાખવા અંગે મક્કમતા વ્યક્ત કરવાની સાથે જો અમેરિકા અને ઈઝરાયલ હુમલાઓ બંધ નહીં કરે તો વધુ મોરચા ખોલવામાં આવશે એમ જણાવ્યું હતું. હાલની વૈશ્વિક સ્થિતિને ધ્યાનમાં લેતા અમારા મતાનુસાર આગામી સપ્તાહ દરમિયાન વૈશ્વિક સોનાના ભાવ માટે ઔંસદીઠ ૫૨૪૦ ડૉલર અને ૪૯૮૦ ડૉલરની સપાટી અનુક્રમે પ્રતિકારક અને ટેકાની સપાટી પુરવાર થાય તેવી શક્યતા છે, જ્યારે ચાંદીના ભાવ ઔંસદીઠ ૭૧થી ૭૮ ડૉલર આસપાસની રેન્જમાં રહે તેવી શક્યતા હોવાનું જણાવતા તેમણે ઉમેર્યું હતું કે આગામી સપ્તાહે સ્થાનિકમાં સોનાના ઓનલાઈન વાયદામાં ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧,૫૩,૦૦૦થી ૧,૬૦,૦૦૦ની રેન્જમાં અને ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૨,૪૦,૦૦૦થી ૨,૭૯,૦૦૦ની રેન્જમાં રહે તેવી શક્યતા જણાય છે.

દરમિયાન ગત સપ્તાહના અંતે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ અને ક્રૂડતેલના ઊંચા ભાવને કારણે ફુગાવો વધવાની ભીતિ હેઠળ ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૫ ટકા ઘટીને ઔંસદીઠ ૫૦૫૨.૧૫ ડૉલર અને એપ્રિલ ડિલિવરી વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૧.૩ ટકા ઘટીને ૫૦૬૧.૭૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૩.૩ ટકા ઘટીને ઔંસદીઠ ૮૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તાજેતરમાં અમેરિકા-ઈરાન યુદ્ધને કારણે ડૉલર ઈન્ડેક્સ ચાર મહિનાની ઊંચી સપાટી આસપાસ રહ્યો હોવાથી સોનાના ભાવ દબાણ હેઠળ છે, પરંતુ લાંબાગાળા માટે સોનામાં તેજીનો અન્ડરટોન જળવાયેલો રહેશે, એમ એક અગ્રણી મેટલ ટ્રેડર તાઈ વૉન્ગે જણાવતા ઉમેર્યું હતું કે ડૉલર મજબૂત થવાથી આયાત પડતર વધવાથી માગ ઓછી રહે છે. તેમ જ અમેરિકી ફેડરલ રિઝર્વ લાંબા સમયગાળા સુધી તંગ નાણાનીતિ જાળવે તેવી શક્યતાને કારણે સોનાના ભાવ વધુ દબાણ હેઠળ આવ્યા છે. જોકે, ગત સપ્તાહના અંતે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે વિવિધ દેશોને ૩૦ દિવસ સુધી રશિયન તેલની ખરીદી માટે મંજૂરી આપ્યા બાદ તુરંત ઈરાન પર વધુ આક્રમક હુમલા કરવામાં આવશે એવો સંકેત આપ્યો હતો.

જોકે, ગત સપ્તાહના અંતે દુબઈથી અમુક ફ્લાઈટ શરૂ થવાથી આગામી સપ્તાહથી સોનાના મુખ્ય ટ્રેડિંગ મથકો પર પુરવઠાનો પ્રવાહ જોવા મળે તેવી શક્યતા સૂત્રો વ્યક્ત કરી રહ્યા હતા. ■

# ખાંડમાં ગુણવત્તાલક્ષી નરમાઈ

મુંબઈ: સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સપ્તાહના અંતે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ રહ્યો હતો, જ્યારે રિટેલ સ્તરની માગ જળવાઈ રહી હોવા છતાં આજે બન્ને ગ્રેડની ખાંડમાં અમુક માલની ગુણવત્તા સાધારણ નબળી આવતાં ભાવમાં ક્વિન્ટલે રૂ. ચારનો ઘટાડો આવ્યો હતો. તેમ જ આજે નાકા ડિલિવરી ધોરણે ખાસ કરીને મિડિયમ ગ્રેડની ખાંડમાં ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ નબળી રહેતાં ભાવ ક્વિન્ટલે રૂ. ૧૦ ઘટી આવ્યા હતા. આજે બન્ને ગ્રેડની ખાંડમાં અમુક માલની ગુણવત્તા નબળી હોવાથી હાજર ભાવમાં ક્વિન્ટલે રૂ. ચારનો ગુણવત્તાલક્ષી ઘટાડો જોવા મળ્યો હતો, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારના ઘટાડા સાથે રૂ. ૩૮૫૬થી ૩૯૨૦માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ઉપલા અને નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારના ઘટાડા સાથે રૂ. ૩૯૫૨થી ૪૦૩૨માં વેપાર થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની સ્મોલ ગ્રેડની ખાંડમાં માગ જળવાઈ રહેતાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૮૦થી ૩૮૧૦માં ટકેલા ધોરણે થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં મર્યાદિત માગે વેપાર ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૮૫૦થી ૩૯૧૦માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# ટીનમાં ઘટ્યા મથાળેથી ₹ ૩૭નું બાઉન્સબૅક, અન્ય ધાતુમાં મિશ્ર વલણ

મુંબઈ: સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે વૈશ્વિક અહેવાલોની ગેરહાજરી વચ્ચે એકંદરે કામકાજો પાંખાં રહ્યાં હતાં. તેમ છતાં ગઈકાલે ટીનના ભાવમાં કિલોદીઠ રૂ. ૧૨૫નો કડાકો બોલાઈ ગયા બાદ આજે ઘટ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની લેવાલી નીકળતાં ભાવમાં કિલોદીઠ રૂ. ૩૭નું બાઉન્સબૅક જોવા મળ્યું હતું. આ સિવાય નિકલમાં સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. છનો અને કોપર સ્ક્રેપ હેવી, ઝિન્ક સ્લેબ અને લીડ ઈન્ગોટ્સમાં વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકનો સાધારણ સુધારો આવ્યો હતો. જોકે, કોપરની અમુક વેરાઈટીઓ, બ્રાસ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલીનું દબાણ જળવાઈ રહેવાની સાથે વપરાશકારોની માગ પણ નિરસ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. એકથી સાતનો ઘટાડો આગળ ધપ્યો હતો

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ખાસ કરીને ટીન અને નિકલમાં ઘટ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની નીકળેલી લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૩૭ વધીને રૂ. ૪૭૦૦ અને રૂ. છ વધીને રૂ. ૧૬૩૮ના મથાળે રહ્યા હતા. આ સિવાય ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની છૂટીછવાઈ માગને ટેકે કોપર સ્ક્રેપ હેવી, ઝિન્ક સ્લેબ અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૧૧૭૨, રૂ. ૩૨૭ અને રૂ. ૧૯૧ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે અન્ય અમુક ધાતુઓમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ જળવાઈ રહ્યું હતું. તેમ જ વધુ ભાવઘટાડાના આશાવાદે વપરાશકારો તથા ડીલરોની લેવાલી પણ નિરસ રહેતાં જે ધાતુઓના ભાવ ઘટી આવ્યા હતા તેમાં બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. સાત ઘટીને રૂ. ૮૨૦, કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. છ ઘટીને રૂ. ૧૨૫૫, કોપર આર્મિચર અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને અનુક્રમે રૂ. ૧૧૬૪ અને રૂ. ૭૩૫ તથા એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને રૂ. ૩૫૧ના મથાળે રહ્યા હતા. જોકે, આજે માત્ર કોપર કેબલ સ્ક્રેપ, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં ખપપૂરતી છૂટીછવાઈ માગ જળવાઈ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૧૭૮, રૂ. ૧૦૭૦ અને રૂ. ૨૭૦ના મથાળે ટકેલા રહ્યાં હતાં. ■

# સોયા ડિગમ સિવાયના આયાતી તેલની ટૅરિફ વૅલ્યૂમાં વધારો

મુંબઈ: સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં આજે વૈશ્વિક અહેવાલોની ગેરહાજરી તેમ જ બૅન્કો પણ બંધ હોવાથી હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે માગ નિરસ રહેતાં દેશી-આયાતી તેલના ભાવમાં સાંકડી વધઘટે ટકેલું વલણ રહ્યું હતું.

જોકે, ગઈકાલે મોડી સાંજે સરકારે આજથી અર્થાત્ ૧૪ માર્ચથી અમલી બને તેમ આયાતી તેલમાં એકમાત્ર સોયા ડિગમની ટૅરિફ વૅલ્યૂમાં ઘટાડો કર્યો હતો, જ્યારે અન્ય તેલની ટૅરિફ વૅલ્યૂમાં વધારો કર્યો હતો. પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર ટનદીઠ ક્રૂડ પામતેલની ટૅરિફ વૅલ્યૂ જ ૧૧૦૩ ડૉલર હતી તે વધારીને ૧૧૧૨ ડૉલર, આરબીડી પામતેલની ટૅરિફ જે ૧૧૨૨ ડૉલર હતી તે વધારીને ૧૧૩૨ ડૉલર અને આરબીડી પામોલિનની ટૅરિફ જે ૧૧૩૧ ડૉલર હતી તે વધારીને ૧૧૪૧ ડૉલર કરવામાં આવી હતી, જ્યારે ક્રૂડ ડિગમ સોયાબીન તેલની ટૅરિફ જે ૧૨૧૨ ડૉલર હતી તે ઘટાડીને ૧૧૮૩ ડૉલર કરી હતી. આમ ટૅરિફ વૅલ્યૂમાં ફેરફાર થતાં ક્રૂડ સોયા ડિગમની અસરકારક જકાતમાં ઘટાડો થશે, જ્યારે અન્ય આયાતી તેલની અસરકારક જકાતમાં વધારો થશે, એમ સૂત્રોએ જણાવ્યું હતું.

વધુમાં આજે ગુજરાતના ગોંડલ મથકે ૩૫૦૦ ગૂણી મગફળીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૩૦૦થી ૧૫૩૦માં થયા હતા, જ્યારે રાજકોટનાં મથકો પર મગફળીની ૩૨૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૩૦૦થી ૧૫૦૦માં થયા હતા. દરમિયાન આજે હાજરમાં દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૪૩૦ સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૪૦, સન રિફાઈન્ડના રૂ. ૧૭૧૦, સિંગતેલના રૂ. ૧૭૨૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૪૪૦ અને સરસવના રૂ. ૧૪૩૦ના મથાળે ટકેલા રહ્યા હતા. ■


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે**

**મોનિટોરિંગ અને ઓપરેશન કામ**

Sr. DEE / P / BCT, પશ્ચિમ રેલવે, મુંબઈ સેન્ટ્રલ ઈ-ટેન્ડર નં: EL - મેઈન્ટ.-૧૬૬-૧૩૮-WA-૧૮, તા. ૧૧-૦૩-૨૦૨૬ મંગાવે છે (ટુ પૅકેટ સિસ્ટમ). કામ અને સ્થળ: મુંબઈ ડિવિઝન - ૦૧ વર્ષ માટે વિવિધ સ્ટેશનો ખાતે એક્સેલેટર્સ અને લિફ્ટોની મોનિટોરિંગ અને ઓપરેશન. કામની અંદાજિત કિંમત: ₹ ૩,૬૨,૬૩,૭૬૦/- બારડી: ₹ ૩,૩૧,૩૦૦/- સુપ્રતિની તારીખ અને સમય: ૧૦-૦૪-૨૦૨૬, ૧૫.૦૦ ક. સુધી. ખોલવાની તારીખ અને સમય: ૧૦.૦૪.૨૦૨૬ના ૧૫.૩૦ ક. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.in ની મુલાકાત લો. 1223

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે-રતલામ ડિવિઝન**

W/૬૨૩/૫/૧/NIT તારીખ: ૧૨.૦૩.૨૦૨૬

**ઈ-ટેન્ડરીંગ નોટિસ**

ડિવિઝનલ રેલવે મેનેજર (WA) રતલામ ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી વેબસાઈટ www.ireps.gov.in પર ઈ-ટેન્ડર દ્વારા *ઓપન ટેન્ડર* મંગાવે છે. વિગતો નીચે મુજબ છે:- ક્ર. નં. ૧. ઈ-ટેન્ડર નં. RTM-૨૦૨૫-૨૬-૧૯૪. કામનું નામ: સેહોર-ઈલેક્ટ્રિકલ કામ સહિત સિંહસ્થ ૨૦૨૮ના સંબંધમાં ૦૫ યુનિટ ધરાવતા ઓફિસર રેસ્ટ હાઉસની જોગવાઈ. અંદાજિત મૂલ્ય: ₹ ૧,૧૧,૯૮,૨૯૪.૯૪. બારડી: ₹ ૨,૦૬,૦૦૦/-. પૂર્ણતાનો સમયગાળો: ૧૦ મહિના. ક્ર. નં. ૨. ઈ-ટેન્ડર નં. RTM-૨૦૨૫-૨૬-૨૦૦. કામનું નામ: મક્સી-ભોપાલ સેક્શન-પંચાવન અને પાર્બતી સ્ટેશન ખાતે ૦૨ રેમ્પ લેન્ડિંગ સાથે પ્લેટફોર્મ નં. ૧ અને ૦૪ મીટર પહોળો ફૂટ ઓવર બ્રિજ ખાતે પ્લેટ ફોર્મ નં. ૧, પાર્બતી ખાતે પંચાવન ખાતે પ્લેટફોર્મનું નિર્માણ. અંદાજિત મૂલ્ય: ₹ ૮,૬૧,૬૦,૩૮૯.૭૨. બારડી: ₹ ૫,૮૦,૯૦૦/-. પૂર્ણતાનો સમયગાળો: ૧૫ મહિના. બંને ટેન્ડરો માટે વેબસાઈટ પર અપલોડ કરવાની તારીખ: ૧૨.૦૩.૨૦૨૬. બંને ટેન્ડરોની ખોલવાની તારીખ: ૦૯.૦૪.૨૦૨૬. વિગતવાર ટેન્ડર નોટિસ, પાત્રતા માપદંડ અને નિયમો અને શરતો વેબસાઈટ www.ireps.gov.in પર ઉપલબ્ધ છે. ટેન્ડર ફોર્મની કિંમત NIL છે. DE/5/1/510

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે - અમદાવાદ મંડળ**

**વિવિધ એન્જિનિયરિંગ કાર્યો**

**ઈ-ટેન્ડર નોટિસ નં. 28 વર્ષ 2025-26 તારીખ: 13.03.2026**

| ક્ર. સં | ઈ-ટેન્ડર નંબર | કામનું નામ | અંદાજિત NIT કિંમત (રૂ.માં) | EMD રકમ (રૂ.માં) |
|---|---|---|---|---|
| 1 | DRM-ADI-214-2025-26 | સાબરમતી – મંડળ રેલવે હોસ્પિટલ,સાબરમતીમાં નવા પીડિયાટ્રિક (બાળરોગ) વૉર્ડ સાથે નર્સિંગ સ્ટેશનની વ્યવસ્થા તેમજ MDDTI-SBI ખાતે કમ્પ્યુટર આધારિત ટેસ્ટ (CBT) સેન્ટર અને સંબંધિત કામો, ડિવિઝનલ એન્જિનિયર (વર્ક્સ) અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળ.(કૉમ્પોઝિટ ટેન્ડર) | 2,21,24,412.55 | 2,60,600.00 |
| 2 | DRM-ADI-215-2025-26 | પાલનપુર–સામખ્યાળી વિભાગ વચ્ચે લેવલ ક્રોસિંગ નં. 127 કિ.મી. 145/1-2, 138 કિ.મી. 158/8-9 અને 139 કિ.મી. 160/3-4 ને રોડ અંડર બ્રિજ બનાવી દૂર કરવાની કામગીરી,Sr.DEN (NW) – અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળ. | 33,09,01,809.76 | 18,04,500.00 |

**ઈ-નિવિદા બંધ થવાની તારીખ અને સમય:** તારીખ 07/04/2026, 15:00 કલાક. **ઓફિસનું સરનામું:** સિનિયર ડિવિઝનલ એન્જિનિયર (સમ.)-અમદાવાદ, ડીઆરએમ ઓફિસ, ચામુંડા બ્રિજ પાસે, નવી સ્વદેશી મિલની સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ-382345 **ઈ-ટેન્ડરમાં ભાગ લેવા માટેની વેબસાઈટ:** www.ireps.gov.in ADI 309

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

# ગૅસ પુરવઠા પર મર્યાદાઃ એલપીજી અંગે નિયમો જારી

## હૉસ્પિટલો, શૈક્ષણિક ક્ષેત્રે ૧૦૦ ટકા, રેલવે-પોલીસ ક્ષેત્રને ૭૦ ટકા

મુંબઈઃ સરકારે ગૅસ વિતરણ અંગે નિયમો જારી કર્યા છે. કયા વિસ્તારોમાં ગેસ કેવી રીતે પૂરો પાડવો તે અંગે આદેશો જારી કરવામાં આવ્યા છે. મુખ્ય પ્રધાનએ સરકારી આશ્રમ શાળાઓ, સહાયિત આશ્રમો, શાળા છાત્રાલયો, સરકારી કેન્ટીન, મધ્યાહ્ન ભોજન અને આંગણવાડીઓ જેવી તમામ સંસ્થાઓને ૧૦૦ ટકા ગેસ પૂરો પાડવાનો આદેશ આપ્યો છે. ગેસ સિલિન્ડર એજન્સીને આ તમામ બાબતોનો દૈનિક અહેવાલ રજૂ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. આ સાથે કેન્ટીનને ૭૦ ટકા, દવા ઉદ્યોગોને ૫૦ ટકા, બીજ પ્રક્રિયાને ૫૦ ટકા અને મત્સ્યઉદ્યોગને ૫૦ ટકા સિલિન્ડર પૂરા પાડવાનો આદેશ આપવામાં આવ્યો છે. રાજ્યમાં ગેસની

(જુઓ પાનું ૪) ▶▶

## ધાર્મિક સ્થળો પર પણ ગૅસની અછત

### ક્યાંક સૌરઊર્જાના ઉપયોગથી હજારો ભક્તો લે છે પ્રસાદીનો લાભ, ક્યાંક કપાત

મુંબઈ : ગૅસની સાર્વત્રિક અછતના વાતાવરણમાં શેગાંવનું સંત ગજાનન મહારાજ સંસ્થાન ગેસની બાબતમાં આત્મનિર્ભર છે. મહારાષ્ટ્રમાં અનેક મંદિર સંસ્થાઓએ પ્રસાદમાં ઘટાડો કર્યો છે, પરંતુ બુલઢાણાના શેગાંવના સંત ગજાનન મહારાજ સંસ્થાનમાં દરરોજ ૫૦ હજાર ભક્તો માટે મહાપ્રસાદ તૈયાર કરવામાં આવી રહ્યો છે. મુખ્ય વાત એ છે કે ગેસની અછતને કારણે એમાં કોઈ અવરોધ નથી આવ્યો. ઘણા લોકોને આશ્ચર્ય થયું છે કે આ કેવી રીતે શક્ય છે. ગજાનન મહારાજ સંસ્થાનમાં એક

(જુઓ પાનું ૪) ▶▶

**ગોબર બન્યું ગોલ્ડ**

## ગ્રામીણ વિસ્તારોમાં છાણાનું વેચાણ વધ્યું

મુંબઈઃ એલપીજી ગેસ સિલિન્ડરની સમસ્યાને પહોંચી વળવા ઘણા લોકોએ વૈકલ્પિક ચૂલાનો ઉપયોગ શરૂ કર્યો હોવાથી, લાકડાની સાથે ભેંસ અને ગાયના છાણના ચૂલાનું વેચાણ નોંધપાત્ર રીતે વધ્યું છે. લાકડું ઘણો ધુમાડો ઉત્પન્ન કરે છે, તેથી નાગરિકો વિકલ્પ તરીકે ચૂલા પેટાવવા લોકો ગાયના પોદળામાંથી તૈયાર થતા છાણાં ખરીદી રહ્યા છે. શરૂઆતમાં, ખૂબ સસ્તા હતા પણ હવે છાણાની માંગણી વધતા તેના ભાવ પણ વધ્યા છે.

પશુપાલકોએ જણાવ્યું છે કે બે પૈસા મળતા હોવાથી આર્થિક રીતે ટેકો મળે છે. મહિલા

(જુઓ પાનું ૪) ▶▶



**વેલકમ ટૉય ટ્રેન...** બોરીવલી નેશનલ પાર્કમાં ૧૯૭૦થી દોડતી ટ્રૉય ટ્રેન લોકોનું આકર્ષણ છે, પણ ૨૦૨૧માં વાવાઝોડાને કારણે તેના પાટાંમાં નુકસાન તથા અન્ય સમસ્યાને કારણે તે બંધ કરી દેવામાં આવી હતી. શનિવારે તેને નવા લૂકમાં ફરી શરૂ કરવામાં આવી છે. (અમય ખરાડે)

# પ્રસૂતિની રજા માટે મહિલાને ૨૩ લાખનો દંડ

## માતા બનવું એ કંઇ ગુનો નથીઃ અદાલતના ચાબખાં

નાગપુરઃ માતા બનવું એ કોઈપણ મહિલાનો મૂળભૂત અધિકાર છે અને કોઈ પણ સેવા નિયમ આ અધિકારને પ્રતિબંધિત કરી શકતો નથી એવું મહત્ત્વપૂર્ણ અવલોકન કરી બોમ્બે હાઈ કોર્ટની નાગપુર ખંડપીઠે એક મહિલા ડોક્ટરને ફટકારવામાં આવેલો ૨૩ લાખ ૫૮ હજાર ૪૦૩ રૂપિયાનો દંડ રદ કર્યો છે.

ન્યાયમૂર્તિ અનિલ કિલોર અને ન્યાયમૂર્તિ રાજ વાકોડેની ખંડપીઠએ આ મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. આ કેસમાં પ્રસૂતિ રજા (મેટરનિટી લીવ)ના અધિકાર અંગે મહત્વપૂર્ણ કાનૂની સ્પષ્ટતા આવી છે. અદાલતે સ્પષ્ટ કર્યું છે કે કોઈ પણ સેવા નિયમ કે કરાર મહિલાને પ્રસૂતિ રજા લેતા અટકાવી શકે નહીં. આ કેસમાં અરજદાર મૂળ તમિળનાડુનાં ડો. મીનાક્ષી મુઠિયાએ એમડીએસ પૂર્ણ કર્યા પછી એક વર્ષ માટે નાગપુરની સરકારી ડેન્ટલ કોલેજ અને હોસ્પિટલમાં સહાયક પ્રોફેસર તરીકે સેવા આપવા સંમતિ આપી હતી. તેઓ ૧૩ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ કોલેજમાં જોડાયા હતા અને ૧૨ ડિસેમ્બર, ૨૦૨૪ સુધી ફરજ બજાવશે એવી અપેક્ષા હતી. જોકે કાર્યકાળ દરમિયાન તેઓ ગર્ભવતી થયા હોવાથી ૧ મે થી ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૪ સુધી પ્રસૂતિ રજા લીધી.

બાળકને જન્મ આપ્યા પછી ડો. મીનાક્ષી ફરજ પર હાજર થયાં પણ તબીબી શિક્ષણ અને સંશોધન નિયામકમંડળે ફરજિયાત સેવામાં પ્રસૂતિ રજાની કોઈ જોગવાઈ નથી એમ જણાવી સમયગાળાને તેમની સેવાના ભાગરૂપે ગણવાનો ઇનકાર કર્યો હતો. એટલું જ નહીં કોલેજે ૨૩.૫૮ લાખ રૂપિયાનો દંડ વસૂલવાનો આદેશ જારી કર્યો હતો. આ આદેશને પડકારી ડો. મીનાક્ષીએ હાઇકોર્ટમાં અરજી દાખલ કરી હતી.

ખંડપીઠનું કહેવું હતું કે પ્રસૂતિ રજાને સર્વિસમાં વિરામ તરીકે ગણી શકાય નહીં અને કોઈ બોન્ડ કે કરાર તે અધિકારમાં દખલ કરી શકે નહીં. આવો દંડ કરવો એ પ્રસૂતિ લાભ કાયદાનું ઉલ્લંઘન કરશે. અરજદારો વતી એડવોકેટ અક્ષય સુદામે હાજર રહ્યા હતા. આ નિર્ણયથી પ્રસૂતિ રજા અને મહિલાઓના કામ કરવાના અધિકાર પ્રત્યે કોર્ટનો સ્પષ્ટ અને સંવેદનશીલ અભિગમ પ્રકાશમાં આવ્યો છે અને ભવિષ્યમાં આવા કેસોમાં માર્ગદર્શક બનવાની શક્યતા છે. ■

**ધ્વનિ-વાયુ પ્રદૂષણ ડામવાનો પ્રયાસ**

# મુંબઈમાં કન્સ્ટ્રક્શનના કલાકો ૧૬થી ઘટાડી ૧૨ કરવાનો પ્રસ્તાવ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં હાથ ધરવામાં આવેલા અનેક ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ અને મોટા પ્રમાણમાં ચાલી રહેલા રિડેવલપમેન્ટના કામને કારણે છેલ્લાં અનેક વર્ષોથી મુંબઈમાં વાયુ અને ધ્વનિ પ્રદૂષણનું પ્રમાણ વધી ગયું છે ત્યારે વાયુ અને ધ્વનિ પ્રદૂષણને નિયંત્રણમાં રાખવા માટે કન્સ્ટ્રકશન સાઈન પર બાંધકામના કલાકોને ઘટાડીને સવારના સાતથી સાંજના સાત વાગ્યા સુધી કરવાનો પ્રસ્તાવ મુંબઈના વરિષ્ઠ નગરસેવકે મૂક્યો છે. આ પ્રસ્તાવ ૧૭ માર્ચના થનારી પાલિકાની સામાન્ય સભામાં ચર્ચા માટે આવવાનો છે.

મુંબઈમાં હાલ મોટાભાગના વિસ્તારોમાં મેટ્રો રેલ , ફ્લાયઓવર સહિત રસ્તાના સિમેન્ટ-કોંક્રીટીકરણથીને લઈને અનેક પ્રકારના માળખાગત સુવિધાઓના પ્રોજેક્ટ પર કામ કરવામાં આવી રહ્યું છે. એ સિવાય મુંબઈમાં મોટા પ્રમાણમાં જૂની ઈમારતોના રિડેવલપમેન્ટના

(જુઓ પાનું ૪) ▶▶

## ૧,૦૯૨ કન્સ્ટ્રકશન સાઈટનું ઈન્સ્પેકશન

પાલિકા પ્રશાસન દ્વારા વોર્ડ સ્તરે ૨ થી ૨૭ ફેબ્રુઆરી દરમ્યાન ખાનગી અને પાલિકા તથા અન્ય ડેવલપમેન્ટ ઓથોરિટીના જુદા જુદા સ્થળે ચાલી રહેલા બાંધકામના સ્થળો પર ઈન્સ્પેકશન કરવામાં

(જુઓ પાનું ૪) ▶▶

## આજે રેલવેની ત્રણેય લાઇનમાં બ્લોક

મુંબઈઃ મુંબઈની લાઈફલાઈન ગણાતી લોકલ ટ્રેનમાં દરરોજ લાખો પ્રવાસીઓ પ્રવાસ કરે છે અને એટલે મુંબઈગરા માટે લોકલ ટ્રેન એ તેમના જીવનનો અભિન્ન હિસ્સો બની ગઈ છે. લોકલ ટ્રેન સેવા ખોરવાય એટલે

(જુઓ પાનું ૪) ▶▶

**અંડરગ્રાઉન્ડ મેટ્રોને નબળો પ્રતિસાદ**

# પ્રવાસી વધારવા સ્ટેશન બહાર ઑટો-બસની સુવિધા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈની પહેલી અંડરગ્રાઉન્ડ મેટ્રોમાં પ્રવાસીઓની ઘટતી સંખ્યાને ધ્યાનમાં રાખીને મેટ્રો પ્રશાસને હવે ફરી એક વખત લોકોને આ મેટ્રો રેલ તરફ વાળવા માટે એક્શન પ્લાન અમલમાં મુક્યો છે, જે હેઠળ મેટ્રો સ્ટેશન માટે કનેક્ટિવીટી પૂરા પાડવાના ઈરાદે મેટ્રો સ્ટેશનની બહાર પ્રવાસીઓ માટે ઓટોરિક્ષા સેવા ઉપલબ્ધ કરી આપવામાં આવી છે. ઓટોરિક્ષાનું પહેલાથી બુકિંગ પણ કરી શકાશે અથવા સ્ટેશન બહારથી પણ ઓટો પકડી શકાશે. સીપ્ઝ અને બીકેસી

(જુઓ પાનું ૪) ▶▶


અમદાવાદના પ્રાઈમ લોકેશનમાં
રીટેલ/ઓફિસો વેચવાની છે
1041 SQ.FT. થી 8947 SQ.FT.
રીવરફ્રન્ટ-ઓફ આશ્રમ રોડ, દિનેશ હોલ પાસે, અમદાવાદ.
ALTIMUS
8490070309

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"





"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Weekly) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1689/1957.** ''મુંબઈ સમાચાર સાપ્તાહિક'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર) ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1689/1957.**